# બોધકથા:

## બારે મેઘ ખાંગા:

તૃપ્ત ધરતી પર જયારે પહેલા વરસાદના ફોરા વરસે છે ત્યારે શરીરતો ભીંજવી દે છે, પરંતુ આપના આંતરમનને પણ ભીંજવી ઠંડક આપે છે. વરસાદ પડે છે ત્યારે નાના ભુલકાઓના મોઢા 'આવ રે વરસાદ ,ઘેબરિયો વરસાદ , ઉની ઉની રોટલી અને કારેલા નું શાક' પંક્તિ આવી જાય છે જોકે કારેલાના શાક અને વરસાદ ને શું સંબંધ ખબર નહી પણ ચોમાસામાં કુણા કુણા કારેલા નું શાક ને ગરમ રોટલી લાગે તો સ્વાદિષ્ટ .તો વળી ગરમ ગરમ ભજીયા ,અને મસાલા ચાની તો શું વાત કરવી. કુણી કુણી મકાઈ અને એય પાછી ભઠ્ઠીમાં શેકેલી અને લીંબુ, મસાલો લગાવી ખાવાનો આનંદ જ અનેરો હોય છે .આમ તો દરેક વસ્તુ ,ઋતુ , શાક, ફળો અને કુદરતી સૌન્દર્ય દરેકમાંથી આનંદ મળે છે. મેઘ શબ્દનો અર્થ વરસાદ થાય છે. ગુજરાતી લોકસાહિત્ય પ્રમાણે ૧૨ પ્રકારના મેઘનું વર્ણન કરવામાં આવેલી છે. તેના ઉપરથી કહેવત પણ બની છે 'બારે મેઘ ખાંગા..' , જ્યારે ખુબ વરસાદ પડે અને બારે પ્રકારના મેઘ જોવા મળે, ત્યારે આ ઉક્તિ વાપરવામાં આવે છે.

વરસાદના પ્રકારો

૧. ફરફર : માત્ર રૂવાડાં ભીના થાય એવો વરસાદ

૨. છાંટા : ફરફર કરતાં વધુ પણ પ્રમાણમાં ઘણો ઓછો વરસાદ

૩. ફોરાં : છાંટા કરતા વધારે. જમીન પર પડતું ટીપું એકાદ ઈંચ જગ્યાને પલાળે એવો વરસાદ

૪. કરાં : ફોરાં કરતા મોટા ટીપાં, જે બરફ રૂપે વરસે

૫. પછેડી વા : પછેડી હોય તો રક્ષણ મળે તેવો વરસાદ

૬. નેવાંધાર : ઘરના નળિયા સંતુપ્ત થઈ જાય પછી ટપકવા માંડે એવો વરસાદ

૭. મોલ – મે : ખેતરમાં પાકને જીવતદાન મળે એટલો વરસાદ

૮. અનરાધાર : છાંટા કે ફોરા એકબીજાને અડી જાય, જાણે ધાર પડતી લાગે એવો વરસાદ

૯. મુશળધાર કે સુપડાંધાર : બે ચાર ધારા ભેગી થઇને એકધારી વરસતી રહે તેવો વરસાદ. જાણે સુપડામાંથી પાણી પડતું લાગે.

૧૦. ઢેફા ભાંગ : ખેડેલા ખેતરોની માટીના ઢેફાને ભાંગે એવો વરસાદ આને વાવણી જોગ પણ કહેવાય.

http://suratiundhiyu.wordpress.com/

૧૧. પાણ – મે : ખેતરના કયારાઓ પાણીથી ભરાઈ જાય. પાણી જમીનમાં ઉતરે કૂવાની સપાટી ઉંચી આવે.
૧૨. હેલી : આ ૧૧ પ્રકારના વરસાદનું મિશ્રણ વરસ્યા કરે. અઠવાડિયા સુધી કોઈપણ પ્રકારનો વરસાદ ચાલુ રહે તેને હેલી વરસી એવું કહેવાય છે.
આ બારે પ્રકારના મેઘ એક સામટા વરસે ત્યારે કહેવાય, બારે મેઘ ખાંગા થયા.

## બીજાના કામમાં માથું નહીં મારો:

એક ગામ માં એક ખેડૂતે ગધેડો અને કુતરો બે પ્રાણીઓ પાળ્યા હતા. એકવાર રાત્રે ખેડૂત ના ઘરે ચોર આવે છે. કુતરો અને ગધેડો બેય જાગતા હતા, પણ કુતરાએ ચોર ને જોઈ કોઈ પ્રતિક્રિયા કરી નહિ. જયારે ગધેડાએ પોતાનું કામ ના હોવા છતાં કુતરાના ભાગનું કામ કરતા ચોરને જોઈને હોચી હોચી અવાજ કરી ખેડૂત ને જગાડી દીધો. ખેડૂત આવે એ પહેલા તો ગધેડા નો અવાજ સાંભળી ને ચોર ભાગી જાય છે. ખેડૂત ઘરમાં થી આવીને આસ-પાસ જુવે છે તો ત્યાં કોઈજ હોતું નથી. ખેડૂત પોતાની ઊંઘ બગાડવા બદલ ગધેડા ને મૂઢ માર મારે છે.

**મોરલ:** મોરલ બોરલ કઈ નઈ. બીજાના કામ માં માથું મારીએ તો ગધેડા જેવો હાલ થાય, જેથી પોતાના માં મસ્ત રહો.

ચાલો વાત ને એક બીજી નજર થી જોઈએ. માનીલો કે ખેડૂત એક અવ્વલ નંબર નો સમજુ માણસ હતો. એને થયું કે ગધેડાએ અવાજ કર્યો છે તો કદાચ કોઈ જરૂર આવ્યું હશે. એને દોડીને ચોર નો પીછો કર્યો અને જોયું કે દુર ચોર દોડી રહ્યા હતા. ખેડૂતે ગામ લોકોની મદદ લઇ ચોર ને પકડી પાડ્યા. માલિક માટે મોટી વફાદારી જોઈ ખેડૂત ગધેડા પર ખુશ થઇ જાય છે. એને સારું ખાવા આપે છે અને વધુ કામ કરવાની આશાયે એને પહેલા કરતા સારું રાખે છે. અહી ગધેડો દિવસ દરમિયાન બોજ ઉપાડવાનું કામ તો કરેજ છે. ઉપરાંત માલિકની આશાઓ ઉપર ખરો ઉતરવા અને માલિકને ખુશ રાખવા રાત્રે ચોકી કરી કુતરાના ભાગનું કામ પણ કરે છે. અહી કુતરા ના જીવન માં કોઈ ફરક પડતો નથી. એને જે પહેલા મળતું હતું એટલુજ અત્યારે મળે છે. ઉપરથી ગધેડાનાં પ્રતાપે કુતરાનું કામ પણ ઓછું થઇ જાય છે.

**મોરલ:** પાછું મોરલ બોરલ કઈ નઈ. બીજાનામાં માથું મારવાથી ગધેડા જેવી જ હાલત થાય, જેથી પોતાનામાં જ મસ્ત રહો. નોધ: આ વાર્તા નો કોઈ પણ જીવિત કે મૃત વ્યક્તિ સાથે સીધો સબંધ હોવો નિશ્ચિત તથા અનિવાર્ય છે.

http://suratundhiyu.wordpress.com/

## માણસ જાતનો ભરોસો નહીં કરવો:

એક માણસ જંગાલમાંથી પસાર થઇ રહ્યો હતો. સામેથી વાઘ આવી રહ્યો હતો. વાઘથી પોતાની જાતને બચાવવા માટે એ ફટાફટ એક ઝાડ પર ચઢી ગયો. ઝાડ પર ચઢ્યા પછી એને સમજાયુ કે એ ઉતાવળમાં બહું મોટી ભૂલ કરી બેઠો છે કારણકે ઝાડ પર એક જંગલી વાંદરો બેઠેલો હતો. માણસને બંને બાજુ મોત દેખાવા લાગ્યુ. નીચે વાઘ અને ઉપર આ જંગલી વાંદરો. ડરી રહેલા માણસને જોઇને વાંદરાએ કહ્યુ ," અરે ભાઇ , ડર નહી. હું તને હેરાન નહી કરુ. ગમે તેમ તો પણ તું મારો વંશજ છે માટે મારાથી તને કોઇ નુકસાન નહી થાય એની ખાત્રી આપુ છું." વાઘ નીચેથી ખસવાનું નામ નહોતો લેતો અને એમને એમ રાત પણ પડી ગઇ. વાંદરા અને માણસ બંને એ વારાફરતી સુઇને રાત પસાર કરવાનું નક્કી કર્યું. માણસ સુતો હતો અને વાંદરાનો જાગવાનો વારો હતો. નીચે બેઠેલા વાઘે વાંદરાને કહ્યુ ," યાર , આપણે બંને તો પ્રાણીઓ છીએ માટે નાત ભાઇ કહેવાઇએ આ માણસ તો આપણી નાત બહારનો છે એને નીચે ધક્કો માર એટલે મારુ કામ પતે. " વાંદરાએ કહ્યુ ," અરે વાઘભાઇ એ મારા વિશ્વાસે ઘસઘસાટ ઉંઘી રહ્યો છે. મારા પર મુકેલા શ્વાસનો હું ઘાત ન કરી શકુ." થોડા સમય પછી વાંદરાનો સુવાનો અને માણસનો જાગવાનો વારો આવ્યો. વાઘે હવે માણસને લાલચ આપતા કહ્યુ ," તું આ વાંદરાને ધક્કો મારીને નીચે પાડ તો હું તને જીવતો જવા દઉ." માણસે તો કોઇ વિચાર કર્યા વગર જ વાંદરાને ધક્કો માર્યો. વાંદરો તો ટેવાયેલો હોવાથી નીચે પડતાની સાથે જ છલાંગ લગાવી ઉપર આવી ગયો. પછી માણસની સામે જોઇને એટલુ જ કહ્યુ ," હવે ક્યારેય કોઇને એમ ન કહેતો કે અમે વાનરોના વંશજ છીએ. " મિત્રો , બીજા પર વિશ્વાસ મુકતા પહેલા સો વાર વિચાર કરવો અને કોઇ આપણા પર વિશ્વાસ રાખીને કોઇ સુતુ હોય તો એને ધક્કો મારવાનું કામ ન કરવુ

## વાર્તાનું મોરલ જે પણ સમજી જશે, સફળતા તેના કદમ ચૂમશે !

એક ખુબ શ્રીમંત પરિવારનો નવયુવાન વિમાનના એક્ઝીક્યુટીવ ક્લાસમાં મુસાફરી કરી રહ્યો હતો. વિમાને ઉડાન ભર્યા બાદ થોડા સમય પછી એર હોસ્ટેસ વેલકમ ડ્રીંક્સ આપવા માટે આવી. પેલા નવયુવાને વિનમ્રતા પૂર્વક પીણું લેવાની ના પાડી. એર હોસ્ટેસે કહ્યુ , " અરે , સાહેબ આ તો કોમ્પ્લીમેન્ટ્રી ડ્રીંક્સ છે આ માટે તમારે કોઇ વધારાનો ચાર્જ ચુકવાનો નથી. " યુવાને શાંતીથી જવાબ આપતા કહ્યુ , " હું અભણ માણસ નથી. મને ખબર છે કે મારે આ પીણા માટે કોઇ વધારાનો ચાર્જ ચુકવવાનો નથી પરંતું મને એ વાતનો પણ ખ્યાલ છે કે આ પીણામાં આલ્કોહોલ હોય છે અને

http://suratiundhiyu.wordpress.com/

હું આલ્કોહોલ નથી લેતો માટે હું મનાઇ કરૂ છું." એર હોસ્ટેસને પોતાની કંપનીનું અપમાન થતું હોય એમ લાગ્યુ આથી થોડા સમય પછી એ ફરી પાછી આવી અને એક અત્યંત આકર્ષક નાની બોટલ પેલા યુવાનને બતાવતા કહ્યુ , " સાહેબ , આ દુનિયાનું સૌથી મોંઘુ ડ્રીંક છે અમે આ અમારા ખાસ ગ્રાહકોને જ આપીએ છીએ. આપ અમારા ખાસ ગ્રાહક છો આથી આપના માટે આ ડ્રીંક લાવી છું." યુવાને એર હોસ્ટેસને કહ્યુ , " આપનો આભાર , આપનો આગ્રહ જોતા મે નક્કી કર્યુ છે કે હું આ ડ્રીંક્સ લઇશ. " વાત સાંભળતા જ એર હોસ્ટેસ મનમા મલકાઇ. હજુ એ કંઇ બોલે એ પહેલા જ પેલા યુવાને કહ્યુ , " પરંતું તમારે આ ડ્રીંક્સ મને આપતા પહેલા આ વિમાન ચલાવનાર પાઇલોટને આપવું પડશે. " એર હોસ્ટેસે કહ્યુ , " અરે , તમે આ કેવી વાત કરો છો ? પાઇલોટને એ વિમાન ચલાવતો હોય ત્યારે ડ્રીંક્સ ન આપી શકાય. આ પ્લેનને યોગ્ય રીતે ચલાવવાની અને તમામ અડચણોની વચ્ચે એને બચાવવાની એમની જવાબદારી છે." યુવાને કહ્યુ , " બહેન . આ પાઇલોટની જેમ હું પણ મારી ફરજ પર છું અને મારી ફરજ 24 કલાકની છે. પ્રભુએ મને આ જગતમાં મોકલ્યો છે અને મને મારો ઇમાન બચાવવાની ફરજ સોંપી છે તો હવે મને કહો કે હું મારી આ ઇમાન બચાવવાની ફરજ નીભાવી રહ્યો છું ત્યારે ચાલુ ફરજે ડ્રીંક્સ કેવી રીતે લઇ શકુ ? " મોરલ : મિત્રો , આપણે પણ આપણા ઇમાનની સાથે સાથે આપણા પરિવારને બચાવવાની ફરજ નીભાવવાની છે. આપણી આ ફરજ 24 કલાકની છે. પાઇલોટની જેમ આપણે પણ આ જીવનરૂપી પ્લેનના પાઈલોટ છીએ તેથી આપણે પણ સજાગ, જાગૃત અને કાર્યાન્વિત રહેવાની જરુર છે જ ! આપણા કોઇ કામને કારણે પરિવાર મુશ્કેલીમાં ન આવી જાય એનું ધ્યાન રાખવાનું છે. **JOIN US:- www.fb.com/Gujaratin**

વાર્તાનું મોરલ જે પણ સમજી જશે, સફળતા તેના કદમ ચૂમશે !

http://suratiundhiyu.wordpress.com/

મેક્શીકોના એક નાના ગામમાં દરિયા કાંઠે એક માછીમારની બોટ નાંગરેલી પડી હતી.
એટલામાં એક અમેરિકન  મુસાફર આ માછીમાર પાસે આવી એણે પકડેલ માછલીઓની સારી જાત માટે એને શાબાશી આપતાં પૂછવા લાગ્યો :
“ આ માછલીઓ પકડવામાં એને કેટલો સમય લાગ્યો હતો ?
માછીમાર કહે  “ બહું નહીં “
મુસાફરે કહ્યું :” તમે લોકો થોડો વધુ સમય બોટમાં રહીને વધારે માછલીઓ કેમ પકડતા નથી ?”

માછીમારે આ મુસાફરને સમજાવ્યું :

" અમે લોકો હાલ જે થોડી ઘણી માછલીઓ પકડીએ છીએ  એથી ખુશ છીએ કેમ કે એનાથી એમની અને એમના કુટુંબની બધી જીવન જરૂરીઆતો પૂરી થઇ જાય છે . "

મુસાફર કહે : "તો પછી તમે લોકો તમારા બાકીના સમયમાં શું કરો છો ?"

માછીમાર કહે :" અમે રાતે માંડા સુધી સુઈએ છીએ,થોડો સમય માછલીઓ પકડીએ છીએ , અમારાં સંતાનો સાથે રમીએ છીએ અને અમારી પત્નીઓ સાથે બપોરની ઉંઘ ખેંચી કાઢીએ છીએ ,સાંજે ગામમાં અમારા મિત્રોને મળીએ છીએ ,એમની સાથે શરાબના થોડા ઘુંટ ગટગટાવીએ છીએ અને ગીતાર વગાડીને થોડાં ગીતો ગાઈએ છીએ .આમ અમારા દિવસો સારી રીતે પસાર થઇ જાય છે ,અમે અમારી જિંદગીને પુરેપુરી રીતે માણીએ છીએ ."

આ પરદેશી મુસાફિરે એને આગળ બોલતાં અટકાવીને કહ્યું : જુઓ , મેં વિશ્વમાં જાણીતી હાર્વર્ડ યુનિવર્સીટીમાંથી એમ.બી.એ. ની ડીગ્રી પાસ કરેલી છે એટલે હું તમને મદદ કરી શકું એમ છું .મારી તમને સલાહ છે કે તમારે થોડો વધારે સમય બોટમાં રહીને માછલીઓ પકડવાનું શરુ કરવું જોઈએ .આના લીધે તમે વધારે  માછલીઓ પકડી શકશો અને એથી તમારી જે આવક વધશે એમાંથી આના કરતાં મોટી બોટ ખરીદી શકશો ."

માછીમારે પૂછ્યું : " સાહેબ, એ પછી શું ?"

મુસાફર  કહે :" મોટી બોટથી વધારે માછલીઓ પકડવાથી તમારી આવક વધતાં તમે એક બીજી નવી બોટ ખરીદી શકશો . એ પછી બીજી ,ત્રીજી એમ તમારી પાસે બોટનો મોટો કાફલો થશે .તમે પછી દલાલોને માછલીઓ વેચો છો એના બદલે પ્રોસેસિંગ હાઉસો સાથે સીધા વાતચીત કરીને સારો ભાવ મેળવી શકશો અને આ રીતે ભવિષ્યમાં તમારી મોટી કમાણીમાંથી કદાચ તમારી આગવી પ્રોસેસિંગ ફેક્ટરી પણ ઉભી કરી શકશો . ત્યારબાદ, તમારે આ તમારા નાના ગામમાં રહેવું નહી પડે અને તમે મેક્શીકો શહેર , લોસેન્જેલ્સ કે ન્યુયોર્કમાં રહીને ત્યાંથી તમારા ધંધાનો વહીવટ કરી શકશો.

માછીમાર કહે :" સાહેબ , આ બધું કરતાં કેટલો સમય લાગે ? "

મુસાફર :" વીસ વર્ષ કે કદાચ પચ્ચીસ વર્ષ "

માછીમાર કહે :" સાહેબ, ત્યાર પછી શું કરવાનું ?"

મુસાફર હસતાં હસતાં કહે : મારા મિત્ર , ત્યાર પછીની જે વાત છે  એ બહું જ મજાની છે . તમારા ધંધાનો  વિસ્તાર ખરેખર મોટો થયો હોય ત્યારે તમારે શેરો ખરીદવાના અને વેચવાના અને એ રીતે લાખ્ખો ડોલરની કમાણી કરી લેવાની ."

http://suratiundhiyu.wordpress.com/

માછીમાર કહે :" લાખ્ખો ડોલર ? ખરેખર ? અને લાખ્ખો ડોલર બનાવ્યા પછી શું ? "
મુસાફર કહે :" ત્યાર પછી તમારે તમારા ધંધામાંથી નિવૃત્તિ લઇ લેવાની , દરિયા કિનારે એક નાના ગામમાં મકાન કરી રહેવાનું, માંડે સુધી સુઈ રહેવાનું ,તમારા બાળકો સાથે રમવાનું, નિરાંતે માછલીઓ પકડવાની, પત્નીની સાથે બપોરે ઊંઘવાનું અને રોજ સાંજે મિત્રો સાથે ડ્રીન્કસ લેવાનું અને આ રીતે આનંદથી દિવસ પસાર કરવાનો.
આ સાંભળીને મેક્શીક્ન માછીમાર હસી પડ્યો અને આ મુસાફરને કહેવા લાગયો :
તમને બહું માન સાથે મારે કહેવું જોઈએ કે આ બધું તમે જે કહ્યું એ બધું તો અમે બધા માછીમારો હાલ કરી જ રહયા છીએ . તો એ મેળવવા પાછળ અમારે અમારી જિંદગીનાં કીમતી ૨૫ વર્ષ બગાડવાનો કોઈ અર્થ ખરો?.
આ વાર્તાનો બોધપાઠ: આ વાર્તામાંથી બોધ એ લેવાનો છે કે માણસના જીવનમાં સ્થાવર મિલકતોની માલિકી અને પૈસા એ જ પૂરતું નથી. માત્ર પૈસાથી સુખ ખરીદી શકાતું નથી . માણસની તૃષ્ણાઓનો કોઈ અંત નથી . જેમ જેમ વધુ પૈસા પ્રાપ્ત થાય છે એમ વધુ પૈસા મેળવવાની લાલસા વધતી જાય છે . ઇચ્છાઓનો શૂન્યાવકાશ કદી પુરાતો નથી. (અંગ્રેજી પરથી ભાષાંતર-શ્રી વિનોદભાઈ પટેલ)

## શિખામણના ત્રણ સોનેરી શબ્દોઃ ઉતાવળ ન કરવી (કેલિડોસ્કોપ)

કેલિડોસ્કોપ - મોહમ્મદ માંકડ
માણસ જ્યારે યુવાન થાય છે ત્યારે એને કોઈક ખાસ પ્રકારની લાગણીઓ થાય છે. અત્યાર સુધીના બંધ કોચલામાંથી બહાર નીકળવા માટેની એ લાગણીઓ હોય છે. દુનિયા એના માટે એટલી નવી, એટલી અદ્ભુત હોય છે કે આનંદ અને ક્ષોભ બંને લાગણીઓ એકસાથે જ તે અનુભવે છે. એક પળે એને દોડી જવાની, ઝંપલાવી દેવાની ઇચ્છા થઈ આવે છે, તો બીજી પળે ક્યાં જવું, શું કરવું એની ગડમથલમાં એ પડી જાય છે. રસ્તાઓ એની નજર સામે અનેક હોય છે, પણ પોતાને કયા રસ્તે જવું એ એને સમજાતું નથી. યુવાનીના ઉંબરે પહોંચેલી વ્યક્તિ ગમે તે સ્તરની, ગમે તે દેશની, ગમે તે સમાજની હોય, આવી મૂંઝવણ અચૂક અનુભવે છે.
મોટાભાગનાં યુવાન-યુવતીઓ આ ઉંમરે પોતાનો જીવનમાર્ગ પસંદ કરવામાં ભૂલો કરી બેસે છે. કોઈ એક વાર ભૂલ કરે છે તો કોઈ અનેક વાર ભૂલો કરે છે. અનેક વ્યવસાયો અને નોકરીઓમાં ભટક્યા કરે છે. પોતાને જે માર્ગે જવું હોય એ વર્ષો સુધી હાથમાં આવતો જ નથી.

http://suratiundhiyu.wordpress.com/

આ વિષયને લગતી એક સાચી વાત અહીં લખી છે. કથા સાદી છે. યુવાનો માટે કદાચ થોડી માર્ગદર્શક બની શકે એવી છે.

અમેરિકન વિદ્વાન જિરાલ્ડ મૂર જ્યારે યુવાન હતા ત્યારે એ પણ બીજા યુવાનોની જેમ પોતાના ભાવિ રાહ વિશે મૂંઝવણમાં હતા. પિતા ખેડૂત હતા, ખાસ ભણ્યા નહોતા, પણ પુત્ર કોલેજનું શિક્ષણ લે એવી એમને હોંશ હતી અને ઝંખના પણ હતી, પરંતુ અમેરિકન સમાજ આપણા કરતાં જુદો છે. ત્યાં પિતા પોતાના પુત્રને ભાગ્યે જ કશું કરવાની ફરજ પાડે છે.

આ સ્થિતિમાં એક દિવસ જિરાલ્ડે ઘરે આવીને પોતાનો નિર્ણય જાહેર કર્યો, "હું ખેડૂત બનવા માગું છું અને ખેતર ઉપર ઘોડા ઉછેરીને મારો જીવનનિર્વાહ કરવા માગું છું. કોલેજમાં ભણવાની મને ઇચ્છા નથી."

દીકરાને કોલેજમાં ભણાવવાની ઇચ્છા રાખનાર પિતા માટે આ વાત આઘાતજનક હતી. એમણે કહ્યું, "જો તું ચાર વર્ષ ખેતીનું કામ શીખવામાં, ખેતર ઉપર કામ કરવામાં ગાળીશ, તો એ ચાર વર્ષ પછી કોલેજમાં દાખલ થઈ શકીશ નહીં."

"મારે કોલેજમાં દાખલ થવું જ નથી." જિરાલ્ડે કહ્યું.

"ઠીક છે." પિતાએ કહ્યું, "આપણે એક કામ કરીએઃ તારી પાસે કેટલી બચત છે?"

"બસો ડોલર."

"એ લઈને આપણે ઘોડા વેચનાર પાસે જઈએ. એક ઘોડા ઉછેરનારને હું ઓળખું છું. એની પાસેથી એક ઘોડી ખરીદીને આપણા ખેતર ઉપર ઘોડા ઉછેરનું કામ તું શરૂ કર. બે એક વર્ષ એ કરજે, નહીં તો છોડી દેજે. એ દરમિયાન હમણાં તું તારો અભ્યાસ ચાલુ રાખ. ખેતીના વર્ગોમાં જોડાવાની 'ઉતાવળ' ન કરીશ."

જિરાલ્ડને પિતાની વાત ગમી.

થોડા દિવસ પછી પિતા-પુત્ર બંને ઘોડી ખરીદવા માટે ન્યૂ મેક્સિકો જવા રવાના થયા. ન્યૂ મેક્સિકોમાં મિ. હર્નાન્ડીઝ નામના એક માણસનું ઘોડાનું સરસ ફાર્મ હતું અને એની સાથે જિરાલ્ડના પિતાને થોડી ઓળખાણ પણ હતી. એ ફાર્મ જોઈને જિરાલ્ડને અત્યંત આનંદ થયો. ઘોડાઓ માટેનું એ એક આદર્શ ફાર્મ હતું. પોતે એવું જ ફાર્મ બનાવશે એવો મનમાં એણે નિશ્ચય કર્યો.

બીજે દિવસે સવારે ઘોડા ખરીદવા માટે બીજા માણસો પણ આવી પહોંચ્યા. એમાં એક બેઠી દડીનો સરસ કપડાંવાળો માણસ પણ હતો. એનાં દેખાવ અને રીતભાત પરથી જ એ અગત્યનો માણસ હતો એનો ખ્યાલ આવી જતો હતો. ઘોડા ખરીદવાની એક મોસમ હોય છે. એ વખતે લોકો ઘોડા ખરીદવા માટે ફાર્મ ઉપર પહોંચી જાય છે. યુવાન જિરાલ્ડને એના પિતાએ શિખામણ આપી,

http://suratiundhiyu.wordpress.com/

ઉતાવળ ન કરીશ. જોઈ-વિચારીને નિર્ણય કરજે." જિરાલ્ડે માથું હલાવ્યું. મિ. હર્નાન્ડીઝના માણસો તબેલામાંથી બાર-તેર ઘોડાઓ અને ઘોડીઓ લઈને ખરીદનારાઓ સામે આવ્યા. ઘોડાઓ સરસ હતા. એમાં પણ ઘાટા લાલ રંગની એક ઘોડી અત્યંત સુંદર હતી. જોકે એની ચાલ બરાબર નહોતી, છતાં જિરાલ્ડને પહેલી નજરે જ એ ગમી ગઈ.

બેઠી દડીના માણસની નજરમાં પણ એ જ ઘોડી વસી ગઈ, "એની શી કિંમત છે?"

મિ. હર્નાન્ડીઝે કહ્યું, "પંચોતેર ડોલર ગણાય, પણ..." સહેજ થોથવાઈને એણે ઉમેર્યું, "જોવામાં એ ઘોડીને..."

"જોવામાં મને એ અદ્ભુત લાગે છે!" બેઠી દડીવાળો બોલ્યો.

"એમ નહીં..." મિ. હર્નાન્ડીઝે બોલવા પ્રયત્ન કર્યો.

"હું એના એક સો ડોલર આપીશ." જિરાલ્ડે વચ્ચે કહ્યું. ઘોડી એને અતિશય ગમી ગઈ હતી.

બેઠી દડીવાળો જિરાલ્ડ તરફ ફર્યો, ગુસ્સાભરી એક નજર એણે ફેંકી અને કહ્યું, "હું સવા સો ડોલર આપીશ."

મિ. હર્નાન્ડીઝે મૂંઝવણથી કહ્યું, "પણ જોવામાં..."

"સવા સો ડોલર મંજૂર છે?" બેઠી દડીવાળાએ હર્નાન્ડીઝની વાત કાપી નાખી, "બોલો મંજૂર છે?"

"મંજૂર છે." હર્નાન્ડીઝે જાણે હતાશ થઈને કહ્યું, "પણ તમે મારી એક વાત..."

"સોદો તમને મંજૂર છે?" પેલાએ ભાર દઈને પૂછયું.

"હા, મંજૂર છે," હર્નાન્ડીઝે માથું નમાવીને કહ્યું.

બેઠી દડીવાળો ગર્વથી ઊભો થયો. ઘોડીને પલાણીને તૈયાર કરવામાં આવી. પૈસા ચૂકવી દેવામાં આવ્યા. બેઠી દડીનો માણસ એના ઉપર સવાર થયો. ઘોડી દરવાજા તરફ ચાલી. મિ. હર્નાન્ડીઝે કાંઈક બોલવાનો પ્રયત્ન કર્યો, પણ એ સાંભળ્યા વિના જ પેલા માણસે ઘોડીને એડી મારી. ઘોડી દરવાજાના થાંભલા પાસે જઈ પહોંચી. અટકી, પાછી પડી અને સવાર નીચે પટકાઈ પડયો.

ગુસ્સે થતો એ પાછો આવ્યો, "આ ઘોડી તો આંધળી છે!"

"મેં કેટલી વાર કહેવાનો પ્રયત્ન કર્યો," હર્નાન્ડીઝે કહ્યું, "પણ તમે મારી વાત સાંભળી જ નહીં!"

બીજા લોકો હસવા લાગ્યા. બેઠી દડીનો માણસ જિરાલ્ડ તરફ ફર્યો, "સો ડોલરમાં સોદો કરવો છે?... પંચોતેરમાં?"

જિરાલ્ડના પિતાએ ધીમેથી કહ્યું, "પચીસ ડોલર કહે."

"પણ ઘોડી આંધળી છે."

http://suraturdhiyu.wordpress.com/

"ના, એ મૂન-બ્લાઇન્ડ છે. અમુક દિવસ બરાબર જોઈ શકે છે, અમુક દિવસ જોઈ શકતી નથી અને એનાં વછેરાં કાંઈ આંધળાં નહીં થાય."
જિરાલ્ડે કહ્યું, "હું પચીસ ડોલર આપવા તૈયાર છું."
બેઠી દડીના માણસે થોડી વાર વિચાર કર્યો, "મંજૂર." એણે કહ્યું. જિરાલ્ડે ઘોડીનું નામ 'સેન્ડી' પાડયું. એને ટ્રકમાં ચડાવીને પિતા-પુત્ર બંને પોતાના ખેતર પર પહોંચ્યા. જિરાલ્ડે કહ્યું, "હું અહીં મિ. હર્નાન્ડીઝ જેવું જ ફાર્મ કરવા ઇચ્છું છું."
"ઠીક છે" પિતાએ કહ્યું, "પણ ઉતાવળ ન કરીશ. પેલા ઠીંગણા માણસની ઉતાવળનું પરિણામ તેં જોયું ને! ઘોડા ઉછેરવાની વાત સારી છે, પણ એ ઘણી જ જહેમત માગી લે છે. તું પ્રયત્ન કરી જો, પણ આખરી નિર્ણય કરવામાં ઉતાવળ ન કરીશ."
પછીના દિવસોમાં જિરાલ્ડે ફાર્મ ઉપર રાત-દિવસ મહેનત-મજૂરી કરવાનું શરૂ કર્યું. સવારે ચાર વાગ્યે જાગવાનું, ખેતરમાં ખેતીકામ કરવાનુ, ઘોડાની સાર-સંભાળ રાખવાની, કાંટાળા તારની વાડ કરવાની. એકેએક નાનાં-મોટાં કામ ઉપર ધ્યાન આપવાનું.
સપ્ટેમ્બરમાં 'સેન્ડી'એ એક વછેરાને જન્મ આપ્યો. એનો રંગ એની મા જેવો ઘાટો લાલ જ હતો અને દેખાવ પણ એવો જ સુંદર હતો. 'સેન્ડી' હજી 'મૂન-બ્લાઇન્ડ' હતી. કેટલોક સમય તે સારી રીતે જોઈ શકતી હતી, કેટલોક સમય અંધ બની જતી. ઓક્ટોબર મહિનો આવી પહોંચ્યો. ફરી ઘોડાઓ ખરીદવાનો સમય આવી ગયો. ફરી જિરાલ્ડ એના પિતા સાથે નવા ઘોડા ખરીદવા ઊપડયો. આ વખતે એ લોકો મિ. હર્નાન્ડીઝના ફાર્મ પર ન ગયા. આ વખતે એ લોકો રેડ-ઇન્ડિયનોના જૂના પ્રદેશમાં ગયા.
એ પ્રદેશમાં, પર્વતોમાં કોરી કાઢેલા રેડ-ઇન્ડિયનોના જૂના, અવાવરું આવાસો હતા. જિરાલ્ડને એ જોવામાં મજા પડી.
"આ રૂમ શા માટે બનાવ્યો હશે?" પિતાને એણે પૂછયું.
"મને એનો ખ્યાલ નથી. હું તો અભણ માણસ છું, પણ વિદ્વાનોએ એના વિષે ચોક્કસ લખ્યું હશે!"
"ક્યાં લખ્યું હશે?"
"પુસ્તકોમાં."
"એ પુસ્તકો મને ક્યાંથી મળી શકે?" જિરાલ્ડે આતુર થઈને પૂછયું.
"કોલેજમાં, યુનિવર્સિટીમાં, કોઈક સારી લાઇબ્રેરીમાં." જિરાલ્ડે માથું હલાવ્યું.

http://suratiundhiyu.wordpress.com/

પછી એક દિવસ જિરાલ્ડે પિતા પાસે જઈને કહ્યું, "ખેતરનું કામ મને ગમે છે, ઘોડાનું ફાર્મ ગમે છે, 'સેન્ડી' અને વછેરાં ગમે છે, પણ મારે જે જોઈએ છે તે એમાં સમાપ્ત થઈ જતું નથી. મારે કોલેજમાં અભ્યાસ કરવો છે. એનાથી આગળ અભ્યાસ કરવો છે. પુસ્તકો સાથે મારે દોસ્તી કરવી છે."
પિતાએ આનંદથી માથું હલાવ્યું.
"રેડ-ઇન્ડિયન લોકો એ રૂમનો શું ઉપયોગ કરતા હશે એ હું જાણી શક્યો છું. એ રૂમમાં માણસો પોતાના છોકરાઓને જીવન વિશેના પાઠ શીખવતા હશે - ઘોડા ખરીદવાની મોસમમાં શીખી શકાય એવા." પિતાએ પુત્રનો હાથ પકડયો અને આગળ અભ્યાસ માટે એને આશીર્વાદ આપતાં હોય એ રીતે કહ્યું, "કોઈ નિર્ણયમાં ઉતાવળ ન કરવી."

## ૯૯ નો ધક્કો

૯૯નો ધક્કો સમજાવવા મારે એક નાની વાર્તા કહેવી પડસે.
એક રાજા હતો. એણે જોયું કે એના ઘણાં નોકરના મોઢાં ઉપર સુખ અને સંતોષની લાગણી દીખાતી હતી. એને થયું કે હું રાજા છું તો પણ મારા જીવનમાં આવી સુખ શાંતિ કેમ નથી. એણે સુરેશ નામના એક વિશ્વાસુ સલાહકારને પુછ્યું, કે આમ કેમ છે? સુરેશે કહ્યું, હજૂર તમને ૯૯ નો ધક્કો લાગ્યો છે. રાજાએ પૂછ્યું, ૯૯ નો ધક્કો એટલે શું? સુરેશે કહ્યું, આપણો રમેશ સુખી છે ને? આવતી કાલે સવારે એના ઘરની બહાર એક થેલીમાં ભરી ૯૯ સોનામહોર મૂકી આવો, પછી જૂઓ એને કેવો ૯૯ નો ધક્કો લાગે છે.
રાજાએ સુરેશની સલાહ પ્રમાણે ૯૯ સોનામહોર રમેશના ઘરની બહાર મૂકી. સવારે રમેશે ઊઠીને થેલી જોઈ. નવાઈ પામી એ એને ઘરમા લઈ ગયો. થેલી ઉઘાડીને જોઈ તો અંદર સોના મહોર હતી. એણે ઘણી જોઈ તો ૯૯ હતી. સુરેશે વિચાર્યું, ૯૯ જ કેમ છે, એક ક્યાં આજૂબાજૂમાં પડી ગઈ હશે. એક આખું અઠવાડિયું બીજા બધા કામ પડતા મૂકી એ સોનામહોર શોધવામા લાગી ગયો. ખાવા-પીવાની, નહાવા ધોવાની વગેરે પ્રવૃતિમાંથી એનું ધ્યાન હટી ગયું. જ્યારે સોનામહોર ન મળી, ત્યારે રમેશે વિચાર્યું હું કરકસરથી રહી એક સોનામહોર જેટલા પૈસા બચાવું તો એક સોનામહોર ખરીદી શકું તો મારી પૂરી ૧૦૦ થઈ જાય. ત્યારથી રમેશ સસ્તો ખોરાક લેવા લાગ્યો, જૂના ફાટેલા કપડા, જૂના જોડા વગેરે વાપરવા લાગ્યો. એના ચહેરા પરનું તેજ હણાઈ ગયું. એક વર્ષમાં રાજાને સમજાઈ ગયું કે ૯૯ ધક્કો એટલે શું.
ભાઈ, તારી પાસે છે એ જ ૯૯ વાપરને, એકની બળતરામાં ૯૯ પણ ભોગવી શક્તો નથી.
-પી. કે. દાવડા

http://suratiundhiyu.wordpress.com/

# સમજદાર શાસક પબ્લિકનું હિત જુએ તો...

અબ્રાહમ લિંકને એક વાર્તા કહીને સત્તાભૂખ્યા સાથીદારોને ટાઢા પાડી દીધા

સુખનો પાસવર્ડ - આશુ પટેલ

આજે, ફોર અ ચેન્જ, કંઈક જુદી વાત કરવી છે. આમ તો આ અબ્રાહમ લિંકનના જીવનનો એક કિસ્સો છે. પણ એમાં અબ્રાહમ લિંકને કહેલી એક વાર્તા પણ આવી જાય છે. અબ્રાહમ લિંકન માત્ર અમેરિકન પ્રમુખ તરીકે નહીં, પણ એક વિચારક તરીકે પણ નામના કમાયા હતા. અમેરિકામાંથી ગુલામીપ્રથા નાબૂદ કરવામાં નિમિત્ત બનેલા આ મહામાનવ બીજા સત્તાધીશોની જેમ ચમચાઓથી ઘેરાઈને જીવવાને બદલે પોતાની સ્વતંત્ર વિચારસરણી સાથે જુદી જ માટીના માણસ તરીકે જીવી ગયા હતા. અબ્રાહમ પોતાનાં પ્રવચનોમાં કે મિત્રો અને સાથીદારો સાથે વાત કરતી વખતે વાર્તાઓ, ટુચકાઓ કે મહાન માણસોના જીવનની ઘટનાઓ વર્ણવવા માટે જાણીતા હતા. અબ્રાહમ લિંકન અમેરિકાના પ્રમુખ બન્યા એ પછી તેમના પક્ષના ઘણા કાર્યકરોને અને નેતાઓને લાગ્યું કે, હવે અમને અમેરિકાના જુદા જુદા હોદ્દાઓ પર બેસીને સરકારનો હિસ્સો બનવાની તક મળશે. દુનિયાભરમાં સ્વાભાવિક રીતે જે દેશમાં કે જે રાજ્યમાં કે શહેરની પાલિકા-મહાનગરપાલિકાઓમાં જે પક્ષ બહુમતીમાં હોય એ પક્ષના નેતાઓને કે કાર્યકરોને જ નાનામોટા હોદ્દા પર નિમણૂક આપવામાં આવે છે. એટલે અબ્રાહમ લિંકન અમેરિકન પ્રમુખ બન્યા ત્યારે તેમના પક્ષના કાર્યકરોની અપેક્ષા પણ એ જ હતી. પણ અબ્રાહમ લિંકન પોતાના પક્ષના નેતાઓ અને કાર્યકરોને જ આગળ ધરવાને બદલે લાયક માણસોની પસંદગી પર વધુ ભાર મૂકવા માંડ્યા એટલે તેમના પક્ષના નેતાઓ અને સિનિયર કાર્યકર્તાઓ અકળાયા. એમાંના ઘણા તો અબ્રાહમ લિંકનના સારા મિત્રો પણ હતા. અબ્રાહમ લિંકનની કાર્યપદ્ધતિથી અને પક્ષની બહારના માણસોની જુદા જુદા હોદ્દા પર નિમણૂક કરવાની 'ધૃષ્ટતા'થી અકળાયેલા કેટલાક મિત્રો તેમને મળવા પહોંચી ગયા. એ બધાએ આડકતરી રીતે અબ્રાહમ લિંકનને કહ્યું કે, પક્ષના કાર્યકરોની (એટલે કે અમારી) નિમણૂક મહત્ત્વના હોદ્દાઓ પર થવી જોઈએ. જ્યાં જ્યાં કોઈ પક્ષનું શાસન આવે ત્યાં જે તે પક્ષના કાર્યકરો અને નેતાઓને આવી તક મળતી જ હોય છે.

પક્ષના સહકાર્યકર મિત્રોને ગોળગોળ વાતો કરતા જોઈને અબ્રાહમ લિંકને કહ્યું કે, 'મારા મિત્રો આજે મારે તમને એક વાર્તા કહેવી છે. આ વાર્તા ધ્યાનથી સાંભળજો.' અબ્રાહમ લિંકનના મિત્રો તેમને પોતાની વાત સમજાવવા માગતા હતા, પણ અબ્રાહમ લિંકને કહ્યું કે મારે તમને એક વાર્તા કહેવી છે એટલે કમને તેઓ ચૂપ થઈ ગયા અને અબ્રાહમ લિંકને વાર્તા શરૂ કરી:

http://suratiundhiyu.wordpress.com/

'એક વાર એક રાજા પાટનગરની બહાર ફરવા નીકળી પડ્યો. મહેલમાંથી બહાર જતાં અગાઉ તેણે પ્રધાનને પૂછ્યું કે, હું એકલો રાજધાનીની બહાર ફરવા જાઉં છું. પણ અધવચ્ચે વરસાદ નહીં પડેને?' પ્રધાને કહ્યું: 'નામદાર આજે વરસાદ પડે એવી કોઈ શક્યતા મને લાગતી નથી.' પ્રધાનની વાત પર ભરોસો રાખીને રાજા લાવલશ્કર વિના એકલો ઘોડા પર સવાર થઈને ફરવા નીકળી પડ્યો. વરસાદ નહીં જ પડે એમ માનીને એણે છત્રી સાથે લીધી નહીં. વેશપલટો કરીને નીકળી પડેલો રાજા ખેતરો વચ્ચેથી પસાર થઈ રહ્યો હતો ત્યારે આકાશમાં વાદળો ઘેરાયાં. રાજાને લાગ્યું કે બીજા કોઈને ય પૂછવું જોઈએ કે વરસાદ થશે કે નહીં?

એ જ વખતે રાજાએ એક ખેતરમાં એક વૃક્ષ નીચે એક વૃદ્ધ ખેડૂતને બેઠેલો જોયો એટલે તેણે એ તરફ ઘોડો મારી મૂક્યો. રાજાએ એ ખેડૂતને પૂછ્યું કે, 'આજે વરસાદ પડશે એવું લાગે છે?'

ખેડૂતે ઉપર નહીં પણ આજુબાજુ જોયું અને પછી વિશ્વાસપૂર્વક જવાબ આપ્યો કે, આજે વરસાદ પડશે અને અડધા કલાક જેટલા જ સમયમાં વરસાદ શરૂ થઈ જશે એવું મને ચોક્કસ લાગે છે. જોકે રાજાને થયું કે મારા પ્રધાન જેટલો હોશિયાર તો આ ખેડૂત ક્યાંથી હોઈ શકે? એટલે તેણે ઘોડો આગળ ભગાવ્યો. પણ અડધા કલાકમાં ખરેખર વરસાદ શરૂ થઈ ગયો. રાજા પલળતો પલળતો રાજધાનીમાં પાછો ફર્યો. મહેલમાં જઈને એણે તરત જ પ્રધાનને બોલાવ્યો અને એના પર તેણે ગુસ્સો ઠાલવ્યો. રાજાએ પ્રધાનને કહ્યું કે, 'તમે પ્રધાનપદને લાયક નથી. વરસાદ પડશે કે નહીં એ વાત તમે ના કહી શકો તો પછી આખા રાજ્યની જવાબદારી તમે કઈ રીતે સંભાળતા હશો? તમારા કરતાં તો પેલો વૃદ્ધ ખેડૂત વધારે હોશિયાર અને વધુ લાયક માણસ છે, જેણે મને તરત જ કહી દીધું કે આજે ચોક્કસ વરસાદ પડશે અને એ પણ અડધા કલાકમાં જ શરૂ થઈ જશે! એ વૃદ્ધ ખેડૂતે મને વરસાદ વિશે બરાબર માહિતી આપી એટલે એને હું આજથી પ્રધાનપદે નિયુક્ત કરું છું અને તમારી પ્રધાનપદેથી હકાલપટ્ટી કરું છું!'

રાજાના આદેશથી પેલા વૃદ્ધ ખેડૂતને વાજતેગાજતે મહેલમાં લાવવામાં આવ્યો. રાજાએ તે ખેડૂતને કહ્યું: 'તમે મને વરસાદ ક્યારે પડશે એની ચોક્કસ માહિતી આપી હતી. તમારી આવી વિદ્વત્તા અને વાતાવરણ પારખવાની શક્તિથી હું પ્રભાવિત થયો છું એટલે હું તમને મારા રાજ્યના પ્રધાન બનાવું છું.' પેલો ખેડૂત અત્યંત સરળ પ્રકૃતિનો માણસ હતો. તેણે તરત કહ્યું કે, 'નામદાર વરસાદ આવશે કે નહીં એ જાણવાની આવડત મારામાં નથી. મેં તમને કહ્યું હતું એ વખતે તો મારા ગધેડાની સામે જોઈને ખાતરીપૂર્વક કહ્યું હતું. જ્યારે વરસાદ પડવાનો હોય ત્યારે મારો ગધેડો પોતાના કાન નીચા વાળી દે છે. મારા ગધેડાના કાન નીચા નમેલા જોઈને મેં આપને કહ્યું હતું કે અડધા કલાકમાં

http://suratundhiyu.wordpress.com/

ચોક્કસ વરસાદ પડશે.' ખેડૂતની વાત સાંભળીને રાજાએ તરત જ કહ્યું કે, 'તો પછી તમારો ગધેડો પ્રધાનપદને માટે વધારે લાયક છે એટલે હું એને પ્રધાન બનાવું છું!' આ વાર્તા પૂરી કરીને અબ્રાહમ લિંકન થોડી ક્ષણો માટે અટક્યા. પછી તેમણે મિત્રોને કહ્યું, 'મારા પ્રિય દોસ્તો, હું આ વાર્તાના રાજા જેવો બેવકૂફ નથી કે મારા મનમાં આવે એ રીતે કોઈ પણ માણસને અમેરિકાના જવાબદાર હોદ્દાઓ પર નિયુક્ત કરી દઉં. મારે મારી ફરજ સમજવી જોઈએને?'

અબ્રાહમ લિંકનની જેમ આપણે ત્યાં પણ બેવકૂફ ન હોય એવા, પોતાની ફરજ સમજે એવા અને દુષ્ટ ન હોય એવા સત્તાધીશો ફરજ પર આવે તો યોગ્ય વ્યક્તિઓની યોગ્ય હોદ્દાઓ પર નિમણૂક કરીને તેઓ જાતે પણ સુખી થાય અને પ્રજાને પણ સુખી કરી શકે. અબ્રાહમ લિંકનના જીવનના આ કિસ્સાનું કોંગ્રેસ, ભાજપથી માંડીને આલિયામાલિયા બધા પક્ષોના શાસકોને નિત્ય પ્રાત:કાળે પઠન કરાવવું જોઈએ!

## [1] યક્ષ પ્રશ્ન

મહાભારતમાં એક પ્રસંગ આવે છે. પાંચ પાંડવો અને દ્રૌપદી વનમાંથી પસાર થતાં હોય છે ત્યાં દ્રૌપદીને તરસ લાગે છે. એટલે ભીમ પાણી લેવા જાય છે. નજીકના સરોવરમાંથી પાણી લેતાં આકાશવાણી થાય છે કે મારા સવાલનો જવાબ આપ. પછી જ તું પાણી લઈ શકીશ. જો એમ ને એમ પાણી લઈશ તો તારું મોત થશે. અહંકારી ભીમ માનતો નથી ને પાણી લે છે. તત્કાળ એ બેભાન થઈ જાય છે. આ તરફ ભીમને આવતાં વાર થઈ એટલે અર્જુન જાય છે. એના પણ એ જ હાલ થાય છે. નકુલ અને સહદેવની પણ એ જ સ્થિતિ થાય છે. છેવટે યુધિષ્ઠિર અને દ્રૌપદી ત્યાં આવે છે. ચારેય પાંડવને બેભાન જુએ છે. યુધિષ્ઠિર પાણી લેવા જાય છે ત્યારે તેમને પણ એ વાણી સંભળાય છે. યુધિષ્ઠિર કહે છે, પ્રશ્ન પૂછો હું જવાબ આપીશ.

આ સરોવર યક્ષરાજ ચિત્રરથનું હોય છે. યક્ષ કહે છે કે જો જવાબ ખોટો હશે તો મસ્તકના ટુકડા થઈ જશે. યુધિષ્ઠિર કબૂલ થાય છે. યક્ષના એક પછી એક પ્રશ્નોના જવાબ આપતાં જાય છે. આ પ્રશ્નો યક્ષ પ્રશ્ન તરીકે ઓળખાય છે. આ પ્રશ્નોત્તરી જ્ઞાનનો ભંડાર છે. એમાં યક્ષ પૂછે છે, 'કિમ આશ્ચર્યમ્ – દુનિયાનું સૌથી મોટું આશ્ચર્ય કયું છે ?'. યુધિષ્ઠિર જવાબ આપે છે કે માણસ પોતાના સ્વજનો, માતા-પિતા, મિત્રોને નજર સામે મરતાં જુએ છે, સ્મશાને વળાવે છે, અગ્નિસંસ્કાર કરે છે ને છતાં બીજા દિવસથી એટલા ઉત્સાહથી જીવે છે, જાણે કે મૃત્યુનું અસ્તિત્વ જ નથી. દુનિયામાં આનાથી મોટું કોઈ આશ્ચર્ય નથી.

## [2] કર્મનું ફળ

http://suratiundhiyu.wordpress.com/

એક પૌરાણિક પ્રસંગ છે. એક મહર્ષિ પોતાના આશ્રમમાં તપ કરતા હતા. એ પ્રદેશના રાજાને ત્યાં ચોરી થઈ. ચોરોની પાછળ સિપાહીઓ પડ્યા. એટલે ચોરો ભાગ્યા. રસ્તામાં આ મહર્ષિનો આશ્રમ આવ્યો. એટલે ચોરોએ સામાન આશ્રમમાં નાખ્યો અને ભાગી ગયા. સિપાહીઓને સામાન આશ્રમમાંથી મળી આવ્યો એટલે મહર્ષિને ચોર સમજીને પકડ્યા અને રાજાના દરબારમાં ઊભા કરી દીધા. રાજાએ કાંઈ પણ વિચાર્યા વગર ફાંસીની સજા કરી. મહર્ષિને ફાંસીના માંચડે લઈ જવામાં આવ્યા. ત્યાં આકાશવાણી થઈ કે મહર્ષિ નિર્દોષ છે, તેમણે ચોરી નથી કરી. એટલે રાજાએ ભરદરબારમાં એમની માફી માગી અને સન્માન સહિત આશ્રમમાં પહોંચાડ્યા.

આ પછી ઋષિએ વિધાતા સાથે ઝઘડો કર્યો કે મારા કોઈ વાંકગુના વિના મને આ સજા, આ હેરાનગતિ શા માટે કરી ? વિધાતા કહે છે કે 'મહર્ષિ આ જન્મમાં તમે જ્યારે કિશોર હતા ત્યારે પતંગિયાને પકડીને બાવળના કાંટા પર લટકાવતા હતા. એ પાપની આ સજા છે.' મહર્ષિએ કહ્યું : 'મેં તો એ કામ અજાણતાં જ કરેલું. મને સારા-ખોટાની સમજ નહોતી.' વિધાતા કહે કે, 'ગુનો એ ગુનો છે અને એની સજા ભોગવવી જ પડે. તમે અજાણતાં પણ સળગતો અંગારો પકડો તોપણ દાઝી તો જવાય જ ને ?'

## [3] બોલ્યા બોલ્યાનો ફેર

એક ગુરૂ અને બે શિષ્યો યાત્રા કરતા હતા. ગુરૂએ શિષ્યોને સમજાવ્યું કે સાચું બોલવું, પણ પ્રિય બોલવું. એવી રીતે સત્ય બોલવું કે સામાવાળાને સાંભળવું ગમે. એક શિષ્ય કબૂલ થયો. પણ બીજા શિષ્યે વિરોધ કર્યો કે 'એથી શો ફરક પડે છે ? સત્ય આખરે સત્ય જ રહે છે.'

રસ્તામાં એક ગામ આવ્યું. પહેલો શિષ્ય ભિક્ષા માગવા ગયો. એક ઘર આગળ જઈ કહ્યું : 'મૈયા, ભિક્ષા દે દે.' ગૃહિણીએ તરત સાધુને ભોજન આપ્યું. શિષ્ય એ ભોજન લઈ ગુરૂ પાસે આવ્યો. બીજા શિષ્યે આખી વાત સાંભળી. તેને થયું – હું પણ જઈને ભિક્ષા માગી આવું. બીજો શિષ્ય પણ એ જ ઘર પાસે ગયો, કારણ કે એ જ ઘર ગામમાં સૌથી પહેલું આવતું હતું. શિષ્યે ભિક્ષા માગતાં કહ્યું : 'એ મેરે બાપ કી ઔરત, કુછ ભિક્ષા દે દે.' ગૃહિણીએ આ સાંભળ્યું ને ધોકો લઈને મારવા દોડી. શિષ્ય જીવ બચાવવા દોડ્યો ને ગુરૂ પાસે આવ્યો. આવીને વાત કરી. ગુરૂ કહે : 'મા' અને 'બાપ કી ઓરત' નો અર્થ એક જ છે. હવે તને ફરક સમજાયો ને ? સાચું બોલવું, પણ પ્રિયકર બોલવું. કાગડો કોઈનું કંઈ લઈ લેતો નથી કે કોકિલ કંઈ આપી જતી નથી, છતાં લોકો કાગડાને ઉડાડી મૂકે છે અને કોકિલનો ટહુકો ધ્યાનથી સાંભળે છે.

## [4] ગુણવત્તા

એકવાર અકબર બાદશાહે દરબારમાં સંગીતસમ્રાટ તાનસેનનું સંગીત સાંભળ્યું ને આફરીન પોકારી ગયો કે વાહ, શું ગાયકી છે. તેને થયું કે તાનસેન આટલું સુંદર ગાઈ શકે છે, તો એના ગુરૂ કેટલું સરસ ગાતા હશે ? બાદશાહે પોતાનો વિચાર તાનસેનને કહ્યો. તાનસેને પોતાના ગુરુ સ્વામી હરિદાસનાં વખાણ કર્યાં. એમની દિવ્ય ગાયકીનાં વખાણ કર્યા. બાદશાહ કહે, આપણે એમને દરબારમાં બોલાવીએ. તાનસેન કહે, એ દરબારમાં ન આવે. એમને સાંભળવા આપણે ત્યાં જવું પડે. અકબર બાદશાહ કબૂલ થયા. બંને જણા વેશ બદલીને ગયા. સ્વામી હરિદાસ સવારના પહોરમાં રિયાઝ કરતા હતા ત્યારે પહોંચ્યા અને છુપાઈને ભજન સાંભળ્યા. અકબર બાદશાહ ભાવવિભોર થઈ ગયા. તેમણે તાનસેનને કહ્યું તું આ જ ભજન ગાય છે, પણ આટલી સારી રીતે નથી ગાઈ શકતો. એનું શું કારણ ?

તાનસેન કહે, બાદશાહ, હું તમારા કહેવાથી તમને ખુશ કરવા ગાઉં છું, જ્યારે સ્વામીજી અંતરના ઊંડાણથી ભગવાનને રીઝવવા ગાય છે. કોણ કોના માટે ગાય છે એના પર એની ગુણવત્તાનો આધાર છે.

## [5] કૃષ્ણનું રથાવરોહણ

મહાભારતના યુદ્ધનો પ્રસંગ છે. અઢાર દિવસનું યુદ્ધ પૂરું થયું પછી છેલ્લે દિવસે રથ લઈને કૃષ્ણ પાછા આવ્યા ને અર્જુનને કહ્યું કે તું પહેલાં રથમાંથી નીચે ઊતરી જા. અર્જુનને નવાઈ લાગી કે કૃષ્ણ કેમ આમ કહે છે ? તેણે તરત કારણ પૂછ્યું. કૃષ્ણ કહે – પહેલાં તું નીચે ઉતર પછી તને કારણ સમજાશે. અર્જુન રથમાંથી નીચે ઉતર્યો પછી કૃષ્ણ નીચે ઉતર્યા અને કહેવાય છે કે રથ આખો ભડભડ સળગી ઉઠ્યો. તેના અસ્તિત્વનું હવે કોઈ કારણ રહ્યું નહોતું. આ દુનિયા પર તેનું કામ પૂરું થયું હતું. અર્જુન હતપ્રભ થઈને જોઈ રહ્યો. તેને સમજાયું નહીં કે આ શું થઈ રહ્યું છે ? કૃષ્ણે સમજાવ્યું કે હું રથમાં હતો એટલે રથ ટક્યો હતો. બાકી તો એ ક્યારનોય સળગી ઉઠ્યો હોત. આપણા દેહરૂપી રથમાં કૃષ્ણ નામે ચૈતન્ય અસવાર છે ત્યાં સુધી જ એ ચાલે છે. એ ચૈતન્ય રથમાંથી જતું રહે પછી દેહ પણ ભડભડ સળગાવી જ દેવાય છે ને !

## [6] એક રાતની વાત

વરસમાં એક જ વાર ખીલતા બ્રહ્મકમળ નામના ફૂલને જોવા હું ગયો. મને થયું – કેવું કહેવાય ! વરસમાં એક જ વાર ખીલે, એ પણ થોડા કલાકો માટે ! બ્રહકમળ કહે 'મને તો આનંદ છે. ભલેને થોડા સમય માટે, પણ દુનિયા તો જોવા મળે છે ને !'

મેં કહ્યું, 'પણ આટલા સમયમાં શું ખીલવું ને શું જોવું ? એમાંય તારું કોઈ ખાસ રૂપ નહીં.'

http://suratiundhiyu.wordpress.com/

'તોય બધાં મને જોવા આવે છે ને ! આખુ વર્ષ ખીલતાં ફૂલો જોવા ખાસ કોણ જાય છે ?' બ્રહ્મકમળે કહ્યું.
'એ વાત સાચી, પણ તને આવી ટૂંકી આવરદાનો અફસોસ થતો નથી ?' મેં પૂછ્યું.
'ના, જરાય નહિ, ઉપરથી હું તો ખુશ છું કે આટલા થોડા સમય માટે પણ હું સમસ્ત વાતાવરણને મારી સુગંધથી મહેકાવી શકું છું.' આનંદથી બ્રહ્મકમળે કહ્યું.
'પણ એમાં તો તને….'
મને બોલતો અટકાવીને બ્રહ્મકમળ કહે – તમે અફસોસ કરવામાં સમય વેડફવાને બદલે જે મળ્યું છે તે માણો ને ? નહીં તો એટલુંય નહીં થઈ શકે. મને થયું કે એની વાત સાચી છે ને મેં ધ્યાનથી એનું નિરિક્ષણ કરવા માંડ્યું. એને જેમ ધ્યાનથી જોતો ગયો એમ હું મુગ્ધ બનતો ગયો. સફેદ રંગના વિવિધ શેડ બ્રહ્મકમળમાં જોવા મળ્યા.
એની વાત સાવ સાચી હતી. આપણે સામે જે છે એને જ માણવાનું ભૂલી જઈએ છીએ ને પછી તો ખોટી તથા નકામી વાતોમાં અટવાયા કરીએ છીએ. જે સમયે આપણને જે મળે તેને ઈશ્વરની દેન સમજી તેના જ આનંદમાં ખોવાઈ જઈએ, તેમાં જ સાચું સુખ છે.

### [7] સૌથી મોટું કોણ?

એકવાર ભૃગુ ઋષિને દેવોની પરીક્ષા લેવાનું મન થયું. તેમને થયું કે સૌથી મહાન કોણ છે ? ભૃગુ ઋષિ સૌપ્રથમ બ્રહ્માજી પાસે ગયા અને જેમતેમ બોલવા લાગ્યા. બ્રહ્માજી ગુસ્સે થઈ ગયા અને ઋષિને શાપ આપવા તૈયાર થયા. ઋષિએ માફી માગી લીધી અને ત્યાંથી કૈલાસ જવા નીકળ્યા. કૈલાસ પર્વત પર સદાશિવ પાર્વતી સાથે બેઠા હતા. ત્યાં જઈને ભૃગુ ઋષિ એલફેલ બોલવા માંડ્યા. શંકર ગુસ્સે થઈ ગયા અને ત્રિશુલ લઈને મારવા દોડ્યા. ઋષિએ માફી માગી અને પાર્વતીએ સમજાવ્યા ત્યારે શિવજી શાંત થયા. ત્યાંથી નીકળીને ઋષિ વૈકુંઠમાં જઈ પહોંચ્યા. વૈકુંઠમાં વિષ્ણુ ભગવાન શેષશૈય્યા પર સૂતા હતા. ભૃગુ ઋષિએ જઈને વિષ્ણુને છાતીમાં લાત મારી અને કહ્યું, 'એક ઋષિ આવે ત્યારે આમ પડ્યા રહેતાં શરમ નથી આવતી ?'
વિષ્ણુ ભગવાન ઊભા થઈ ગયા. તેમણે ઋષિના પગ દબાવ્યા કે મારી વજ્ર જેવી છાતી પર પ્રહાર કરવાથી તમને ક્યાંક વાગ્યું તો નથી ને ? ક્રોધને જીતનાર વિષ્ણુને મહાન જાહેર કરતાં ભૃગુ ઋષિએ કહ્યું, 'લક્ષ્મી તમને વરે એ જ યોગ્ય છે.' આમ, ક્રોધને જીતનાર સૌથી મોટો વિજેતા છે.
['હલચલ' સામાયિક દીપોત્સવી અંકમાંથી સાભાર]

## સત્યના આધારે કેસ લડવાની કળા

http://suratiundhiyu.wordpress.com/

ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં દાણચોરીના ગુનેગારને સાચું બોલાવડાવીને અસીલને છોડાવ્યો!
સુખનો પાસવર્ડ - આશુ પટેલ
ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં વકીલાત કરતા હતા ત્યારે તેમણે નક્કી કર્યું હતું કે તેઓ સત્યના પાલન સાથે જ આ વ્યવસાય કરશે. વકીલાતમાં જૂઠના સહારે જ કેસ જીતાતા હોય ત્યારે તેમનો આ નિશ્ચય તેમની પ્રેક્ટિસમાં અવરોધરૂપ બનતો હતો. પણ ગાંધીજી એ મુદ્દે મક્કમ હતા.
એકવાર ડરબનના પારસી અગ્રણી રૂસ્તમજી શેઠ સામે દાણચોરીનો કેસ નોંધાયો. રૂસ્તમજી શેઠ એક મિત્રની સલાહથી ગાંધીજી પાસે ગયા અને તેમણે ગાંધીજીને વિનંતી કરી કે તમે મારો કેસ હાથ પર લો..
ગાંધીજીએ એમને પૂછ્યું, તમે ખરેખર દાણચોરી કરી છે? અને અગાઉ પણ આવું કરી ચૂક્યા છે કે પહેલી જ વાર કર્યું છે?
રૂસ્તમજીએ કહ્યું, મારા પર મુકાયેલો આરોપ સાચો છે અને હું ઘણા સમયથી દાણચોરી કરતો આવ્યો છું.
ગાંધીજીએ કહ્યું, તમે આ વાત અદાલતમાં સ્વીકારો તો તમારો કેસ હું લડીશ.
રૂસ્તમજી એ માટે તૈયાર થઈ ગયા અને ગાંધીજીએ તેમનો કેસ સ્વીકાર્યો.
ગાંધીજીએ કોર્ટમાં ફરિયાદી પક્ષના વકીલની જેમ રૂસ્તમજીની ઉલટ તપાસ કરી. તેમણે કહ્યું, તમારા પરના દાણચોરીના આરોપને સ્વીકારો છો?
રૂસ્તમજીએ કહ્યું, હા.
ગાંધીજીએ પૂછ્યું, અગાઉ પણ તમે દાણચોરી કરી છે?
રૂસ્તમજીએ એ માટે પણ હા કહી. ગાંધીજીએ એમના જ મોઢે એમની દાણચોરીની વાતો કહેવડાવી.
એ પછી ગાંધીજીએ જજને કહ્યું, ગુનેગારના સત્યના સ્વીકારથી મને ખૂબ આનંદ થાય છે. ગુનાની કબૂલાતના ધોરણે ન્યાય તોળાવા પર ભાર મુકાયો છે. મારા અસીલનો હૃદયપલટો થયો છે એ એની જુબાની પરથી તમને સમજાયું હશે. હવે આપ એને જે યોગ્ય લાગે એ સજા કરી શકો છો.
અને સૌના આશ્ચર્ય વચ્ચે જજે રૂસ્તમજી શેઠને છોડી મૂક્યા. રૂસ્તમજીએ ગાંધીજીને પગે લાગીને જિંદગીમાં ક્યારેય દાણચોરી નહીં કરવાની પ્રતિજ્ઞા લીધી.

## રામુકાકા

સવારના પહોરમાં શ્રીધરકાકાનો ફોન આવ્યો. મને કહે, 'તમને એક તસ્દી આપવાની છે. આજે કેટલા વાગ્યે મારે ત્યાં આવવાનું તમને ફાવશે ?' સમય નક્કી કરીને સાંજે એમને મળવા હું ગયો.

http://suratiundhiyu.wordpress.com/

ઔપચારિક વાતચીત પૂરી થતાં એ બોલ્યા :'તમને જે ખાસ હેતુથી બોલાવ્યા છે, તે વાત કરી દઉં.....''કહો....''અમારી પેઢીના મુનિમજીને તો તમે ઓળખો છો ને ?''હા, રામુકાકાની જ વાત કરો છો ને ?' મેં કહ્યું.'બરાબર.' કહીને એમણે ખોંખારો ખાતાં કહ્યું, 'તમારે એમને મનાવી લાવવાના છે....''પહેલાં એ તો કહો કે રામુકાકા રિસાયા ક્યારે ?''અઠવાડિયું થઈ ગયું......''શી વાત બની હતી ?'

'વાતમાં તો જાણે.... મારી જ ભૂલ હતી. મેં એમને એંશી હજાર રૂપિયા બેંકમાં ભરવા માટે રોકડા આપેલા. બેંક બંધ થવાની તૈયારી હતી ને રકમ ભરવી જ પડે તેમ હતું, કારણ કે મેં વધુ રકમના સામે ચેક આપેલા હતા. મુનિમજી, મેં આપેલી રકમ લઈને નીકળી પડ્યા. કલાક પછી હાંફળા-ફાંફળા પાછા આવ્યા. મને કહે,'આ તો સિત્તેર હજાર રૂપિયા છે....''હોય જ નહીં.... પૂરા એંશી હજાર તમને આપેલા....''તમારી ભૂલ થતી હશે. તમે મને પૈસા આપ્યા તે બેગમાં નાખીને તરત હું બેંકે પહોંચ્યો. પણ ત્યાં ગણ્યા તો દસ હજાર રૂપિયા ઓછા હતા.''એ બને જ શી રીતે ?''ભૂલથી.....''મારાથી આટલી મોટી ભૂલ થાય જ નહીં....''તો બીજા કોઈને એમાંથી તમે દસ હજાર આપ્યા હશે....' મને મુનિમજી સાથે વાત કરવાનું ન ગમ્યું. બેંકમાં સમયસર રકમ ન ભરાવાને કારણે મેં આપેલા ચેક નહીં સ્વીકારાય એ કારણે પણ મનમાં રોષ પ્રજળી રહ્યો. મારાથી એલફેલ બોલાઈ ગયું. એમના ઉપર ચોરીનું આળ ચડાવી માર્યું.....''પછી ?' મેં વચ્ચે જ પૂછ્યું.'મુનિમજી રડી પડ્યા.... ખૂબ કરગર્યા.... પણ હું મક્કમ રહ્યો. એમને નોકરીમાંથી દૂર કરી દીધા....''પણ દસ હજાર રૂપિયાનું શું થયું ?''બીજા દિવસે મુનિમજી આવ્યા. મને કહે, શેઠજી ! લો, આ તમારા દસ હજાર રૂપિયા.... ! મારાથી ભૂલ થઈ ગઈ. મને માફ કરો..... ને એટલું કહીને એ ચાલતા થયા. હું મનોમન એમના પ્રત્યે તિરસ્કાર અનુભવી રહ્યો. મુનિમજીને મેં સદાય વડીલ તરીકે આદર આપ્યો હતો, છતાં એમણે મારી સાથે આવો દુર્વ્યવહાર કર્યો એનો મને ઊંડો અફસોસ થયો.' કહીને શ્રીધરકાકા થોડો સમય અટક્યા.

મારા મનમાં જાતજાતના તર્ક-વિતર્ક ઉદ્‌ભવતા હતા. જો મુનિમજીએ રૂપિયા દસ હજાર લઈ લેવાની ભૂલ કરી હતી તો શ્રીધરકાકાએ તેમના માથે આળ ચડાવ્યું કેમ કહેવાય ? ઊલટાનું પોલીસ કેસ નહિ કરીને મહેરબાની કરી કહેવાય.....! ને મુનિમજી એ રકમ પાછી શા માટે આપી ગયા હશે ? કશો પુરાવો તો હતો નહીં....! વળી શ્રીધરકાકાએ એમને નોકરીમાંથી પણ તગડી મૂક્યા હતા......એમને કશો ભય લાગ્યો હશે ?એમનો અંતરાત્મા જાગ્યો હશે ?નોકરી પાછી મેળવવાની લાલસાથી રકમ પરત આપીને ક્ષમા માગવા આવ્યા હશે ? હું વિચારતો હતો ત્યાં જ શ્રીધરકાકા બોલ્યા : 'મુનિમજી મને દસ હજાર રૂપિયા પાછા આપીને ક્ષમા માગીને ચાલ્યા ગયા..... એ જ દિવસે અમારી એક

http://suratundhiyu.wordpress.com/

ગ્રાહક કંપનીના મેનેજરનો ફોન આવ્યો. એમણે ફોનમાં કહ્યું કે :‘ગઈકાલે અમે તમને આપેલી રોકડ રકમમાં ગોટાળો થયો છે.’‘કેવો ગોટાળો ?’ મને ફાળ પડી.‘રૂપિયા દસ હજારનો ગોટાળો… તમને શરતચૂકથી દસ હજાર ઓછા અપાયા છે. એક બંડલ અહીં ટેબલ ઉપર જ રહી ગયું હતું. અત્યારે મારી પાસે જ એ મૂકી રાખ્યું છે. મુનિમજીને મોકલીને મંગાવી લેવા વિનંતી છે. આમ તો ગઈકાલે જ રાત્રે અમને ખ્યાલ આવી ગયેલો… તમને ફોન કરવા ખૂબ પ્રયત્ન કર્યો, પણ તમારી ઓફિસ બંધ થઈ ગઈ હતી….’

મેનેજરનો આ ફોન સાંભળીને મને સમગ્ર વાતની ઘડ બેસી ગઈ. એ મેનેજરે મને આપેલી રકમ મેં પણ ગણી નહોતી. તેમાં ઉપરના વીસ હજાર ઉમેરીને મુનિમજીને મેં બેંકમાં મોકલ્યા હતા…. મને ખૂબ પસ્તાવો થયો. મારી પેઢીના ખાનદાન મુનિમજી પ્રત્યે મેં કાદવ ઉછાળ્યો એ માટે મને ઊંડી વેદના થઈ…..’ શ્રીધરકાકાએ રૂમાલ કાઢીને પાંપણો લૂછી.મેં કહ્યું : ‘પણ તમે તો કહેતા હતા કે મુનિમજી પણ ક્ષમા માગીને તમને દસ હજાર રૂપિયા આપી ગયેલા.’‘હા, એ રકમ પણ મારી પાસે પડી છે….’‘પણ મુનિમજીએ પૈસા ન લીધા હોત તો તમને શું કામ આપી જાત ?’‘સ્વમાની માણસ બીજું શું કરે ? મને તો લાગે છે કે એ ગાંઠના પૈસા આપી ગયા હશે…..!’‘તો તો ખરેખર તમારી મોટી ભૂલ ગણાય…..’‘ભૂલ નહીં, અપરાધ જ ગણાય…..’ શ્રીધરકાકા બોલ્યા. પછી ઊંડો શ્વાસ લઈને બોલ્યા, ‘મેં પછી તો પ્રાયશ્ચિત રૂપે માણસને મોકલીને ક્ષમા માગીને તેમને ફરીથી કામ ઉપર જોડાઈ જવા કહ્યું, પણ હવે એ માનતા જ નથી ! આ રકમ લેવાની પણ ના પાડે છે ! એટલે મને થયું કે હવે તમને જ તસ્દી આપું. તમે ગમે તેમ કરીને એમને સમજાવો… મનાવો. મારી ભૂલ માટે હું ક્ષમા માગવા તૈયાર છું…..’મેં કહ્યું : ‘હું પ્રયત્ન કરી જોઉં…..’

ને એ જ રાત્રે દસ હજાર રૂપિયા લઈને હું રામુકાકાને ઘેર પહોંચ્યો. રામુકાકા હાજર નહોતા. એમનાં પત્નીને મેં પૂછ્યું :‘રામુકાકા ઘેર નથી ?’‘ના, ટ્યુશન ભણાવવા બહાર ગયા છે.’‘મારે એમને મળવાનું હતું….’‘શ્રીધરભાઈએ મોકલ્યા છે ?’‘હા….’‘શું કામ છે ?’‘એમના પૈસા એમને પાછા આપવાના હતા…. ને શ્રીધરકાકા વતી ક્ષમા માગવાની હતી…..’‘માથું વાઢીને પાઘડી બાંધવા આવ્યા છો ?’‘એવું ન બોલો, કાકી….! ભૂલ અને ગેરસમજ માનવી નહીં કરે તો બીજું કોણ કરશે ?’‘જવા દો એ વાત….’ કાકી બોલ્યાં, ‘મોટા શેઠિયાઓને એમના પૈસામાં જ રસ હોય છે. નાના માણસની આબરૂને પણ એ એમના પૈસાના ત્રાજવે જ તોળે છે. તમારા શેઠને તો કદાચ ખબર પણ નહીં હોય, પણ તેમના આક્ષેપોએ તો એમને (રામુકાકાને) બે દિવસ સુધી ખાવા-પીવાનું હરામ કરાવ્યું હતું. મારા જૂના દાગીના વેચીને રકમ એમને પહોંચાડી. એમના ત્યાં નોકરી કરીને વફાદારી બતાવવાની ભૂલ કરી એની માફી માગીને એ પાછા આવ્યા. માંડ માંડ આશ્વાસન આપીને એમને

http://suratiundhiyu.wordpress.com/

શાંત કર્યા. થોડા વખતથી તો એ આજુ-બાજુમાં ટ્યુશન કરવા જાય છે..... રૂપિયા તો કેટલા જોઈએ ? અમે તો બે માનવી છીએ. પેટે વસ્તાર નથી. એટલે ગુજારો તો ગમે તેમ કરીને કરી લઈશું.....' કાકી અત્યંત આક્રોશપૂર્વક બોલ્યાં.

એટલામાં રામુકાકા આવ્યા. એ મારા આગમનનો હેતુ સમજી ગયા. એમણે કાકીને કહ્યું : 'રહેવા દે હવે... આ ભાઈ સામે આક્રોશ વ્યક્ત કરવાનો શો અર્થ ?'મેં કહ્યું : 'કાકા, એમનો આક્રોશ તો શ્રીધરકાકા પ્રત્યે છે ને એ આક્રોશ ખોટો પણ નથી.''ખોટો કે સાચો, પણ હવે એનો શો મતલબ ?' કહીને રામુકાકા શાંત બની ગયા.મેં કહ્યું : 'શ્રીધરકાકાએ હૃદયપૂર્વક તમારી ક્ષમા માગી છે. આ તમારી રકમ પરત મોકલી છે. ને તમને ફરીથી કામ ઉપર આવી જવા કહેવડાવ્યું છે.... આમ તો એ પોતે જ આવત, પણ એમનો પગ ભારે થઈ ગયો છે....''હું પણ એ ઑફિસમાં હવે પગ નહીં મૂકી શકું..... મારો પગ પણ ભારે થયો છે....''તમે ક્યાં કશો અપરાધ કર્યો છે ?''અપરાધ કરતાં આક્ષેપ મોટો છે....! ને અમારા જેવા માટે તો અમારી આબરૂ એ જ અમારી શ્રીમંતાઈ છે... એને લૂંટાવવાનું કેમ પરવડે ?'મેં લાગણીપૂર્વક કહ્યું : 'કાકા ! બહુ શ્રદ્ધા લઈને આવ્યો છું. તમે તો વડીલ છો. એક વ્યક્તિની ભૂલ સુધારવા માટે, તેને પ્રાયશ્ચિત કરવા માટે તમે એને તક પણ નહીં આપો ?'રામુકાકા ચૂપ રહ્યા.મેં રકમ એમની સામે મૂકતાં કહ્યું : 'શ્રીધરકાકા તમને પૂરા સન્માન સાથે સ્વીકારશે. તમે એમને માફ કરી દો.''એ તો શક્ય જ નથી.....!' રામુકાકા બોલ્યા.

એમની મક્કમતા અણનમ હતી. મને પણ 'શું કરવું' તે સૂઝતું નહોતું. થોડીવારે એકાએક વિચાર આવતાં મેં કહ્યું : 'રામુકાકા ! તમે ભલે શ્રીધરકાકાની ઓફિસે નોકરી કરવા ન આવશો, પણ તમે બે રીતે એમને માફ કરી શકો છો.''કઈ બે રીતે ?''એક તો આ રકમ પરત લઈ લો.... ને બીજું આમેય તમે ટ્યુશન શરૂ કર્યા છે તો હવે તમે શ્રીધરકાકાનાં બાળકોને ટ્યુશન ભણાવવા એમના ઘરે આવો....!' રામુકાકા ઘડીભર વિચારી રહ્યા.... પત્નીની સામે નજર કરી. પછી બોલ્યા :'ભલે, એટલું જરૂર કરીશ....!' ને ત્યારથી રામુકાકા મુનિમ મટીને શિક્ષક બની ગયા. એ દરરોજ શ્રીધરકાકાને ત્યાં બાળકોને ભણાવવા નિયમિત આવવા લાગ્યા.

શ્રીધરકાકાની મોટી દીકરી પ્રથમ નંબરે પાસ થઈ, ત્યારે શ્રીધરકાકાએ એક ભવ્ય મિજબાની ગોઠવી. રામુકાકા એમનાં પત્નીને લઈને આવ્યા હતા. શ્રીધરકાકાએ સાત તોલા સોનાનો સેટ એમને આપતાં કહ્યું :'આટલું ગુરુદક્ષિણા રૂપે ભેટ.....!''આટલી મોટી ગુરુદક્ષિણા ન હોય....' રામુકાકા iબોલ્યા.'મેં કરેલા અપરાધના પ્રાયશ્ચિત્ત રૂપે તો આ ઘણું ઓછું જ કહેવાય..... રામુકાકા ! તમે તો મને મારા અપરાધ માટે માફ કરી દીધો, પણ હું હજી મારી જાતને માફ કરી શક્યો નથી !' શ્રીધરકાકા બોલ્યા. ત્યાં જ રામુકાકાનાં પત્નીએ કહ્યું :'શેઠજી ! એક શરતે આ ગુરુદક્ષિણા સ્વીકારું.....''કઈ શરત

http://suratiundhiyu.wordpress.com/

?''તમારી દીકરીનાં લગ્ન વખતે એને હું આ સેટ ભેટ રૂપે આપું ત્યારે તમારે ના નહિ પાડવાની.....!'શેઠ ગળગળા થઈ ગયા.સૌનાં હ્રદય દ્રવી ઊઠ્યાં.

## જમાના સાથે કદમ મેળવીને ચાલતા શીખો – મનોજ શુક્લ

ઉંમર વધવાની સાથે આપણે એ પણ સમજવું પડે છે કે જગત સતત બદલાતું રહે છે. આ પરિવર્તન એ કુદરતનો નિયમ છે.

તાજેતરમાં એક શુભ પ્રસંગે એક વડીલ મુરબ્બી પાસે બેસીને નિરાંતે વાતો કરી. સાંપ્રત જુદા જુદા વિષયો પર વાતો કરતાં કરતાં ઓચિંતા લાગણીના વિષય પર આવી જવાયું. ત્યારે આઠમા દાયકાના આરે પહોંચેલા એ વડીલે દિલ ખોલતાં કહ્યું કે, આમ તો બધી વાતે સુખી છું. ધન, સંતાન, સ્થાવર અને જંગમ મિલકત બધું સંતોષ આપે તેવું છે.

છતાં મનમાં એક વાત સતત ખટક્યા કરે છે, તે વાત એ છે કે મારાં સંતાનો જેટલાં કહ્યાગરાં હતાં અને મારી આમન્યા રાખતાં તેટલી આમન્યા મારાં સંતાનોનાં સંતાનો (પૌત્રો-પૌત્રીઓ) રાખતાં નથી. મારાં સંતાનો આજે પણ મારો પડયો બોલ ઉપાડી લે છે અને હું દુ:ખી થાવ તેવું કોઈ પગલું ભરતાં નથી, પણ આવું બધું મારા પુત્રનાં સંતાનોમાં બનતું નથી. મારાં પૌત્ર-પૌત્રીઓ તેનાં મમ્મી-પપ્પા (એટલે કે મારાં દીકરા-વહુ) સામે ઊંચા અવાજે બોલે છે, તેમને છણકા કરે છે, તેમને વડચકાં ભરે છે અને પગ પછાડીને ચાલ્યાં જાય છે.

આ બધું મારાથી જોવાતુંય નથી અને સહન પણ નથી થતું. અલબત્ત, અનુભવના આધારે મૌન જાળવું છું, પણ મારાં સંતાનોને જે રીતે તેમનાં દીકરા-દીકરીઓ લાચાર બનાવી મૂકે છે તે જોઈને જીવ બળીને રાખ થઈ જાય છે. આવું કેમ થતું હશે? મારાં સંતાનો સંસ્કારી છે, પરિપક્વ છે, શ્રદ્ધાળુ છે, ડાહ્યાં છે તેમ છતાં તેમનાં સંતાનોમાં આમાંના એકેય ગુણ કેમ નહીં ઊતર્યા હોય? પૌત્રો-પૌત્રીઓનો ઉછેર પણ અમે સરસ રીતે કર્યો છે, પણ તેમ છતાંય આવું બને છે. તેનું શું કારણ હશે? ત્રણ પેઢી વચ્ચેના સમયગાળામાં જે કંઈ પરિવર્તનો થયાં છે તે સમાજના દરેક ક્ષેત્રને સ્પર્શી ગયાં છે. એટલે એમાંથી કુટુંબ બાદ ન થઈ શકે તે હકીકત છે. અહીં માત્ર વ્યક્તિગત વાત કરીએ તો આ વડીલની વાત સાચી હોવા છતાંય તે તેમની ફરિયાદ પ્રત્યે સહાનુભૂતિ બતાવવાનું મન નથી થતું.

http://suratiundhiyu.wordpress.com/

તેનું કારણ એ છે કે જે યુગમાં તેમનાં સંતોનો ઊછર્યાં છે તે કાળનું પર્યાવરણ સાવ નોખું હતું. એ જમાનામાં છોકરો (કે છોકરી) વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ ઇનામ પેટે રૂ.૧૦૧નું રોકડ પારિતોષિક જીતીને આવે તો પણ એ રકમ સાદર અને સહર્ષ માતાના હાથમાં આપી દેતા ગૌરવ અનુભવતો, પરંતુ આજે આવું બને તો આજની પેઢીનાં માબાપ એમ કહે કે લે બેટા તું રૂ.૧૦૧ જીતી આવ્યો છે, તો તેમાં હું મારી તરફથી રૂ.૧૦૧ ઉમેરું છું, જાવ વાપરો અને જલસા કરો.

ઉપર જે વડીલની વાત કરી છે તેમની વેદનાનું મૂળ અહીં પકડાય છે. હવેની પેઢીનાં માબાપો સંતાનોનો ઉછેર જુદી રીતે કરે છે. એમનાં મનમાં ઊંડે ઊંડે એવો ભાવ પ્રવર્તે છે કે જે અભાવ મેં/અમે સહન કર્યો છે તે અમારાં સંતાનોને ન મળવો જોઈએ.

આ વાતને કારણે સંતાનોનો ઉછેર સાવ જુદા વાતાવરણમાં થાય છે. એટલે બને છે એવું કે પેલા વડીલનાં સંતાનો જે વાતાવરણમાં ઊછર્યાં હોય છે તેના કરતાં સાવ જુદા વાતાવરણમાં તેમનાં પૌત્ર-પૌત્રીઓ ઊછરે છે. વળી શિસ્ત અને આમન્યાની વ્યાખ્યા પણ હવે બદલાઈ ગઈ છે. જૂના જમાનામાં દીકરી બાપની સાથે વાત કરે તો તે આશ્ચર્ય લેખાતું. અરે એક જમાનો તો એવો હતો કે કોઈ પણ પુરુષ પોતાના પિતાની હાજરીમાં પોતાના સંતાનને તેડી ન શકતો, રમાડી ન શકતો. આજે આ વાત નવી પેઢીને કહીએ તો તેમને હસવું આવે, પણ વાત ખોટી નથી તે સૌ સ્વીકારશે. જે વડીલે પોતાની વેદના વહેંચી હતી તેમણે પણ આ સમજવાનું છે.

તેઓને પુત્ર અને પૌત્ર વચ્ચે થતા વાણી કે વર્તનના વ્યવહારમાં જે અજુગતું લાગે તે તેમના પુત્રને સહજ લાગે એવું પણ બને. ઉપર જણાવ્યું છે તે પ્રમાણે એક જમાનો હતો કે જ્યારે દીકરી બાપ સાથે વાત નહોતી કરી શકતી. આજે તો એવું છે કે કોલેજથી આવેલી દીકરી સીધી બાપના ખોળામાં પણ બેસે અને લાડ કરે. નાટકમાં જેમ દરેક અંકે જુદાં દૃશ્યો જોવા મળે છે તેમ જીવનમાં પણ દરેક દશકે જુદાં જુદાં રંગો કે દૃશ્યો જોવા મળે તે સહજ છે. મન, વચન અને કર્મથી તે ફેરફાર સ્વીકારવો પડે. આપણે જે યુગમાં જીવ્યા હતા એવો યુગ કાયમ રહે એવું જો ઇચ્છીએ તો આપણે પ્રગતિ ઇચ્છતા નથી કે સ્વીકારતા નથી તેવો તેનો અર્થ થાય.

એ વડીલની વાતમાં તેઓએ પોતાનાં સંતાનોનું નિરીક્ષણ પણ કરવું જોઈએ તેવું નમ્ર મંતવ્ય છે. કારણ કે જે વાતથી તેઓ મનમાં અજંપા અનુભવ્યા કરે છે તે વાતનું મહત્ત્વ કદાચ તેમના પુત્રને મન કશું ન હોય તેવું બને. કલ્પિત ભય કે વેદનાથી મૂંઝાવું એ મનુષ્યનો સ્વભાવ છે. વૃદ્ધ ઉંમરને

http://suratiundhiyu.wordpress.com/

કારણે એ વડીલ કદાચ પોતે માની લીધેલાં કારણોથી વેદના અનુભવતા હોય તેવું બને. સામે પક્ષે હકીકત એવી હોય કે પુત્ર અને પૌત્ર ક્ષણિક આવેશ કે ગુસ્સામાં થયેલી બોલાચાલી કે ઉગ્ર ચર્ચાને તરત ભૂલી જઈ પુન: સરળ અને સરસ રીતે વર્તતાં હોય.

આ ફેરફાર કદાચ એ વડીલના ધ્યાનમાં નહીં આવ્યો હોય. આ ઉપરાંત પોતાના પુત્ર પ્રત્યેનું વધુ પડતું મમત્વ પણ આ ઘટનામાં જવાબદાર હોઈ શકે. એક ઉંમર એવી હોય છે કે જ્યારે તમારે સાક્ષીભાવે જીવવાનું હોય છે. સાક્ષીપણામાંથી સામેલગીરીના વર્તુળમાં પ્રવેશવાનો પ્રયત્ન કરો તો ઈજા આવો ફેરફાર કરનારને થતી હોય છે. માની લીધેલા ખ્યાલોની ફૂટપટ્ટીથી બધાંને માપવા બેસો તો સાચું માપ કદાચ ક્યારેય ન મળે.

ઉંમર વધવાની સાથે આપણે એ પણ સમજવું પડે છે કે જગત સતત બદલાતું રહે છે. આ પરિવર્તન એ કુદરતનો નિયમ છે. કુદરતને કાયમ કશુંક નિત્ય નવીન ગમે છે અને એ માટે તે સર્જન અને વિસર્જન કર્યા જ કરે છે. દરેક સર્જન અને દરેક વિસર્જનને ઈશ્વરની દેણ ગણી સ્વીકારવું તેમાં જ મનુષ્યત્વનું સાર્થક્ય છે.'

## વિપુલ સમૃદ્ધિનાં દૂષણો (કેલિડોસ્કોપ)

કેલિડોસ્કોપ - મોહમ્મદ માંકડ

દરેક માણસના લોહીમાં પશુના લોહીનો અંશ પડેલો જ હોય છે,પરંતુ જ્યાં સુધી એને એની જરૂરિયાત જેટલું જ ખાવા મળે છે ત્યાં સુધી પોતાનું પોત એ પ્રકાશતું નથી. જરૂરિયાતથી વધારે, વિપુલ પ્રમાણમાં જ્યારે એને વસ્તુઓની પ્રાપ્તિ થાય છે ત્યારે જ એનામાં રહેલા પશુઓનાં લક્ષણો સપાટી ઉપર આવે છે

આજનો માણસ બે ભાગમાં વહેંચાઈ રહ્યો છે. એક ભાગ અતિસમૃદ્ધ કે પૈસાદારોનો છે, તો બીજો ભાગ ગરીબોનો છે. મધ્યમ વર્ગનો માણસ આ બન્નેની વચ્ચે ક્યારેક પીસાઈ રહ્યો છે, તો ક્યારેક રબ્બર બેન્ડની જેમ ખેંચાઈ રહ્યો છે. માણસ જ્યારે એક તરફ સમૃદ્ધિની છોળો ઊડતી જુએ છે અને બીજી તરફ દારુણ ગરીબી અને ભૂખમરો જુએ છે ત્યારે સ્વાભાવિક રીતે જ માને છે કે સમૃદ્ધિમાં સુખ સિવાય કશું નથી અને ગરીબીમાં દુઃખ સિવાય કશું નથી, પરંતુ એ બેમાંથી એકેય સ્થિતિમાં સાચું

http://suratiundhiyu.wordpress.com/

સુખ રહેલું નથી એવું એને અનુભવે સમજાય છે. સુખી થવું હોય તો એને ખપ પૂરતી વસ્તુઓ મળી રહે એટલે એ સુખી થઈ શકે છે, કારણ કે માણસ પાસે જરૂરિયાત કરતાં વસ્તુઓ વધી જાય છે ત્યારે એનાં દૂષણોથી એ ભાગ્યે જ બચી શકે છે. સમૃદ્ધિને માણસ સંયમથી જીતી શકે છે, પરંતુ સમૃદ્ધિ આવે છે ત્યારે 'સંયમ' નામનું એ શસ્ત્ર મોટે ભાગે બૂઠું થઈ જાય છે અને સમૃદ્ધિની સાથે જ માણસના જીવનમાં અનેક દૂષણો અને વિકૃતિઓ પણ દાખલ થઈ જાય છે, જે છેવટે એના જીવનને પાયમાલ કરી નાખે છે.

સો-સવાસો વર્ષ પહેલાં ટોલ્સ્ટોયે લખેલી એક નાનકડી વાર્તા આપણને આ બાબતમાં ઘણું કહી જાય છે. મૂળ રશિયન ભાષામાં લખાયેલી અને અંગ્રેજીમાં ભાષાંતર થયેલી એ વાર્તાનો સાર કાંઈક આ પ્રમાણે છે.

એક ગરીબ ખેડૂત વહેલી સવારે ઘોડાઓ લઈને પોતાનું ખેતર ખેડવા ગયો. સાથે લાવેલું ભાથું-જેમાં ફક્ત એક રોટલો જ હતો અને ફાળિયામાં વીંટાળીને સાચવીને શેઢાની ઝાડીમાં મૂક્યું.

બપોર થતાં રોટલો ખાઈને થોડો આરામ કરવાના ઇરાદે થાકી ગયેલા ઘોડાઓને વિરામ આપીને એણે ચરવા માટે છોડી મૂક્યા. ઝાડી પાસે જઈને રોટલો રાખેલો એ ફાળિયું એણે ઉપાડયું તો એ ફાળિયું તો ખાલી હતું. એમાંનો રોટલો તો કોઈ ચોરી ગયું હતું. આશ્ચર્યની વાત તો એ હતી કે ખેતરમાં એના પોતાના સિવાય બીજું કોઈ તો આવ્યું જ નહોતું અને છતાં ભાથાનો રોટલો ચોરાઈ ગયો હતો. એણે રોટલાની ઘણી તપાસ કરી પણ બધું વ્યર્થ હતું. રોટલો ચોરાઈ ગયો હતો એ હકીકતનો સ્વીકાર કર્યે જ છૂટકો હતો. એનો લૂખો સૂકો રોટલો પણ ચોરાઈ ગયો હતો એટલે એનું દુઃખ તો એને હતું જ, પરંતુ એથી એ એટલો ઉશ્કેરાઈ ગયો નહોતો કે ગાળાગાળી કરવા લાગ્યો નહોતો. ઊલટાનું એણે તો સ્વસ્થતાપૂર્વક સ્વીકારી લીધું કે જેણે એ રોટલો લીધો હશે એને એની જરૂર હશે અને એથી એનું પેટ તો ભરાશેને!

પોતે ભૂખ્યો હતો છતાં માત્ર પાણી પીને સંતોષ માનીને ફરી એ કામે લાગી ગયો હતો.

વાર્તામાં આગળ વધતાં ટોલ્સ્ટોય અહીં **Evil**-શેતાની તત્ત્વને કથાવસ્તુ તરીકે લઈ આવે છે. વાર્તામાં ટોલ્સ્ટોય કહે છે કે ખેડૂત જ્યારે ખેડ કરતો હતો ત્યારે શેતાનની સોબતમાં રહેતા એક વિઘ્નસંતોષી અને ઈર્ષ્યાખોર સેવક જેવા શેતાનના મદદગાર સાથીદારે એના રોટલાને ગૂમ કરી દીધો હતો.

http://suratiundhiyu.wordpress.com/

શેતાનના એ સાથીદારે ખેડૂતને ચીડવીને ખૂબ જ ગુસ્સે કરવાના ઇરાદાથી એનો રોટલો ગુમ કરી દીધો હતો. એને હતું કે ખેડૂત ભૂખ્યો થશે એટલે ગુસ્સે થશે અને પોતાના મગજ ઉપરનો કાબૂ ગુમાવીને ઈશ્વર, શેતાન અને આખી દુનિયાને ગાળો આપશે. બધા સાથે ઝઘડા શરૂ કરશે, પરંતુ ખેડૂતે તો માત્ર પાણી પીને સંતોષ માની લીધો. કોઈના ઉપર ગુસ્સે થવાના બદલે એ તો પોતાના કામે લાગી ગયો. એ રીતે શેતાનના સાથીદારની કોઈ કારી ફાવી નહીં.

પેલા સાથીદારે શેતાનને જેવી આ વાત કરી કે શેતાનનો ગુસ્સો તો સાતમા આસમાને પહોંચી ગયો. તેણે એને ધમકાવતાં કહ્યું કે તને તારું કામ આવડતું નથી. બધા આ રીતે જ વર્ત્યા કરશે તો આપણું તો કાંઈ ચાલશે જ નહીં, હું તને ત્રણ વરસનો સમય આપું છું. જો તું એને તારી જાળમાં ફસાવવામાં સફળ નહીં થાય તો મારે તને ફાંસીએ લટકાવી દેવો પડશે. શેતાનની ધમકીથી એના સેવક અને ચાકર જેવો આ સાથીદાર ખૂબ મૂંઝાયો. ખૂબ વિચારને અંતે ખેડૂતને ફસાવવાની એક સચોટ યોજના તેણે ઘડી કાઢી.

મનુષ્યદેહ ધારણ કરીને ખેડૂતને ત્યાં એ એક મજૂર તરીકે રહેવા લાગ્યો. ખેડૂતને નાની-મોટી બધી વાતમાં એ મદદ કરવા લાગ્યો અને એમ કરીને ખેડૂતનો ઠીક ઠીક વિશ્વાસ એણે સંપાદન કરી લીધો. પહેલે જ વર્ષે દુષ્કાળ પડયો. બધા ખેડૂતોનો પાક સુકાઈ ગયો, પણ ખેડૂતને ખૂબ સારો પાક ઊતર્યો. શેતાનના સાથીદારોએ પહેલેથી જ ખેતરના નીચાણવાળા, કાદવવાળા ભાગમાં વાવણી કરવાની સલાહ આપી હતી. ખેડૂતને તો આખું વરસ ખાધા પછીએ દાણા વધે એટલો સારો પાક થયો હતો.

બીજા વરસે શેતાનના આ સાથીદારે ખેડૂતને ઊંચા અને ઢોળાવવાળા ભાગમાં વાવણી કરવાની સલાહ આપી. અગાઉના વર્ષે દુષ્કાળ પડયો હતો, પરંતુ આ વર્ષે એથી તદ્દન ઊલટું બન્યું અને અતિ વરસાદ પડયો. સખત વરસાદને કારણે બીજા ખેડૂતોનો માલ ધોવાઈ ગયો અને સડી પણ ગયો, પરંતુ આ ગરીબ ખેડૂતનું નસીબ બીજા વર્ષે પણ ખીલી ઊઠયું. પહેલા વર્ષ કરતાંય પાક વધારે આવ્યો. વધારામાં દાણાનું શું કરવું એનો એણે વિચાર કરવો પડે એમ હતું. હવે શેતાનના સાથીદારની શેતાની શરૂ થઈ. દાણા બીજા વર્ષ માટે સાચવી રાખવાનું કે બીજા ખેડૂતોને મદદરૂપ થવાનું શીખવવાના બદલે એણે ખેડૂતને અનાજ કોહવડાવીને એમાંથી દારૂ બનાવતાં શીખવ્યું.

http://suratiundhiyu.wordpress.com/

બહુ જ થોડા સમયમાં ખેડૂતને એણે દારૂનો પાકો વ્યસની બનાવી દીધો. બહુ જલદી ઓળખીતા પાળખીતા મિત્રો અને સંબંધીઓની મહેફિલ એને ત્યાં જામવા માંડી. ખેડૂત હવે એની પત્ની પાસે પણ દારૂ પીરસાવીને મહેમાનોની સરભરા કરાવતો હતો અને નશામાં છાકટો બનીને પત્ની સાથે સામાન્ય કારણસર પણ ઝઘડવા લાગતો હતો.

ગરીબ હતો ત્યારે પોતાનો લૂખો સૂકો રોટલો ચોરાઈ ગયો હતો છતાં જે ખેડૂતે એ ચોરી કરનારનું ખરાબ ઇચ્છયું નહોતું એ હવે વાત વાતમાં ઝઘડા ઉપર ઊતરી આવતો હતો. આ વખતે શેતાન પોતાના સાથીદારના કામની કમાલ જોઈને ખૂબ રાજી થયો. એણે જોયું કે ખેડૂત અને એના મહેમાનો દારૂના નશામાં ગમે તેવો બકવાસ કરતા હતા. એકબીજા માટે હલકામાં હલકી ભાષા વાપરતા હતા અને ઘૂરકિયાં કરીને અંદરોઅંદર લડતા હતા. શેતાને પોતાના સાથીદારને એ બદલ શાબાશી આપી.

દારૂની ત્રણ-ત્રણ પ્યાલીઓ ચડાવીને યજમાન ખેડૂત મહેમાનોને વળાવવા ગયો ત્યારે તો એ લથડિયું ખાઈને ઊંધા મોંએ ગટરમાં જ પડયો અને ભૂંડની જેમ આળોટવા લાગ્યો. આ જોઈને શેતાને ખૂબ જ આનંદિત થઈને કહ્યું, "વાહ! તેં તો અદ્ભુત કામ કર્યું છે, પણ એ તો કહે કે તેં આ પીણું બનાવ્યું છે કઈ રીતે? મને લાગે છે કે તેં આ પીણું બનાવવા માટે પહેલાં શિયાળનું લોહી લીધું હશે, જેનાથી ખેડૂતો એકબીજાને જૂઠી વાતો કરીને છેતરતાં શીખ્યા. પછી એમાં તે વરુનું લોહી ઉમેર્યું હશે અને છેલ્લે ભૂંડનું લોહી નાખ્યું હશે, જેથી તેઓ ભૂંડની જેમ આળોટતાં થઈ જાય."

સેવક સાથીએ જવાબ આપ્યો, "ના, માલિક, મેં તો એવું કાંઈએ કર્યું નથી. મેં તો ફક્ત ખેડૂત પાસે એની જરૂરિયાત કરતાં વધારે અનાજ ભેગું થાય એટલી જ ગોઠવણ કરી હતી. દરેક માણસના લોહીમાં પશુના લોહીનો અંશ પડેલો જ હોય છે, પરંતુ જ્યાં સુધી એને એની જરૂરિયાત જેટલું જ ખાવા મળે છે ત્યાં સુધી પોતાનું પોત એ પ્રકાશતું નથી. જરૂરિયાતથી વધારે, વિપુલ પ્રમાણમાં જ્યારે એને વસ્તુઓની પ્રાપ્તિ થાય છે ત્યારે જ એનામાં રહેલા પશુઓનાં લક્ષણો સપાટી ઉપર આવે છે.. ખેડૂતને ત્યાં જ્યારે જરૂર કરતાં વધારે દાણા પાક્યા ત્યારે એમાંથી દારૂ બનાવીને મોજ માણવાનો મેં ચીંધેલો રસ્તો એણે અખત્યાર કર્યો. જ્યારે ધરતીએ આપેલા દાણાની અમૂલ્ય ભેટને એણે દારૂમાં પરિવર્તિત કરી ત્યારે એનામાં વસેલું શિયાળનું, વરુનું તથા જંગલી ભૂંડનું લોહી બહાર

http://suratiundhiyu.wordpress.com/

આવ્યું. હવે જો તે આ રીતે જ જીવવાનું ચાલુ રાખશે તો પશુ જેવો થઈ જશે. શેતાને સફળતા બદલ પોતાના સાથીદારને શાબાશી આપીને એની પીઠ થાબડી.

ટોલ્સ્ટોયની આ વાર્તા આટલાં વર્ષો પછી પણ એટલી જ પ્રસ્તુત છે. સમૃદ્ધિમાં શેતાન દાખલ થયા વિના રહેતો જ નથી અને આજે તો અગાઉ ક્યારેય નહોતાં એટલાં બધાં મનોરંજનનાં સાધનો ઉપલબ્ધ થયાં છે. ટોલ્સ્ટોયના જ શબ્દોમાં કહીએ તો મનોરંજનનાં એ સાધનો પાછળ પાગલ થનાર આજના માણસને જોઈને શેતાન જરૂર હરખાતો હશે કે કુદરતે આપેલી અમૂલ્ય ભેટને આજનો માણસ પોતાના ક્ષણિક આનંદ માટે કેવી વિકૃત બનાવી રહ્યો છે! સમૃદ્ધિ અને વિપુલતા માણસમાં રહેલી માણસાઈ અને એના સંસ્કારોને છીનવી લે છે. એનામાં વસેલાં પશુઓનાં લક્ષણોને સપાટી પર લઈ આવે છે. આજે શરાબની મહેફિલો, હુક્કાબાર ડ્રગ્ઝ વગેરેનો જે રીતે વધારો થઈ રહ્યો છે એ વિપુલ સમૃદ્ધિનું પરિણામ છે અને એમાં પુરુષો સાથે જે રીતે વધુ ને વધુ સ્ત્રીઓ જોડાઈ રહી છે તે તેની પરાકાષ્ટા સૂચવે છે.

## સત્તાધારીએ પોતાની નજીક રહેનાર દરેક વ્યક્તિને પીછાણવી જોઈએ.

રાજકર્તાની નજીકમાં કોણ ઊભું છે? તેનો ખ્યાલ ખુદ રાજકર્તાએ રાખવો જોઈએ એવી એક શિખામણ ચાણક્યએ આપી છે. એક રાજા પોતાના નાનકડા રાજ્યના પાટનગરમાં પોતાના દરબારમાં અગ્રગણ્ય નાગરિકોની સભા અવારનવાર બોલાવતો. આવા એક નાગરિકે રાજાની કાંઈક સેવા બજાવી એટલે રાજાએ પ્રસન્ન થઈને તેને કશું માંગવાનું કહ્યું. 'જે માંગવું હોય તે માગી લો!' નાગરિકે રાજાને કહ્યુંઃ 'અન્નદાતા, મારી પાસે ખપ પૂરતું ધન પણ છે અને ખપ પૂરતી જમીન પણ છે. હું તો એટલું જ માગીશ કે જ્યારે આપનો દરબાર ભરાયો હોય, ત્યારે હું આપની નજીક આવીશ અને આપના કાન પાસે માત્ર મારા હોઠ ફફડાવીશ! હું કશું બોલીશ કે માગીશ પણ નહીં! માત્ર આપના કાન નજીક મારા હોઠ ફફડાવીશ!'

રાજાને થયું કે એ કશું કહેવા કે માગવા ઇચ્છતો નથી- એણે જે વિનંતી કરી છે તે 'નિર્દોષ' જ કહેવાય! મારા કાન નજીક તે માત્ર હોઠ ફફડાવશે. આવી વિનંતીનો સ્વીકાર કરવામાં પોતાને શો વાંધો હોઈ શકે? પછી તો રાજાનો દરબાર મળે ત્યારે એ અગ્રણી નાગરિક રાજાની પાસે જાય અને રાજાના કાનની અત્યંત નજીક મુખ રાખીને માત્ર પોતાના હોઠ ફફડાવે! આખા દરબારને થયું કે આ તો બહુ જ મોટો વિશેષાધિકાર કહેવાય! નગરના તમામ મોટા માથાના પ્રજાજનો ચકિત થઈ ગયા

http://suratiundhiyu.wordpress.com/

અને તેમનો અહોભાવ વધી ગયો. પછી તો જેને જેને કાંઈ મહત્ત્વનું કાર્ય કરાવવું હોય, રાજાની મહેરબાની માગવાની હોય તો તે આ વ્યક્તિને મળીને પોતાની વાત રાજાને કહેવાનું કામ સોંપે અને આ કામ કરવા માટે તેને મોટી બક્ષિસ પણ પહેલાં જ આપી દે! આવી દરેક માગણીને એ તુરત સ્વીકારી લે, પુરસ્કાર પણ લઈ લે અને પછી દરબારમાં તો રોજ તે રાજાસાહેબના કાન નજીક હોઠ ફફડાવે! દરેકને એમ જ લાગે કે મારી વિનંતી મુજબ તેણે રાજાસાહેબને વાત કરી જ દીધી હશે! દરેકને એ કહે કે, 'મેં તમારી વિનંતી રાજાસાહેબના કાને નાખી દીધી છે! હવે રાજાને તમારું કામ કરવું, ન કરવું એ એમના અધિકારની અને ઇચ્છાની વાત!'

તેણે કશું જ કહ્યા વગર પણ રાજાના કેટલાક નિર્ણયોથી અમુકતમુક વ્યક્તિના પ્રશ્નો પતી જાય- કશી ભલામણ કે રાજાની કૃપા વગર પણ! જેમનો પ્રશ્ન પતી ગયો હોય તે માને કે જેને પૂરતી બક્ષિસ આપીને પોતાની માગણી રાજા સુધી પહોંચાડી દેવાનું કામ સોંપવામાં આવ્યું હતું તેણે એ કામ કરી આપ્યું છે. જે કોઈનું કામ ન પતે તે એમ માને કે એ માણસે પોતાની વાત રાજાસાહેબ સુધી જરૂર પહોંચાડી હશે, કેમ કે એ કામ કરવા માટે પોતે તો તેને પૂરતું ધન આપેલું જ છે, પણ આખરે તો રાજા એ રાજા! રાજા, વાજાં અને વાંદરાં! એટલે તેને પણ તેની પ્રામાણિકતામાં શંકા ન પડે!

આ તો જૂના જમાનાના કોઈ રાજાની વાર્તા છે- એક બોધ કથા, પણ આજના જમાનાનો વિચાર કરીએ તો આપણે શું જોઈએ છીએ? રાજ્યના નાના-મોટા મંત્રીઓ, વરિષ્ઠ અધિકારીઓ, એક અગર બીજા દરજ્જાનો હોદ્દો ભોગવનારાઓની આજુબાજુ કેટલાક માણસો સવાર-સાંજ ઘૂમ્યા કરતા હોય છે. આ માણસ પોતાનું કામ પતાવી દેવામાં મદદરૂપ- કડીરૂપ બનશે એવા ખ્યાલથી નિર્દોષ નાગરિકો તેમને માગે તે બક્ષિસ આપી દે છે! રીતસર એક વ્યવસ્થિત છેતરપિંડીનો ભોગ જ બને છે. આને લીધે ઘણાબધા કિસ્સામાં નાના-મોટા રાજકર્તાઓ વગોવાય છે અને સામાન્ય પ્રજાની નજરમાં તેમનું નામ અને તેમને માટેનો વિશ્વાસ ઘટે છે. એટલે પ્રજાએ જેમને 'સત્તા' સોંપી છે તેમણે પોતાની નજીક અવરજવર કરનારી વ્યક્તિઓને પિછાનવી જોઈએ અને તેની ઉપર સતત નજર રાખવી જોઈએ. આજકાલ કોઈ ને કોઈ રાજકર્તાના પોતે 'એજન્ટ' છે એવું કહેનારી વ્યક્તિઓનો તોટો નથી. આવો દાવો કરનારા સર્વત્ર મોજૂદ હોય છે- ન્યાયનાં પવિત્ર મંદિરોમાં પણ આ કે તે આદરણીય ન્યાયમૂર્તિ સાથે પોતાના ઘનિષ્ઠ સંબંધનો દાવો કરનારા પણ કેટલાક નીકળે છે. મોટા સંતો-મહંતોની ખૂબ નજીક હોવાનો દાવો કરનારા પણ નીકળે છે! પોતાની જાહેર છબીની શોભા ઘટે નહીં, તેની ચીવટ રાખનારા મહાનુભાવો પોતાના વર્તન અંગે સજાગ રહે છે, પણ તેમની જાણ બહાર કેટલાક માણસો તેમને ખરેખર ડંખી નહિ શકતા હોય, પણ ડાઘ તો પાડી જ શકે છે.

http://suratiundhiyu.wordpress.com/

(ભૂપત વડોદરિયાના પુસ્તક પંચામૃત માંથી ચૂંટેલા લેખ સંગ્રહ – સાભાર: સમભાવ)

## દુશ્મનને મદદ કરાય?

**અમેરિકન ઉદ્યોગપતિ એન્ડ્રુ કાર્નેગી અને તેમના વિરોધી યુનિયન લીડરની વાત**

**સુખનો પાસવર્ડ -**

**અમેરિકન ઉદ્યોગપતિ એન્ડ્રુ કાર્નેગી જેટલું વિશાળ ઔદ્યોગિક સામ્રાજ્ય ધરાવતા હતા એથી વધુ વિશાળ હૃદય તેમની પાસે હતું. એન્ડ્રુ કાર્નેગી અત્યંત મોટા ઉદ્યોગપતિ હતા અને તેમની અનેક ફેક્ટરીઝ હતી એટલે સ્વાભાવિક રીતે તેમણે યુનિયન લીડર્સ સાથે પણ પનારો પાડવો પડતો હતો.**

એન્ડ્રુ કાર્નેગીની એક ફેકટરીના યુનિયનનો લીડર કાર્નેગીની વિરુદ્ધ પ્રવૃત્તિઓ કરતો રહેતો અને અવારનવાર હડતાળ પડાવીને કાર્નેગીને નુકસાન કરાવતો. આવી રીતે તે યુુનિયન લીડરે એક વાર મોટી હડતાળ પડાવી. દિવસો સુધી કાર્નેગીની એ ફેક્ટરી બંધ રહી. યુનિયન લીડર પોતાની શરતો

સિવાય કાર્નેગી સાથે કોઈ વાતે સમાધાન કરવા તૈયાર નહોતો. તેણે આકરી શરતોનું લિસ્ટ બનાવીને કાર્નેગીને પકડાવી દીધું હતું.

આ દરમિયાન તે યુનિયન લીડર ગંભીર બીમારીમાં પટકાયો. બધાને લાગ્યું કે હવે કાર્નેગી પોતાની શરતે કામદારો સાથે સમાધાન કરશે. પણ કાર્નેગીએ પેલા યુનિયન લીડરની તમામ શરતો માનીને સમાધાન કરી લીધું! બીજી બાજુ પેલા યુનિયન લીડરની હાલત ઓર કથળી હતી. તેને ડોક્ટર્સે સલાહ આપી કે તેણે કેટલાક સમય માટે કોઈ સારા સેનેટોરિયમમાં રહેવા જવું જોઈએ. પણ તે યુનિયન લીડરની આર્થિક સ્થિતિ એવી નહોતી કે તે સેનેટોરિયમમાં રહેવા જઈ શકે.

થોડા દિવસ પછી તેની સારવાર કરનારા ડોક્ટરે તેને કહ્યું કે તમારી સેનેટોરિયમમાં રહેવાની વ્યવસ્થા થઈ ગઈ છે. યુનિયન લીડર સેનેટોરિયમમાં રહેવા ગયો. થોડા મહિનામાં તે સાજો થઈ ગયો અને તે ઘરે પાછો આવ્યો ત્યારે તેની પત્નીએ તેને કહ્યું કે તેનો સેનેટોરિયમમાં રહેવાનો અને દવાનો તમામ ખર્ચ એન્ડ્રુ કાર્નેગીએ ભોગવ્યો હતો!

યુનિયન લીડર કાર્નેગીને મળવા ગયો અને તેણે કહ્યું કે, ‘હું તો તમારી સાથે દુશ્મનની જેમ વર્ત્યો હતો તમે મને શા માટે બચાવ્યો?’

http://suratiundhiyu.wordpress.com/

કાર્નેગીએ તેને કહ્યું કે, 'ભલે તમે મારી ફેક્ટરીમાં હડતાળ પડાવી પણ તમે માંદા પડ્યા એ સમાચાર મને મળ્યા ત્યારે મેં નક્કી કર્યું કે કોઈને પણ મદદ કરવાનો મારો સ્વભાવ છે અને મારી આજુબાજુની કોઈ વ્યક્તિ બીમાર પડે તો તેને મદદ કરવાની મારી ફરજ છે. એ વ્યક્તિ મિત્ર છે કે શત્રુ એ મારે ન જોવું જોઈએ.

એન્ડ્રુ કાર્નેગી જેવી ભાવના રાખનારા માણસો ભાગ્યે જ જોવા મળે છે. દરેક માણસ આ રીતે વિચારે તો જીવનના અને જગતના ઘણા પ્રૉબ્લેમ્સ હળવા થઈ જાય.

## મુશ્કેલીની બીજી બાજુ ધ્યાન આપો:

એક વાર પિતા કોઈ મેગેઝીન વાંચતા હતા. તેની નાની દીકરી તેમને વારંવાર કોઈને કોઈ સવાલ પૂછીને હેરાન કરતી હતી. એટલે પિતાએ એક કાગળ ઉપર નકશો હતો તેના ટુકડે ટુકડા કરીને ફાડી નાખ્યો અને પછી દીકરીને કહ્યું તુ ખુબ જ હોશિયાર છે તો બાજુના રૂમમાં જઈને આ આખો નકશો બનાવી લાવ. જો તુ આખો નકશો આખા દિવસમાં બનાવી લાવીશ તો હું તારે માટે ગીફ્ટ લાવીશ.

તેને ખાતરી હતી કે આ નકશો બનાવવામાં તેનો આખો દિવસ નીકળી જશે. પણ થોડાજ વખતમાં એની છોકરી દોડતી દોડતી આવી અને કહ્યું પપ્પા આ લો તમારો નકશો. હવે મને મારી ગીફ્ટ આપો. એના પિતા તો તાજ્જુબ થઇ ગયા. એમણે છોકરીને પૂછ્યું કે તુ આટલા થોડા વખતમાં નકશો કેવી રીતે બનાવી લાવી. છોકરીએ તેના પિતાને હસતા હસતા કહ્યું કે પપ્પા, આ નકશાની પાછળ માણસનો ચહેરો હતો એટલે મેં તે માણસનો ચહેરો બનાવી દીધો. આટલું કહીને પિતાને આશ્ચર્ય ચકિત કરી છોકરી બહાર રમવા જતી રહી.

### બોધપાઠ:

આ દુનીયામાં તમે કોઈપણ જાતની મુશ્કેલી, મૂંઝવણ કે તકલીફમાં મુકાવ ત્યારે ગભરાઈ જવાની જગ્યાએ તેની બીજી બાજુ ધ્યાન આપો તો તમારા આશ્ચર્ય વચ્ચે તમને તેનો કોઈ સહેલો ઉપાય મળી જશે.

http://suratiundhiyu.wordpress.com/

# બે મન વચ્ચેનું અંતર.

એક દિવસ એક ગુરુજીએ પોતાના શિષ્યોને પૂછ્યું : "આપણે જયારે ગુસ્સામાં હોઈએ છીએ ત્યારે જોર-જોરથી બરાડા પાડીએ છીએ અથવા તો કોઈની સાથે જયારે આપણે ઝગડો કરતા હોઈએ ત્યારે આપોઆપ આપણો અવાજ મોટો થઇ જાય છે, આવુ કેમ?"

બધાય શિષ્યો વિચારવા લાગ્યા. એક શિષ્યે ઉભા થઇને જવાબ આપ્યો : "ગુરુજી! જયારે આપણે ગુસ્સામાં હોઈએ છીએ ત્યારે આપણે પોતાના પરનો કાબુ ગુમાવી બેસીએ છીએ અને એટલા માટે જ કદાચ બરાડીને બોલીએ છીએ."

આના પર ગુરુજી બોલ્યા : "પણ, જે વ્યક્તિ પર આપણે ગુસ્સે ભરાયા હોઈએ છીએ તે આપણી સામે હોવા છતાં કેમ આપણે બરાડીયે છીએ? જયારે આપણને એની સાથે સોમ્ય અને મૃદુ અવાજમાં વાત કરવું શક્ય હોય છે"

ગુરુજીની આ વાતે બધાય શિષ્યોને વિચારતા કરી દીધા. બધાય શિષ્યોએ પોતપોતાનું બુધીબળ લગાડીને જવાબ આપવાની કોશિશ કરી. પણ કોઈનાય જવાબથી ગુરુજીને સમાધાન થયું નહિ.

એટલે છેવટે ગુરુજીએ પોતે જ જવાબ આપ્યો. તેઓએ કીધું : "જયારે કોઈ બે વ્યક્તિ એકબીજા પર ગુસ્સે ભરાયા હોય છે ત્યારે તેઓના મનની વચ્ચેનું અંતર વધી ગયું હોય છે અને આજ અંતર ભરવા માટે તેઓ મોટા અવાજે બોલે છે. "

આ જ વાત આગળ વધારતા તેઓ બોલ્યા : હવે મને બોલો કે જયારે કોઈ બે વ્યક્તિ પરસ્પર એક બીજાના પ્રેમમાં હોય છે ત્યારે તેઓ એકદમ હળવેથી અને શાંતપણે બોલે છે, આવુ કેમ?

પછી પોતે જ આનો જવાબ આપના ગુરુજી બોલ્યા : કારણકે તેઓ બંનેના મન પરસ્પર નજીક આવેલા હોય છે અને જેમજેમ બે વ્યક્તિ વચ્ચેનો પ્રેમ વધતો જાય છે તેમતેમ તેમની વચ્ચેનો સંવાદ એટલો સુલભ થઈ જાય છે કે તેઓને બધી જ વાત બોલવાની આવશ્યકતા સુધા રહેતી નથી. ફક્ત નજરથી જ અથવા ઇશારાથી તેઓ પોતાના સાથીદારને શું કહેવું છે તે સમજી જાય છે.

http://suratiundhiyu.wordpress.com/

બોધ : મિત્રો, પરસ્પર વાદવિવાદ અને નાનામોટા જગડાઓ તો થતાજ રહે છે તેમ છતાય મનની વચ્ચેનુ અંતર ક્યારેય ના વધવા દેતા. જો એમ થશે તો બે વ્યક્તિ વચ્ચેનો ફાસલો એટલો વધી જશે કે તેને મીટાવવું કદાચ ક્યારેય શક્ય નહિ બને.

## સંતાનોમાં રામ કે શ્રવણ શોધવાની કોશિશ ન કરવી

દિવાળી નિમિત્તે એક યુવાન અમેરિકાથી થોડા દિવસ માટે પોતાનાં વૃદ્ધ માતાપિતાને મળવા આવ્યો. એણે હસતાં હસતાં કહ્યુંઃ ‘મને અમેરિકા મોકલીને તમે તમારો અડધો દીકરો ગુમાવી દીધો. હજુ હું ‘અડધો’ તમારો છું અને ‘અડધો’ મારી પત્ની અને બે બાળકોનો છું, પણ અમેરિકા જઈને મેં તો મારા બંને બાળકો ગુમાવી દીધાં છે. સોળ વર્ષની પુત્રી અને ચૌદ વર્ષનો પુત્ર બંને પુખ્ત વયે પહોંચવાની રાહ જ જોઈ રહ્યાં છે. મને સારું લગાડવા ખાતર પણ એ મીઠી વાણી બોલતાં નથી. બંને મને તથા મારા પત્નીને અત્યારથી જ સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે ઉંમરલાયક થતાંની સાથે જ અમે અમારો રસ્તો પકડી લઈશું. અમને તમારે તમારા બુઢાપાની લાકડી ગણવાની જરૂર નથી.’ માત્ર અમેરિકાની જ આ વાત છે એવું નથી. અહીં પણ બાળકો હવે વૃદ્ધ માતાપિતાની કોઈ પણ જવાબદારી ઉઠાવવાનો સ્પષ્ટ ઈનકાર કરે છે. કોઈ કોઈ કિસ્સામાં હજુ દીકરીનું દિલ થોડું પીગળે છે. બાકી કોઈ પણ પુત્ર કે પુત્રી પોતાના ખભા ઉપર વૃદ્ધ માતાપિતાનો બોજો ઊંચકવાની ઈચ્છા રાખતાં નથી. આમાં અપવાદો ઘણા હશે. પાંચ પૈસા આપી છૂટવાની તૈયારી જરૂર હશે, પણ શ્રવણની જેમ કોઈ માબાપને કાવડમાં બેસાડવા તૈયાર નથી. ગરજ હોય ત્યાં સુધી જ માબાપની છત્રછાયા સ્વીકારવાનું આ વલણ અમેરિકામાં વસતા ભારતીય કુટુંબોની બાબતમાં જોઈને કોઈ કદાચ કહી શકે કે ભારતીયોને પણ અમેરિકાનો પવન લાગી ગયો છે, પણ આપણા દેશમાં પણ આ જ પ્રકારની હવા પ્રસરી ચૂકી છે. એંસી વર્ષના એક વૃદ્ધને નાછૂટકે ભરણપોષણ માટે પુત્રની વિરુદ્ધ અદાલતના બારણે જવું પડ્યું. પુત્ર એક રાષ્ટ્રીયકૃત બેન્કમાં અધિકારી છે. અદાલતે પિતાની તરફેણમાં ચુકાદો આપ્યો તો પુત્રે એનો સ્વીકાર કરવાને બદલે સર્વોચ્ચ અદાલતમાં અપીલ કરી. આંસુભીની આંખે વૃદ્ધે કહ્યું કે, ‘હું દિલ્હી કઈ રીતે જાઉં? વકીલને કઈ રીતે રોકું? દિલ્હી જવાની શક્તિ પગમાં નથી અને સર્વોચ્ચ અદાલતમાં મારો કેસ લડવાની મારી ત્રેવડ નથી!’ અલબત્ત, આનો અર્થ એવો નથી કે પોતાનાં બાળકોને ચાહવા નહીં કે તેમનાં ભરણપોષણ અને શિક્ષણની જવાબદારી અદા ન કરવી. આનો સાચો અર્થ એટલો જ છે કે સંતાનમાં રામ કે શ્રવણ શોધવાની કોશિશ ન કરવી અને બહુ ઝાઝી અપેક્ષાઓ રાખવી નહીં. માબાપને પોતાનું લોહી મીઠું લાગે તે સ્વાભાવિક છે, પણ અનુભવે એ લોહી એટલું મીઠું ન નીવડે તો મનમાં કડવાશ એકઠી ન કરવી.

http://suratiundhiyu.wordpress.com/

દરેક પિતામાં ધૃતરાષ્ટ્રનો એક અંશ હોય છે અને દરેક માતામાં ગાંધારીનો એક અંશ હોય છે. માબાપો સંતાનોનો દોષ જોઈ શકતાં નથી. પુત્ર અવગણના કરે તો તેનો દોષ તેની પત્નીના માથે નાખશે અને પુત્રી એવું કરે તો તેનો દોષ તેના પતિ કે સાસુસસરા કે નણંદને માથે નાખશે. આપણે ત્યાં ટેલિવિઝન પર 'રામાયણ' અને 'મહાભારત'ની સિરિયલો જોઈને બાળકો તથા કિશોરો માતાપિતાને માનવાચક સંબોધન કરતાં થઈ ગયાં હતાં. એ પણ સ્વીકારવું રહ્યું કે માતાપિતાનાં જીવનપર્યંત તેમની સેવાચાકરી કરનારા સંતાનોની સંખ્યા આપણા દેશમાં નાનીસૂની નથી. ફ્રાંકલીન પી. જોન્સે એવું કહ્યું છે કે, 'તમે બાળકો પાસેથી ઘણુંબધું શીખી શકો. સવાલ તમારામાં કેટલી ધીરજ છે તેનો જ છે!' લીઓ જે. બર્કે એવું કહ્યું છે કે, 'જે લોકો એવું કહે છે કે અમે બાળકની જેમ ઊંઘી જઈએ છીએ એ લોકોને કોઈ બાળક જ ન હોવાનો સંભવ છે!' જોન વિલ્મોટે એવું કહ્યું છે કે, 'હું પરણ્યો તે પહેલાં બાળકોને કેમ ઉછેરવા એ અંગેની છ થિયરી મારી  પાસે હતી. હવે મારે છ બાળકો છે, પણ એક પણ થિયરી નથી!' ક્રિસ્ટોફર મોરલેએ એવું કહ્યું છે કે, 'તમારાં બાળકો ઘર વ્યવસ્થિત રાખવા જેટલા મોટા થઈ જાય ત્યાં તો ઘરને અવ્યવસ્થિત કરનારા પૌત્રપૌત્રીઓનું આગમન થઈ ચૂક્યું હોય છે.' ડ્યૂક ઓફ વિન્ડસરે એવું કહ્યું છે કે, 'માબાપો કેટલી હદે બાળકોના આજ્ઞાંકિત બની જાય છે તે મેં અમેરિકામાં જોયું અને તેની પ્રબળ છાપ મારા પર પડી!'

## સમયની સાથે ચાલતાં શીખો

એક આદમી બસની રાહ જોતો ઊભો હતો. બસ આવી, કેટલાક લોકો ઝડપથી બસમાં ચઢી ગયા, બસ જતી રહી. એ આદમી તો જોતો જ રહી ગયો. તે સમય સાથે પોતાની ગતિ એડ્જસ્ટ કરી શકતો નહોતો. ઘણા લોકોની જિંદગીમાં આવાં ઉદાહરણ મોજૂદ હશે. સમય કોઈની રાહ જોતો નથી. તે બસ વહેતો જ રહે છે અને આપણા પૈકીના ઘણા લોકો તેને નિઃસહાયપણે જોતા રહી જાય છે, પણ અમુક લોકો એવા છે કે જેઓ વહેતા સમયને કર્મના જોરે જકડી રાખે છે. આવા લોકો સમયની દોરીને ઝાલી લે છે. સમય જ્યારે તેમની સાથે હોય ત્યારે તેમને સર્વસ્વ મળી ગયાની લાગણી થતી હોય છે. આવા લોકોને તો આભ અને ધરતી પણ પોતાનાં જ લાગે છે. તેમને મનમાં આશ્ચર્ય થાય છે કે સમય આટલો ખુશનુમા પણ હોઈ શકે! સમયથી પાછળ રહી ગયેલા લોકોમાં હંમેશાં એ અફસોસ રહે છે કે આપણે બહુ પાછળ રહી ગયા. આવા લોકો સમય સાથે ન દોડી શક્યા હોવાનો વસવસો રાખીને જીવે છે. આવા લોકો માટે સમયને પકડવો એ સ્વપ્ન સમાન હોય છે અને આવા લોકો આળસની રસ્સી વડે બંધાયેલા પોતાના ભાગ્યને જ દોષ આપતા રહે છે. તેઓ જીવનના સત્યને સમજવાની કોશિશ કરતા

http://suratiundhiyu.wordpress.com/

નથી. જે લોકો સમયની કદર કરતા નથી તેઓ આવી જ રીતે પતી જાય છે. જો આપણે સમયનું સન્માન કરીશું તો સમય આપણું સન્માન કરશે. જો આપણે કોઈને કંઈ આપી ન શકતા હોઈએ તો મેળવવાનો અધિકાર પણ નથી એ માનવું બિલકુલ ખોટું છે. ઘણા લોકો પોતાનો મોટા ભાગનો સમય બેકારની વાતોમાં વિતાવી દે છે. આ લોકો અવારનવાર એવી ચર્ચા કરતા હોય છે, જેમાં વિચારનો કોઈ મુદ્દો જ હોતો નથી અને મુદ્દા વગરની ચર્ચા રૂ વગરના કપાસનાં ડાળખાં જેવી હોય છે.  લોકો ભૂલી જાય છે કે સમય સૌથી મૂલ્યવાન અને બળવાન છે. તેની સામે સૌ કોઈએ ઝૂકવું પડે છે. સૌથી મોટી વાત એ છે કે સૌ લોકો પાસે સીમિત સમય જ હોય છે. અમરપટો લઈને કોઈ આવ્યું નથી. સમયની પોતાની આગવી ગતિ છે. તે તો વહેતો જ રહેવાનો છે. સમય પાછળ ફરીને ક્યારેય જોતો નથી. આ કામ તો મનુષ્યનું છે. પોતાનું કામ યોગ્ય રીતે થઈ રહ્યું છે કે નહીં તે જાણવા માટે મનુષ્યએ પાછું વળીને જોવું પડે છે. પોતાનું કામ સારી રીતે ન કરો તો સમયની પાછળ છૂટી જ ગયા સમજો. લોકબોલીમાં આ ઘટનાને સમય સામેના પરાજય તરીકે ઓળખવામાં આવે છે. સમય સામે પરાજય એ અવિકસિત વિચારધારાનું જ પરિણામ છે. સમયથી આગળ નીકળવું પણ ખતરનાક છે. પ્રકૃતિનું પણ પોતાનું આગવું સમયપત્રક હોય છે. દરેક ઘટકનું નિશ્ચિત કાર્ય અને તબક્કાવાર કાર્ય નક્કી જ છે. જે વ્યક્તિ સમાજ, ધર્મ, ભાષા કે દેશ સાથે ચાલે છે તે જ નામાંકિત થાય છે, બાકીના બધા કાળના પેટાળમાં ગરક થઈ જાય છે.
**સૌજન્ય:મેટ્રો**

## વિવેકના લીધે જ સત્સંગનું મહત્ત્વ છે

માણસને હંમેશાં વિવેકનો ઉપયોગ કરવાની વાત શીખવવામાં આવે છે. વિવેકના લીધે જ સત્સંગનું મહત્ત્વ છે. કેમ કે 'બિનુ સત્સંગ વિવેક ન હોઈ' સત્સંગ વિના વિવેક અને બુદ્ધિ પ્રાપ્ત થતા નથી. કુમતિ જ રહે છે સુમતિ ભાગમાં આવતી જ નથી. કુમતિ હંમેશાં નીચેની તરફ લઈ જાય છે. પોતાના જ હાથે પોતાનું નુકસાન કરનારા લોકોને સમજદાર માની શકાય ખરા? માનવ જન્મ આપણને મળે છે પોતાના અસલી રૂપને જાણવા માટે પણ મનુષ્ય એ સત્યની ઓળખ કરવાની કોશિશ કરી જ નથી. માણસે પરમ તત્ત્વ સાથે સંબંધનો સેતુ સ્થાપ્યો જ નથી. સમજણા થતાંની સાથે જ માણસ માયાના ખેલમાં ખોવાઈ જાય છે. ઈશ્વરે તો આપણને બહુ સમય આપ્યો છે. શ્વાસોનું ભાથું પણ આપ્યું છે. માનવ શરીર આપ્યું પણ આપણે આ તનનો ક્યારેય સદુપયોગ કર્યો છે ખરો? એટલા માટે જ સાધુ સંતોએ કહ્યું છે કે  શ્વાસની શૃંખલા ક્યારે તૂટી જાય તે અંગે કંઈ કહેવાય નહીં. ઘણીવાર લોકોના મોઢેથી સાંભળવા મળે છે કે હું આજ નહીં, આવતી કાલથી સુધરી જઈશ, આવતી કાલથી નહીં પરમ દિવસથી સુધરી જઈશ.  પણ સુધરવાનો મોકો ખરેખર મળશે કે નહીં મળે તે અંગે કશું કહી શકાય

http://suratiundhiyu.wordpress.com/

નહીં. દરેક યુગમાં, દરેક સદીમાં, દરેક તબક્કામાં  સંતોની વાત ન માનનારા લોકોએ પોતાના જન્મને વેડફી નાખ્યો છે. આજના યુગમાં સંતોની વાત માનનારા લોકો પણ છે. આજે જેની પાસે સંપત્તિ છે કાલે તે માણસ મજબૂરીઓથી બંધાઈ જશે. આજે જે સત્તાના નશામાં ચકચૂર છે તે કાલે કાયદાના કઠેડામાં ઊભો હશે. એટલા માટે જ કહેવાયું છે કે આ પૈસાનું અભિમાન ન કરો અને કોઈનો અનાદર ન કરો. પળવારમાં કંઈ પણ થઈ શકે છે. એટલા માટે અભિમાન ન કરો. મનુષ્ય અહંકાર અને અભિમાનમાં જકડાઈને જીવનની યાત્રા કરે છે. તે એવું માને છે કે એના જેવું કોઈ નથી. તેના જેવો વિદ્વાન, વિદ્યાધર, સંપત્તિવાન, મોભાદાર, તાકતવર અને પ્રતિષ્ઠાવાન કોઈ નથી,  પરંતુ તે ક્યારેય સમજી શકતો નથી કે તે હકીકતમાં આવું નથી પણ આ પ્રકારની ભાવનાઓમાં બંધાયેલો છે. આવી પરાધીનતા સાથે માણસ જીવનની સફર કેવી રીતે ખેડી શકે? મહાપુરુષો હંમેશાં એ ભાવના અપનાવવા ઉપર ભાર મૂકે છે કે જે તમારું જીવન પણ સુધારે અને મૃત્યુ પણ. આ લોકને આનંદમય બનાવે અને પરલોકને પણ. જે માણસને જ્ઞાનની નજર અને જ્ઞાનનો પ્રકાશ પ્રાપ્ત થયો તેના લોક અને પરલોક બંને સુધરી શકે છે.  જે પોતાના જીવનકાળ દરમિયાન આત્માને પરમપદે લઈ જઈ શકે. તેનું જીવન એક જાગૃતિમય યાત્રા બની જાય છે. અન્યથા આવો માણસ ધરતી પર બોજ બની જાય છે. દરેક યુગમાં મહાપુરુષનો ઉપહાસ કરતા લોકો પેદા થયા છે, પરંતુ કોઈના કહેવાથી મહાપુરુષોની પ્રતિષ્ઠા ઘટી નથી.

## જીભને લગામમાં ન રાખીએ તો ઘણી મોટી કિંમત ચૂકવવી પડે

એક સુખી શ્રીમંત ગૃહસ્થ. એમણે વાતવાતમાં કહ્યું કે મેં મારા પુત્રને સ્પષ્ટ કહી દીધું છે. મેં કહી દીધું છે કે મને તું અગ્નિદાહ ન આપતો! તું મને અગ્નિદાહ આપીશ તો મારો જીવ જરૂર અવગતિએ જશે! આપણે માની શકીએ કે પિતાના મનમાં એમના એકના એક પુત્ર સંબંધે કાંઈક પૂર્વગ્રહ કે કડવાશ હશે, પરંતુ એવી લાગણી પણ પોતાના મૃત્યુ પછીની શિક્ષા સંભળાવે તે તો ખોટું જ છે. એવા ઘણાબધા માનવીઓ આપણને મળે છે જે પિતાના મૃત્યુ પછી પસ્તાવાની સાચી લાગણી વ્યક્ત કરે છે. આવા એક પ્રૌઢ માનવીનાં માતા બીમાર હતાં. એક દિવસ મોડી રાત્રે માતાએ પુત્રને સાદ પાડ્યો અને કશુંક આપવાની વાત કરી. પુત્ર ભરઊંઘમાંથી જાગ્યો હતો એટલે એણે ગુસ્સે થઈને માતાને કહ્યું : 'બા, અત્યારે રાત્રિના ત્રણ વાગ્યા છે. તમે બીજા ત્રણ કલાક રાહ જોઈ શક્યાં ન હોત? હું આખો દહાડો મારા કામકાજમાં દોડધામ કરીને થાકી ગયો હોઉં છું. મારે પૂરતી ઊંઘ તો લેવી પડે કે નહીં? આવા કસમયે તમે મને ખાસ કોઈ વજૂદવાળા કારણ વિના જગાડ્યો! હવે મને ઊંઘ ક્યાંથી આવવાની?'



http://suratiundhiyu.wordpress.com/

માતાએ દુભાઈને કહ્યું: 'ભાઈ, હવે ફરી કદી હું તારી ઊંઘમાં ખલેલ નહીં પાડું!' વહેલી સવારે એ માતાનું અવસાન થયું અને પુત્રના અફસોસનો પાર ન રહ્યો. એને એમ જ થયું કે મારા વર્તનના કારણે મારી માતાને આઘાતની લાગણી થઈ અને એ આ સંસારમાંથી ચાલી ગઈ. હકીકતે એવું તો નહીં જ હોય કેમ કે મૃત્યુ તો કોઈ પણ વ્યક્તિનું નિશ્ચિત જ હોય છે અને એ એની નિયતિ હોય છે, પણ પુત્રને એ ખટકો રહી ગયો- વારંવાર પસ્તાવાની લાગણી હૃદયમાં ઊભરાયા કરતી. પિતા-પુત્ર, માતા-પુત્ર, બે ભાઈઓ કે બહેનો, પતિ અને પત્ની કોઈ પણ સંબંધમાં કોઈને કોઈ પ્રસંગે કડવાશની કે પૂર્વગ્રહની એક લાગણી પેદા થઈ શકે છે, પણ એ લાગણી છેવટે તો સ્નેહના જળમાં ડુબાડી દેવી પડે છે. બીજું કાંઈ નહીં તો પણ એ અણગમા કે કડવાશનું ખાતું મૃત્યુ પછીના હિસાબમાં કદાપિ નાખી ન શકાય. જે પિતાએ પુત્રને મૃત્યુ પછી તેમને અગ્નિદાહ દેવાની મનાઈ ફરમાવી એ પિતાએ પોતાના વહાલા પુત્રને જીવતેજીવ ડામ દીધો. કેટલાય લોકો આવેશમાં ગમે તેમ બોલીને પછી પોતાના બચાવમાં કહે છે કે ભાઈ, માણસની જીભમાં ભગવાને હાડકું નથી મૂક્યું! એટલે એ તો ગમે ત્યારે ગમે તે બોલી નાખે! એની ઉપર આપણો કાબૂ નથી હોતો! પણ આ તર્ક ખોટો જ છે. જીભને આપણે જેમ વાળીએ તેમ વળી શકે છે. જીભ સ્વાદને પારખે છે. ખાવાની ચીજોનો સ્વાદ પારખી શકનારી માણસની જીભે શબ્દોનો- વાણીનો સ્વાદ પારખવાની શક્તિ કેળવવી પડે છે. કેટલાક વળી કહેશે કે ભાઈ, માણસની જબાન તો અસવાર વગરના અશ્વની જેવી છે! જે જબાન પર તમે અસવારની ભૂમિકા ન નિભાવતા હો એ જબાન તોફાની અશ્વ જેમ તમને ગમે ત્યાં ઘસડી જવાની કે ક્યારેક તમને કાંટાળા ઝાડની વચ્ચે કે ઊંડા પાણીમાં પણ ઘસડી જાય. એક હકીકત તો સૌ કોઈ સ્વીકારશે કે આપણે આપણા હાથ કે પગ ગમે ત્યાં ઉછાળતા નથી અને એ જ રીતે આપણા આંખ અને કાનની પણ બરાબર રક્ષા કરીએ જ છીએ. આપણે આપણી જબાનને બે દાંત વચ્ચે ક્યારેક ચગદી બેસીએ છીએ, ત્યારે ચિત્કાર કર્યા વિના રહી શકતા નથી. આપણે આપણી જબાનનું રક્ષણ વગર વિચાર્યે જબાન પર આવી ગયેલા શબ્દોથી પણ કરવું અનિવાર્ય છે. કશો વિચાર કર્યા વગર બોલેલા શબ્દોની ઘણી મોટી કિંમત ચૂકવવી પડતી હોય છે. સૌ જાણે છે કે ભારતના પ્રથમ વડાપ્રધાન સ્વ. જવાહરલાલ નહેરુએ લંડનની એક હોટલના કર્મચારીને એવું કશું કહ્યું હતું કે મહંમદઅલી ઝીણા આજકાલમાં જ અહીં આવવા જોઈએ! અમે તેમને ભારતમાંથી બિસ્તરાપોટલાં બંધાવી દીધા છે. હોટેલના કર્મચારીએ ઝીણા આવ્યા ત્યારે નહેરુજીની એ વાત કરી. એની શું અસર પડી? મહંમદઅલી ઝીણાએ બિસ્તરાપોટલાં એ હોટેલમાં છોડ્યાં પણ નહીં અને તરત ભારત પાછા ફર્યા અને અલગ પાકિસ્તાનની માગણી ઝનૂનપૂર્વક આગળ કરી. એ વાત સાચી છે કે બ્રિટિશ સત્તાવાળાઓ ભારતમાં પોતાનું શાસન ટકાવી રાખી હિંદુઓ અને મુસ્લિમો વચ્ચે સતત ગેરસમજ અને પૂર્વગ્રહો વધે તેવી કોશિશ કરતા જ રહેતા હતા, છતાં જે ઘટનાનો અહીં ઉલ્લેખ કર્યો છે તે તેમાં ચિનગારીરૂપ બની. આપણે આપણી જબાન માણસ-માણસ વચ્ચે સંવાદ વધે અને સેતુરૂપ બને

http://suratiundhiyu.wordpress.com/

**તે રીતે ઉપયોગમાં લેવી જોઈએ. તે બંધાયેલા જૂના સેતુને તોડી પાડનારી સુરંગ નહીં બનવી જોઈએ. આપણા શબ્દો કોઈ વાર મીઠા અને ઘણી વાર કડવા પણ હોઈ શકે, પણ તે સામી વ્યક્તિ માટે ગુણકારી પુરવાર થાય તેવા બની રહેવા જોઈએ.**

## ભગવાનના ઉપકારો:

એક માણસ ૮૦ વરસની ઉંમરનો થયો ત્યારે એક વખત એને કાનમાં સખત પીડા થવા લાગી. તે લગભગ બહેરો થઇ ગયો હતો. ડોકટરોએ તેને કહ્યું કે આ કાનની પીડા દૂર કરવા માટે ઓપરેશન કરવું પડશે. તો તેની પીડા દૂર થઇ જશે. એ ડોસો પણ ઓપરેશન કરવા સંમત થઈ ગયો કારણ કે તેને સંભળાતું ન હતું અને કાનમાં સખત પીડા થતી હતી.

ઓપરેશન સફળતા પૂર્વક પતી ગયું એટલે ડોક્ટરે તેના હાથમાં બિલ પકડાવી દીધું. પેલો ડોસો માણસ બિલ જોઈને રડવા માંડ્યો. એને રડતો જોઈને ડોક્ટરને થયું કે ડોસા પાસે પૈસા નહીં હોય એટલે રડે છે. ડોક્ટરે ડોસાને કહ્યું કે તમે તમારી પાસે આ ઓપરેશનનાં પૈસા નાં હોય તો ગભરાવ નહીં, અહિયા ચેરીટીમાંથી તમારું બિલ ભરવાની હું વ્યવસ્થા કરી આપીશ.

ડોસાએ ડોક્ટરને જવાબ આપ્યો: ડોક્ટર સાહેબ, હું પૈસાને લઈને નથી રડતો. મને તો રડવું એટલે આવે છે કે મારા વ્હાલા ભગવાને મને સાંભળવા માટે ૮૦ વરસ સુધી કાનની વ્યવસ્થા કરી આપી છતાં કોઈ દિવસ બિલ નથી મોકલ્યું. એવી તો એણે કંઈ કેટલી વસ્તુઓ મને આપી છે છતાં મને આટલા બધા વરસો સુધી તેને યાદ કરીને તેનો આભાર માનવાનું કેમ નહીં સુઝ્યું?

નૈતિક બોધ: ભગવાનના આપણા ઉપર જિંદગીભર કંઈ કેટલા ઉપકાર કરે છે, સગવડો આપે છે પરંતુ એના મહત્વનો ખ્યાલ તો જયારે ભગવાન એ વસ્તુ આપણી પાસે થી છીનવી લે ત્યારે જ આવે છે!

## વિવેકાનંદ અને વાંદરા

વેદાંત કેસરી સ્વામી વીર વિવેકાનંદના જીવનની વાત છે. એ વાત એમણે પોતે જ પરદેશમાં કરેલાં પોતાનાં પ્રવચનોમાં કહી બતાવી છે. વાત ઘણી સરસ તથા પ્રેરણાત્મક છે એથી એનું અવારનવાર સ્મરણ થઈ આવે એ સ્વાભાવિક છે.

http://suratiundhiyu.wordpress.com/

પોતાની પ્રખ્યાતિના વખત પહેલાં સ્વામી વિવેકાનંદે દેશના પ્રત્યક્ષ દર્શનની અને દેશની પરિસ્થિતિને જાણવાની ઈચ્છાથી પ્રેરાઈને અમુક ચોક્કસ સમય સુધી દેશનું પરિભ્રમણ કરેલું. એ દરમિયાન દેશના વિવિધ પ્રદેશોમાંથી પસાર થતાં એ મધ્યપ્રદેશમાં આવી પહોંચ્યા. ત્યાંના પોતાના પ્રવાસ દરમિયાન એ એકવાર એક અરણ્ય જેવા પ્રદેશમાંથી આગળ વધી રહેલા ત્યારે એકાએક એમની દ્રષ્ટિ પાછળ પડી તો એમના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. એમણે પોતાની પાછળ થોડેક દૂર વાંદરાના એક નાના સરખા ટોળાને આવતું જોયું. વાત એકદમ સાધારણ અને વનના વાતાવરણને માટે તદ્દન કુદરતી હતી. તો પણ વિવેકાનંદને એથી આશ્ચર્ય તો થયું જ, પરંતુ વધારામાં ભયની લાગણી થઈ આવી.
એ લાગણીથી પ્રેરાઈને એ રસ્તા પર દોડવા લાગ્યા. આગળ વિવેકાનંદ અને પાછળ વાંદરાનું ટોળું, બન્ને વચ્ચે જાણે કે દોડવાની હરિફાઈ શરૂ થઈ. વિવેકાનંદ વચ્ચે વચ્ચે પાછળ નજર કરીને જોવા લાગ્યા તો વાંદરાઓની સંખ્યા એમને વધતી લાગી. વાંદરા એમને પકડી પાડવા અને એમના પર આક્રમણ કરવા ઉત્સુક હોય એવું લાગવા માંડ્યું. વિવેકાનંદને સમજ ના પડી કે આ દશામાં શું કરવું. એ વધારે ને વધારે વેગથી આગળ દોડવા માંડ્યા. પરંતુ વાંદરાનું ટોળું પાસે ને પાસે આવતું ગયું અને એમની નિરાશા વધતી ગઈ. એ વધારે ભયભીત થયા. એ જ વખતે દૂરના એક ખેતરમાંથી કોઈ ખેડૂતનો અવાજ આવ્યો, 'સ્વામીજી, દોડો નહિ. દોડવાને બદલે હિંમતપૂર્વક વાંદરાઓની સામે ઊભા રહો.'

વિવેકાનંદને એ શબ્દોથી પ્રેરણા મળી. એ તરત જ વાંદરાઓની સામે ઊભા રહ્યા. એની અસર એવી તો ચમત્કારિક થઈ કે વાંદરાઓનું ટોળું દોડતું અટકી ગયું, ને ધીમે ધીમે વીખેરાયું. એ હકીકતને વારંવાર યાદ કરીને સ્વામી વિવેકાનંદ કહેતા કે એવી જ રીતે માયાનો પ્રતિકાર કરો, એવી જ રીતે ભ્રાંતિ અથવા અજ્ઞાનનો સામનો કરો. એ ઉદ્દગાર સમજવા જેવા છે. જીવનમાં જ્યારે સંકટો, પ્રલોભનો કે ભયસ્થાનોથી ઘેરાઈ જવાનો અવસર આવે ત્યારે હતપ્રભ કે હતાશ થવાને બદલે, પોતાના મૂળભૂત આત્મસ્વરૂપને યાદ કરી, એમાં પ્રતિષ્ઠિત થઈને, એમની સામે હિંમતપૂર્વક ઊભા રહેવાની જરૂર છે. એવી રીતે પ્રતિકૂળતાથી નાસીપાસ થવાને બદલે જે પરમાત્મામાંથી પ્રેરણા મેળવીને બનતી શાંતિ રાખીને માર્ગ કરે છે તે જ ભયમાંથી મુક્ત બને છે અને જીવનના વિકાસની સર્વોત્તમ સફરમાં સફળતાપૂર્વક આગળ વધે છે. નિરાશા નહિ પણ

http://suratiundhiyu.wordpress.com/

આશા, નિર્બળતા નહિ પણ બળ, ને નાહિંમત નહિ પણ હિંમતને ધારણ કરવાથી જ લાભ થાય છે. આજે પણ એ સંદેશ એવો જ અસરકારક અને અમર છે.

આજે દેશમાં હાલત પણ એવી જ છે. બધા વાંદરાઓ(રાજકીય નેતાઓ) પ્રજાની પાછળ દોડી દોડીને પ્રજાને ગભરાવી રહ્યા છે. જ્યાં સુધી પ્રજા ગભરાતી રહેશે ત્યાં સુધી આ વાંદરાઓ તો પ્રજાને ગભરાવતા જ રહેશે. પ્રજાએ આ વાંદરાઓનો સામનો કરવાની જરૂર છે.

## ‘ક’થી કરુણા અને ‘દ’થી દયા શીખવો

**કબીર ક્યારેય સ્કૂલે નહોતા ગયા, ન તો ક્યારેય ચાંદ પર ગયા. તેમની પાસે કોઈ ડિગ્રી અને ઉપાધિ ન હતી. તેઓ કપડાં વણતા હતા અને તેઓ અભણ પણ હતા. જાણે ક્યાંથી તેમનામાં એટલી સમજ આવી ગઈ કે આજે સદીઓ પછી પણ તેમની સરળવાણી આપણને ભણાવી રહી છે, શીખવી રહી છે. જીવવું, પ્રેમ કરવું, ઈન્સાન બનવું. આપણે આ વાત ઉપર ખૂબ જ ગર્વ અનુભવીએ છીએ કે કલ્પના ચાવલા હરિયાણાની એક સ્કૂલમાંથી ભણીને અંતરિક્ષ સુધી પહોંચી હતી, પરંતુ શું આપણી કોઈ સ્કૂલે કોઈ એકને મધર ટેરેસા બનાવી છે? કહેવાય છે કે શાળા સંતોનું નિર્માણ નથી કરતી, પરંતુ આપણે ક્યારેય આવો કોઈ પ્રયાસ કર્યો નથી. આજના વધારે પડતાં સંકટોનો સંબંધ બુદ્ધિની અપેક્ષા હૃદયથી વધુ છે. આપણી શાળાઓએ કલ્પના ચાવલાના નિર્માણની મહત્ત્વકાક્ષા પેદા કરી છે, પરંતુ તેનાથી કેટલુંય વધુ જરૂરી એ છે કે તેઓ મધર ટેરેસાને પેદા કરવાના પડકારનો સ્વીકાર કરે છે. લોકોને એ અજીબ લાગે છે કે આપણે અબજો રૂપિયા ચાંદ અને મંગળ પર પહોંચવાના અભિયાન પાછળ ખર્ચ કરીએ છીએ. જ્યારે કે આપણા ઘર પર અબજો એવા લોકો છે જેઓને એક માનવીય જીવન અને શાંતિપૂર્ણ મૃત્યુ મેળવવા માટે તે રાશિની સૌથી વધુ જરૂર છે. ચંદ્ર અભિયાન અત્યંત બુદ્ધિમતાપૂર્ણ લાગે છે, પરંતુ તે એક ક્રૂર અને અમાનવીય બુદ્ધિ છે. જેની કિંમત આ ધરતીના લોકો પોતાની પીડાથી ચૂકવી રહ્યા છે. કદાચ એટલા માટે જ બશીરબંદ્રએ લખ્યું છે કે, ‘કિસને જલાઈ બસ્તીયાં, બાજાર ક્યોં લૂંટે, મેં ચાંદ પે ગયા થા, મુઝે કુછ પતા નહીં.’ આપણી કોલેજ અને શાળાઓ સમજે છે કે જો તે પોતાના છાત્રોની બુદ્ધિમાં વધારો કરે અને તેમને કુશળ પ્રોફેશનલ બનાવી દે તો તેઓએ પોતાનું કર્તવ્ય પૂરું કર્યું છે, પરંતુ આપણે જોઈએ છે કે સમાજ ભ્રષ્ટાચાર તથા અન્ય બીમારીઓથી ઘેરાયેલો છે. તે ત્યારે જ પોતાનું માથું ઉઠાવે છે જ્યારે માણસમાં માણસાઈની અછત**

http://suratiundhiyu.wordpress.com/

ઉદ્ભવે છે. શું વિદ્યાર્થીઓને પ્રેમ, સહનશીલતા અને કરુણાના પાઠ ભણાવવામાં, તેમને ચરિત્રવાન બનાવવામાં આપણી સ્કૂલો અને કોલેજોની કોઈ ભૂમિકા ન હોવી જોઈએ? આજે લોકો સારા માર્ક્સ મેળવવા અને ઊંચી ડિગ્રીઓ મેળવ્યા છતાં પણ ઈમાનદાર, ચારિત્ર્યથી ચોખ્ખા માણસ બની નથી રહ્યા. તો એનો મતલબ એ છે કે શિક્ષણ આપવાની આપણી પદ્ધતિમાં મોટી ગરબડ થઈ રહી છે. આજે વિશ્વમાં કરુણાની સૌથી વધુ જરૂર છે. ભગવાનમાં વિશ્વાસ રાખવો અથવા નહી રાખવો તેનો નિર્ણય સંપૂર્ણ વ્યક્તિગત છે અને કોઈ વ્યક્તિ ઉપર આધ્યાત્મ ઠોકી બેસાડવું ખોટું છે, પરંતુ આપણે 'ક'થી કરુણા અને 'દ'થી દયા તો શીખીએ જ છીએ, પરંતુ આપણું શિક્ષણ હ્રદયને સ્પર્શતું નથી.

## એવી વાણી બોલો કે બાદમાં પસ્તાવું ના પડે

એક મા પોતાના બાળકને શોધી રહી હતી. બહુ શોધવા છતાં બાળક ના મળતાં તે રોવા લાગી અને જોરજોરથી પોતાના બાળકનું નામ પોકારવા લાગી. થોડા સમય બાદ બાળક દોડતું દોડતું આવ્યું અને પોતાની માને ભેટી પડ્યું. માએ પહેલાં તો બાળકને ગળે લગાડ્યું અને મન મૂકીને લાડ લડાવ્યાં. ત્યાર બાદ તે બાળકને ઠપકો આપવા લાગી. ત્યાર બાદ પૂછ્યું કે તું અત્યાર સુધી ક્યાં છુપાઇ ગયો હતો. બાળકે કહ્યું કે મા હું છુપાયેલો નહોતો. હું તો બહારની દુકાને ગુંદર લેવા ગયો હતો. માએ પૂછ્યું કે તું ગુંદર શું કામ લેવા ગયો હતો? તો બાળક ભોળપણથી બોલ્યો કે ગુંદર વડે હું ચાની પ્યાલીને ફરી જોડીશ, તે તૂટી ગઇ છે. માએ પૂછ્યું કે તું તૂટેલી પ્યાલી જોડીને શું કરીશ? ગુંદર વડે સંધાયેલી પ્યાલી ખૂબ જ ખરાબ દેખાશે તો બાળકે ફરી નિર્દોષતાથી ઉત્તર આપ્યો કે જ્યારે તું ઘરડી થઇ જઇશ ત્યારે હું એ જ પ્યાલીમાં તને ચા પિવડાવીશ. આ સાંભળીને મા પરસેવે રેબઝેબ થઇ ગઇ. થોડી પળ સુધી તેને કશી ગતાગમ જ ન પડી કે શું કહેવું? ભાન આવતાં જ તેણે બાળકને તેડીને ખોળામાં બેસાડ્યું અને વહાલથી કહ્યું કે બેટા આવું ન બોલાય. આપણે મોટા માણસોને માન આપવું જોઇએ. એમની સાથે આવો વ્યવહાર ન કરાય. જો તારા પિતા તને સારું ભણાવવા માટે કેટલી મહેનત કરે છે? મમ્મી તારા માટે સારું સારું ખાવાનું બનાવે છે. સૌ લોકો તારું ધ્યાન રાખે છે, જેથી જ્યારે અમે ઘરડાં થઇએ ત્યારે તું અમારું ધ્યાન રાખે...! બાળકે માની વાત અધવચ્ચે કાપતાં કહ્યું કે પણ મા પપ્પાને ભણાવતી વખતે દાદા-દાદીએ પણ આવું જ વિચાર્યું હશે ને? આજે સવારે જ્યારે દાદીથી ભૂલથી ચાનો કપ તૂટી ગયો ત્યારે તું કેટલી જોરજોરથી બરાડા પાડતી હતી. તારો ગુસ્સો જોઇને દાદાએ દાદીની ભૂલ બદલ તારી માફી માગવી પડી હતી. તું તો પછી રૂમમાં જઇને સૂઈ ગઈ પણ દાદી મોડે સુધી રોતાં રહ્યાં હતાં. મેં એ ચાનો કપ સાચવીને રાખ્યો છે. હવે હું એને જોડીશ. આટલું સાંભળીને માતાના હોશકોશ ઊડી ગયા.

http://suratundhiyu.wordpress.com/

આ સ્થિતિ આજે ઘેર ઘેર જોવા મળે છે. આપણા સંત ભવિષ્યદર્શીઓ હતા એટલે જ તેમણે કહ્યું છે કે, 'ઐસી બાની બોલિયે મન કા આપા ખોય, ઔરોં કો શીતલ કરે આપહુ શીતલ હોય'. શાસ્ત્રો કહે છે કે ધારદાર હથિયારનો ઘા ભરાઈ જાય છે પણ વાણીએ કરેલો ઘા ક્યારેય ભરાતો નથી. આપણા સૌનો મિજાજ હવે વિચિત્ર થતો જાય છે. આપણે બીજાનાં માન-સન્માન તો સાવ ભૂલી જ ગયાં છીએ. રૂપિયા આવશ્યક છે, પરંતુ તેના માટે આપણે બીજાનું સન્માન કરવાનું છોડી દઈએ એ ખોટું છે. આપણે પોતાનાં માતા- પિતાના લીધે જ સમાજમાં આજે સન્માનથી જીવી રહ્યાં છીએ. આપણે આપણા માટે અનેક તકલીફો ઉઠાવનાર માતા-પિતા સાથે નમ્રતાથી વર્તવું જોઈએ.

## તમને કઈ વાત સૌથી વધુ ડિસ્ટર્બ કરે છે?

કદમને મૂકજે બહુ સાચવીને તું બગીચામાં,

નહિતર કંટકો કોમળ બનીને છેતરી જાશે. - 'બરબાદ' જૂનાગઢી

દરેક વ્યક્તિને કોઈ ને કોઈ વાત ડિસ્ટર્બ કરે છે. અપસેટ રહેવું એ આજની સૌથી મોટી સમસ્યા છે. બધાના ચહેરા પર ન કળી શકાય એવો ભાર જોવા મળે છે. આપણે બધા જ કોઈ ને કોઈ બોજ સાથે લઈને ફરીએ છીએ. કોઈને સફળતાની ચિંતા છે તો કોઈને સંબંધોની સાર્થકતાની. શું થશે? એ પ્રશ્નના દબાણ હેઠળ બધા એવા દબાઈ ગયા છે કે કોઈ જ અને કંઈ જ 'નેચરલ' લાગતું નથી.

દુનિયાની દરેક ફિલોસોફી જિંદગી વિશે એક જ વાત કરે છે કે જિંદગીને માણવી હોય તો વર્તમાનમાં જીવો. અત્યારે જે ક્ષણ છે તેને એન્જોય કરો. આ વાત બધા જાણે છે, પણ કેટલા લોકો ખરેખર વર્તમાનમાં જીવતા હોય છે? આપણાં ટેન્શન્સ આપણા ઉપર એટલા બધા હાવી થઈ જાય છે કે વર્તમાન આપણા હાથમાંથી સરકી જાય છે. આપણે કાં તો ભૂતકાળમાં ધકેલાઈ જઇએ છીએ અથવા ભવિષ્યમાં સરી પડીએ છીએ.

એક માણસ સંત પાસે ગયો. તેણે સંતને કહ્યું કે મને એક અજાણ્યો ભય લાગે છે. કંઈક બૂરું થવાનું છે એવો ડર મને લાગ્યા રાખે છે. આનાથી બચવા માટે મારે શું કરવું? સંતે કહ્યું કે તારા પડછાયા સાથે રમત રમવાનું છોડી દે. સંતે ઉમેર્યું કે દરેક માણસ પડછાયામાં જીવે છે. પડછાયો નાનો થાય તો ગભરાઈ જાય છે અને પડછાયો મોટો થાય તો હરખાઈ જાય છે. તમે તમારું મૂલ્ય પડછાયાને જોઇને ન આંકો, કારણ કે પડછાયો તો સમય મુજબ બદલાઈ જાય છે.

https://suratiundhiyu.wordpress.com/

જે બદલે છે એ સમય છે. તમે તો એના એ જ છો. માણસ દુઃખી એટલે છે કે જે નથી એમાં એ જીવતાં હોય છે. કલ્પના અને સપનાં સારી વાત છે પણ તેમાં તમે એટલા ન ખોવાઈ જાવ કે હકીકતને ન જીવી શકો.

માણસ કઈ વાતે સૌથી વધુ ડિસ્ટર્બ થાય છે? એક જ્યોતિષી અને મનોચિકિત્સક સાથે આ વિષય પર વાત થઈ. જ્યોતિષીએ પૂછયું કે કયા પ્રશ્નો અને કઈ મૂંઝવણ લઈને લોકો તમારી પાસે આવે છે? જ્યોતિષીએ કહ્યું કે સૌથી વધુ સવાલો રિલેશનશિપના છે. સંબંધો ગુમાવવાનો ભય લોકોને સૌથી વધુ છે. બધાને સંબંધો એટલી જડતાથી પકડી રાખવા છે કે સાથેની વ્યક્તિ ગૂંગળાઈ જાય. કોઈ એ સમજવા જ તૈયાર નથી કે કોઈને વશમાં રાખી તમે પ્રેમ મેળવી ન શકો. જે સંબંધો માણસને જીવવા જોઈએ એ જ તેને ડિસ્ટર્બ કરે છે.

કોઈને પત્ની સાથે ફાવતું નથી, કોઈને પતિ હેરાન કરે છે, બધા ક્યાંકથી પ્રેમ મેળવવા ફાંફાં મારે છે, કોઈને દીકરીના સંબંધ મંજૂર નથી, કોઈનાથી દીકરાનું વર્તન સહન નથી થતું, આડા, ઊભા, વાંકા અને ત્રાંસા સંબંધોમાં બધા જીવે છે અને હતાશ છે. મોટાભાગના લોકો અસમંજસમાં જ જીવે છે. ડિપ્રેશનમાં હોય તો ખબર પડે કે માણસ ડિસ્ટર્બ અને હતાશ છે પણ અત્યારના માણસની તકલીફ એ છે કે અત્યારનો માણસ નથી સો ટકા ડિપ્રેશનમાં કે નથી સો ટકા મજામાં. એ દુઃખ અને સુખમાં, આનંદ અને હતાશામાં એવો ઝૂલતો રહે છે કે એ થાકીને લોથપોથ થઈ જાય છે. બધા એવું બોલે છે કે જે થવું હોય એ થાય પણ જે થાય છે એ સહન કરી શકતા નથી. માણસ પોતે જ મુક્ત થઈ શકતો નથી. એવો ઘેરાયેલો રહે છે કે પોતાની હાલતમાં જ ગૂંગળાતો રહે છે.ળક્યાંય મજા નથી આવતી, મૂડ બરોબર નથી, કોઈ વાતમાં આનંદ આવતો નથી. વિચારો પીછો છોડતાં નથી. ડર વધુ ને વધુ ભયાનક થતો જાય છે. દિવસે ચેન નથી પડતું અને રાતે ઊંઘ નથી આવતી, દરેક વ્યક્તિ આવી કોઈ ને કોઈ મૂંઝવણ અનુભવે છે. આજે જો કોઈ વાતનો દુકાળ હોય તો એ હળવાશનો છે. ભૂતકાળને પકડી ન રાખો. અને ભવિષ્યને પકડવા બાચકાં ન ભરો. તો જ અત્યારના સમય સાથે જીવી શકશો. તમારા સંબંધોમાં વિશ્વાસ રાખો.

સંબંધોમાં ન ફાવે ત્યારે માણસ સંબંધ બહુ આસાનીથી છોડી દે છે. જોકે છોડી દીધા પછી પણ એ છૂટી શકતો નથી. બ્રેકઅપ થયા પછી પણ પોતાનો પ્રેમી કે પ્રેમિકા શું કરે છે? કોની સાથે ફરે છે? મજા કરે છે કે દુઃખી છે? એનું ધ્યાન રાખતા ફરીએ છીએ. ડિવોર્સ થયા પછી પણ જુદી થયેલી વ્યક્તિ દુઃખી થાય એવા પેંતરા રચીએ છીએ. સાથે રહીને દુઃખ આપવા કરતાં ઘણાં

http://suratiundhiyu.wordpress.com/

લોકો છૂટા પડીને વધુ દુઃખ આપે છે. જે છૂટી ગયું છે એને છોડી દો. છૂટા પડીને કોઈ સુખી થાય એ પણ આપણાથી જોવાતું નથી. આવા દુઃખ માટે આપણે જ કારણભૂત હોઈએ છીએ. કોઈનું સારું ઇચ્છવાને બદલે એને શાપ દેવાનું આપણને વધુ ફાવે છે. માણસ સૌથી વધુ દુઃખી એટલે છે કે એને કોઈને દુઃખી કરવા હોય છે. બતાવી દેવું હોય છે. પરચો આપવો હોય છે અને આ બધાના કારણે જ પોતે દુઃખી રહે છે. આપણે જિંદગીનાં દુઃખોને ડિલીટ કર્યા પછી પણ એને રિસાયકલ બિનમાં સાચવી રાખીએ છીએ. ડિલીટ ફોર એવર કરતાં જ નથી. દુઃખનું સૌથી મોટું કારણ એ છે કે શું પકડી રાખવું અને શું છોડી દેવું તેનો સાચો નિર્ણય આપણે લઈ શકતાં નથી. હવે મનોચિકિત્સક સાથે થયેલી વાત. તેમણે કહ્યું કે માણસ પોતાના વિશે લોકો અને ખાસ કરીને તેના નજીકના માણસો શું બોલે છે તે જાણી સૌથી વધુ ડિસ્ટર્બ થાય છે. માણસ સતત એ વાત ઉપર જ નજર રાખતો ફરે છે કે કોણ તેના વિશે શું વાત કરે છે. જે માણસની વાતને કોઈ ગંભીરતાથી ન લેતું હોય તેવી વાતને માણસ એટલી બધી ગંભીરતાથી લઈ લે છે કે એમાંથી બહાર જ નીકળી નથી શકતાં. ઓફિસના પાંચ માણસ સારું બોલતાં હોય પણ જો એક માણસ ખરાબ તો આપણને એ એકની જ વાત ખટક્યા રાખે છે. જે માણસ માત્ર વાત, અફવા કે ગોસિપથી ડિસ્ટર્બ થતો હોય તેને હેરાન કરવો સૌથી વધુ સરળ છે.

તમારી દુઃખતી રગ જો બધાને ખબર હોય તો પછી લોકો એ જ રગ વારેવારે દબાવ્યા રાખશે. તમે ઉંહકારામાંથી બહાર જ નહીં આવો. સ્પોર્ટ્સમાં એક વણલખ્યો નિયમ એ છે કે તમારે જો જીતવું હોય તો તમારા હરીફને કોઈ ને કોઈ વાતે ડિસ્ટર્બ કરી દો, એમાં પણ જો એ કોઈ ખોટી વાતથી ડિસ્ટર્બ થઈ જતો હોય તો તમારે વધુ કંઇ કરવાની જરૂર જ નથી. એનામાં તો સમજ જેવું કંઈ છે જ નહીં, તેને તો બેઝિક રૂલ્સની જ ખબર પડતી નથી, એ તો માત્ર દેખાડો કરે છે. બાકી તેનામાં એટલી ડેપ્થ નથી, બીજા પાસે કામ કરાવીને એ જશ ખાટી જાય છે, આવી વાતથી માંડીને અંગત વાતો વિશે લોકો વાતો કરતાં રહે છે. એનો ભૂતકાળ તમને ખબર છે? એણે તો આવું કર્યું હતું, એના ઘરમાં એને કોઈ સાથે બનતું નથી. બોસની ચમચાગીરી કરીને એ માણસ અહીં સુધી પહોંચ્યો છે. સફળ માણસ વિશે આવી વાતો કરનારાની એક મોટી ફોજ હોય છે. આવી વાતો તરફ ધ્યાન આપીએ એટલે આપણે જ્યાં ધ્યાન આપવું જોઈએ ત્યાંથી ધ્યાન ચૂકી જવાય છે.

તમારા વિશે કોણ કેવી વાતો કરે છે તેની પરવા ન કરો. તમારે જે કરવાનું છે એ કરતાં રહો. જો કે બહુ ઓછા લોકો આવું કરી શકે છે. આપણે ઓફિસમાં જ જાસૂસ રાખીએ છીએ કે શું ચાલે

http://suratiundhiyu.wordpress.com/

છે તેની જાણ મને કરતો રહેજે. બધે નજર તો રાખવી જ પડે. આવી વાતોમાં આપણે આપણો કેટલો સમય અને શક્તિ વેડફતાં હોઈએ છીએ? કોણ શું કરે છે એ નહીં પણ તમારે શું કરવાનું છે એના ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરો. જો તમે ડિસ્ટર્બ થશો તો બધા જ તમને ડિસ્ટર્બ કરશે. ઘણા લોકો પોતાના વિશે જ વાતો જાણી ખુલાસાઓ કરવામાંથી નવરાં પડતા નથી. તમે રસ્તો ચૂકી જાવ એવા સતત પ્રયત્ન થવાના જ છે. તમે માત્ર તમારા માર્ગને જ પકડી રાખો. તો કંઈ વાંધો આવતો નથી.

તમે એ વિચાર કરો કે કઈ વાત તમને સૌથી વધુ ડિસ્ટર્બ કરે છે? એ વાત ખરેખર ડિસ્ટર્બ થવા જેવી છે ખરી? તમે જે વાતથી ડિસ્ટર્બ થાવ છો તેમાં જ પડયા રહેવાથી સરવાળે કોઈ ફાયદો થવાનો છે કે કંઈ પરિણામ આવવાનું છે? જો ના તો એને છોડી દો. નકામી વાતો અને ખોટી ચિંતા અને ઉપાધિઓમાંથી જ આપણે બહાર નીકળવાનું હોય છે. એવા વિચારોને જ ટાળો જે તમને ડિસ્ટર્બ કરે છે. કંઈ જ ખરાબ નથી થવાનું પણ પહેલાં તમે કંઈક ખરાબ થશે એવા ડરમાંથી બહાર તો નીકળો. તમારી જાતને હળવી કરી દો તો જ જિંદગી જીવવા જેવી લાગશે.

છેલ્લો સીન :

માનવજાતનું ડહાપણ બે વાક્યોમાં સમાઈ જાય છે. રાહ જુઓ આશા રાખો.

-એલેકઝાન્ડર ડુમા

સાભાર: શ્રી કૃષ્ણકાંત ઉનડક્ટ

## આજની સૌથી મોટી સમસ્યા: અપસેટ રહેવું

દરેક વ્યક્તિને કોઈ ને કોઈ વાત ડિસ્ટર્બ કરે છે.અપસેટ રહેવું એ આજની સૌથી મોટી સમસ્યા છે. બધાના ચહેરા પર ન કળી શકાય એવો ભાર જોવા મળે છે. આપણે બધા જ કોઈ ને કોઈ બોજ સાથે લઈને ફરીએ છીએ. કોઈને સફળતાની ચિંતા છે તો કોઈને સંબંધોની સાર્થકતાની. શું થશે? એ પ્રશ્નના દબાણ હેઠળ બધા એવા દબાઈ ગયા છે કે કોઈ જ અને કંઈ જ 'નેચરલ' લાગતું નથી. દુનિયાની દરેક ફિલોસોફી જિંદગી વિશે એક જ વાત કરે છે કે જિંદગીને માણવી હોય તો વર્તમાનમાં જીવો. અત્યારે જે ક્ષણ છે તેને એન્જોય કરો. આ વાત બધા જાણે છે, પણ કેટલા લોકો ખરેખર વર્તમાનમાં જીવતા હોય છે? આપણાં ટેન્શન્સ આપણા ઉપર એટલા બધા હાવી થઈ જાય છે કે વર્તમાન આપણા હાથમાંથી સરકી જાય છે. આપણે કાં તો ભૂતકાળમાં ધકેલાઈ જઇએ છીએ

http://suratiundhiyu.wordpress.com/

અથવા ભવિષ્યમાં સરી પડીએ છીએ. એક માણસ સંત પાસે ગયો. તેણે સંતને કહ્યું કે મને એક અજાણ્યો ભય લાગે છે.કંઈક બૂરું થવાનું છે એવો ડર મને લાગ્યા રાખે છે. આનાથી બચવા માટે મારે શું કરવું? સંતે કહ્યું કે તારા પડછાયા સાથે રમત રમવાનું છોડી દે. સંતે ઉમેર્યું કે દરેક માણસ પડછાયામાં જીવે છે. પડછાયો નાનો થાય તો ગભરાઈ જાય છે અને પડછાયો મોટો થાય તો હરખાઈ જાય છે. તમે તમારું મૂલ્ય પડછાયાને જોઇને ન આંકો, કારણ કે પડછાયો તો સમય મુજબ બદલાઈ જાય છે. જે બદલે છે એ સમય છે. તમે તો એના એ જ છો. માણસો દુઃખી એટલે છે કે જે નથી એમાં એ જીવતાં હોય છે. કલ્પના અને સપનાં સારી વાત છે પણ તેમાં તમે એટલા ન ખોવાઈ જાવ કે હકીકતને ન જીવી શકો.

માણસ કઈ વાતે સૌથી વધુ ડિસ્ટર્બ થાય છે? એક જ્યોતિષી અને મનોચિકિત્સક સાથે આ વિષય પર વાત થઈ. જ્યોતિષીએ પૂછયું કે કયા પ્રશ્નો અને કઈ મૂંઝવણ લઈને લોકો તમારી પાસે આવે છે? જ્યોતિષીએ કહ્યું કે સૌથી વધુ સવાલો રિલેશનશિપના છે. સંબંધો ગુમાવવાનો ભય લોકોને સૌથી વધુ છે. બધાને સંબંધો એટલી જડતાથી પકડી રાખવા છે કે સાથેની વ્યક્તિ ગૂંગળાઈ જાય. કોઈ એ સમજવા જ તૈયાર નથી કે કોઈને વશમાં રાખી તમે પ્રેમ મેળવી ન શકો. જે સંબંધો માણસને જીવવા જોઈએ એ જ તેને ડિસ્ટર્બ કરે છે. કોઈને પત્ની સાથે ફાવતું નથી, કોઈને પતિ હેરાન કરે છે, બધા ક્યાંકથી પ્રેમ મેળવવા ફાંફાં મારે છે, કોઈને દીકરીના સંબંધ મંજૂર નથી, કોઈનાથી દીકરાનું વર્તન સહન નથી થતું, આડા, ઊભા, વાંકા અને ત્રાંસા સંબંધોમાં બધા જીવે છે અને હતાશ છે. મોટાભાગના લોકો અસમંજસમાં જ જીવે છે. ડિપ્રેશનમાં હોય તો ખબર પડે કે માણસ ડિસ્ટર્બ અને હતાશ છે પણ અત્યારના માણસની તકલીફ એ છે કે અત્યારનો માણસ નથી સો ટકા ડિપ્રેશનમાં કે નથી સો ટકા મજામાં. એ દુઃખ અને સુખમાં, આનંદ અને હતાશામાં એવો ઝૂલતો રહે છે કે એ થાકીને લોથપોથ થઈ જાય છે. બધા એવું બોલે છે કે જે થવું હોય એ થાય પણ જે થાય છે એ સહન કરી શકતા નથી. માણસ પોતે જ મુક્ત થઈ શકતો નથી. એવો ઘેરાયેલો રહે છે કે પોતાની હાલતમાં જ ગૂંગળાતો રહે છે. ક્યાંય મજા નથી આવતી, મૂડ બરાબર નથી, કોઈ વાતમાં આનંદ આવતો નથી. વિચારો પીછો છોડતાં નથી. ડર વધુ ને વધુ ભયાનક થતો જાય છે. દિવસે ચેન નથી પડતું અને રાતે ઊંઘ નથી આવતી, દરેક વ્યક્તિ આવી કોઈ ને કોઈ મૂંઝવણ અનુભવે છે. આજે જો કોઈ વાતનો દુકાળ હોય તો એ હળવાશનો છે. ભૂતકાળને પકડી ન રાખો. અને ભવિષ્યને પકડવા બાચકાં ન ભરો. તો જ અત્યારના સમય સાથે જીવી શકશો.

http://suratiundhiyu.wordpress.com/

તમારા સંબંધોમાં વિશ્વાસ રાખો.સંબંધોમાં ન ફાવે ત્યારે માણસ સંબંધ બહુ આસાનીથી છોડી દે છે. જોકે છોડી દીધા પછી પણ એ છૂટી શકતો નથી. બ્રેકઅપ થયા પછી પણ પોતાનો પ્રેમી કે પ્રેમિકા શું કરે છે? કોની સાથે ફરે છે? મજા કરે છે કે દુઃખી છે? એનું ધ્યાન રાખતા ફરીએ છીએ. ડિવોર્સ થયા પછી પણ જુદી થયેલી વ્યક્તિ દુઃખી થાય એવા પેંતરા રચીએ છીએ. સાથે રહીને દુઃખ આપવા કરતાં ઘણાં લોકો છૂટા પડીને વધુ દુઃખ આપે છે. જે છૂટી ગયું છે એને છોડી દો.છૂટા પડીને કોઈ સુખી થાય એ પણ આપણાથી જોવાતું નથી. આવા દુઃખ માટે આપણે જ કારણભૂત હોઈએ છીએ. કોઈનું સારું ઇચ્છવાને બદલે એને શાપ દેવાનું આપણને વધુ ફાવે છે. માણસ સૌથી વધુ દુઃખી એટલે છે કે એને કોઈને દુઃખી કરવા હોય છે. બતાવી દેવું હોય છે. પરચો આપવો હોય છે અને આ બધાના કારણે જ પોતે દુઃખી રહે છે.આપણે જિંદગીનાં દુઃખોને ડિલીટ કર્યા પછી પણ એને રિસાયકલ બિનમાં સાચવી રાખીએ છીએ. ડિલીટ ફોર એવર કરતાં જ નથી. દુઃખનું સૌથી મોટું કારણ એ છે કે શું પકડી રાખવું અને શું છોડી દેવું તેનો સાચો નિર્ણય આપણે લઈ શકતાં નથી.

હવે મનોચિકિત્સક સાથે થયેલી વાત. તેમણે કહ્યું કે માણસ પોતાના વિશે લોકો અને ખાસ કરીને તેના નજીકના માણસો શું બોલે છે તે જાણી સૌથી વધુ ડિસ્ટર્બ થાય છે. માણસ સતત એ વાત ઉપર જ નજર રાખતો ફરે છે કે કોણ તેના વિશે શું વાત કરે છે. જે માણસની વાતને કોઈ ગંભીરતાથી ન લેતું હોય તેવી વાતને માણસ એટલી બધી ગંભીરતાથી લઈ લે છે કે એમાંથી બહાર જ નીકળી નથી શકતાં. ઓફિસના પાંચ માણસ સારું બોલતાં હોય પણ જો એક માણસ ખરાબ બોલે તો આપણને એ એકની જ વાત ખટક્યા રાખે છે. જે માણસ માત્ર વાત, અફવા કે ગોસિપથી ડિસ્ટર્બ થતો હોય તેને હેરાન કરવો સૌથી વધુ સરળ છે. તમારી દુઃખતી રગ જો બધાને ખબર હોય તો પછી લોકો એ જ રગ વારેવારે દબાવ્યા રાખશે. તમે ઉંહકારામાંથી બહાર જ નહીં આવો.સ્પોર્ટ્સમાં એક વણલખ્યો નિયમ એ છે કે તમારે જો જીતવું હોય તો તમારા હરીફને કોઈ ને કોઈ વાતે ડિસ્ટર્બ કરી દો,એમાં પણ જો એ કોઈ ખોટી વાતથી ડિસ્ટર્બ થઈ જતો હોય તો તમારે વધુ કંઇ કરવાની જરૂર જ નથી. એનામાં તો સમજ જેવું કંઈ છે જ નહીં, તેને તો બેઝિક રૂલ્સની જ ખબર પડતી નથી, એ તો માત્ર દેખાડો કરે છે. બાકી તેનામાં એટલી ડેપ્થ નથી, બીજા પાસે કામ કરાવીને એ જશ ખાટી જાય છે, આવી વાતથી માંડીને અંગત વાતો વિશે લોકો વાતો કરતાં રહે છે. એનો ભૂતકાળ તમને ખબર છે? એણે તો આવું કર્યું હતું, એના ઘરમાં એને કોઈ સાથે બનતું નથી. બોસની ચમચાગીરી કરીને એ માણસ અહીં સુધી પહોંચ્યો છે. સફળ માણસ વિશે આવી વાતો કરનારાની એક મોટી ફોજ હોય છે. આવી વાતો તરફ ધ્યાન આપીએ એટલે આપણે જ્યાં ધ્યાન આપવું જોઈએ ત્યાંથી ધ્યાન ચૂકી જવાય છે. તમારા વિશે કોણ કેવી વાતો કરે છે તેની પરવા ન કરો.

http://suratiundhiyu.wordpress.com/

**તમારે જે કરવાનું છે એ કરતાં રહો.જો કે બહુ ઓછા લોકો આવું કરી શકે છે. આપણે ઓફિસમાં જ જાસૂસ રાખીએ છીએ કે શું ચાલે છે તેની જાણ મને કરતો રહેજે. બધે નજર તો રાખવી જ પડે. આવી વાતોમાં આપણે આપણો કેટલો સમય અને શક્તિ વેડફતાં હોઈએ છીએ? કોણ શું કરે છે એ નહીં પણ તમારે શું કરવાનું છે એના ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરો.**

**જો તમે ડિસ્ટર્બ થશો તો બધા જ તમને ડિસ્ટર્બ કરશે. ઘણા લોકો પોતાના વિશે જ વાતો જાણી ખુલાસાઓ કરવામાંથી નવરાં પડતા નથી. તમે રસ્તો ચૂકી જાવ એવા સતત પ્રયત્ન થવાના જ છે. તમે માત્ર તમારા માર્ગને જ પકડી રાખો. તો કંઈ વાંધો આવતો નથી. તમે એ વિચાર કરો કે કઈ વાત તમને સૌથી વધુ ડિસ્ટર્બ કરે છે? એ વાત ખરેખર ડિસ્ટર્બ થવા જેવી છે ખરી? તમે જે વાતથી ડિસ્ટર્બ થાવ છો તેમાં જ પડયા રહેવાથી સરવાળે કોઈ ફાયદો થવાનો છે કે કંઈ પરિણામ આવવાનું છે? જો ના તો એને છોડી દો. નકામી વાતો અને ખોટી ચિંતા અને ઉપાધિઓમાંથી જ આપણે બહાર નીકળવાનું હોય છે. એવા વિચારોને જ ટાળો જે તમને ડિસ્ટર્બ કરે છે. કંઈ જ ખરાબ નથી થવાનું પણ પહેલાં તમે કંઈક ખરાબ થશે એવા ડરમાંથી બહાર તો નીકળો. તમારી જાતને હળવી કરી દો તો જ જિંદગી જીવવા જેવી લાગશે. –કૃષ્ણકાંત ઉનડકટ**

## જીવનમાં હળવાશ કયારે અનુભવાય?

**જીવનમાં જે કંઈ બની રહ્યુ છે અને બનશે તે આપણા હિતમાં જ હશે, આવો દૃઢ નિશ્ચય. * સરળતા અને શુધ્ધિનો નિત્ય સથવારો. * ઈચ્છાઓનો મહેલ ન રચવાની આદત. * જરૂરિયાતવાળી વસ્તુ** ખપપુરતી રાખવાની આદત. * નિયમિતતા અને સુધડતાવાળુ દેનિક જીવન. * ચોખ્ખો વ્યવહાર.

### ભગવાન ક્યાં છે?

એક માણસે આકાશ સામે જોઈને કહ્યું, 'હે ભગવાન મારી સાથે વાત કર', એ જ સમયે એક બુલબુલે સુંદર મજાનું ગીત છેડ્યું, પણ પેલા માણસનું એ તરફ ધ્યાન જ ન ગયું !! પછી પેલા માણસે આકાશ સામે જોઈને વિનંતી કરી, 'હે ભગવાન, મારી સાથે બોલ તો ખરો !' એ જ સમયે આકાશમાં છવાયેલાં વાદળોમાં વીજળી થઈ અને એક લાંબી ગડગડાટી ચાલી, પરંતુ પેલા ખોવાયેલા માણસને એનો ખ્યાલ પણ ન આવ્યો !! એને ભગવાનની આ અવગણના પર આશ્ચર્ય થયું ! એ રાત્રે અંધારામાં એણે કોઈ નથી જોતું એની ખાતરી કરીને પછી કહ્યું, 'હે ભગવાન, મારે તારાં દર્શન કરવાં છે ! તું મને દર્શન આપ!' એ જ સમયે એક તારો ખૂબ જ તેજ સાથે ચમકી ઊઠ્યો, પરંતુ પેલા



http://suratiundhiyu.wordpress.com/

માણસની દ્રષ્ટિ એ ના પકડી શકી !! હવે એને રડવું આવ્યું. એ બોલ્યો : ‘હે પ્રભુ, મને સમજાતું નથી કે તું મારી આટલી અવગણના કેમ કરે છે ? આજે તો તું મને ચમત્કાર બતાવ.’ એ જ સમયે તેની પત્નીને પ્રસુતિની પીડા ઊપડી, એને તુરંત દવાખાને લઈ જવી પડી. થોડી જ વારમાં તેણે એક સુંદર આંખોવાળા બાળકને જન્મ આપ્યો. પરંતુ પેલા માણસને કંઈ જ સમજાયું નહીં. એ હવે ભગવાન પર ગુસ્સે થયો. એણે બૂમ પાડી. ‘હે ભગવાન, મને ખાતરી કરાવ કે તું છે જ. તું મને સ્પર્શીને એ ખાતરી કરાવ. તો જ હું માનીશ કે તું છે.’ આ વખતે ભગવાન ખુદ નીચે આવ્યા. એમણે અતિસુંદર સ્વરૂપ ધારણ કર્યું, અને પેલા માણસને હળવેથી સ્પર્શ્યા. પેલા માણસે હાથ પર બેઠેલા રંગીન પતંગિયાને ઉડાડી મૂક્યું અને નિસાસો નાખ્યો કે, ‘ભગવાન ક્યાંય છે જ નહીં !!’ આપણે અપેક્ષા રાખેલી હોય તેવા સ્વરૂપે જ આશીર્વાદ આવી પડે એવી આશામાં આપણે કેટકેટલા આશીર્વાદ અને ચમત્કારોની પ્રતીતિ ગુમાવી દેતાં હઈશું. લેખક: અજ્ઞાત

## વેદના બધાને થાય જ છે પણ તેના પ્રકાર હોય છે

**આ દ્રષ્ટાંત એ વિષય પર છે કે જયારે આપણને, જેને આપણે આપણા માનીએ છીએ એવા લોકો ઘાવ આપે છે ત્યારે આ દિલ માંથી ચિત્કાર નીકળી જાય છે.**

**એક લુહાર અને એક સોની**
**બંને વચ્ચે એક નાનકડી દુકાન.**
**બંને જણા સાથે કામ કરે.**
**લુહાર લોખંડ ટીપી ઓજારો બનાવે.**
**સોની સોનું ટીપી ઘરેણાં બનાવે.**
**એક વાર બન્યું એવું ક લોખંડના ટુકડાને ટીપતાંટીપતાં લુહારનો હથોડો ટુકડાની ધાર પર પડ્યો અને સીધો બાજુમાં સોનાની ભઠ્ઠીમાં પડ્યો.**
**ઘણા વખતથી સોનાના ટુકડાના મનમાં લોખંડના ટુકડાને એક પ્રશ્ન પૂછવાની ઈચ્છા હતી પણ ગમે તે કારણસર એમાં એને સફળતા નહોતી મળતી,**
**પણ**
**આજે જયારે સામે ચડીને જ લોખંડનો ટુકડો પોતાની બાજુમાં આવી ગયો હતો ત્યારે એને લાગ્યું ક મનમાં ઘુમરાતી શંકાનું સમાધાન કરી જ લેવા દે.**

http://suratiundhiyu.wordpress.com/

આખરે એને લોખંડના ટુકડાને પૂછ્યું
'લોખંડભાઈ ! એક પ્રશ્નનો જવાબ આપશો?'
'પૂછો'
'ભટ્ઠીમાં નાખી લુહાર જો તમને ટીપે છે તો ભટ્ઠીમાં નાખી સોની મનેય ટીપે છે.
વેદના જો તમને થાય છે તો મનેય કઈ ઓછી નથી થતી. પણ હું એવો લાંબો કોઈ અવાજ કર્યા વિના સોનીના હાથનો માર ખાઈ લઉં છું,જયારે તમે તો માર ખાતા -ખાતા કેટલો ભારે અવાજ કરો છો !
મારે એ જાણવું છે કે આટલો બધો અવાજ કરવા પાછળનું કારણ શું છે?'

સોનાના આ ટુકડાનો અવાજ સાંભળીને લોખંડના ટુકડાની આંખમાં તો આંસુડા આવી ગયાં દોસ્ત, એણે રડતાંરડતાં જવાબ આપ્યો-
'સોનાભાઇ! તમારી વાત સાચી છે. સમાન વેદના છતાં મારો અવાજ તમારા કરતા મોટો કેમ?
તો હવે સાંભળો એનો જવાબ.
તમને હથોડીનો માર પડે છે એ વાત સાચી પણ તમને મારનારો તમારો જાતભાઈ નથી જયારે મારા પર જે હથોડો તૂટી પડે છે એ આખરે તો મારો જાતભાઈ(લુહાર) છે ! '
વેદના બધાને થાય જ છે પણ તેના પ્રકાર હોય છે . .
જાતભાઈ એટલે કે સગા જ વધારે દર્દ આપે છે. . .

## પીર ભ્રમણ કરવા ગયા છે.

એક ફકીર જેવો વેશ ધારણ કરેલો શખ્સ ઘેર ઘેર માંગી ને પોતાનું પેટ ભરતોહતો, તેને કોઈ એક શખ્સે કહ્યું ભાઈ, આમ ભટકતા ભટકતા જીવન કેમ જાશે? કોઈ કામ ધંધો કર નહિતો ભૂખે મરવાનો વારો આવશે. ફકીરને પણ લાગ્યું કે વાત તો સચી છે, કંઈક જરૂર કરવું પડશે, એમ વિચાર કરતો આગળ ચાલવા લાગ્યો. રસ્તામાં એક દરગાહ જેવું ખંડેર જોઈને ત્યાં બેસીને હવે શું કરવું એ વિચારવા લાગ્યો. એ ખંઢેરમાં એક ભૂત રહે, તેને થયું આ માણસ મારી જગ્યા પચાવી પાડશે અને મારી શાંતિનો ભંગ કરશે, તેથી તે એ ફકીરને ડરાવવા ના અનેક પ્રયત્નો કરવા લાગ્યો, પણ ફકીર કોઈ રીતે ડર્યો નહીં ત્યારે ભૂત તેની સામે પ્રગટ થઈને કહેવા લાગ્યો કે ભાઈ તું કોણ છો? અને મારાથી ડરતો કેમ નથી? ફકીરે કહ્યું હું આ સંસારથી કંટાળી ગયો છું, જને તો આ જીવનથી છુટકારો

http://suratiundhiyu.wordpress.com/

જોઈએ છીએ, જે પોત જ મોત ઇચ્છતો હોય તેને બીક શાની? તું તારે જે કરવું હોય તે કર, હું તો થાક્યો છું તેથી આરામ કરીશ, આ જગ્યા મને ગમી છે, તેથી હવે તો અહિંજ રહી જવા વિચારી લીધું છે. ભૂત હતો હોશિયાર, એણે એક રસ્તો બતાવ્યો, કે જો તારું અને મારું બન્નેનું કામ થઈ રહે એવું કરીએ, આ જગ્યા સાફસૂફ કરીને તું જાહેર કરીદે કે મને અહીં પીર બાબા સાક્ષાત્ પ્રગટ થઈને આ જગ્યાની સેવા ચાકરી કરવાનું કહી ગયા છે, તેથી તને અહીંથી કોઈ હટાવશે નહીં, હું તો ભૂત છુંજ, મારી શક્તિના ઉપયોગ થી તને ચમત્કાર કરવામાં મદદ કરીશ, બોલ છે કબૂલ? ફકીરને તો એટલુંજ જોઈતું હતું, એ જગ્યા સાફસૂફ કરીને લાગ્યો રહેવા. ધીરે ધીરે આજુ બાજુ વાત માંડી ફેલાવા કે કોઈ ચમત્કારી બાબા આવ્યા છે અને ભૂત ભવિષ્ય જાણે છે. માનવ માત્ર લાલચુ તો છે જ, માંડી કતારો લાગવા, લોભી હોય ત્યાં ધુતારા ભૂખે ન મરે એ ન્યાએ ફકીર ની જાહો જલાલી વધવા લાગી,પીર બાબા માટે અનેક ચડાવા ચડવા લાગ્યા, અને ધન ના ઢગલા થવા લાગ્યા. આખા પરગણા માં પીર અને આ ફકીરની સેવા કરવા માણસો તત્પર રહેવા લાગ્યા. એક દિવસ પેલો ભૂત ફકીરને કહેવા લાગ્યો કે ભાઈ, મેં તારી ખૂબ મદદ કરી, મારા નામે તું ખૂબ કમાયો, એમાંથી હવે મને મોક્ષ મળે એવો કોઈ ઉપાય કરીને મને આ યોની માંથી છોડાવ. ફકીરે કહ્યું અરે ગાંડા તારી મદદ અને તારા ચમત્કારને લીધે તો આ બધું શક્ય બન્યું છે, હવે તને હું જવા દેતો હોઈશ? માટે આરામ થી અહીં રહે અને મને મદદ કરતો રહે. ભૂત સમજી ગયો કે મેં આ સ્વાર્થી ને મદદ કરીને મોટી ભૂલ કરી છે, તેથી તેણે ફકીરને કહ્યું કે તેં મને દગો દીધો છે, હવે હું તને મદદ કરવાનો નથી, મારા નામે ચાલતું તારું નાટક હવે કેમ ચાલે છે તે હું જોઈશ. હું મારી શક્તિ નો ઉપયોગ અત્યાર સુધી તારા ચમત્કાર સર્જવામાં કરતો તે હવે લોકોને તારી પોલ ખોલવા માં વાપરીને તને બરબાદ કરી નાંખીશ. બન્ને વચ્ચે ખૂબ જગડો થયો, પણ પેલો ફકીર ચાલાક નીકળ્યો, તેણે ભૂતને કહી દીધું કે હવે મને તારી કોઈજ જરૂર નથી, બીજે દિવસે તેણે સર્વે લોકો ને બોલાવી ને જાહેરાત કરી કે આજે રાત્રે પીર બાબા આવીને મને કહેવા લાગ્યા કે

"મારે દેશા ટટણ કરવા જવું છે, પણ આ જગ્યા પર એક ભૂત નજર રાખીને બેઠો છે, મારી હાજરીમાં તો એ તને કંઈ કરી શકતો નથી પણ મારા ગયા પછી તને હેરાન કરશે એ બીક છે, માટે તું બાજુ ના ગામમાં એક તાંત્રિક રહે છે, તેને બોલાવીને આ ભૂતનું નિવારણ કરીને તેનાથી સદાય છુટકારો મેળવી લેજે." તમે સર્વે લોકો મારા સેવકો છો તેથી હું તમને કોઈ હાની થવા નહીં દવ, તમારે કોઈ ભૂત થી ડરવાની જરૂર નથી, જો તે તમને દેખાય તો મારા નામના પોકાર કરવા લાગજો, એટલે એ મારાથી ડરી ને જતો રહેશે. અને બિજું હમણા પીર બાબા  હાજર નહીં હોય તેથી જેણે બાધા આખડી કરી હોય કે કરવાની હોય તેણે નિરાશ થવાની જરૂર નથી, તમારો ચડાવો નિયમિત અહિં ચડાવતા

http://suratiundhiyu.wordpress.com/

રહેજો બાબા પધારશે ત્યારે ક્રમ મુજબ બધાની માનતા પુરી કરશે, માટે કોઈ આ ક્રમ છોડશો નહીં, નહીંતર તમારો નંબર જલદી આવશે નહીં. ભુતે તેનાથી બનતા બધાય પ્રયત્નો કર્યા પણ ફકીરને કોઈ નુકસાન કરી ન શક્યો, ફકીરે લોકોને એવા ભ્રમિત કરેલા કે તેઓ આ પાખંડીના પાખંડને સમજી ન શક્યા અને છેતરાતા રહ્યા. મજબૂર બનીને ભૂત પણ ફકીરની મદદ કરતો રહ્યો, અને જે ભૂતને પણ મજબૂર બનાવી શકતો હોય તેની સામે લાલચુ કે ભોળા મનવ શી વિસાતમાં? ફકીરને હવે અઢળક ધન કમાયા પછી ભૂતના પરચાની ખાસ જરૂર ન હતી, જીવ્યો ત્યાં સુધી આરામ થી રહ્યો, પછી ઊપર શું થયું હશે તે તો ઉપરવાળો જાણે. આતો કંઈક સાંભળેલું અને કંઈક જોડેલું છે, પણ ભારત માં આવા પાખંડી બાકાઓ નો અત્યારે રાફડો ફાટ્યો છે, રોજ ટી.વી. ચાલુ કરો ત્યાં નવા નવા બાબાઓ ના ચિત્ર વિચિત્ર તેમજ સજી ધજી ને બેઠેલા અને વાહિયાત વાતો કરી ને ભોળા સાથે લાલચુ લોકોને ઠગતા નરાધમો નજરે પડે, આપણું સુરક્ષા તંત્ર પણ કેવું છે? જ્યાં સુધી કોઈ ફરિયાદ ન કરે ત્યાં સુધી આવા ઠગોને કોઈ રોક ટોક વિના લોકોને ઠગવાદે, અને જ્યારે કોઈ પગલાં ભરે ત્યાં સુધીમાંતો આવા ઠગો એટલાં ધનાઢ્ય બની બેસે કે પોતાના કરતૂત છુપાવવા માટે સફેદ ઠગોને લાલચ આપીને પોતાનું કાર્ય આસનીથી ચલાવતા રહે. આવા બધા પાખંડીઓ ના પ્રતાપે સાચા સંતો અને ભક્તો ને પણ આપણે ખોટી રીતે જોવા લાગીએ છીએ. આજના જમાનામાં ટી.વી. અને સમાચાર પત્રો જેવા માધ્યમો મારફતે કેવા કેવા કિસ્સાઓ બહાર આવતા હોય છે, કેટલી કેટલી સમજ આપવામાં આવે છે, છતાં લોકો કેમ ભરમાય જાય છે ? કઈ હદ સુધી માનવીની લાલચ તેને ખોટાં કામ કરવા પ્રેરે છે? નથી લાગતું આપણે હજુ ઘણું બધું શીખવા નું અને શીખવવાનું બાકી છે ? ઈશ્વર સૌને સદ્બુદ્ધિ આપે એજ અભ્યર્થના - kedarsinhjim@gmail.com

## હસતાં ચહેરા હવે દુર્લભ બની ગયા છે

બેપ્રકારના લોકોનો ક્યારેય ભરોસો ન કરવો. એક જે ક્યારેય હસતા ન હોય અને બીજા જે દરેક વાતમાં હસતાં હોય. આજે કોઈ વસ્તુની અછત હોય તો એ 'સેન્સ ઓફ હ્યુમર'ની છે. હાસ્યનો જ્યારે દુકાળ પડે છે ત્યારે માણસના ચહેરા પર ન દેખાય એવી તિરાડો ઉપસી આવે છે. જિંદગીને લોકો એટલી બધી ગંભીરતાથી લેવા માંડયા છે કે જિંદગીમાંથી હાસ્ય ગુમ થતું જાય છે.

તમે વિચાર કરી જોજો કે આજે આખા દિવસ દરમિયાન તમે કેટલી વાર હસ્યા હતા? આપણે કેમ કોઈ વસ્તુ હળવાશથી લઈ શકતા નથી? આજના સમયની જો કોઈ કોમન કમ્પ્લેન હોય તો

http://suratiundhiyu.wordpress.com/

એ છે કે ક્યાંય મજા નથી આવતી. મજા જો અંદર નહીં હોય તો એ ક્યારેય બહારથી આવવાની નથી. તમારે તમારા લોકોને મજામાં રાખવા છે? તો પહેલાં તમે મજામાં રહો. તમે જેવું ઇચ્છતા હો એની શરૂઆત તમારે જ કરવી પડે.

માણસ જેમ જેમ આધુનિક બનતો જાય છે એમ એમ એનું હસવાનું ઘટતું જાય છે. માણસને હવે હસવા માટે પણ એસએમએસ અને કોમેડી શોની જરૂર પડવા લાગી છે. આપણું હસવું હવે આપણાં હાથની વાત નથી. હસવા માટે આપણને કશાકનો આધાર જોઈએ છે. વાહિયાત કોમેડી શો જોઈને આપણે હસવાનો ધરાર પ્રયત્ન કરીએ છીએ. હાસ્ય પણ હવે નેચરલ રહ્યું નથી. જો આવું જ ચાલ્યું તો એક દિવસ ગલગલિયાં કરવાં માટે પણ એક્સપર્ટ્સ હાજર હશે. ચાર્જ લઈને એ તમને ગલગલિયાં કરશે. હસવું ચાર્જેબલ થતું જાય છે.

લોકોને હવે કોમેડી ફિલ્મ વધુ ગમવા લાગી છે. લોકો એવી વાત કરે છે કે આપણી ઉપાધિઓ કયાં ઓછી છે કે ફિલ્મ જોઈને કાલ્પનિક ઉપાધિઓ વહોરી લેવી! એના કરતાં કોમેડી ફિલ્મ જોવી સારી. મગજ ઘરે મૂકીને જ જવું ! કેવું છે, આપણને હવે હસવા માટે પણ મગજને ક્યાંક બીજે મૂકવાની જરૂર લાગવા માંડી છે. મગજ જો બોલી શકતું હોત તો કદાચ એ પણ એવું કહેતું હોત કે સારું છે તમે મને થોડો સમય રેઢું મૂકો છો, હું પણ થાકી જાઉં છું.

મગજની વાત નીકળે ત્યારે આપણે એવી વાતો સાંભળીએ છીએ કે માણસ એના મગજનો બહુ ઓછો ઉપયોગ કરે છે. આઈન્સ્ટાઈન કેટલા ટકા મગજનો ઉપયોગ કરતા હતા તેનાં ઉદાહરણો આપીએ છીએ. સવાલ એ નથી કે આપણે મગજનો કેટલો ઉપયોગ કરીએ છીએ, સવાલ એ છે કે આપણે મગજનો કેવો ઉપયોગ કરીએ છીએ. આપણે મગજનો જેટલો ઉપયોગ કરીએ છીએ એટલો બરાબર કરીએ છીએ? મગજના ઉપયોગની ટકાવારીની વાત સાંભળીને એક મિત્રએ કહ્યું કે સારું છે આપણે મગજનો ઓછો ઉપયોગ કરીએ છીએ. આટલા ઉપયોગ પછી પણ આવી હાલત છે તો મગજના પૂરતાં ઉપયોગ પછી શું થાત? કદાચ મગજ જ ફાટી જાત.

માણસ બધી વસ્તુમાં 'ગોલ' નક્કી કરે છે. મારે આટલું હાંસલ કરવું છે. મારે આટલું કમાવવું છે, મારે અહીં પહોંચવું છે. સાથોસાથ હવે માણસે એ પણ નક્કી કરવાની જરૂર છે કે મારે જિંદગીમાં આટલું હસવું છે. જિંદગીમાં મને આટલી હળવાશ જોઈએ છે. ધરાર ભારે રહેવાનો કોઈ મતલબ નથી. દુઃખી રહેવું ફરજિયાત નથી. આખી દુનિયામાં ઘણી જાતની સૂચનાઓનાં બોર્ડ લગાવેલાં હોય છે પણ ક્યાંય એવું બોર્ડ હોતું નથી કે અહીં હસવાની મનાઈ છે. આપણે તો હસવાનું હોય ત્યાં પણ સોગિયાં મોઢાં કરીને બેઠાં હોઈએ છીએ. હાસ્યના કાર્યક્રમમાં પણ કેટલા લોકો

http://suratiundhiyu.wordpress.com/

ખડખડાટ હસી શકે છે? બધાં એવું વિચારે છે કે આપણે કેવા લાગીએ? યાદ રાખો,હસવાથી કોઈ ક્યારેય ખરાબ લાગતું નથી. હાસ્ય તો યુનિવર્સલ છે. હાસ્યની ભાષા એક જ છે.
લાઈફ ઇઝ નોટ સીરિયસ બિઝનેસ. પણ આપણને બધું તલવારના જોરે મેળવવાની આદત પડી ગઈ છે. જાણે હસશું તો કંઈક લૂંટાઈ જશે. સ્ટ્રીક્ટનેસ એ જિંદગીની લાક્ષણિકતા બની ગઈ છે. ક્યાંક કશી મોકળાશ છે જ નહીં એટલે જ આપણને હવે દરેક વસ્તુનો થાક લાગે છે. માણસને ઊંઘથી પણ આરામ મળતો નથી. સવારે ઊઠીએ ત્યારે પણ આપણને થાક વર્તાય છે. આપણે ઊંઘને દોષ દઈએ છીએ, કારણ કે આપણને પોતાની જાતને દોષ દેતાં આવડતું જ નથી. રાતે હસીને ન સૂઈએ તો સવાર ઉદાસ જ ઊગવાની છે.
બાળકને જોજો, એ ઊંઘમાં પણ હસતું હશે. આપણે ઊંઘમાં પણ કણસતા હોઈએ છીએ. આપણાં સપના પણ બિહામણાં બની ગયાં છે. જે જાગતી અવસ્થામાં હળવો નથી રહી શકતો તેની ઊંઘ પણ ભારે હોય છે. માણસ પોતાની જાત સાથે જીવવાનું ભૂલતો જાય છે. આપણે આપણી સાથે જીવીએ છીએ? તેનો જવાબ ના છે. આપણે મોબાઈલ અને લેપટોપ સાથે જીવવા લાગ્યા છીએ. કુદરતથી દૂર થતાં જઈએ છીએ. આપણને હવે દરેક વાતની સીડી જોઈએ છે, પેનડ્રાઈવ જોઈએ છે. આપણને હવે બીજી વસ્તુઓ ડ્રાઈવ કરે છે. આપણું સ્ટિયરિંગ આપણાં હાથમાં જ નથી. સ્માઈલિંગ ફેઈસ પણ હવે ડિજિટલાઇઝ્ડ બની ગયા છે. ગોળ પીળો ચહેરો આપણે એટેચ કરીને હેવ ફનનો મેસેજ કરી દઈએ છીએ. હાસ્યનો ચહેરો પીળો હોય? કોઈ હસતી વ્યક્તિના ચહેરા પર તમે પીળાશ જોઈ છે? હાસ્યનો ચહેરો તો ગુલાબી હોય.
તમે રોડ પર પસાર થતાં કે તમારી સાથે કામ કરતાં લોકોના ચહેરા પર નજર કરજો, કેટલાં લોકોના ચહેરા પર હાસ્ય હોય છે?ઉદાસી અને ઉપાધિ એ આજના સમયની સૌથી મોટી સમસ્યા છે. માણસના ચહેરાની ચામડી જડ થતી જાય છે. એક માણસ બ્યુટિશિયન પાસે ગયો. તેણે કહ્યું કે મારો ચહેરો તંગ થતો જાય છે, મારી સ્કિન ખેંચાય છે. ફેઈસ ડેડ લાગે છે. બ્યુટિશિયને હસીને કહ્યું કે, તમારે એક જ કામ કરવાનું છે. હસવાનું થોડુંક વધારી દો.
ડિપ્રેશનનું સૌથી મોટું લક્ષણ કયું છે? જે માણસ ડિપ્રેશનમાં હોય એ હસી શકતો નથી. તેના ચહેરા પરથી હાસ્ય જાણે અલોપ થઈ ગયું હોય છે. બીજી રીતે એમ પણ કહી શકાય કે જે હસતો નથી એના ડિપ્રેશનમાં જવાના ચાન્સીસ સૌથી વધુ રહે છે. તમારે તમારી જિંદગીને નેચરલ રાખવી છે તો હસતાં રહો.

http://suratiundhiyu.wordpress.com/

કેવું છે? માણસને રડવું તરત આવી જાય છે અને હસવા માટે મહેનત કરવી પડે છે. તમારે જો હસવા માટે મહેનત કરવી પડતી હોય તો યાદ રાખજો કે તમારી જિંદગીમાં કંઇક ખૂટે છે. હવે તો માણસ હસવાનું પણ કોઈને સારું લગાડવા માટે કરે છે. માણસ હવે ખોટું હસતા શીખવા લાગ્યો છે. સાચું હસવાનું ભૂલી ગયેલા માણસ કેટલી વાર ખોટું હસતો હોય છે. ઘણા માણસોના તો હાસ્યમાં પણ રમત હોય છે. એટલે જ આપણે કહીએ છીએ કે તેના હસવા ઉપર ન જતો, એના હાસ્ય પાછળ છૂપી ક્રૂરતા છે. હસવાનું નાટક કરવું એ સૌથી મોટું પાપ છે. આપણે જ્યારે હસતાં હોઈએ છીએ ત્યારે ખરેખર હળવા હોઈએ છીએ? પાર્ટીઓમાં અને મિટિંગમાં આપણે હસવાના કેટલા નાટક કરતાં હોઈએ છીએ? આવી રીતે હસતાં લોકો કરતાં તો ઉદાસ લોકો કદાચ વધુ નેચરલ હોય છે. કમસે કમ એ પોતાની ઉદાસી છુપાવતા તો નથી.
હાસ્યને કૃત્રિમ ન બનાવો. જે કંઈ કોસ્મેટિક છે એ નેચરલ નથી. જેણે મેકઅપ કર્યો હોય એ દેખાઈ આવે છે. એવી જ રીતે ખોટું હાસ્ય પણ પકડાઈ જતું હોય છે. જે પોતાની જાત સાથે જીવી શકે છે એ જ ચહેરા ઉપર સાચું હાસ્ય ઉત્પન્ન કરી શકે છે. તમને જિંદગીથી ભાર લાગે છે? તો એક કામ કરજો, હસવાનું થોડુંક વધારી દો. અને હા ખરાં દિલથી હસજો, હળવાશ લાગશે. યાદ કરો તમે છેલ્લે ખડખડાટ ક્યારે હસ્યા હતા? છેલ્લે ક્યારે હસી હસીને તમારી આંખમાં પાણી આવી ગયાં હતાં? હસવાથી આંખોમાં પાણી આવી જાય ત્યારે જ આપણે ખરા અર્થમાં છલોછલ અને તરબતર હોઈએ છીએ. હાસ્ય તો ચહેરાની ખરી ચમક છે. હસશો નહીં તો ચહેરા ઉપર પણ કાટ લાગી જશે.

- કૃષ્ણકાંત ઉનડકટ

છેલ્લો સીન : પ્રસન્નતા વસંતની જેમ હૃદયની બધી કળીઓને ખીલવી જાય છે - મેપોલ

## આ આત્મા અને દેહની ભીન્નતાનું જ્ઞાન એટલે જ સ્થિત પ્રજ્ઞતા

તથાગત ( ભગવાન બુધ્ધ) ધ્યાનસ્થ હતા ત્યારે એક ભક્તે આવીને તેમના ચરણે ફુલ ચઢાવ્યા..શિરે શ્રધ્ધાથી અહોભાવ ભર્યો ચાંદલો કર્યો...ભોગ પેટે પકવાન નો થાળ ધર્યો. તથાગત તો ધ્યાન્સ્થ હતા તેથી ન ચળ્યા કે ન ભાવન્વીત થયા...કે ન ખુશી બતાવી. પણ તેમનો શિષ્ય તથાગતનું બહુમાન થતુ જોઇ ખુબ પ્રસન્ન થયો. તથાગતે શિષ્યનાં આનંદ સામે ફક્ત કરુણા ભાવથી જોયુ.

http://suratiundhiyu.wordpress.com/

સાંજે કોઇક બીજુ નિમિત્ત બન્યુ અને ભક્તે આવીને તથાગતને અપશબ્દોથી ભાંડવા જ માંડ્યુ..સવારે ફુલોથી પુજાયેલા ભગવાન બુધ્ધ ઉપર તીખા અને અભદ્ર શબ્દોનાં બાણોની વર્ષા છુટી...શિષ્ય તો દુઃખી દુઃખી થઇ ગયો. તે સમયે પણ તથાગતની આંખમાં એકલી કરુણા હતી જે કરુણા સવારે તેમનું બહુમાન થતુ હતુ ત્યારે હતી

શિષ્ય વ્યથીત થઇને તથાગતને પુછે છે " ગુરુદેવ! તમને દુઃખ ના થયુ..આ માણસ તમને જેમ ફાવે તેમ બોલતો હતો.. અને મારુ મસ્તક શરમથી ઝુકી ગયું"

તથાગતે પહેલિવાર તેમનું મૌન છોડીને જવાબ આપ્યો.." આ બધા માન અને અપમાનનાં બંધનો છોડવા તો સંન્યાસ લીધો છે. સવારે જે બહુમાન કરતો હતો તે અને સાંજે મારું અપમાન કરતો હતો તે બંને પ્રક્રિયા મારા શરીર સાથે થતી હતી મારો આત્મા તો બંને થી ભીન્ન હતો અને ઘટતી બંને ઘટનાઓને હું તો સાક્ષી ભાવથી જોતો હતો.

આ આત્મા અને દેહની ભીન્નતાનું જ્ઞાન એટલે જ સ્થિત પ્રજ્ઞતા

http://suratiundhiyu.wordpress.com/

## જીવન શું છે ?

જીવન એક ખેતર છે. તે જૂઠું નહીં બોલે. તમે એને જેટલું આપો તેનાથી સોગણું કરીને તે પાછું આપે, પણ તમે કશું નહીં આપો તો એની પાસેથી તમને કશું નહીં મળે. જીવન ખોટું લગાડતું નથી અને ખુશામત પણ કરતું નથી. ચોખ્ખો હિસાબ છે,જેવું આપો તેવું મળે. જીવનને તમે શું શું આપ્યું છે? સાચું કહો. જીવન પ્રત્યે તમને અવિશ્વાસ છે,કંજુસાઈ છે, નફરત છે. ઓછામાં ઓછું આપો અને ન છૂટકે આપો પછી જીવનમાં સારા પાકની આશા કેમ રખાય ?

તમે ફરિયાદ કરો છો કે તમારું ભાગ્ય ઊઘડ્યું નહિ,જીવન ફળ્યું નહિ, તમે છેતરાયા છો, ભરમાયા છો,પણ તમારી ફરિયાદ સાચી નથી. ધરતી છેતરતી નથી. જીવન છેતરતું નથી. જીવન જૂઠું બોલતું નથી. જીવન તમને ફક્ત યાદ દેવરાવે છે કે તમે કશું આપ્યું જ નથી. ક્યાં પ્રેમ કર્યો છે, ક્યાં સાહસ કર્યું છે, ક્યાં ભોગ આપ્યો છે, ક્યાં શ્રદ્ધા રાખી છે ?તમે ઝંપલાવ્યું

નથી, અજમાવ્યું નથી, જીવન હોડમાં મૂક્યું નથી. પછી બદલામાં શું મળે ? તમે તમારી નિરાશા બતાવો એમાં તમે તમારા જીવનનો ગૂનો કબૂલ કરો છો અને જાહેર કરો છો. કારણ કે તમે જીવનમાં ખરેખર સાચી મૂડી રોકી હોત તો એનું મબલક વ્યાજ તો તમને મળી ચૂક્યું હોત. જીવન જૂઠું બોલતું નથી.

## સુખની શોધ ઘરમાં કરો : લાઈનસ ફરેરા

દરેક માણસ સુખની શોધમાં હોય છે. માણસ પોતાની પ્રકૃતિ પ્રમાણે જુદા જુદા ઠેકાણે, જુદી જુદી વસ્તુઓમાં, જુદી જુદી પરિસ્થિતિઓમાં સુખની શોધ કરતો રહે છે.

પરંતુ-લાઈનસ ફરેરા નામના ચિંતક-સુખની શોધ ઘરમાં કરવાની સલાહ આપે છે અને તે મેળવવાની ચાવીઓ પણ  બતાવે છે.

(૧) Never try to discipline your child when angry.
જ્યારે ગુસ્સમાં હો ત્યારે બાળકને શિસ્તના પાઠ ભણાવવાનો કદાપિ પ્રયાસ ન કરો.  ગુસ્સો નાના મોટા સૌને ભાન ભુલાવી દેતો હોય છે.  મોટાં પોતાના ગુસ્સમાં બાળકને ગમે તેમ સંભળાવી દેતાં હોય છે; પરંતુ આ ચિંતકો માને છે
ઉભયપક્ષે જ્યારે ગુસ્સાનું સામ્રાજ્ય  પ્રવર્તતું હોય, ત્યારે બાળકને શિસ્તનો પાઠ ભણાવી દેવાનું સાહસ કરવું નહીં.  બાળક નાનું છે.  પરતંત્ર છે, એ વાત સાચી છે; પરંતુ તેથી કાંઈ તેના વ્યક્તિત્વને નકારી શકાય એમ નથી.  આથી કદાચ દરથી બાળક તાબે થઇ જાય પણ તે શિસ્તબદ્ધ થઇ ગયું છે એમ નહીં કહી શકાય.

(૨) Make yourself approachable.
તમારી પાસે ઘરના સભ્યો સહેલાઈથી આવી શકે એવું વ્યક્તિત્વ બનાવો. કેટલાક વડીલો એવા દુર્વાસા જેવા હોય છે, કે તેમની પાસે ઘરના માણસો પણ જતાં ડરતા હોય છે.  ખાસ કરીને બાળકોની બાબતમાં આ વાત  સો ટકા સાચી છે. કેમ કે બાળકો મોટેરાંના હાવભાવ પરથી એમનાં હૃદયને પારખી જતાં હોય છે. જો બાળકોને માટે આપણે સહેલાઈથી મળી  શકાય એવા

http://suratiundhiyu.wordpress.com/

ન બની શકતા હોઈએ તો ઘરમાં બાળકો કે અન્ય સભ્યો હોય કે ન હોય, કંઈ બહુ ફરક પડતો નથી.

આથી ચિંતકની સલાહ છે કે તમે તમારું વ્યક્તિત્વ એવી રીતે ઘડો કે જેથી ઘરનું કોઈ પણ માણસ તમારી પાસે આવતાં સંકોચ ન અનુભવે. વધારે પડતો કડપ માણસને વાત છુપાવવા પ્રેરે છે. કુટુંબનો સભ્ય છૂટથી વાત કરી શકતો નથી. અને આ રીતે છુપાવી રાખેલી વાત અનેકાનેક વિકૃતિઓ રૂપે પ્રકટ થાય છે. આથી આપણે એવું વ્યક્તિત્વ કેળવીએ કે આપણા ઘરના સભ્યોને એમ લાગે કે આ માણસ આપણો સ્વજન છે, મિત્ર છે, રક્ષક છે. આવા માણસને માટે અન્યત્ર સુખ શોધવાની જરૂર રહેતી નથી.

(3) Don't keep repeating the wrong your child has done.

તમારા બાળકે જે કાંઈ ખોટું કામ કર્યું હોય તે ફરી ફરીને તેને કહી ન બતાવો. આપણે જાણીએ છીએ કે ભૂલ કરવી એ માનવનો સ્વભાવ છે. નાનાં મોટાં સૌથી ભૂલો થયા જ કરતી હોય છે. આથી ભૂલ એ આપણી દુઃખતી રાગ બની જાય છે. આપણને પોતાને એ ભૂલ ખટક્યા જ કરતી હોય છે; પરંતુ આપણે રીઢા બની ગયાં હોઈએ છીએ, તેથી કોઈ વારંવાર એની યાદ આપણને આપ્યા કરે તો આપણે ન ગમતું હોવા છતાં એને સહન કરી લઈએ છીએ અથવા એક યા બીજી રીતે એનો પ્રતિકાર કરી લેતાં હોઈએ છીએ.

બાળકની વાત જરા જુદી છે. એનું હૃદય કોમળ હોય છે, એ રીઢું બનેલું હોતું નથી. તેથી તેને જો તેની ભૂલની વારંવાર યાદ અપાવ્યા કરીએ તો એના મનમાં એવી ગ્રંથિ બંધાઈ જાય છે કે હું આવો જ છું. હું આવા વ્યક્તિત્વને લીધે કદાપિ સુધારી શકીશ જ નહીં. એને કોઈ પણ બાળકને પોતાનું ઉજ્જવળ ભવિષ્ય હોય છે જ. આથી બાળકની પાસેથી આપણે સુખની અપેક્ષા રાખતા હોઈએ તો એને એની ભૂલ બતાવી બતાવીને આપણે એને બુઠ્ઠો ન બનાવી દઈએ.

(૪) Do not think that money can be a substitute for your love.

http://suratiundhiyu.wordpress.com/

એમ ન માની લો કે પૈસા એ તમારા પ્રેમનો -વાત્સલ્યનો વિકલ્પ છે.  તમે પૈસા ખર્ચી નાખ્યા એટલે પત્યું.  તમારે તમે જેને માટે પૈસા ખર્ચો છો, તેને તમે પ્રેમ નહીં આપો કે વાત્સલ્ય નહીં આપો તો ચાલશે એમ માનવું ભૂલ ભરેલું છે.
આજે ગમે તેમ પણ ખૂબ વ્યસ્ત રહેતાં માબાપ કે દંપતી એમ માનીને ચાલે છે કે આપણે પૈસા દ્વારા  ઘરના સભ્ય ની જરૂરીયાત પૂરી પાડી દઈએ એટલે આપણા કર્તવ્યની ઇતિશ્રી આવી જાય છે.

પરંતુ આ ચિંતક માને છે કે માત્ર સ્થૂળ જરૂરીયાતોની પૂર્તિ જ પૈસા દ્વારા થતી હોય છે.  બાળક કે અન્ય સભ્યોની ઝંખના જુદા જ પ્રકારની હોય છે. એમની કામના હોય છે પ્રેમભર્યા સ્પર્શની, વાત્સલ્યભર્યા બે શબ્દોની.  ભગવાન પાસે ભક્તિની ચાહના હોય છે. હે ભગવાન મારે સ્થૂળ જરૂરીયાતો સંતોષે તેવા વરદાનની કોઈ જરૂર નથી.  મારે તો જોઈએ
છે માત્ર તમે મારા હૃદયમાં આવીને વસો એ જ અથવા એક અત્યંત વ્યસ્ત પિતાનો બાળક એને પૂછે છે;  પિતાજી આપને કલાકનું વેતન કેટલું મળે છે ?  પિતા પોતાનું વેતન કહે છે, ત્યારે બાળક કહે છે કે પિતાજી મારી પાસે એથી અડધી રકમ ખિસ્સાખર્ચીમાંથી બચાવેલી છે અને અડધી તમે મને આપો તો હું તમને એ વેતન આપી દઉં પણ તમે મને એક કલાક પ્રેમથી વાતો કરવા માટે આપો.  મારી સાથે એકાદ કલાક પસાર કરો. આ દિશામાં પણ સુખની શોધ કરવા જેવી ખરી.

(૫)  Never compare your child with others.

તમારા બાળકની સરખામણી અન્ય સાથે ન  કરો.  મોટા ભાગનાં માબાપની એ આદત હોય છે કે તેઓ પોતાનાં બાળકોની તુલના અન્યનાં બાળકો સાથે કરતાં રહે છે.  તુલનાનો આ એક પ્રકાર છે.  બીજો પ્રકાર છે પોતાનાં જ અન્ય બાળકો સાથે એકાદ બાળકની તુલના કરવી. આ બંને પ્રકારો નિંદાપાત્ર છે.  આમ કરવાથી બાળકને એમ લાગે છે કે મારાં માબાપને મન બીજાં બાળકો અથવા બીજાનાં બાળકો જ સારાં છે.  તેમને મન મારી તો કોઈ ગણતરી જ હોતી નથી.

બાળકોની તુલના કરીને માબાપ જે મેળવી શકતાં હોય, તે તો તેઓ જ જાણે.  પણ તેઓ બાલમાનસમાં એક વિષવેલ વાવી દે છે, એ વાતમાં કોઈ શંકા નથી. કેમ કે આ પ્રવૃત્તિમાં તેઓ

http://suratiundhiyu.wordpress.com/

બાળકને મન તો આકરાં થઇ જ્યા છે.  તદુપરાંત તે બાળક અન્ય બાળક વિષે પણ અદેખાઈ કરતુ થઇ જાય છે. બાળકને આ પ્રવૃત્તિથી ગ્રંથિ બંધાઈ જાય છે કે મારા માબાપ બીજા માટે પક્ષપાત દાખવે છે.  આ વૃત્તિ જ ભવિષ્યની અનેક સમસ્યાઓનું ખાતમૂહૂર્ત કરી દે છે. પરિણામે ઘરનું સુખ, ઘરની શાંતિ જોખમમાં મુકાઈ જાય છે.

અહીં ચિંતકે-FAMILY  શબ્દને ઘરના પર્યાય તરીકે યોજીને એ શબ્દને શાબ્દિક રમતની રીતે ઘટાવવાનો પ્રયત્ન કર્યો છે.
એ રમત છે  Father and Mother I Love you. બા અને  બાપુજી, મમ્મી અને પપ્પા હું તમને ચાહું છું.

૦૬-૧૪-૨૦૧૨

# ઈશ્વર સાથે ચેટિંગ

એક વખત હું મારા લૅપટૉપ પર ચેટિંગ કરતો હતો. ત્યાં મને ઈશ્વરનો ઓનલાઈન ભેટો થઈ ગયો.
ઈશ્વર : 'શું તું મારી સાથે ચેટિંગ કરવા માંગે છે ?'
હું : 'ના, મેં તમને બોલાવ્યા નથી. તમે કોણ છો ?'
ઈશ્વર : 'વત્સ ! હું આ સમસ્ત બ્રહ્માંડનો અને આ સૃષ્ટિનો સર્જક છું....ઈશ્વર છું.'
હું : 'હું કેવી રીતે માનું કે તમે ઈશ્વર છો ? તમારા જેવા તો ઘણા પોતાની જાતને અહીં 'ભગવાન' કહેવડાવે છે.'
ઈશ્વર : 'માનવું કે ન માનવું એ તારી મરજીની વાત છે. મને તેનાથી કોઈ ફરક નથી પડતો. તને જો તારી જાતમાં વિશ્વાસ ન હોય તો પછી મારામાં ક્યાંથી હોય ?'
હું : 'ઓ.કે. પરંતુ હું અત્યારે નવરો નથી. તમારી સાથે વાત કરવાનો મને સમય નથી. તમે જાણો છો કે હું કેટલો વ્યસ્ત છું ?
ઈશ્વર : 'વ્યસ્ત તો કીડી મંકોડા પણ આખો દિવસ હોય છે !'
હું : 'તમને ખબર નથી કે અમારે કેટલું કામ હોય છે. જિંદગી કેટલી ઝડપી થઈ ગઈ છે. અત્યારે ' પીક અવર્સ' ચાલે છે.

http://suratiundhiyu.wordpress.com/

ઈશ્વર : 'ભાઈ, સવારના પહોરમાં તું છાપાઓમાં ભરેલો દુનિયાભરનો કચરો મગજમાં ઠાલવે છે. એટલું ઓછું હોય તેમ, અત્યારે તારા 'પીક અવર્સ'માં ઈન્ટરનેટથી બીજા વધારે કચરાનો ઉમેરો કરે છે. આને તું વ્યસ્તતા કહે છે ? તને તારા માટે ફુરસદ ન હોય તો મારા માટે તો ક્યાંથી હોય ? પણ મને થયું ચાલ, ઈન્ટરનેટ પર તો તું ચોક્કસ મળી જ જઈશ અને તને એ વધુ અનુકૂળ પડશે; જેમ તું તારા પુત્રોને મોબાઈલ પર જ મળી લે છે ને તેમ !'

હું : 'જો તમે ખરેખર ઈશ્વર હોવ તો મને જવાબ આપો કે જિંદગી આટલી બધી ગુંચવણભરી કેમ બની ગઈ છે ?'

ઈશ્વર : 'જિંદગીનું બહુ પિષ્ટપેષણ કરવું સારું નહિ. અતિશય ઉપભોક્તાવાદ અને આડેધડની તૃષ્ણાઓ ઓછી કરીને સહજ રીતે જીવ , બેટા !'

હું : 'તમને ખબર છે કે અમારું જીવનધોરણ કેટલું ઊંચું થઈ ગયું છે ?'

ઈશ્વર : 'હા, ફક્ત તારું જીવનધોરણ જ ઊંચું ગયું છે , જીવન ઊંચું નથી ગયું... એ જ તો તકલીફ છે ને !'

હું :'તો શું અમારે પાછા જવું ? પાછા ફરવું તો અમારે માટે શક્ય જ નથી.'

ઈશ્વર : 'મેં તને પાછા ફરવાનું કહ્યું નથી, પરંતુ ધારે તો તું નવેસરથી શરૂઆત તો કરી શકે ને ? ટેકનોલૉજીએ ઊભા કરેલા તારા પ્રશ્નોને દૂર કરવા માટે તારે જ કોઈ નવી ટેકનોલોજી વિકસાવવી પડશે !'

હું : 'અમે કાયમ ઉદાસ, નિસ્તેજ અને દુ:ખી કેમ હોઈએ છીએ ?'

ઈશ્વર : 'હરીફાઈમાં સતત આગળ નીકળવા તેં તારી જાતને 'ઉંદરદોડ' માં

## ધર્મ અને વિજ્ઞાન

અંધશ્રદ્ધા છે આંધળી, વહેમને વંટોળે વહે;
અતીશ્રદ્ધા છે અવળચંડી, વેવલાપણાંનાં વાવેતર કરે.
યુરોપે અટપટાં યંત્રો શોધી ફીટ કર્યાં ફેક્ટરીમાં;
આપણે સીદ્ધીયંત્રો બનાવી, ફીટ કર્યાં ફોટામાં.
પશ્ચીમે ઉપગ્રહ બનાવી, ગોઠવી દીધા અંતરીક્ષમાં;
આપણે ગ્રહોના નંગ બનાવી, મઢી દીધા અંગુઠીમાં.
જાપાન વીજાણુ યંત્રો થકી, સમૃદ્ધ બન્યું જગમાં;

http://suratiundhiyu.wordpress.com/

આપણે વૈભવલક્ષ્મીનાં વ્રતો કરી, ગરીબી રાખી ઘરમાં.
અમેરીકા વૈજ્ઞાનીક અભીગમથી બળવાન બન્યો વિશ્વમાં;
આપણે ધાર્મિક કર્મકાંડો થકી, કંગાળ બન્યા દેશમાં.
પશ્ચીમે પરીશ્રમ થકી, સ્વર્ગ ઉતાર્યું આ લોકમાં;
આપણે પુજાપાઠ–ભકતી કરી, સ્વર્ગ રાખ્યું પરલોકમાં.
એડવર્ડ જેનરે રસી શોધી, શીતળા નાબુદ કર્યા જગમાં;
આપણે શીતળાનાં મંદીર બાંધી, મુર્ખ ઠર્યા આખા જગમાં.
પર્યાવરણ–પ્રદુષણથી જયારે જગત આખું છે ચીંતામાં;
આપણે વૃક્ષો જંગલો કાપી, લાકડાં ખડક્યાં ચીતામાં..
વાસ્તુશાસ્ત્રનો દંભ ને વળગાડ, લોકોને પીડે આ દેશમાં;
ફાલતુશાસ્ત્ર છે એ, છેતરાશો નહીં, ઠગનારા ઘણા છે આ દેશમાં.
સાયંટીફીકલી બ્લડ ચેક કરી, એંગેજમેન્ટ કરે પશ્ચીમમાં,
સંતાનોને ફસાવી જન્મકુંડળીમાં, લગ્નકુંડાળાં થાય આ દેશમાં.
લસણ–ડુંગળી–બટાકા ખાવાથી પાપ લાગે આ દેશમાં,
આખી ને આખી બેન્ક ખાવા છતાં પાપ ન લાગે આ દેશમાં

## ભગવાનનો આપને વિનંતીપત્ર

તારીખ : આજની જ.
પ્રતિ, તમોને જ
 વિષય : જિંદગી અને તમે !
શ્રી
હું ભગવાન - આજે તમને બે શબ્દો લખવા માંગું છું. ધ્યાનથી વાંચજો. આજે તમારી જિંદગીના બધા જ પ્રશ્નોનું નિરાકરણ કરી શકાય તેવો રસ્તો તમને બતાવવાનો છું. એટલું યાદ રાખજો મારે તમારી મદદથી કોઈ પણ જગ્યાએ જરૂર પડવાની નથી. હું તમારી પાસે સીધો આવવાનો પણ નથી. તમારે ફક્ત નીચેના મુદ્દાઓ યાદ રાખવાના છે અને એ મુજબ પાલન કરવાનો પ્રયત્ન કરવાનો છે

http://suratiundhiyu.wordpress.com/

[1] જિંદગી તરફથી એવી કોઈ સમસ્યા ઊભી થાય કે જે તમારાથી હલ ન થઈ શકે તો એને મારા નામની પ્રાર્થનાના પોસ્ટબૉક્સમાં મૂકી દેવી. એના ઉપર - ભગવાનને માટે - એવું અવશ્ય લખવું. એક વખત આ બૉક્સમાં સમસ્યા મૂક્યા પછી વારંવાર એને બહાર કાઢીને તપાસ્યા ન કરવું. એનું નિરાકરણ ચોક્કસ થશે, પણ હા ! મારા સમયે, તમારા સમયે નહીં!

[2] તમે ધંધાની કોઈ આફતમાં રાઈ જાવ તો મૂંઝવણ ન અનુભવશો. ફકત એવા માણસોને યાદ કરજો કે જેની પાસે ધંધો જ નથી.

[3] ટ્રાફિકમાં ક્યારેય પણ ફસાવ તો અધીરા ન થશો, એવા લોકોને યાદ કરજો કે જેને માટે કાર ચલાવવી એ એક પરીકથાની વસ્તુ જેવું હોય.

[4] તમારા શેઠ કે સાહેબ તમને ક્યારેક ખિજાય તો એવા માણસોનો વિચાર કરજો કે જેમના નસીબમાં કામ કે નોકરીમાં કામ કે નોકરી લખાયા જ ન હોય. જે સાવ બેકાર હોય.

[5] તમારો એકાદ રવિવાર કે રજા ખરાબ જાય તો દુ:ખી થવાને બદલે એવા લોકોનું સ્મરણ કરી લેજો કે જેને કુટુંબનું પેટ ભરવા માટે રોજેરોજ કપરી મજૂરી કરવી પડતી હોય. જેનો એક પણ રવિવાર રજાનો દિવસ જ ન હોય.

[6] ક્યારેક વાહન વગર ચાલવાનું થાય તો અફસોસના બદલે બંને પગે જેને પૅરાલિસિસ કે લકવો થયો હોય તેવી વ્યક્તિને યાદ કરજો. એમને એકાદ ડગલું પણ ચાલવા મળે તો એ લોકો કેટલો આનંદ પામે એનો વિચાર કરજો.

[7] તમારી જિંદગીએ તમને શું આપ્યું છે એવો વિચાર કદીકેય આવે તો એવા લોકોને યાદ કરજો જે તમારા જેટલી ઉંમરે પહોંચ્યા જ ન હોય. એ પહેલાં જ જેને મૃત્યુ આંબી ગયું હોય.

[8] કોઈ તમારી સાથે ખૂબ જ ખરાબ વર્તન કરે, તમારું અપમાન કરે, તમને નુકશાન પહોંચાડે તોપણ ખુશ એ વાતથી થજો કે તમે એ વ્યક્તિ નથી !

[9] કોઈ દિવસ અરીસામાં એકાદ સફેદ વાળ જોઈ જાવ તો કૅન્સરથી પીડાતાં નાનાં બાળકો કે નાની ઉંમરની વ્યક્તિઓને યાદ કરજો
કે જે પોતાને વાળ હોય તેવી આશા રાખતાં હોય.

અને છેલ્લે….

હું તમારા પ્રશ્નોનું નિરાકરણ કરીશ જ, વિશ્વાસ રાખજો પણ ત્યાં સુધીમાં જો તમને આ બાબતો ગમી હોય તો તમારામિત્રોને સગાંવહાલાંને મોકલજો અને એમનો દિવસ પણ સુધારજો અને એ લોકો પણ નિશ્ચિંત થઈ જાય તેવું કરજો.

http://suratiundhiyu.wordpress.com/

એ જ

લિ,

ભગવાનની આશિષ.

## ધાવણની લાજ !

બા તમને કેટલી વખત કીધું પણ તમો તો સમજતા જ નથી.મારા મિત્રની હાજરીમાં પણ ઠો..ઠો કર્યા કરો છો.ઉધરસ આવે તો બીજા રૂમમાં જતા શું જોર પડે છે ? મારું ખરાબ લાગે એ તમને ગમે છે. 'મે પણ મમ્મીને કેટલી વખત ટોક્યા હશે પણ એમને શિખામણની કોઈ અસર થતીજ નથી.' ઉમેશ અને પુર્વી બન્નેએ એકી સાથે મારા પર પ્રહાર શરૂ કર્યા.

મને કોઈ શોખ નથી થતો કે તમારા મિત્રની હાજરીમાં ઉધરસ ખાઉં. ઉધરસ મટતી નથી..ઘર ગથ્થુ કેટલા ઉપાય કર્યા છતાં પણ ઉધરસ ઓછી થતી નથી.ડૉકટર પાસે મને લઈ જવા તમારી પાસે સમય અને પૈસા બન્ને નથી.મે તમને બધું આપી દીધું એ ભુલ મને આજ સમજાણી.

દિકરો જન્મ્યા બાદ છ મહિનામા ઉમેશના પપ્પા આ દુનિયા માંથી જતા રહ્યાં ૨૪ વર્ષની નાની વયે વિધવા બની. હું એક પ્રાથમિક સ્કુલમાં શિક્ષિકા હતી.બહું પગાર પણ નહોતો.બીજા લગ્ન કરીશ તો મારા પુત્રને સ્ટેપ ફાધર, પિતાનો પ્રેમ આપી શકશે કે કેમ? એ પ્રશ્નમાં મે નક્કી કર્યું કે હું ઉમેશની મા અને પિતા બની બન્નેનો પ્રેમ આપીશ.ઉમેશના સારા ભાવિ માટે મારા ત્યાગની જરૂર છે.

સર્વિસ સાથો સાથ ટ્યુશન કરી મારા એકના એક સંતાન માટે ભગીરથ કાર્ય સાથે અનેક વિટંબણા, મુશ્કેલીઓનો સામનો કરી ઉમેશને મિકેનિકલ એન્જીનયર બનાવ્યો, તેની પસંગીની છોકરી ઉર્મી સાથે લગ્ન કરાવ્યા. લગ્નબાદ એજ પુત્ર એકાએક બદલાઈ ગયો. શું મે આપેલા સંસ્કારો, શિક્ષણ અને સારી તાલીમ એકાએક બાસ્પીભવન કેમ થઈ ગયા! આ નવા યુગની હવામાં એવીતો શું તાકાત છે કે મેં આપેલ પ્રેમના વૃક્ષને ઉખેડી ફંગોળી દીધું ?..આવા વિચારો અવાર નવાર મારા મનમાં આવી જતા. ..હશે...ચાલ્યા કરે...મનને મનાવી લેતી..

૫૮ વર્ષે નિવૃત થઈ. નિવૃતી એટલે.જિંદગીભર કરેલા પરિશ્રમને વિશ્રામ!યુવાનીમાં વાવેલા બીજમાંથી થયેલ વૃક્ષની છાયા તળે શિતળતા! પણ મને ના તો વિશ્રામ, ના તો કોઈ શિતળતા



http://suratiundhiyu.wordpress.com/

મળી. વહું ને મે દીકરી તરિકે માની પણ ઉર્મીએ મને કદી મા તરિકે ના સ્વિકારી. ના તો દિકરાએ મા ની ગોદની લાજ રાખી..મારી પાછલી જિંદગી એક સહરાના રણ જેવી બની ગઈ! કંટાળી ગઈ!

'ઉષાબેન, આ જાહેરાત જોઈ ? અમેરિકાથી એક ડૉ.કપલને બેબીસિટર અને ગુજરાતી રસોઈ કરી શકે તેવા બેનની જરૂરત છે. મારી બહેનપણી લત્તાએ કહ્યું. 'નર્ક જેવી જિંદગી જીવવા કરતા આ તક તારા માટે ઘણી સારી છે.' 'પણ લત્તા, તેના માટે પાસપોર્ટ પણ જોઈએ.' 'તેની તું ચિંતા નકર.તારા બનેવી ને ઘણી લાગવગ છે. વાંધો નહી આવે. હું અને લત્તા બન્ને અમેરિકાથી આવેલ મિસ્ટર,અને મિસિસ વ્યાસને મળ્યા.બધું સેટ થઈ ગયું. બન્ને ડૉકટર હતાં.પાંચ વર્ષનો બાબો હતો. લત્તાએ મને ઘણીંજ હેલ્પ કરી.ત્રણજ મહિનામાં મારે અમેરિકા જવાનું થયું. ઉમેશને એકદમ આશ્રર્ય થયું પણ શૉક નહી. પતિ-પત્નિએ 'હાશ'ની લાગણી અનુભવી...ચાલો લપ ગઈ!

'પારકા' ને 'પોતાના'ની ખરી વ્યાખ્યા શું? મારે માટે પોતાના હતા એ પારકા બની ગયા અને જેને લોકો પારકા ગણે છે તે મારા પોતાના બની ગયા.જે ફેમિલીએ રહેવા ,ખાવા પીવા ઉપરાંત મહિને પગાર અને અઠવાડિએ એક વખત રજા.આવી મજા મને આ સંસ્કારી ફેમિલીમાં મળી. આજ કાલ કરતાં અમેરિકામાં ૧૨ વર્ષ થઈ ગયાં.'વ્યાસ' ફેમિલીની એક મેમ્બર તરિકે રહી. નહી કે નોકરાણી તરીકે,ઘરમાં સૌ મને 'બા"ના નામથીજ સંબોધે. સુધાબેન અને સતીષભાઈ મને મા તરીકે ગણતા એમનો પુત્ર મનન મને દાદી તરીકે જે સન્માન આપે છે એના આનંદ અને ઉલ્લાસથી મારો દુ;ખ ભર્યો ભુતકાળ ભુલી ગઈ છું. હું ૭૦ની થઈ. સુધાબેને જ્યારે નવી મર્સિડીઝ કાર લીધી ત્યારે એમની લેક્સસ મને ભેટમાં આપેલી. હું રવિવારે મારી બેનપણી, કે કોઈ કાર્યક્રમમાં, મુવી જોવા મારી કાર ડ્રાઈવ કરીને જાઉં છુ.નિયમિત યોગા, કસરત,હેલ્થી ડાયેટ અને ઘરના ડોકટરની સલાહ સુચન , જેથી હેલ્થ પણ ઘણી સારી છે. કોઈ પણ શારિરિક પ્રોબ્લેમ નથી. ઘરમાં મારો પોતાનો રૂમ છે. મનન ને એક સારી યુનિવસિટીમાં એડમિશ પણ મળી ગયું છે. આજ મારો સુખી પરિવાર છે!

"બા" તમારો પત્ર ઈન્ડિયાથી આવ્યો છે'સુધાબેને મને પત્ર હાથમાં આપતાં કહ્યું. પત્ર ઉમેશનો હતો. ખોલ્યો.

'બા,

http://suratiundhiyu.wordpress.com/

તમો તો અમેરિકા ગયા પછી કદી અમારી સંભાળ કે અમારા પર ધ્યાનજ નથી આપ્યું. ક્યાંથી આપો! તમે તો અમેરિકામાં ખાઈ પી જલશા કરતા હશો. આવી સ્વર્ગ જેવી જિંદગી જીવતા હોય ત્યાં અમો તમને યાદ ક્યાંથી આવીએ.

અમો અત્યારે બહુંજ મુશ્કેલીમાં છીએ..ઉર્મિને બ્રેસ્ટ કેન્સર થયું છે. મારી જોબ છુટી ગઈ છે.. દીકરી ટીના કોલેજમાં આવી છે. ઘર ગીરવે મુક્યું છે.તમને દયા આવે તો થોડા પૈસાની મદદ કરજે. મોકલીશને..અમારા પર દયા આવશે ને?

લિ.ઉમેશ

હજું એજ જુસ્સો..એજ ગુસ્સો..બાવળ સુકાઈ જાય પણ એમના કાંટા તો એમના એમજ રહે ! મનમાં તો થઈ ગયું કે ચાલ આ પત્ર ગારબેજમાં નાંખી દઉં. ઉમેશના પત્રમાં કોઈ પસ્તાવો કે કોઈ મદદ માટે વિનંતી તો છે નહી. તો હું શા માટે મદદ કરુ ? એને મારી કશી દયા આવી હતી ? પણ અંતે હ્દયમાં બેઠેલી મમતા બોલી ઉઠી! ‘મા ની મમતામાં કદી પણ સંતાનો માટે ઓછી થઈ નથી, થવાની નથી.કોઈ પણ પરિસ્થિતિમાંએમાં કદી ઓટ આવી નથી, આવવાની નથી . મા માટે કદી પણ પ્રેમના ધોધમાં પૂર્ણ વિરામ આવતું જ નથી..તેનો પ્રેમ સદેવ અવિરત છે..આ જગતમાં અવિરતજ રહેશે.

મારામાં ઘડીભર આવેલ નેગેટીવ વિચારો.અદ્રશ્ય થઈ ગયા.. દિકરાને પત્ર લખ્યો..

‘મારા વ્હાલા દિકરા ઉમેશ,

તારી કપરી પરિસ્થિતિને લીધે મારા પર ઠાલવેલ ઉભરો વાંચી તારા પ્રત્યે મને કોઈ દ્વેશ કે ગુસ્સો નહી પણ લાગણી અને પ્રેમ ઉદભવ્યો છે.દયા ઉદભવી છે.એક માનવતા ઊભરી આવી છે..તારી કપરી પરિસ્થિતિમાં મા પ્રત્યે જે શબ્દોનો ઉપયોગ કરવો જોઈએ તે તું ના કરી શક્યો એજ તારી મજબુરી છે.એક માનવતા ખાતર મારી બચતમાંથી હું તને બે લાખ રુપિયાનો ચેક આસાથે રવાના કરૂં છુ તેમાંથી તારી બિમાર પત્નિનો ઈલાજ ,બાકીના પૈસામાંથી ઘર-ગુજરાન ચલાવજે.

ઈશ્વર પાસે. હું એટલીજ પ્રાર્થના કરું છું કે તને સદબુધ્ધી સાથે પરિસ્થિતિ સામે સામનો કરવાની હિંમત બક્ષે.

http://suratiundhiyu.wordpress.com/

સાથો સાથ એક નમ્ર વિનંતી જ્યારે તારી પરિસ્થિતિ સુધરે ત્યારે મારા બે લાખ, કોઈ દિકરાથી ઠુકરાયેલા,દુઃખી થયેલા મા-બાપ જે વૃદ્ધાસ્થામમાં રહે છે તેમાં તું આપી દેજે ,આ મારી વિનંતી ધ્યાનમાં રાખી મારા ધાવણની લાજ રાખજે.

સદા સુખી રહે એજ આશિષ.

લિ. દિકરાથી દાઝેલી છતાં સદેવ શુભ ઈચ્છતી મા.

લેખક: અજ્ઞાત

## રોજ આપણા હાથમાંથી જીવન છટકી જાય છે

દમયંતીના હાથમાંથી ચાલી જતી માછલીની માફક રોજ આપણી ભીતર પડેલી શક્યતાઓ આપણને છોડીને અદ્રશ્ય થાય છે.જ્યાં જ્યાં સત્યનો પક્ષ લેવા માટે બે શબ્દો બોલવાનો મોકો મળ્યો ત્યારે આપણે મૂંગા મર્યા!જ્યાં એક હકીકત પ્રગટ કરવાથી કોઇ એકલા પડી ગયેલા સાચા માણસને ટેકો કરવાની તક હતી ત્યારે આપણે આપણા કપટયુક્ત મૌન દ્વારા કોઇ બદમાશને મદદ પહોંચાડી!આવું કરતી વખતે આપણે આપણા માંહ્યલાની હત્યા કરતા રહ્યા અને રૂપાળા દેખાવાની મજા માણતા રહ્યા! શિક્ષણ દ્વારા અજ્ઞાન દૂર થાય, પરંતુ મૂર્ખતા દૂર નથી થતી. જીવનનું એક વિચિત્ર સત્ય એ છે કે મૂર્ખતા કદી પીડાદાયક નથી હોતી.

માણસને મૂર્ખતા અત્યંત વહાલી હોય છે તેનું રહસ્ય એ જ કે મૂર્ખતા રાહત પણ આપે છે.મૂર્ખતાનો માલિક એક એવા નશામાં હોય છે, જે નશો એને જ્ઞાન દ્વારા મળનારી પીડામાંથી બચાવી લે છે. સેમ્યુઅલ બેકેટના વિખ્યાત નાટક 'વેઇટિંગ ફોર ગોદો'માં સાંભળવા મળતું એક વિધાન છે,'દુનિયામાં આંસુ કદી ખૂટતાં નથી.એ નિરંતર વહે છે.ક્યાંક કોઇ રડવાનું બંધ કરે,ત્યાં તો બીજે કશેક રડવાનું શરૂ થઇ જાય છે.'મૂર્ખતા સુખદાયિની છે!જીવન તળાવ જેવું અપ્રવાહી કે 'સ્થાનકવાસી'નથી હોતું. એ તો પ્રતિક્ષણ ગતિશીલ હોય છે. ગતિ એ જ તો પરિવર્તનનું ચારિત્ર્ય છે!વહેવું અને સતત વહેવું એ નદીનું શીલ છે.ગીતામાં સાગરને 'અચલપ્રતિષ્ઠ' કહ્યો છે. જે ધ્યેય હોય તે સ્થિર હોય તો જ ત્યાં સુધી પહોંચીને પામી શકાય.આપણા ઘણાખરા ઉપદ્રવો કાયમીપણાની ભ્રમણાનાં ફરજંદો છે. સાગર 'અચલપ્રતિષ્ઠ' છે તેથી તો નદી સાગર ભણી વહી શકે છે. સાગર એ જ નદીનું ગંતવ્ય છે. જીવનને અસ્ખલિત પ્રવાહ સ્વરૂપે જોવામાં બધા આધ્યાત્મનો સાર આવી જાય છે.એક જ બાબત કાયમી છે અને તે છે કાયમીપણાનો અભાવ!આવી સમજણ આપણને હળવા

http://suratiundhiyu.wordpress.com/

બનવાની છુટ આપે છે.જે હળવો નથી તે સાધુ નથી. જેનું સ્મિત કરમાઇ જાય તેની સાધુતા કરમાઇ જાય છે.

વર્ષો પહેલાં વિનોબાએ કોઇ સ્વાર્થી માણસને સંભળાવેલું, 'ફાયદે સે ક્યા ફાયદા?' જે મનુષ્ય ભારેખમ જણાય તેને ચિંતક કહેવાની ભૂલ ન કરશો.અધ્યાત્મને ઘુવડગંભીરતા સાથે કોઇ લેવાદેવા નથી.સતત યાદ રાખવાનું છે કે આપણને ગીતાનો ઉપદેશ એક એવા યોગેશ્વરે આપ્યો છે,જેમણે રાસલીલા પણ કરી હતી અને માખણચોરી પણ કરી હતી.કૃષ્ણના સ્મિતનો જાદુ આજે પણ ઓસર્યો નથી.આજની નવી પેઢીનો ભગવાન પણ નૃત્યપ્રિય, સ્મિતપ્રિય અને આનંદપ્રિય હોવાનો.જેનું મોં ગંભીરતાને કારણે બેડોળ બની ગયું હોય એવા ચિંતકથી દસ કિલોમીટર છેટા રહેવામાં જ લાભ છે.આપણો સમાજ બહુમતી નામના બુલડોઝરનો ગુલામ છે.ઘણાખરા લોકો જે માને તે સાચું માનવામાં સલામતી રહેલી છે.આવી ગુલામીને કારણે જ સદીઓ સુધી સતીપ્રથા ચાલુ રહી શકી.આટલી ક્રૂર પરંપરાને ધર્મની ઓથ સાંપડી તેથી 'ધર્મ'શબ્દ ઝંખવાણો પડ્યો.એ જ પ્રમાણે અસ્પૃશ્યતા જેવી અમાનવીય પ્રથાને પણ ધર્મની ઓથ સાંપડી.

સાને ગુરુજી જેવા સાધુપુરુષે પ્રશ્ન કર્યો,'અદ્વૈત અને અસ્પૃશ્યતા વચ્ચે મેળ બેસે ખરો?'સતીપ્રથા સામે બુલંદ અવાજ ઉઠાવનાર રાજા રામમોહનરાયની ભાભીને બળજબરીથી સતી થવાની ફરજ પડી ત્યારે રાજા રામમોહનરાયની ચેતના જાગી ઊઠી.બહુમતી એટલે શું?જવાબ છે:હિંમતવાળો એક માણસ એટલે બહુમતી. નોઆખલીમાં ગાંધીજી એકલા ગયા તોય બહુમતીમાં જ હતા.માણસ ભલે એકલો હોય,પરંતુ સત્ય જ્યારે બાજુમાં ઊભેલું હોય ત્યારે સંખ્યા ગૌણ બની જાય છે.એકલા જણાતા માણસ પાસે ઊભેલું સત્ય સ્થૂળ આંખે દેખાતું નથી.

કોઇ પણ જાતના સ્વાર્થ વિના પોતાને જડેલા સત્યનો ઉપાડો લેતી વખતે માણસ એકલો હોય છે એવો ભ્રમ ખંખેરી કાઢવા જેવો છે.એ માણસની પાસે ઊભેલા સત્યદેવતા અન્યની નજરે ન પડે તેથી શું?ઐતરેય ઉપનિષદમાં દેવોને 'પરોક્ષપ્રિયા:' કહ્યા છે. સત્યના દેવને પણ અપ્રત્યક્ષ રહીને પોતાનું કર્તવ્ય બજાવવાનું ગમે છે. રોજ આપણા હાથમાંથી જીવન નામની જણસ છટકી જાય છે. દમયંતીના હાથમાંથી ચાલી જતી માછલીની માફક રોજ આપણી ભીતર પડેલી શક્યતાઓ આપણને છોડીને અદ્રશ્ય થાય છે.

જ્યાં જ્યાં સત્યનો પક્ષ લેવા માટે બે શબ્દો બોલવાનો મોકો મળ્યો ત્યારે આપણે મૂંગા મર્યા! જ્યાં એક હકીકત પ્રગટ કરવાથી કોઇ એકલા પડી ગયેલા સાચા માણસને ટેકો કરવાની તક હતી ત્યારે

http://suratiundhiyu.wordpress.com/

આપણે આપણા કપટયુક્ત મૌૈન દ્વારા કોઇ બદમાશને મદદ પહોંચાડી!આપણે આપણી મુત્સદ્દીગીરીને અકબંધ રાખી અને ગોટાળામય વાક્યો બોલીને અસત્યને વહેતું મેલ્યું!આવું કરતી વખતે આપણે આપણા માંહ્યલાની હત્યા કરતા રહ્યા અને રૂપાળા દેખાવાની મજા માણતા રહ્યા! તમે આવા રૂપાળા માણસને મળ્યા છો? એ માણસ અંદરથી મરી ચૂકયો હોય છે.એ માણસ ક્યારેક તમારી પ્રશંસા કરે,તોય હરખાશો નહીં.જો તમે એની જુઠી પ્રશંસાથી હરખાઇ જશો, તો તમારે એની જુઠી નિંદાથી દુ:ખી થવું જ પડશે. આવો કોઇ બનાવટી બદમાશ તમારી નજીક આવી પહોંચે, તો મોં પર રૂમાલ દબાવીને દૂર ચાલી જજો.

તુલસીદાસની શિખામણ સતત યાદ રાખવા જેવી છે.'અસંતથી દૂર ભાગો.' કોઇ 'અસંત' ઘરે મળવા આવે ત્યારે શું કરવું?એ જેટલો વખત બેસે તેટલો વખત પૂરી જાગૃતિ સાથે એની વાતો સાંભળી લેવી અને એ જાય કે તરત બાથરૂમમાં ચાલી જવું. બાથરૂમ સ્વચ્છતાદેવીનું મંદિર છે. એક બાબત સમજી લેવા જેવી છે. તમે જો થોડાક સાચાબોલા હો અને વળી આત્મવિશ્વાસથી ભરેલા હો,તો આસપાસના ઘણા લોકોને તમે દુ:ખી કરતા હો છો.સમાજના ઘણાખરા લોકોમાં આત્મવિશ્વાસ અને આત્મગૌરવનો અભાવ હોય છે. સરેરાશપણું (એવરેજનેસ)તેમનું રક્ષાકવચ બની જાય છે.સરેરાશ સામાન્યતા એમને નિંદાકૂથલી અને ઇર્ષ્યાનાં આક્રમણોથી બચાવી લે છે.એવી સરેરાશમૂલક સલામતી એમને જબરી નિરાંત આપે છે.નિરાંતનો પણ એક નશો હોય છે.નશાની શોધના મૂળમાં પણ નિરાંત પામવાની ઝંખના રહેલી છે.

આપણા સમાજમાં જે ઘણાખરા લોકોને માન્ય હોય,તેવી જીવનશૈલી રાખવામાં નિરાંત રહે છે.અમારા ગામના ફળિયામાં અડધી સદી પહેલાં એક સુંદર સ્ત્રી રહેતી હતી જે ઘરમાં બેસીને હાર્મોનિયમ વગાડતી.એ બિચારી હાર્મોનિયમ વગાડતી ત્યારે ફળિયાની સ્ત્રીઓ નિંદાકૂથલીનાં ઢોલકાં વગાડતી!(એ સ્ત્રી ગૌરવભેર આજે પણ રાંદેરમાં જીવે છે.)જરાક જુદી રીતે જીવનાર મનુષ્યને શત્રુઓ પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન નથી કરવો પડતો. જે વ્યક્તિ તોતડી હોય તેને જ સમજાય છે કે આત્મવિશ્વાસ જાળવી રાખવાનું કામ કેટલું મુશ્કેલ છે.લોકો એની મશ્કરી ઉડાવે છે.કેટલાક લોકો પ્રશ્નો પૂછીને એની પાસે અઘરા શબ્દો બોલાવડાવે છે,જેથી તોતડું બોલનાર અપમાનિત થાય. સમાજ સતત કોઇનો આત્મવિશ્વાસ ખતમ થાય તેની પેરવી કરતો રહે છે.

માનશો?સ્વરાજ મળ્યું પછીના દાયકામાં લોકશાહી ઢબે ચૂંટાયેલી પ્રથમ સામ્યવાદી સરકારના મુખ્યપ્રધાન (કેરાલાના) ઇ.એમ.એસ. નમ્બૂદ્રિપાદ તોતડા હતા. તેમને કોઇએ પૂછ્યું, 'શું તમે કાયમ

http://suratiundhiyu.wordpress.com/

તોતડાવ છો?' જવાબમાં એ નેતાએ આત્મવિશ્વાસ સાથે કહ્યું, 'ના, ફક્ત બોલું ત્યારે જ.' જીવનના એક તબક્કે અભિનેતા હૃતિક રોશન તોતડો હતો.ક્રિકેટર વેંગસરકર પણ નાનપણમાં તોતડું બોલનારા હતા.એવું જ પોતાના સુંદર અવાજ માટે વખણાતાં અભિનેતા રઝા મુરાદ માટે પણ કહી શકાય.આત્મવિશ્વાસ વિનાનું જીવન એ પાર્ટટાઇમ મૃત્યુ છે. આત્મગૌરવ વિનાનું જીવન એ ફુલટાઇમ મૃત્યુ છે.આત્મવિશ્વાસના પાયામાં સત્ય રહેલું હોય,તો એક એવી શક્તિનું નિર્માણ થાય છે,જે ગાંધીજી પાસે હતી.પૃથ્વી પર ક્યારેય આટલી દુર્બળ કાયામાં આટલો પ્રબળ આત્મવિશ્વાસ વસ્યો હશે ખરો?

પાઘડીનો વળ છેડે

તમે ગંભીર હોવાનો ડોળ કરી શકો છો,

પરંતુ તમે હસમુખા હોવાનો ડોળ કરી શકતા નથી- સાચા ગુત્રી

## *જીવન શું છે? એક આંખ તો બતાવો મને જે ક્યારેય રોઈ નથી.

જીવન એક ખેતર છે. તે જૂઠું નહીં બોલે. તમે એને જેટલું આપો તેનાથી સોગણું કરીને તે પાછું આપે, પણ તમે કશું નહીં આપો તો એની પાસેથી તમને કશું નહીં મળે. જીવન ખોટું લગાડતું નથી અને ખુશામત પણ કરતું નથી. ચોખ્ખો હિસાબ છે,જેવું આપો તેવું મળે. જીવનને તમે શું શું આપ્યું છે? સાચું કહો. જીવન પ્રત્યે તમને અવિશ્વાસ છે,કંજુસાઈ છે, નફરત છે. ઓછામાં ઓછું આપો અને ન છૂટકે આપો પછી જીવનમાં સારા પાકની આશા કેમ રખાય ?

તમે ફરિયાદ કરો છો કે તમારું ભાગ્ય ઊઘડ્યું નહિ,જીવન ફળ્યું નહિ, તમે છેતરાયા છો, ભરમાયા છો,પણ તમારી ફરિયાદ સાચી નથી. ધરતી છેતરતી નથી. જીવન છેતરતું નથી. જીવન જૂઠું બોલતું નથી. જીવન તમને ફક્ત યાદ દેવરાવે છે કે તમે કશું આપ્યું જ નથી. ક્યાં પ્રેમ કર્યો છે, ક્યાં સાહસ કર્યું છે, ક્યાં ભોગ આપ્યો છે, ક્યાં શ્રદ્ધા રાખી છે ?તમે ઝંપલાવ્યું નથી, અજમાવ્યું નથી, જીવન હોડમાં મૂક્યું નથી. પછી બદલામાં શું મળે ? તમે તમારી નિરાશા બતાવો એમાં તમે તમારા જીવનનો ગૂનો કબૂલ કરો છો અને જાહેર કરો છો. કારણ કે તમે જીવનમાં ખરેખર સાચી મૂડી રોકી હોત તો એનું મબલક વ્યાજ તો તમને મળી ચૂક્યું હોત. જીવન જૂઠું બોલતું નથી.

લેખક –શ્રી ગુણવંત શાહ

http://suratiundhiyu.wordpress.com/

## ગુમ થયેલી ઘડિયાળ

એક ખેડૂત પાસે એક ખુબજ મોંઘી ઘડિયાળ હતી. ખેતરમાં કામ કરતાં કરતાં એ ઘડિયાળ ઘાંસની ગંજીમાં ખોવાઈ ગઇ. આ ધડીયાળ સાથે તેની અંગત લાગણીઓ જોડાએલી હતી. ખુબ જ શોધખોળ કરવા છતાં એ ઘડિયાળ મળી નહીં એટલે તેણે ત્યાં રમતા છોકરાઓને આ ઘડિયાળ શોધવા માટે વિનંતી કરીને કહ્યું કે જો આ ઘડિયાળ છોકરાઓ શોધી આપશે તો ખેડૂત તેમને મોટું ઇનામ આપશે. એટલે બધા જ છોકરાઓ ઘડિયાળ શોધવા મંડી પડ્યા. ખુબ જ શોધખોળ કરવા છતાં ઘડિયાળ મળી નહીં. એટલે ખેડૂતે ઘડીયાળની શોધખોળ કરવાનું માંડી વાળવા વિચાર્યું. ત્યાં જ એક નાનો છોકરો ખેડૂત પાસે આવ્યો અને ખેડૂતને તેણે કહ્યું કે મને ઘડિયાળ શોધવાનો એક વધુ ચાન્સ આપો. એટલે ખેડૂતે તેણે ઘાસની ગંજીમાં ઘડીયાળ શોધવાની રજા આપી. થોડા વખત પછી છોકરો હાથમાં ખોવાએલી ઘડિયાળ લઈને પાછો આવ્યો. ખેડૂતને આનંદ અને આશ્ચર્ય પણ થયું. એટલે તેણે એ છોકરાને પૂછ્યું કે બધા સાથે તે પણ ઘડિયાળ શોધી ત્યારે કોઈને નહીં મળી અને તું એકલો ગયો તો તને ઘડિયાળ કેવી રીતે મળી?

એટલે છોકરાએ જવાબ આપ્યો કે મેં કશું જ નથી કર્યું. ત્યાં મેં એકદમ શાંત વાતાવરણમાં જઈને શાંતિથી કાન સરવા કરીને ઘડિયાળના ટક ટક અવાજ પર ધ્યાન કેન્દ્રિત કર્યું. અને પછી એ દિશામાં ગયો અને ઘડિયાળ શોધી કાઢી.

### બોધ:

અશાંત મગજ કરતાં શાંત મગજથી ઘણું જ સારી રીતે વિચારી શકાય છે. તમારા મગજને દરરોજ થોડો આરામ અને શાંતી આપો. પછી જુઓ ચમત્કાર! તમે જે ઈચ્છો છો તે બધું પ્રાપ્ત કરી શકો છો કે નહીં!

## ધ્યાનનું શિક્ષણ – ભાણદેવ

એક આશ્રમ હતો. આશ્રમમાં એક સમર્થ ગુરુમહારાજ હતા. ગુરુમહારાજની સાથે તેમના અનેક શિષ્યો પણ રહેતા હતા. જેઓ અધ્યાત્મના સાચા જિજ્ઞાસુઓ હોય તેમને આશ્રમમાં સાધના કરવાની અનુકૂળતા મળી રહેતી અને તેમને ગુરુમહારાજ યથોચિત માર્ગદર્શન પણ આપતા.

http://suratiurdhiyu.wordpress.com/

એક વાર આશ્રમમાં એક નવો શિષ્ય દાખલ થયો. શિષ્યના મનમાં સત્યપ્રાપ્તિની અભીપ્સા હતી. તેનાથી પ્રેરાઈને જ તે આશ્રમમાં દાખલ થયો હતો.

એક વાર આ નવાગંતુક શિષ્યે ગુરુમહારાજને પ્રાર્થના કરી :
'ગુરુદેવ! મને ધ્યાન કરવાની પદ્ધતિ શીખવો.'
તે વખતે તો ગુરુમહારાજ મૌન રહ્યા. થોડા દિવસો તે પછી તે શિષ્યે ગુરુમહારાજને ફરીવાર પ્રાર્થના કરી.
'ગુરુદેવ! મને ધ્યાન કરવાની પદ્ધતિ શીખવો.'
આ રીતે તે શિષ્ય ગુરુ મહારાજને વારંવાર પ્રાર્થના કરતો રહ્યો.
'ગુરુદેવ! મને ધ્યાન કરવાની પદ્ધતિ શીખવો.'
એક વાર ગુરુમહારાજે એક એકાંત સ્થાનમાં શિષ્યને પોતાની પાસે બેસાડ્યો. પોતાની પાસે બેસાડીને ગુરુ મહારાજે શિષ્યને એક નાની કથા કહી.

કથા આ પ્રમાણે છે:

એક મહાન ચોર હતો. તે ચોર ચોરી કરવાની વિદ્યામાં ઘણો પારંગત હતો. તે ચોર વૃદ્ધ થયો. તેને એક પુત્ર હતો. પુત્ર યુવાન થયો. તે યુવાન પાસે આજીવિકાનું અન્ય કોઈ સાધન હતું નહિ. તેણે પણ ચોરીનો ધંધો કરવાનું નક્કી કર્યું. પરંતુ ચોરીનો ધંધો તે માટેની આવશ્યક આવડત વિના ન કરી શકાય. આવડત વિના ચોરી કરવા જઈએ તો જેલમાં જવું પડે. યુવાન પુત્ર જાણતો હતો કે પોતાના પિતા ચોરી કરવાની વિદ્યામાં ઘણા પારંગત છે. પોતાના વૃદ્ધ પિતા પાસેથી ચોરી કરવાની વિદ્યા શીખી લેવાનું નક્કી કર્યું. પુત્રે પિતાને વિનંતી કરી, 'પિતાજી ! આપ મને ચોરી કરવાની વિદ્યા શીખવો. મારી પાસે બીજા કોઈ ધંધાની આવડત નથી. તમારી પાસે આ ધંધાની આવડત છે. આપ કૃપા કરીને મને આ ધંધાની આવડત આપો તો મને આજીવિકાનું એક સાધન મળી રહે.' પિતાએ ચોરી કરવાની વિદ્યા પુત્રને શીખવવા માટે સંમતિ દર્શાવી.

એક અંધારી રાત્રે તે વૃદ્ધ અને પારંગત ચોર પોતાના યુવાન પુત્રને સાથે લઈને ચોરી કરવા નીકળ્યો. વૃદ્ધ પિતા પોતાના યુવાન પુત્રને ચોરી કરવાની વિદ્યા વિશે મુખેથી કશું જ કહેતા

http://suratiundhiyu.wordpress.com/

નથી. શબ્દો દ્વારા તે પોતાના પુત્રને કશું જ શીખવતા નથી. ચોરી કરવાની વિદ્યાની કોઈ બારીક વાતો, કોઈ પદ્ધતિ, રીતરસમ કે વિકટ સમયે શું કરવું તેવી કોઈ બાબત વિશે તેઓ શબ્દના માધ્યમથી પોતાના યુવાન પુત્ર અને હવે શિષ્યને કોઈ શિખામણ આપતા નથી. તે વૃદ્ધ ચોર તો બસ અંધારામાં ચાલ્યો જ જાય છે અને તેની પાછળ ચાલે છે તેનો યુવાન પુત્ર. અંધારી રાત્રે ચોરી કરવા માટે નીકળેલા બંને એક શ્રીમંતની હવેલી પાસે પહોંચ્યા. વૃદ્ધ પુરુષ દીવાલ કૂદીને અંદર પ્રવેશ્યા. તેની સાથે તેનો યુવાન પુત્ર પણ અંદર દાખલ થયો. બંનેએ સાથે મળીને એક દીવાલમાં બાકોરું પાડ્યું. બંને ઘરની અંદર દાખલ થયા. ઘરના એક ઓરડામાં એક મોટો પટારો હતો. પિતાએ પુત્રને કહ્યું : 'આ પટારાની અંદર જા અને અંદર સોનું, ચાંદી જેવી જે કોઈ કિંમતી વસ્તુ હોય તેનું એક પોટલું બાંધી લે.'

પિતાની સૂચના પ્રમાણે પુત્ર પટારાની અંદર પ્રવેશ્યો. પુત્ર કિંમતી પદાર્થો એકઠા કરવામાં તન્મય હતો અને બહાર ઊભેલાં પિતાએ પટારો બંધ કરી દીધો. પટારો બંધ કરીને પિતા તો દોડીને ઘરની બહાર નીકળી ગયો. શેરીમાં પહોંચીને જોર જોરથી 'ચોર ચોર' એ પ્રમાણે બૂમો પાડવા લાગ્યા. ઘરના માણસો અને નોકરો આ બૂમો સાંભળીને જાગી ગયા. બધા જાગી ગયા એટલે ડોસો દોડતો દોડતો નાસી ગયો. તેને નાસી જતો જોઈને સૌને લાગ્યું કે ચોર તો નાસી ગયો છે. ચોર તો નાસી ગયો છે, તેમ માનીને બધાં શાંત થઈ ગયા. યુવાન ચોર તો પટારામાં પુરાઈ ગયેલો છે. પટારો તેના વૃદ્ધ પિતાએ બહારથી બંધ કરી દીધો છે. યુવાન તો મૂંઝાયો હવે શું કરવું ? પટારામાંથી બહાર નીકળવું કેવી રીતે? પહેલાં તો યુવાને પોતાના પિતાને મનોમન ગાળો દીધી કારણ કે પિતાએ જ પોતાના પુત્રને પટારામાં પૂર્યો હતો અને 'ચોર ચોર'ની બૂમો પાડીને બધાને જગાડીને પોતે તે નાસી ગયો હતો. પણ એમ ગાળો દેવાથી પટારો કંઈ ખૂલી ન જાય ! પરિસ્થિતિ માણસને શીખવે છે. વિકટ સંજોગો હોય ત્યારે તેમાંથી મુક્ત થવાનો માર્ગ પણ માણસને અંદરથી સૂઝે છે. તેમ જ થયું. તે યુવાન ચોરને ઉપાય સૂઝ્યો.

યુવાને પટારાની અંદરથી ધીમે ધીમે 'મ્યાઉં મ્યાઉં' એમ બિલાડીના અવાજ જેવો અવાજ કરવા માંડ્યો. બિલાડીનો અવાજ સાંભળીને ઘરનો નોકર હાથમાં દીવો લઈને બિલાડીને શોધવા માટે ઘરમાં આંટા મારવા લાગ્યો. યુવાન ચોરે બિલાડીનો 'મ્યાઉં મ્યાઉં' અવાજ ચાલુ રાખ્યો. આખરે નોકરને સમજાયું કે બિલાડીનો અવાજ તો પટારામાંથી આવે છે. તેને સમજાયું કે બિલાડી તો

http://suratiundhiyu.wordpress.com/

પટારામાં છે. બિલાડીને પટારામાંથી બહાર કાઢવા માટે તેણે એક હાથથી દીવો પકડી રાખ્યો અને બીજા હાથથી પટારો ખોલ્યો. અંદર બેઠેલા ચોરને પકડાઈ જવાની બીક તો લાગી પરંતુ તેનો ઉપાય પણ સૂઝ્યો. તે ઊભો થયો. તેણે બહુ ત્વરાથી ફૂંક મારીને નોકરના હાથમાં રહેલો દીવો ઓલવી નાખ્યો. એટલી જ ત્વરાથી તેણે ધક્કો મારીને નોકરને પાડી દીધો અને પોતે કિંમતી વસ્તુઓનું પોટલું લઈને નાસવા માંડ્યો. ફરીથી 'ચોર ચોર'ની બૂમો પડી. ઘરના નોકરો અને ઘરમાલિકના પરિવારજનો ચોરની પાછળ દોડ્યા. પોટકાના વજન સહિત દોડીને નાસી જવું મુશ્કેલ હતું. પોટકું છોડીને નાસી જાય તો ફેરો વ્યર્થ જાય. શું કરવું ? ચોરને ઉપાય સૂઝ્યો. રસ્તાની એક બાજુ પર કૂવો હતો. ચોરે બાજુમાં પડેલો એક મોટો પથ્થર ઉપાડીને કૂવામાં ફેંક્યો. ચોરનો પીછો કરી રહેલાં સૌને લાગ્યું કે ચોર કૂવામાં કૂદી પડ્યો છે. બધા કૂવાની આજુબાજુ ઊભા રહ્યા અને ચોરને કૂવામાંથી બહાર કાઢીને કેવી રીતે પકડવો, તેનો વિચાર કરવા લાગ્યા. દરમિયાનમાં તે યુવાન શિખાઉ ચોર કિંમતી દાગીનાઓનું પોટલું લઈને નાસી ગયો અને સલામત રીતે પોતાને ઘેર પહોંચી ગયો.

ઘેર આવીને તુરત તેણે પિતાની સાથે ઝગડો કરવા માંડ્યો. તે બોલ્યો :
'અરે! તમે તો મારા પિતા છો કે દુશ્મન ? મને મોતના મોંમા મૂકીને નાસી આવતાં તમને શરમ ન આવી ?'
પિતાએ શાંતિથી કહ્યું : 'શાબાશ ! તું આવી ગયો ને બેટા ! હવે અહીં મારી પાસે શાંતિથી સૂઈ જા. સવારે વાત કરશું. જેણે ચોર બનવું છે તેણે આવી નાની બાબતોમાં ગભરાઈ જવું ન પાલવે. ગમે તેવા વિકટ સંજોગોમાં પણ જાણે કાંઈ જ બન્યું નથી, તેમ માનીને શાંતિથી સૂઈ જતાં તેને આવડવું જોઈએ.' પુત્ર ચૂપચાપ પિતાની બાજુમાં સૂઈ ગયો.

પુત્રે સવારે પોતે કેવી રીતે કિંમતી દાગીનાનાં પોટકાં સહિત સલામત રીતે છટકીને અહીં આવી પહોંચ્યો તેની વિગતવાર વાત પિતાને કહી. પિતાએ કહ્યું : 'શાબાશ, બેટા ! તું ચોરી કરવાની વિદ્યામાં પારંગત થઈ ગયો છે. મારે હવે તને કાંઈ શીખવવાનું બાકી રહેતું નથી. હવે તું તારી રીતે ચોરી કરી શકે છે. કર ફતેહ !' પુત્ર પિતાની યોજના સમજી ગયો. પિતાએ આગળ કહ્યું : 'બેટા ! ચોરીની વિદ્યા શીખવાની કોઈ શાળા હોતી નથી કે તે વિદ્યા શીખવા માટે કોઈ પુસ્તકો હોતાં નથી. સંજોગો જ માનવીને ઘડે છે, એ તો આપોઆપ આવડવા માંડે છે બેટા ! આ તો

http://suratiundhiyu.wordpress.com/

કોઠાવિદ્યા છે. તને વિકટ સંજોગોમાંથી માર્ગ કેમ કાઢવો તે શીખવવા માટે જ હું તને તેવા સંજોગોમાં મૂકીને નાસી આવ્યો હતો. સમજ્યો ?' પુત્ર બધું જ સમજી ગયો.

ગુરુ મહારાજે પોતાના પ્રિય શિષ્યને આ કથા કહી અને પછી તેને સમજાવ્યું, 'બેટા ! ધ્યાન તો અંદરથી ઉગે છે. ધ્યાન તો ચિત્તની વૃત્તિમુક્ત અવસ્થાનું નામ છે. ધ્યાન તો આંતરિક સૂઝથી સમજાય છે. એ તો કોઠા વિદ્યા છે. ધ્યાન ભાષાગમ્ય નથી, અનુભવગમ્ય છે. ધ્યાન તને કોઈ શીખવી શકે નહિ. તું અહીં આશ્રમમાં રહે. અધ્યાત્મ તરફ અભિમુખતા રાખજે. ધ્યાનમાં તારો પ્રવેશ આપોઆપ થવા માંડશે. જેમ વરસાદ આવતાં ધરતીમાંથી લીલું લીલું ઘાસ ઊગી નીકળે છે, તેમ તારામાં ધ્યાન ઊગી નીકળશે.'

## અતિ ખરાબ પણ અંતિમ હોતું નથી..

એક ધનવાન માણસ હતો. દરિયામાં એકલા ફરવા તેણે બોટ વસાવી હતી. રજાના દિવસે તે પોતાની બોટમાં દરિયો ખુંદવા નીકળ્યો. મધદરિયે પહોંચ્યો ત્યાં દરિયામાં તોફાન આવ્યું. બોટ ડૂબવા લાગી. બોટ બચવાની કોઇ શકયતા ન લાગી ત્યારે એણે લાઇફ જેકેટ પહેરીને દરિયામાં પડતું મૂકયું. બોટ... ડૂબી ગઇ. તોફાન પણ શાંત થઇ ગયું. તરતો તરતો એ માણસ એક ટાપુ પર પહોંચી ગયો. ટાપુ ઉપર કોઇ જ ન હતું. ટાપુના ફરતે ચારે તરફ ઘૂઘવતા દરિયા સિવાય કંઇ જ નજરે પડતું ન હતું. એ માણસે વિચાર્યું કે મેં તો મારી આખી જિંદગીમાં કોઇનું કંઇ બૂરું કર્યું નથી તો પછી મારી હાલત આવી શા માટે થઇ? તેના મને જ જવાબ આપ્યો કે જે ઇશ્વરે તોફાની દરિયાથી તેને બચાવ્યો છે એ જ ઇશ્વર કંઇક રસ્તો કાઢી આપશે.દિવસોપસાર થવા લાગ્યા. ટાપુ પર ઉગેલા ઝાડ-પાન ખાઇને એ માણસ દિવસો પસાર કરતો હતો. થોડા દિવસમાં તેની હાલત બાવા જેવી થઇ ગઇ. ધીમે ધીમે તેની શ્રદ્ધા તૂટવા લાગી. ઇશ્વરના અસ્તિત્વ સામે પણ તેને સવાલો થવા લાગ્યા. ભગવાન જેવું કંઇ છે જ નહીં, બાકી મારી હાલત આવી ન થાય.ટાપુ ઉપર કેટલાં દિવસો કાઢવાના છે એ તેને સમજાતું ન હતું. તેને થયું કે લાવ નાનકડું ઝૂંપડું બનાવી લઉં. ઝાડની ડાળી અને પાંદડા ની મદદથી તેણે ઝૂંપડું બનાવ્યું. એને થયું કે, હાશ, આજની રાત આ ઝૂંપડામાં સૂવા મળશે. મારે ખુલ્લામાં સૂવું નહીં પડે. રાત પડી ત્યાં વાતાવરણ બદલાયું. અચાનક વીજળીનાં કડાકા-ભડાકા થવા લાગ્યા. ઝૂંપડીમાં સૂવા જાય એ પહેલાં જ ઝૂંપડી ઉપર વીજળી પડી. આખી ઝૂંપડી ભડભડ સળગવા લાગી. એ માણસ સળગતી ઝૂંપડી જોઇ ભાંગી પડયો. ઈશ્વરને મનોમન ભાંડવા લાગ્યો. તું ઈશ્વર નથી, રાક્ષસ છો, તને દયા જેવું કંઇ નથી. તું અત્યંત ક્રૂર છો. હતાશ થઇને

http://suratiundhiyu.wordpress.com/

માથે હાથ દઇ રડતો રડતો એ માણસ બેઠો હતો. અચાનક જ એક બોટ ટાપુના કિનારે આવી. બોટમાંથી ઉતરીને બે માણસો તેની પાસે આવ્યા. તેણે કહ્યું, અમે તમને બચાવવા આવ્યા છીએ. તમારું સળગતું ઝૂંપડું જોઇને અમને થયું કે આ અવાવરું ટાપુ પર કોઇ ફસાયું છે. તમે ઝૂંપડું સળગાવ્યું ન હોત તો અમને ખબર જ ન પડત કે અહીં કોઇ છે!એ માણસની આંખમાંથી દડદડ આંસુ વહેવા લાગ્યા. ઈશ્વરની માફી માંગી અને કહ્યું કે મને કયા ખબર હતી કે તેં તો મને બચાવવા માટે મારું ઝૂંપડું સળગાવ્યું હતું!કંઇક ખરાબ બને ત્યારે માણસ નાસીપાસ થઇ જાય છે. હેલન કેલરે એક સરસ વાત કરી છે કે, જયારે ઈશ્વર સુખનું એક બારણું બંધ કરી દે ત્યારે સાથોસાથ સુખના બીજા બારણાંઓ ખોલી દે છે પણ આપણે મોટાભાગે બંધ થઇ ગયેલાં સુખના બારણાં તરફ જ જોઇને બેસી રહીએ છીએ. બીજી તરફ નજર જ નાખતા હોતા નથી. સમય અવળચંડો છે. ઘણી વખત બધું જ આપણી મુઠ્ઠીમાં હોય એવું લાગે છે, અને ઘણી વખત સાવ ખાલી હાથમાં આપણી રેખાઓ પણ આપણને પારકી લાગે છે. – લેખક:અજ્ઞાત

rdpress.com/

## જીવનધારા - જય મહેતા

એક ગરીબ માણસ એક મહાત્માની પાસે ગયો અને કહ્યું, ‘મહારાજ,મારું મોટા ભાગનું જીવન ગરીબીમાં જ પસાર થઈ ગયું. હું પણ મરતાં પહેલાં વૈભવ તથા અમીરીમાં જીવન વિતાવવા માગું છું, તેથી કૃપા કરીને મારી મદદ કરો.’ એ ગરીબ માણસની વાત સાંભળીને મહાત્મા હસીને બોલ્યા, ‘કાલે તું આ જ સમયે મારી પાસે આવજે અને તારી કોઈ એક ઇચ્છા જણાવજે. હું તે અવશ્ય પૂરી કરીશ.’ આ સાંભળીને તે માણસ ખુશ થઈ ગયો અને પોતાના ઘર તરફ જવા લાગ્યો.

તે પોતાની ઝૂંપડીમાં પહોંચીને ખાઈ-પીને પથારીમાં સૂઈ ગયો. સૂતાં સૂતાં તે વિચાર કરવા લાગ્યો કે હું મહાત્માને કઈ ઇચ્છા પૂરી કરવા માટે કહું? ક્યારેક તે વિચારતો કે તે મહાત્માને કહેશે કે મારી મહેલમાં રહેવાની ઇચ્છા પૂરી કરી દો. મહેલમાં રહેવાથી તે ખુદ શેઠ બની જશે. પછી તેણે વિચાર્યું, ના, ખાલી મહેલથી તો કામ નહીં ચાલે. તેનાથી તો સારું હું રાજા બની જાઉં. રાજા બનીને હું બધાં પર શાસન કરીશ અને ધનધાન્ય એમ કોઈ વાતની કમી નહીં રહે, પરંતુ ત્યારે જ તેના મનમાં વિચાર આવ્યો કે રાજા તો સ્વયં પ્રજા પર આશ્રિત હોય છે.

જો પ્રજા તેને પસંદ ન કરે તો તે રાતોરાત જમીન પર આવી જાય છે. આવા વિચારોમાં જ સવાર પડી ગઈ. સવારે તે મહાત્મા પાસે પહોંચ્યો. મહાત્મા તેને જોઈને આછા સ્મિત સાથે બોલ્યા,'હા ભાઈ, બોલો, તમારી કઈ ઇચ્છા પૂરી કરું?'

મહાત્માની વાત સાંભળીને તે માણસ બોલ્યો,'મહારાજ, આખી રાત હું એ જ વિચારતો રહ્યો કે કઈ ઇચ્છા પૂરી કરું? પરંતુ મને એવું લાગે છે કે એક ઇચ્છા અનેક ઇચ્છાઓને જન્મ આપે છે. ધીરે ધીરે ઇચ્છાઓનું જાળું ગૂંથાતું જ જાય છે, જેને ઉકેલવું શક્ય નથી, તેથી સૌથી સારી અને મનને સંતોષ આપનારી ઇચ્છા તો આત્મસંતુષ્ટિ છે, તેથી તમે આ જ ઇચ્છા પૂરી કરી દો કે મારી અંદર હંમેશાં આત્મસંતોષ રહે અને ક્યારેય પણ અસંતોષની ભાવના મને ખોટા માર્ગ પર ચાલવા માટે પ્રેરિત ન કરે.' ગરીબ માણસની આ વાત સાંભળીને મહાત્માએ કહ્યું, 'તથાસ્તુ.' ત્યાર બાદ તે માણસ સંતુષ્ટ થઈને પોતાના ઘરે ચાલ્યો ગયો અને મહેનત-મજૂરી કરીને પોતાનું જીવન વિતાવવા લાગ્યો.

## બે અનાથ બાળકો :

ત્રણ બાળકો થયાં બાદ પહેલીવાર ભારત જવાનું થયું.દશ વર્ષ પહેલાં ભારતની મુલાકાત મારા મમ્મી-ડેડી સાથે કરી હતી અને ઉમેશ પર મારી પસંદગી ઉતરી.દેખાવડો,મિકેનિકલ એન્જિનિયર સાથે લગ્ન નક્કી કર્યા.હું સિટિઝન હતી તેથી ઉમેશને ફિયાન્સે વિઝા પર તુરત અહી અમેરિકા આવવા મળ્યું.નસીબ જોગે બે મહિનામાં મારીજ કંપનીમાં એન્જિનિયર તરીકે જોબ મળી ગઈ.પહેલી બે બેબી ગર્લ પછી મેં ઉમેશને કહ્યું.ઉમેશ,આપણે અહીં બાળકોનો પૂર્ણવિરામ મુકવો પડશે...રુકેશા.તારી વાત સાચી છે પણ હું મારી ઈચ્છા કહી શકું ? 'એક બેબી-બૉય હોય...તો.' 'ના..ના ઉમેશ..It's impossible! I can not raise more than two kids....it's too much hassle (એ શક્યજ નથી...કેટલી હાડમારી પડે.)' ઉમેશ..આગળ એક શબ્દ ના બોલ્યો માત્ર એટલું જ કહ્યું. 'As you wish' (જેવી તારી ઈચ્છા)

તમો રેઈની સીઝનમાં રોજ છત્રી લઈ જાવ અને એક દિવસ છત્રી લઈ જવાનુ ભુલી જાઉ તેજ દિવસે ધોધમાર વરસાદ પડે ને પલળી જવાય એવું મારા જીવનમાં બન્યું. હું બર્થ-કન્ટ્રોલ પિલ્સ લેવાનું બે વખતભુલી ગઈ.એના પરિણામ રુપે આકાશનો જન્મ થયો.ઉમેશની ઈચ્છા પુરી થઈ બન્ને

http://suratundhiyu.wordp

જણાં જોબ કરતાં હોયએ ત્યારે ત્રણ બાળકોને સંભાળ રાખવી,બેબી સિટર શોધવાની...બહુંજ હાર્ડ હતું..ઉપરાંત છોકરા માંદા-સાજા હોય ત્યારે બે માંથી એકને ઘેરે રહેવું પડે એ જુદૂં. પણ પડ્યું પત્તુ નિભાવે છુટકો નહી! ત્રણ બેડરૂમનું હાઉસ નાનું પડે..તેમાંય કોઈ ગેસ્ટ આવે ત્યારે તો ખાસ. બે વર્ષનો આકાશ,ટીનાને પાંચ અને લીનાની ઉંમર સાત સૌને લઈ પહેલી વખત અમદાવાદ આવ્યાં.ત્રણે બાળકોને પેલી વખત ભારત લઈ જતાં હતાં તેથી બહુંજ કેર-ફુલ રહેવું પડ્યુ.મેં અહીંથીજ ડોકટરની સલાહ મુજબ જરૂરી શોર્ટ બાળકોને અપાવી દીધા હતાં.ડીસેમ્બર મહિનો હતો એટલે થોડી ઠંડી હતી તેથી અમદાવાદ મારા સાસુ-સસરાના ત્યાં રહેવાની મજા આવતી હતી.ઉમેશે ફાયનાન્સિયલી હેલ્પ કરી અને તેના પેરન્ટસે ઘર અહીં અમેરિકન સ્ટાઈલનું બનાવેલ જેથી અમને કશી મુશ્કેલી પડી નહી.છતાં ત્રણ, ત્રણ બાળકો સાથે કઈ પણ જવા-આવવામાં થોડી હેરાનગતી લાગે.અહીં ભારતના વાતાવરણમાં બાળકો ટેવાયેલા નહી એથી શર્દી-ઉધરસ,શોરથોટ અને એને લીધે ફિવર આ બધું ચાલ્યા કરે. આને કારણે અમો બહું બહાર ફરવા જવાનો પ્લાન ઓછો કરતાં હતાં. ઘરમાં જ રહી બાળકો સાથે સમય ગાળતા તેથી મારા-સાસુ-સસરાને પણ ગમ્યું. પહેલીજ વખત ગ્રાન્ડ-કીડ્સ જોયા તેથી તેઓનો હરખ ને ઉત્સાહ અનેરો હતો બાળકોને પણ દાદા-દાદી સાથે રમવાની મજા પડતી હતી..

અમો બન્નેને મળવા એના એક મિત્ર મુકેશભાઈ આવ્યા.ઑપચારિક વાતો થઈ..વાતમાંને વાતમાં મુકેશભાઈએ ઉમેશના બીજા એક મિત્ર સુમિત વિશે વાત કાઢી તો જાણવા મળ્યું કે સુમિત અને તેની પત્નિ ઉમા બન્ને બસ એક્સીડેન્ટમાં ગુજરી ગયાં હતાં. અને તેમની પાછળ તેનો ત્રણ વર્ષનો છોકરો મુકી ગયાં...' મુકેશ, તેના છોકરાની સંભાળ કોણ રાખે છે ?' 'કોઈ નહી.' તેમના નજીકના સંગાઓ છોકરાને રાખવા તૈયારજ નથી..અત્યારે તો અનાથ-આશ્રમમાં.' ઉમેશની આંખમાંથી ગંગા-જમના વહેવાવા લાગ્યા.મને પણ દુખ થયું પરંતુ મારા કરતાં ઉમેશ વધારે લાગણીશીલ બની ગયો હતો.. ઉમેશ સવારે ઉઠીને બાજુંના પાર્કમાં વૉક કરવા ગયો અને હું થોડી મોડી ઉઠી..તો મારી નજર ટેબલ પર પડી.ઉમેશની ચિઠી હતી...'પ્રિય રુકેશા, ગઈ કાલે જે મારા મિત્રની કરૂણ ઘટના સાંભળી.તેના છોકરાને કોઈ સગાએ આસરો ના આપ્યો અને બિચારાને અનાથ-આશ્રમમાં જવું પડ્યું. બહુંજ દુઃખ થયુ..મારી એક નમ્ર વિનંતી સાંભળીશ ? આપણે તેના છોકરાને એડાપ્ટ કરી લઈએ તો......? હું તુરતજ મનોમન બોલી ઊઠી ..'ઉમેશ..ગાંડો થયો છે.આપણું ઘર કઈ ધર્મશાળા છે ? ત્રણ ત્રણ છોકરાઓને ઊછેરવા કેટલો હાર્ડ-ટાઈમ પડે છે. મારે આવા લફરામાં નથી પડવું.મારે કોઈ હવે કુટુંબમાં કોઈપણ જાતની વધારાની જવાબદારી લેવી નથી..હું બહુંજ અપ્સેટ થઈ ગઈ.

http://suratiundhiyu.wordpress.com/

ઉમેશ જેવો ઘરમાં આવ્યો તુરતજ મેં તેને બેડરૂમમાં બોલાવ્યો..'આ શું છે ઉમેશ ?' હું ધુવાપુવા થઈ ગઈ હતી.ભારતમાં લાખો બાળકો અનાથ છે તું કેટલાની ચિંતા કરીશ ? આપણે એટલાં અમીર નથી કે આવી ખોટી જવાબદારી માથે લઈએ. હું કદી પણ આવી જબાવદારી લેવા માંગતી નથી.ઉમેશ કશો પણ ગુસ્સે થયાં વગર મારી વાત સાંભળી રહ્યો હતો..'

જો તું મને બોલવાનો ચાન્સ આપે તો મારે કઈંક કહેવું છે.' 'હું પણ અનાથ હતો.' 'શું વાત કરે છે ? તે મારાથી આ વાત કેમ છુપાવી ?' 'તેના માટે મને માફ કરજે.કહેવાની તક મળી નથી. અને આ મારા પાલક માતા-પિતાએ સદા પોતાનું સંતાન માનીનેજ મને ઉછર્યો છે,,સારા સંસ્કાર આપી મને ઉચ્ચ શિક્ષણ આપ્યું છે.' ઉમેશ વાત કરતાં કરતાં ગળગળો થઈ ગયો.મને મારા જન્મ આપનાર મા-બાપ કોણ છે એ પણ ખબર નથી.હું પાંચ વર્ષનો હતો અને અનાથ આશ્રમના મેનેજર બહું ખરાબ સ્વભાવના હતાં અને એક દિવસ મેં બીજા છોકરા સાથે ઝગડો કર્યો મને આખો દિવસ ખાવા ના આપ્યું. બહુંજ ભુખ લાગી હતી ત્યાંથી ભાગ્યો. નજદિકના એક પ્લોટમાં પાર્ટી ચાલતી હતી ત્યાં ગયો પણ મારા ચીંથરેહાલ કપડાંમા મને અંદર જવા ના મળ્યુ. રડતો રડતો ભુખ્યો તરસ્યો ખુણા પાસે બેસી ગયો અને આ મારા પાલક માતા-પિતા મારા જીવનમાં ભગવાન બની આવ્યા મને ઉગાર્યો..દિકરા તરિકે સ્વિકાર્યો એમને ચારા ચાર સંતાન હતાં છતાં,,,ઉમેશ…I am so sorry…(મને માફ કરજે)..કહી તેને ભેટી પડી..પણ મમ્મી-ડેડીના બીજા ચાર દિકરા ક્યાં છે ? રુકેશા..સૌ ગામમાં રહે છે પણ કોઈ મમ્મી-પપ્પાનું ધ્યાન રાખતાજ નથી.તેમના માટે તો આપણે બેઉજ જે ગણીએ તે છીએ.'

ઉમેશની ઘટનાએ મારું દિલ પિગળાવી દીધું..ઉમેશના પાલક માતા-પિતા ચાર ચાર સંતાનો હોવા છતાં એક અનાથને આસરો આપ્યો. અને એ અનાથ ઉમેશે આજે જીવનની સુંદર કારકિર્દી બનાવી એક પ્રેમાળ પતિ એક પ્રેમાળ પિતા બન્યો.જીવનની જવાબદારીમાંથી હું કેમ ભાગું છુ ? હું પણ એક માનવ છું. માનવી પ્રત્યે મારી લાગણી અને પ્રેમ નહી રાખું તો આ માનવજીવન શા કામનું ? બસ મેં સ્વ.સુમિતના એકલો અટુલા સંતાન માટે ફાઈલ કરી દીધું.હવે એ અનાથ નથી..મેં ફાઈલ કર્યું ત્યારે ઉમેશના ચહેરા પર જે ખુશી જોઈ છે તેને અહીં શબ્દમાં મુકી શકાય તેમ નથી..
આજ હું ચાર ચાર છોકરાની મમ્મી છું એનો મને અનહદ આનંદ છે. સમય જતાં ક્યાં વાર લાગે છે ? સુમિત હાઈસ્કુલમાં valedictorian તરિકે ગ્રેજ્યુએટ થયો. તેના ગ્રેજ્યુએશન સેરિમનિમાં પ્રિન્સિપલે અમને કહ્યુ. 'You are very proud and lucky parents to have this kind of intelligent kid

in your family(તમે નસીબદાર અને ગૌરવશાળી મા-બાપ છો જેના કુટુંબમાં આવો હોશિયાર બાળક હોય)...સુમિતને ગ્રેજ્યુએશન સેરિમનિમાં સ્પીચ આપવાની હતી.

'Mom, thank you for your encouraging words, your advice, and for always believing in me even at times when I gave up on myself. Just as you have stood by me and helped me accomplish so many goals, I hope to be able to fulfill many of your dreams. Dad, thank you for your support, guidance, and for the lifelong values and morals you have instilled in me. (મમ્મી, તમારું પ્રોત્સાહન, સલાહ માટે હું આપનો ઋણી છું તેમજ હું જ્યારે, જ્યારે નિરાશ થયો છે ત્યારે તમને મારામાં પુરે પુરો વિશ્વાસ રાખી ઉત્સાહ આપ્યો.માર લક્ષ્યને પહોચવા મારી પડખે ઉભી રહી છો.ઈશ્વરને પ્રાર્થુ છું કે આપના સ્વપ્ન સાકાર કરી શકું. ડેડ, આપના માર્ગદર્શન,ટેકા તેમજ આ જીવનની કિંમત અને ઉદ્દેશ મને સમજાવ્યા તે બદલ આપનો પણ ઋણી છું).

મિત્રો,મેં મારા માતા-પિતાની છત્રછાયા બહુંજ નાનપણમાં ગુમાવી હતી. એનો મને કશો અફસોસ નથી.પણ આનંદ અને ગૌરવ સાથે કહુંછું કે મારા પાલક માતા-પિતા એક કચરા પેટામાંથી ઉચકી મને એક સ્વર્ગ જેવા ઘરમાં લાવી આસરો આપ્યો, સંસ્કાર આપ્યા,શિક્ષણ આપ્યું ,માર્ગદર્શન આપ્યું છે.આજે મને જે valedictorian નો એવોર્ડ મળ્યો છે તે એવોર્ડ મારા માતા-પિતાને આભારી છે અને હું તેમને સ્ટેજ પર આવવા વિનંતી કરૂ છું..

હું અને ઉમેશ ભાવ-વિભોર અને ગળગળા થઈ સ્ટેજ પર ગયાં..'Mom, dad, Only you deserve this award, not only me..All thanks go to you...All I needs is you blessing... (મમ્મી, ડેડી. આ એવોર્ડના આપ અધિકારી છો..હું નહી. યશ અને જશ અધિકારી આપજ છો.મને તો માત્ર આપના અશિર્વાદ જોઈએ છીએ..) કહી..હજાર પ્રેક્ષકોની હાજરીમાં અમારા ચરણે પડી ગયો....! ( સુબોધ નાયકના ઈમેલ ઉપરથી લેખક:અજ્ઞાત )

## અરીસો - હું તો અરીસો હતો

યશ મેન્ટલ હોસ્પિટલમાં પોતાના ભાઇ પરિમલને મળવા ગયો હતો. ત્યાં જ તેની નજર એક યુવક પર પડી. એ ધ્યાનથી પુસ્તક વાંચી રહ્યો હતો. તે સ્વસ્થ લાગી રહ્યો હતો અને તેનું વર્તન અન્ય રોગીઓ કરતાં બિલકુલ અલગ હતું. યશ તેની પાસે જઇને બેઠો અને કહ્યું, 'તું મનોરોગી હોય એવું જરાપણ લાગતું નથી. તું આ બધાની વચ્ચે કેવી રીતે આવ્યો? યુવકે આશ્ચર્યપૂર્વક યશની સામે જોઇને એ ડોક્ટર છે કે નહીં? તેનું નિરીક્ષણ કર્યું. યશ ડોક્ટર નથી એની ખાતરી થયા પછી યુવકે



http://suratundhiyu.wordpress.com/

કહ્યું,‘ મારા પિતા બહુ મોટા વકીલ હતા. એ તેમની જેમ મને વકીલ બનાવવા ઇચ્છતા હતા. મારા કાકા નિસંતાન હતા.

તેઓ બિઝનેસ કરતા હતા. તેમનો બિઝનેસ હું સંભાળી મોટો બિઝનેસમેન બનું એવું તેઓ ઇચ્છતા હતા. હું નાનાની જેમ ડોક્ટર બની લોકોની સેવા કરું એવું મમ્મી હંમેશાં કહેતી. મારો ભાઇ એની જેમ મને કરાટે ચેમ્પિયન બનાવવા ઇચ્છતો હતો. જ્યારે મારી બહેન હું તેના પતિની સફળતાનું પુનરાવર્તન કરું એવું ઇચ્છતી. હું સ્કૂલમાં હતો ત્યારથી કરાટે, ટ્યુશન જેવા વિવિધ વર્ગમાં મને મોકલવામાં આવતો રહ્યો.

મારા ભણતરની જવાબદારી જે ખભા ઉપર હતી એ બધાં અનુકરણ માટે પોતાની જાતને આદર્શ વ્યક્તિ માનતા હતા. એ બધા માટે હું એક માણસ નહીં પણ અરીસો હતો. જેમાં સૌ પોત-પોતાનો પડછાયો જોવા માંગતા હતા. તેથી કંટાળીને હું અહીં આવતો રહ્યો. અહીં મને કોઇ હેરાન નથી કરતું અને મારે ખરેખર જે કરવું છે તે કરી શકું છું.’

બોધ: પોતાની ઇચ્છાઓને બીજા પર ઠોકી દેવી એ એક પ્રકારનો અન્યાય છે. પરિવારે પોતાની ઇચ્છાઓને સંતાન પર ઠોકવાની નથી પણ સંતાનના ગુણોને અનુરૂપ તેને વિકસાવવામાં મદદ કરવાની છે. લેખક:અજ્ઞાત

## મધમાખીનો જીવન સંદેશ

એક વૃક્ષની ડાળી પર એકવાર એક પક્ષી અને એક મધમાખી અરસ પરસ વાતો કરતાં હતાં.

પક્ષીએ માખીને પ્રશ્ન કર્યો : “તું પુષ્કળ મહેનત કરીને મધપૂડામાં મધ એકઠું કરે છે પરંતુ આ માણસો તારું બનાવેલું બધું મધ ચોરી જાય છે.આથી તને છેતરાઈ જવાનું દર્દ અને મધ ગુમાવવાથી નિરાશા ઉત્પન્ન થતી નથી ? “

મધમાખીએ જવાબ આપ્યો :”બિલકુલ નહીં,કેમ કે ભલે ને માણસો મધ ચોરી જાય, પરંતુ મધ કેમ બનાવવું એની આવડત અને મારી બુદ્ધિની ચોરી કદી કરી નહીં શકે. બસ, મને તો મારી જાતમાં, મારી કાર્ય શક્તિ અને કાબેલીયતમાં પુરો વિશ્વાસ છે.મારે માટે તો એટલું  જ પૂરતું છે. “

http://suratiundhiyu.wordpress.com/

દરેકે આ મધમાખી પાસેથી એના જેવો હકારાત્મક અભિગમ રાખીને પોતાની જિંદગીનો રાહ કંડારવાનું શીખવું જોઈએ. (અંગ્રેજી પરથી ભાવાનુવાદ- વિનોદ પટેલ)

## ભગવાનનું કામ ભગવાનને કરવા દે!

એક પરિવાર છે... આ પરિવારના લોકો વચ્ચે બહુ ઓછા મતભેદ થાય છે. આ પરિવારના એક વડીલને કારણ પૂછ્યું. તેણે સરસ વાત કરી. એ વડીલે કહ્યું કે, અમારા પરિવારમાં દરેક વ્યકિતને બે વાત શીખવવામાં આવે છે.

એક, નાના હોય તેને પ્રેમ કરવો. બે, મોટા હોય તેનો આદર કરવો. તકલીફો ત્યારે જ ઊભી થાય છે જયારે માણસ બીજાના કામમાં ચંચુપાત કરે છે. આપણે મોટા ભાગે બીજાના કામ ઉપર નજર રાખીએ છીએ . આપણે બીજાનો ચોકી પહેરો કરીએ છીએ અને આપણી જાતને રેઢી મૂકી દઈએ છીએ. કોઈ કામ નાનું નથી. કોઈ કામ મોટું નથી. સમજવા જેવી વાત એક જ છે કે દરેક કામ મહાન છે. દરેક કામનું મહત્ત્વ છે અને દરેક કામ જરૂરી છે..

એક બોલ્ટ નીકળી જાય તો આખું મશીન તૂટી પડે. બોલ્ટ દેખાવમાં ભલે સાવ નાનો રહ્યો પણ તેનું કામ બે વસ્તુને જોડી રાખવાનું છે.. આપણે એ બોલ્ટની એટલે કે નાના વ્યકિતની કદર કરીએ છીએ? તમારી ઓફિસમાં કે દુકાનમાં જે વ્યકિત નાનાં મોટાં કામ કરે છે, એ ન હોય તો શું થાય તેનો તમે કોઈ દિવસ વિચાર કર્યોછે? ઘર હોય, નોકરી- ધંધો હોય કે સમાજ હોય, બે વાત યાદ રાખવી જોઈએ. એક તો દરેકના કામનો આદર કરો અને બીજું દરેકને પોતાનું કામ કરવા દો. સાથો સાથ તમે એ જ કરો જે તમારે કરવાનું છે..

અમદાવાદના ભરતકુમાર ભગતે પોતાના જીવનની એક વાત સરસ રીતે લખીને ઇ- મેલથી મોકલી છે. આજથી ૧૪ વર્ષ પહેલાની વાત છે. ભરતભાઈનો પુત્ર રાજિત બીમાર પડયો. ડોકટરે નિદાન કર્યું કે રાજિતને મેનેન્જાઇટિસ છે. બીમારીના કારણે રાજિતની આંખો નબળી પડી ગઈ હતી. એવો ડર હતો કે કદાચ રાજિતની આંખો કાયમ માટે ચાલી જશે. ભરતભાઈ અને તેમનાં પત્ની જાગૃતિબહેન સતત ચિંતામાં રહેતાં હતાં. રાજિતને બતાવવા ભરતભાઈ દવાખાને ગયા.ખાનગી દવાખાનાના વેઇટિંગ લોન્જમાં બેસી ભરતભાઈ પોતાનો વારો આવવાની રાહ જોતા હતા.

http://suratiundhiyu.wordpress.com/

એવામાં એક અપંગ અને અણસમજુ દેખાતો બાળક દવાખાનામાં ઘૂસ્યો. તેના હાથમાં અગરબત્તીનાં પેકેટ્સ હતાં. તે બધાને પૂછવા લાગ્યો કે અગરબત્તી લેવી છે? બાળકને જોઈને રિસેપ્શન કાઉન્ટર ઉપર બેઠેલા માણસે રાડ પાડી. તું પાછો આવી ગયો? ચાલ બહાર નીકળ. તને ના પાડી છે તો પણ ચાલ્યો આવે છે. બહુ ખરાબ રીતે તેણે બાળકને તતડાવ્યો. ભરતભાઈએ એ બાળકને પૂછ્યું, તને આટલી ખરાબ રીતે ખખડાવે છે તો પણ તું શા માટે અહીં આવે છે? અણસમજુ દેખાતા એ બાળકે મોટી વાત કરી દીધી. બાળકે કહ્યું કે, હું મારું કામ કરું છું અને એ તેનું કામ કરે છે. મારું કામ છે અગરબત્તી વેચવાનું, એટલે હું અગરબત્તી વેચું છું. તેનું કામ છે મને કાઢી મૂકવાનું એટલે એ મને કાઢી મૂકે છે.. બાળકે વાત આગળ વધારી. તેણે કહ્યું કે હું અપંગ છું. ગઈકાલે મારે ઘરે જવામાં મોડું થયું. ઘરે પહોંચ્યો ત્યારે મારી મા રડતી હતી. મેં તેને પૂછ્યું તો કહ્યું કે, તારી ચિંતા થતી હતી. તને કંઈ થઈ જાય તો? બાળકે તેની માને કહ્યું કે એ કામ તારું નથી. તું ઘરનું ધ્યાન રાખે છે, બધા માટે જમવાનું બનાવે છે. તારા બદલે હું જમવાનું બનાવું તો તને ગમે?ના ગમે ને? મારી ચિંતા કરવાનું કામ ભગવાનનું છે. ને. ભગવાનના કામમાં દખલ કરીશ તો ભગવાનને પણ નહીં ગમે!

ભરતભાઈ કહે છે કે એ બાળક તો આટલી વાત કરીને ચાલ્યો ગયો. પણ મને આખી જિંદગી કામ લાગે એવો પાઠ શીખવાડી ગયો. હું સાવ હળવો થઈ ગયો. મને વિચાર આવ્યો કે હું દીકરાની ચિંતા ખોટી કરું છું.. એ મારું કામ નથી. મારું કામ તો છે તેને બેસ્ટ ટ્રીટમેન્ટ અપવવાનું, તેનું જતન કરવાનું અને તેને પોતાના દર્દમાં રાહત થાય તેવા પ્રયત્ન કરવાનું. હું મારું કામ કરું અને બીજું કામ જેનું છે એના ઉપર છોડી દઉ. ભગવાને તેનું કામ કર્યું.

ભરતભાઈ અનેજાગૃતિબહેન કહે છે કે એ બાળકની વાત અમને જીવનનાં ડગલે અને પગલે કામ લાગી છે. કર્મના સિદ્ધાંતમાં એક વાત અદૃશ્ય રીતે પણ કહેવામાં આવી છે. કર્મ કરશો એટલે ફળ તો મળવાનું જ છે. સનાતન સત્ય એ છે કે સારું કામ કરશો તો સારું ફળ મળશે અને ખરાબ કામ કરશો તો ખરાબ ફળ પણ મળવાનું જ છે. તમારા કામને ઓળખો. તમારા કામને એન્જોય કરો. બસ એટલું તપાસતા રહો કે મારે જે રોલ ભજવવાનો છે એ હું સરખી રીતે ભજવું છું કે નહીં? છેલ્લો સીન ઇશ્વરે તમને જેવા બનાવ્યા હોય એ કરતાં સહેજ પણ ઊતરતા ન બનવું, એમાં જ તમારું ગૌરવ છે.(ઈન્ટરનેટ ઈમેલ)

http://suratiundhiyu.wordpress.com/

# સ્ટીવ જોબ્સનું આ ભાષણ લાખો લોકો માટે બની ગયું છે પ્રેરણાસ્ત્રોત



પ્રેરણા : પ્રત્યેક દિવસને જીવનનો અંતિમ દિવસ માનો

## પ્રથમ વાર્તા - મુદ્દાઓ ઉકેલવા અંગે

મેં રીડ કોલેજ પ્રથમ છ મહિનામાં જ છોડી દીધી હતી, પરંતુ તેની તૈયારી ઘણા સમય પહેલાં થઈ ગઈ હતી. મારી અપરિણીત અને કોલેજની વિદ્યાર્થિની માતાએ મને કોઈને દત્તક આપવાનો નિર્ણય લીધો. જેઓ મને દત્તક લઈ રહ્યા હતા તેઓ સ્નાતક ન હતા. આ બાબત જાણતાંની સાથે જ મારી માતાએ કાગળો પર હસ્તાક્ષર કરવાનો ઈનકાર કરી દીધો. જ્યારે તેઓએ મને કોલેજ મોકલવાની ખાતરી આપી, ત્યારે માતા તૈયાર થયાં હતાં. આવી રીતે હું કોલેજ ગયો.

પસંદ કરાયેલી કોલેજ સ્ટેનફોર્ડ જેવી જ મોંઘી હતી. માતા-પિતાની બધી જ કમાણી કોલેજ ફીમાં જ જતી રહેતી હતી. છ મહિનામાં મને અનુભવ થયો કે, આ અભ્યાસથી મને કોઈ ફાયદો થવાનો નથી. ત્યારે મેં કોલેજ છોડવાનું નક્કી કર્યું. ત્યારે તે એક ખરાબ નિર્ણય હતો, પરંતુ આજે જ્યારે હું પાછળ વળીને જોઉં છું તો, વિચારું છું કે, તે મારા સૌથી વધુ સારા નિર્ણયોમાંથી એક હતો. જો મેં કોલેજ ન છોડી હોત તો, કેલીગ્રાફીની કક્ષા ન કરી હોત અને પર્સનલ કમ્પ્યૂટર બનાવવામાં સુંદર ટાઈપોગ્રાફી સામેલ ન થઈ હોત. કોલેજમાં રહીને મુદ્દાઓ ઉકેલવાનું અશક્ય હતું, પરંતુ ૧૦ વર્ષ પછી તે સરળ છે. તમે ભવિષ્યના મુદ્દાઓને જોડી શકતા નથી. તમે તો તેમને પાછળ જોઈને જ જોડી શકો છો.

## બીજી વાર્તા - પ્રેમ અને નુકસાન વિશે

http://suratiundhiyu.wordpress.com/

હું ભાગ્યશાળી હતો. મેં જીવનની શરૂઆતમાં જ જાણી લીધું હતું કે, મને કોની સાથે પ્રેમ છે. વોજ અને મેં પોતાના માતા-પિતાના ગેરેજમાં એપલની શરૂઆત કરી હતી. ત્યારે હું ૨૦ વર્ષનો હતો. અમે સખત મહેનત કરી. ૧૦ વર્ષમાં એપલ ૨૦ લાખ ડોલર અને ચાર હજાર કર્મચારીઓવાળી કંપની બની ગઈ. અમે પોતાની સૌથી સુંદર કઈતિ મેકિંટોશ બજારમાં ઉતારી ચૂક્યા હતા. હું ૩૦ વર્ષનો થઈ ગયો હતો અને ત્યારે મને એપલમાંથી કાઢી મૂકવામાં આવ્યો હતો. તમે જે કંપનીની સ્થાપના કરી હોય, તે કંપનીમાંથી તમને કેવી રીતે કાઢી મૂકવામાં આવે?

હું અસફળતાનું પ્રતીક હતો. મેં સિલિકોન ખીણમાંથી ભાગી જવાનો પણ વિચાર કર્યો. પરંતુ મેં બધી જ બાબતની ફેરશરૂઆત કરવાનો નિર્ણય લીધો. ત્યારે એ વાતનો અહેસાસ નહોતો પણ એપલમાંથી હાંકી કાઢવાની ઘટના તે મારા જીવનની સૌથી સારી ઘટના છે. આ ઘટના પછી મારી જિંદગીના સૌથી સક્રિય હિસ્સાની શરૂઆત થઈ અને મેં નેકસટ અને પિકસર નામની કંપનીઓ શરૂ કરી. પિકસરે વિશ્વની સૌપ્રથમ કમ્પ્યૂટર દ્વારા નિર્માણ પામેલી એનિમેશન ફિચર ફિલ્મ 'ટોય સ્ટોરી' બનાવી. આજે તે વિશ્વનો સૌથી સફળ એનિમેશન સ્ટુડિયો છે. પછી એપલે નેકસ્ટને ખરીદ કરી લીધી, હું એપલમાં પાછો ફર્યો.મને પૂરો વિશ્વાસ છે કે મને એપલમાંથી કાઢવામાં ના આવ્યો હોત તો આ બધું ના બનત. તે કડવી દવા હતી પણ દર્દીને તેની જરૂર હોય છે. જો જિંદગી તમારા માથા પર ઈંટથી પ્રહાર કરે તો ભરોસો ના છોડો. મને વિશ્વાસ છે કે મને સંઘર્ષ કરવાની પ્રેરણા હતી મારો કાર્ય સાથેનો પ્રેમ. તમારા કાર્ય સાથે તમને એટલો જ પ્રેમ હોવો જોઈએ કે જેટલો પ્રેમ પોતાના પ્રેમી સાથે હોય.

ત્રીજી વાર્તા મોત વિશે

૧૭ વર્ષની ઉંમરે મેં ક્યાંક વાંચ્યું હતું કે જીવનના પ્રત્યેક દિવસને તમે જો જિંદગીના અંતિમ દિવસના રૂપમાં જીવશો તો એક દિવસ તમે જરૂરથી સાચા સાબિત થશો. આ વિધાને મારા મન પર ઊંડો પ્રભાવ સર્જ્યો હોત. ત્યારથી છેલ્લાં ૩૩ વર્ષોથી રોજ સવારે અરીસામાં પોતાને જોઈને પૂછતો રહ્યો કે શું આજે જિંદગીનો છેલ્લો દિવસ છે? હું આજે જે કરવા જઈ રહ્યો છું તે, તે કરવા ઈચ્છીશ કે નહી? જ્યારે લાંબા સમય સુધી ઉત્તર નકારાત્મક આવે ત્યારે હું સમજી જતો કે મારામાં કાંઈક બદલાવની જરૂરત છે.

http://suratiundhiyu.wordpress.com/

પોતાના મઈત્યુને યાદ રાખવું તે સૌથી મહત્વની વાત છે. આ બાબતે મને જિંદગીના તમામ મોટા નિર્ણય લેવામાં મદદ કરી. કેમ કે લગબગ તમામ બાબતો, તમામ આશા, ગર્વ કે અસફળતાની શરમ કે ડર એ બધું જ મોતની સામે કોઈ મહ્ત્વ ધરાવતા નથી. બચી જાય છે એ જ સત્ય છે. એ યાદ રાખજો કે તમારે એક દિવસ મરવાનું છે. એ વિચાર તમને વિચારની એવી જાળમાં ફસાતા બચાવશે કે તમે કાંઈક ખોવાના છો. પછી તમને તમારા મન મુજબ કરતાં રોકી શકે એવું કંઈ બચશે નહીં.

એક વર્ષ પહેલાં મને કેન્સરની ખબર પડી. તબીબે મને ઘેર જઈને તમામ કામ કરવાની સલાહ આપી. તેમની ભાષાનો અર્થ હતો મૃત્યુની તૈયારી. એ પ્રકારનું કેન્સર હતું કે શસ્ત્રક્રિયાથી ઠીક ના થઈ શકે. મારું ઓપરેશન થયું અને હવે હું ઠીક છું.

મોતને ખૂબ જ નજીકથી જોવાની એ પળ હતી. આશા છે કે આગામી કેટલાક દશકા સુધી તેની અનુભૂતિ આગામી થોડા દશકા સુધી રહેશે. કોઈ મરવા નથી ઈચ્છતું. જેઓ સ્વર્ગે જવા માગે છે તેઓ પણ ત્યાં પહોંચવા મરવા તો નથી જ માનતા. પણ મોત એક એવી મંજિલ છે કે જ્યાં તમામે પહોંચવાનું હોય છે. તેનાથી કોઈ બચી નથી શકતું અને એવું હોવું પણ જોઈએ કારણ કે મોત તે જિંદગીની સૌથી મોટી શોધ છે. મોત જુનાને હટાવીને નવા માટે રસ્તો બનાવે છે. આજે તમે નવા છો પણ થોડા દિવસ પછી જ તમે વૃદ્ધ થઈ જશો અને તમને કિનારા પર હટાવી દેવામાં આવશે. આ જ સત્ય છે.

તમારી પાસે વખત ઓછો છે, તેથી જ કોઈ બીજાના વિચારો આધારે જીવવાની જાળમાં ના ફસાઓ. કોઈ બીજાના વિચારનો ઘોંઘાટ તમારા અંતરાત્માના અવાજને દબાવી ના જાય અને સૌથી મહ્ત્વની વાત એ છે કે તમારી પાસે તમારું?દય અને અંતરાત્મા કહે તે મુજબ પાલન કરવાનું સાહસ હોવું જોઈએ.

## ત્રણ શોધ જેણે દુનિયા બદલી

### આઇપોડ- મારા હાથમાં સંગીત

૨૦૦૧માં એપલને ૫ ગીગાબાઇટનું પહેલું આઇપોડ લોન્ચ કર્યું. તે ખૂબ જ નાનું મ્યૂઝિક પ્લેયર ડિવાઇસ હતું. કંપનીએ કહ્યું કે આ ડિવાઇસમાં પાંચ હજાર ગીતો સ્ટોર કરી શકાશે. આ માર્કેટિંગ રણનીતિથી સોનીના વોકમેનને ટક્કર આપી એટલું જ નહિ, પણ તેને બજારમાંથી વિદાય કરાવી.

http://suratiundhiyu.wordpress.com/

### આઈફોન- સુંદર ટચસ્ક્રીન

૨૦૦૭ની શરૂઆતમાં એપલે આઇફોનની જાહેરાત કરી અને વર્ષના મધ્યમાં તે લોન્ચ પણ કર્યો. ટચપેડ ટેક્નોલોજી અને તેના ઇન્ટરફેસે ધૂમ મચાવી તેના એકવર્ષ પછી આવ્યું આઇફોન3જી, જેના તેજ ડેટા ટ્રાન્સફરથી ગ્રાહકોને જબરદસ્ત દિલચસ્પી ઊભી થઇ.

### આઈપેડ-મારા હાથમાં કમ્પ્યૂટર

ટેબલેટ કમ્પ્યૂટરની દુનિયામાં એપલે પહેલો ધડાકો કર્યો. ૨૦૧૦માં આવેલું આઇપેડ ફટાફટ વેચાઇ ગયું. ટચપેડ ટેક્નોલોજી આધારિત આ અલ્ટ્રાપોર્ટેબલ કમ્પ્યૂટરના કેટલાક કર્મચારીઓ ઉપરાંત તેના ઇન્ટરફેસ, તેજ પ્રોસેસર અને સ્પષ્ટ પિક્ચર કવોલિટીના કારણે લોકોએ ખૂબ પસંદ કર્યું.

## ત્રણ ખૂબીઓ જેણે જીત્યું વિશ્વ

### -સામાન્ય માણસની જરૂરિયાત ઓળખી

સ્ટીવ કહેતા હતા કે - જ્યાં સુધી તમે વસ્તુ બનાવશો ત્યાં સુધી નવી વસ્તુ માગશે આથી જ વિશ્વ જ્યારે વોકમેનની વાત કરતું હતું ત્યારે તેમણે ૧000 ગીતો આઈપોડમાં સમાવીને લોકોના હાથ સુધી પહોંચાડી દીધા.

### -ડિઝાઈન એવી જે દ્રષ્ટિ પડતા જ ગમી જાય

એપલની શરૂઆતના પ્રોડકટસ જોબ્સના મિત્ર અને એન્જિનિયર સ્ટીવ વોજનિયાકે બનાવ્યા હતા, પરંતુ જોબ્સ ડિઝાઈનર સારા હતા. તેમણે કેલીગ્રાફી (લેખન કળા)થી તેમાં નિપુણતા હાંસલ કરી હતી. કમ્પ્યૂટર ફોન્ટ બનાવતી વખતે તેમને તેનો લાભ મળ્યો હતો.

### -સફળતાનો મંત્ર માર્કેટિંગની કળા

તેમણે પ્રથમ કમ્પ્યૂટર બનાવતા પહેલાં જ તેને વેચવા માટે એડવાન્સ ઓર્ડર મેળવી લીધા હતા. આ વ્યૂહરચનાને કારણે તેમના આઇપોડ, આઇફોન અને આઇપેડ લોકોએ લાઇન લગાવીને ખરીધ્યા.

## ત્રણ અનુભવ : ત્રણ મોટા દુ:ખદ વળાંક

-જન્મ થતાં જ માતા-પિતાએ છોડી દીધા

http://suratiundhiyu.wordpress.com/

-જોબ્સનાં માતા-પિતા અપરિણીત હતાં. તેથી સ્ટીવને દત્તક આપી દેવામાં આવ્યા હતા.
-સ્થાપેલી કંપનીમાંથી જ કાઢી મુકાયા : પોતાના મિત્ર વોજિનિયાકની સાથે મળીને તેમણે એપલ કંપની શરૂ કરી હતી, પરંતુ એપલમાંથી જ તેમને કાઢી મૂકવામાં આવ્યા હતા.

-કેન્સરે આંચકો આપ્યો:૪૯ વર્ષની વયે તેમને પેન્ક્રિયાટિક કેન્સર થયું હોવાનું જાણવા મળ્યું હતું. તેમને ઘણા સમય પહેલાં અંદાજ આવી ગયો હતો કે મૃત્યુ નજીક છે. ૨૧ નવેમ્બરે સ્ટીવની બજારમાં મુકાનારા જીવનચરિત્રમાં આ વાત લખાઇ છે. વોલ્ટર આઇજેકસનનું આ પુસ્તક ૨૧મી નવેમ્બરે બજારાં મુકાશે.

## --જીવન યાત્રા: અસ્ત-વ્યસ્ત બાળપણ

સિરિયાના મુસ્લિમ વિદ્યાર્થી અબ્દુલ ફતેહ જોન જંદાલી અને જોઆન શિબલે લગ્ન પૂર્વે જ જન્મેલા પોતાના સંતાનને અનાથાશ્રમમાં સોંપી દીધું. પણ તેમની શરત હતી કે તેમના બાળકને દત્તક લેનાર પરિવાર ભણેલો ગણેલો હોય. કેટલાક દિવસ પછી અનાથાશ્રમને કેલિફોર્નિયા નિવાસી નિ:સંતાન આર્મેનિયાના પરિવાર પોલ અને કલારા જોબે બાળકને દત્તક લેવાની દરખાસ્ત મોકલી. તેમને બાળક સોંપી દેવામાં આવ્યું.

તેને નામ મળ્યું સ્ટીવન પોલ જોબ્સ. મજુરી કરીને પેટિયું રળતા જોબ્સ પરિવાર વિષે જ્યારે સ્ટીવની માતા જોઆન શિબલને ખબર પડી ત્યારે તેણે સખત વાંધો લીધો. છ મહિના સુધી તે બાળકને દત્તક આપવાના દસ્તાવેજ પર હસ્તાક્ષર કરવા રાજી ના થઈ. આ ખેંચતાણની સ્ટીવના જીવન પર ભારે અસર પડી. મંદિરમાં ભોજન : જોબ્સ પોતાના ખર્ચને વેઠવા કોકની ખાલી બોટલ વેચતા હતા. સ્થાનિક હરે રામ હરે કૃષ્ણ મંદિરમાં મફત ભોજન કરતા હતા.

## --ભારતમાં આવ્યો એપલનો વિચાર

ભારત આવવા માટે જોબ્સે ૧૯૭૪માં વીડિયો ગેમ બનાવનારી કંપની અટારીમાં નોકરી કરી. પછી તે હિપ્પી ના રૂપમાં ભારત આવ્યા. તેમની સાથે કોલેજના મિત્ર ડેનિયલ કોટકે પણ હતા, જેઓ આગળ જતાં એપલના પ્રથમ કર્મચારી બન્યા. નૈનીતાલમાં તેઓ બાબા નીમકરોલીના કૈંચી આશ્રમમાં રહ્યા. બાબાને તેમના અનુયાયી હનુમાનનો અવતાર માનતા હતા. જોબ્સ અહીં આધ્યાત્મ

http://suratiundhiyu.wordpress.com/

સાથે સંકળાયા. જોબ્સને ભારતને તેમની કલ્પના કરતાં વધારે ગરીબ હોવાનું લાગ્યું. પરંતુ તેમને એ જાણી આશ્ચર્ય થયું કે આવી સ્થિતિમાં પણ અહીં આટલી સાદગી અને પવિત્રતા છે.

ભારતથી અમેરિકા પાછા ફરતાં તેમણે મોર્થે મુંડન કરાવી લીધું અને બૌદ્ધ બની ગયા. તેમનાં વસ્ત્રોમાં ભારતીય છાંટ જોવા મળતી હતી. તેઓ સાદગીને પસંદ કરતા હતા. જોબ્સે અમેરિકા પાછા ફરીને પોતાના મિત્ર સ્ટીવ વોજનિયાક સાથે એપલની સ્થાપના કરી. તેમણે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું કે ભારત યાત્રા દરમિયાન તેમને આ કંપની વિષે વિચાર આવ્યો હતો.

--૫૬ વર્ષની જિંદગી સંઘર્ષથી મળી સફળતા

-ગેરેજથી શરૂ થઈ સફળતાની સફર

-૨૧ વર્ષની ઉંમરે (૧૯૭૬) પિતાના ગેરેજમાં એપલ કંપનીનો પ્રારંભ કર્યો. ત્યાં તેમણે તથા મિત્ર વોજિનિયાકે કમ્પ્યૂટર સિર્કટ બોર્ડ બનાવ્યું. એપલ - ૧ કમ્પ્યૂટર બનાવ્યું. કિંમત ૬૬૬.૬૬ ડોલર (રૂ. ૩૨,૭૩૪.૩૪)

-૨૨ વર્ષની ઉંમરે (૧૯૭૭) એપલ - ૨ કમ્પ્યૂટર બનાવ્યું. આ પહેલું પર્સનલ કમ્પ્યૂટર હતું જેના પર રંગીન ગ્રાફિકસની સુવિધા હતી. તેની કિંમત ૧૦ લાખ ડોલર હતી.

-૩૦ વર્ષની ઉંમરે (૧૯૮૫) કંપની છોડવી પડી.

## --પરંતુ હાર ન માની...

-૩૧ વર્ષની ઉંમરે જોબ્સે કમ્પ્યૂટર સિસ્ટમ બનાવનારી કંપની નેકસ્ટની શરૂઆત કરી. તે વર્ષે તેમણે એક કરોડ ડોલરમાં પિકસર કંપની ખરીદી.

-૩૪ વર્ષની ઉંમરે (૧૯૮૯) જોબ્સે પર્સનલ કમ્પ્યૂટર લોન્ચ કર્યું.

-૪૦ વર્ષની ઉંમરે (૧૯૯૫) જોબ્સે કમ્પ્યૂટર નિર્માણ છોડીને કમ્પ્યૂટર એનિમેશન ફિલ્મો બનાવવાની શરૂઆત કરી. ૧૯૯૫માં ટોય સ્ટોરી નામની આ કંપનીની ફિલ્મે દુનિયામાં ૩૫ કરોડ ડોલરની કમાણી કરી. ત્યારબાદ 'એ બગ્સ લાઈફ', 'ફાઈન્ડિંગ નીમો' તથા 'મોન્સ્ટર્સ ઈંક' જેવી ફિલ્મો પણ બનાવી.

-૪૧ વર્ષની ઉંમરે (૧૯૯૬) તેમની કંપની નેકસ્ટને એપલે ૪૦.૩ કરોડ ડોલરમાં ખરીદી.

## --નાની શરૂઆત

http://suratiundhiyu.wordpress.com/

-૧૯૭૬માં જોબ્સે મિત્ર બોજનિયાક સાથે મળીને એપલ કંપની શરૂ કરી. પહેલું કમ્પ્યૂટર ૬૬૬ ડોલરમાં બનાવ્યું.

--ઝડપી પ્રગતિ

-૧૯૮૨ સુધીમાં ગેરેજમાં શરૂ થયેલી એપલ કંપની એક અબજ ડોલરની બની ગઈ.

## --મુશ્કેલીમાં મક્કમ

-૧૯૯૭માં ફરી એક વખત એપલમાં સ્ટિવ જોબ્સ પરત આવ્યા. નુકસાનમાં ચાલતી કંપનીને ઉગારી.

-૨૦૧૦માં આઈપેડ લોન્ચ કરીને તેમણે હરીફોને ઘણા પાછળ રાખી દીધા.

1970ના દાયકાના અંતભાગમાં એપલની પ્રગતિ પૂરજોશમાં થઈ રહી હતી. આ અરસમાં સ્ટિવ જોબ્સ એક યુવતિ ક્રિન-એન બ્રેનના સંપર્કમાં આવ્યો હતો. બંને વચ્ચે પ્રેમ થયો હતો અને શારીરિક સંબંધો પણ બંધાયા હતા. જેનાથી લિસા નિકોલ બ્રેનનન-જોબ્સ નામની બાળકીનો જન્મ થયો હતો.

-"હું નપુંસક છું અને સંતાન પેદા કરી શકું તેમ નથી,"કોર્ટમાં જોબ્સે કહેલું

-કુલ ચાર સંતાનોના પિતા સ્ટિવ જોબ્સના કોર્ટમાં નિવેદનથી ચકચાર મચી ગયેલી

આ અરસામાં એપલ દ્વારા લીસા કોમ્પ્યુટર રજૂ કરવામાં આવ્યું હતું. જે કથિત રીતે પુત્રી લીસાના નામ પર આધારિત હતું. જો કે, જોબ્સે એ વાતને નકારી કાઢી કે લીસાના તેઓ પિતા છે. કોર્ટમાં રજૂ કરવામાં આવેલા દસ્તાવેજોમાં જોબ્સે કહ્યું હતું કે, "હું નપુંસક છું અને સંતાન પેદા કરવા માટે અસક્ષમ છું."એપલ કંપની દ્વારા એ આરોપોને નકારી કાઢવામાં આવ્યા કે, લીસા કોમ્પ્યુટર કથિત રીતે સ્ટિવની પુત્રીના નામ પર આધારીત હતું. કંપનીના કહેવા પ્રમાણે લીસાએ 'લોકલ ઈન્ટિગ્રેટેડ સોફ્ટવેર આર્કિટેક્ચર' નામ પર આધારિત છે.

આગળ જતા સ્ટિવ જોબ્સે લોરેન પોવેલ સાથે લગ્ન કર્યા અને વધુ ત્રણ સંતાનોનો પિતા બન્યો. સ્ટિવે એ પણ સ્વીકારી લીધું કે લીસા તેમની પુત્રી છે. લીસાએ વર્ષ 2000માં હાર્વર્ડ યુનિવર્સિટીમાંથી અભ્યાસ પૂર્ણ કર્યો અને યુરોપ જતી રહી. હાલ લીસા અખબારોમાં લખે છે અને પત્રકારત્વ કરે છે. તેના લેખો વિવિધ અખબારોમાં છપાઈ છે.

http://suratiurdhiyu.wordpress.com/

## બીલ ગેટ્સના નિયમો:

જીવનની તકલીફોથી ટેવાઈ જાઓ

વિશ્વને તમારા કામથી જ મતલબ છે, વિચારોથી નહિ.

તમારે જીવનમાં જે જોઈતું હોય તેને દિવસ અને કલાકોમાં વિભાજીત કરીને કામે લાગી જાઓ.

પ્રયત્નો કરતા રહેવામાં કોઈ શરમ નથી.

તમારી ભૂલો માટે કોઈને દોષ આપવાને બદલે તેના કારણ શોધો

તમારા માં-બાપ તમારા ખર્ચ ઉઠાવીને થાકી ગયા છે તે હકીકત બને તેટલી વહેલી સમજી લો

કોઈ તક ફરી મળતી નથી પરંતુ નવી તકો જરૂર મળે છે

જીવન કદી ધોરણો પ્રમાણે તમને પાસ કરીને આગળ લઈ જતું નથી, અહી વેકેશન પણ હોતા નથી

ટી.વી.,ફિલ્મો અને નવલકથાઓમાં દેખાડાતા માનવીઓમાંથી કોઈ જ પ્રેરણા ન લેશો

સફળતા માટે ધ્યેય નક્કી કરીને સતત કામ કરતા રહો

તમને ન ગમતા માનવી સાથે પણ સૌજન્યથી વર્તો, શી ખબર તેની સાથે જ કામ કરવાના દિવસો આવી જાય !

## ધનજી કુંભારનો ગધેડો

લેખક – વિનોદ આર. પટેલ

રામજી પટેલના ખેતરના છેવાડે એક ભાગમાં ધનજી કુંભાર અને બીજાં કેટલાંક કુંભાર કુટુંબો એક ઈંટવાડો ભાડે રાખીને રહેતાં હતાં. ગુન્દેલી માટીમાંથી ઈંટો પાડી,પકવી પછી બાંધકામ કરવા વાળાઓને વેચી એ બધાં પોતાનું ગુજરાન ચલાવતાં હતાં . માટી લાવવા માટે અને પકવીને તૈયાર થયેલ ઈંટોની હેરફેર માટે ગધેડાં એમનાં મુખ્ય વાહનો હતાં .

ધનજી કુંભારનો એક ગધેડો હવે ઘરડો થઇ ગયો હતો. થોડો માંદો પણ રહેતો .ધનજી કુંભાર પણ હવે એની પાસે પહેલાં જેવી મજુરી નહોતા કરાવતા. આ માંદલો અને ઘરડો ગધેડો એક વખત ચરતો ચરતો ખેતરના દુરના છેડે પહોંચી ગયો. ત્યાં એક અવાવરું કુવો હતો.બહું વરસોથી પાણી વગરનો બીન ઉપયોગી અવાવર પડી રહેલો.અંદર જાળાં ઝાંખરાંને લીધે કુવો સ્પષ્ટ દેખાતો પણ ન હતો.આ બિચારો ગધેડો આ કુવામાં પડી ગયો.અંદર પડતાની સાથે જ ,મદદ માગતો હોય એમ ,એના આગવા ગર્દભ અવાજમાં એણે અંદરથી ભૂંકવા માંડ્યું.

http://suratiundhiyu.wordpress.com/

કુવામાંથી પડઘાતો એનો અવાજ સાંભળી ઈંટવાડામાં કામ કરતા કુંભાર,એમના  સાથીઓ અને આસપાસના ખેડૂતો ભેગા થઇ ગયા .શું કરવું ,કેમ કરવું એની ગડમથલમાં સૌ પડી ગયા.

અંતે એમને બહું કઠોર નિર્ણય લેવો પડ્યો.આ નિર્ણયથી કોઈ રાજી તો ન હતું પણ લેવો પડ્યો.કુવાની અંદર પડી ગયેલો ગધેડો આમે ય ઘરડો અને માંદો હતો અને એને બહાર કાઢ્યા પછી પણ એ બહું લાબું જીવે એમ ન હતો.એ મરવાના વાંકે જ જીવી રહ્યો હતો.આ સંજોગોમાં ધનજી કુંભારની સંમતિથી ત્યાં ભેગા થયેલા બધા લોકોએ નિર્ણય લીધો કે આ માંદલા ગધેડા સહીત કુવાને પૂરી નાખવો જેથી ભવિષ્યમાં ફરી બીજું કોઈ અંદર પડે નહિ.
આ નિર્ણય લીધા પછી બે ત્રણ જણાએ પાવડે પાવડે કુવાની અંદર માટી નાખી કુવો પૂરવાનું કામ શરુ કરી દીધું.હવે અંદર ગધેડા  ઉપર અચાનક જેવી માટી પડી કે તરત એ માટીના મારાથી પ્રથમ તો ચોંકી ગયો.ગભરાયો પણ ખરો.સાથે સાથે આ આપત્તિથી એની જીજીવિષા પ્રબળ બની ગઈ .ભયથી સતેજ બની ગયેલા એનાં મગજે એક ઝડપી નિર્ણય લઇ લીધો.જેવી માટી પીઠ ઊપર પડી કે તરત એ ચાર પગે ઉભો થઇ ગયો.પીઠ હલાવીને એના ઉપરથી માટી ખંખેરી નાખી અને એ માટી ઉપર ઉભો રહી ગયો. ઉપરથી જેમ જેમ એની પીઠ ઉપર માટી પડતી જાય તેમ તેમ એ ખંખેરીને માટી નીચે પાડતો ગયો. એના પગ તળે ભેગી થતી માટી ઉપર પોતાના પગ ટેકાવતો એ ધીમે ધીમે ઉપર આવતો ગયો.પશુ હોય કે માનવી હોય, આપત્તિ માથે આવી પડે ત્યારે એમાંથી બહાર નીકળી આવવાના બનતા બધા જ પ્રયત્નો કરવાની ઇચ્છા પ્રબળ બને છે .એવું આ વૃદ્ધ અને માંદલા ગધેડાએ પણ કર્યું. થાકને ગણકાર્યા વિના ,હિંમતથી કામ લઇ, મરણીયો બનીને પોતાની બધી જ તાકાતથી પીઠ ઉપર પડતી માટીને નીચે ખંખેરતો ગયો અને ઉપર ચઢતો ગયો.
આ પ્રમાણે કરતાં કરતાં જાળા ઝાંખરાથી ઢંકાયેલું એનું માથું છેક કુવાના કાંઠા સુધી બહાર દેખાયું ત્યારે ધનજી કુંભાર અને માટી પૂરી રહેલા અન્ય લોકોના આશ્ચર્યનો પાર ન રહ્યો.બધા આનંદથી ઉત્તેજિત થઈને કિલકારીઓ પાડી ઉઠ્યા અને સાચવીને ગધેડાને કુવા બહાર લઇ લીધો.બહાર જમીન ઉપર પગ મુકતાં જ થાકેલો ગધેડો આરામ કરવા બેસી પડ્યો.
આ ગધેડાની આંતરિક  હિમ્મત અને સમયસુચકતા કેટલી તીવ્ર કહેવાય ! જે માટી એને જીવતો દાટી દેવા માટે અંદર નાખવામાં આવતી હતી એ જ માટીથી એણે પોતાની અક્કલ વાપરીને પોતાનો જીવ બચાવી લીધો.આપત્તિ કાળે એણે ઠંડા દિમાગથી કામ લઇ આવેલ આપત્તિમાંથી

http://suratiundhiyu.wordpress.com/

આબાદ રીતે માર્ગ કાઢી લીધો.બુદ્ધિ કોઈના બાપની છે! મહેરબાની કરીને હવે પછી કોઈને " તું તો સાવ ગધેડા જેવો છે " એમ કહીને કોઈ ગધેડાનું અપમાન કરશો નહીં !

આ અબોલ વૃદ્ધ ગધેડાએ પોતાના હિમ્મત ભર્યા આચરણથી આપણે સૌને માટે જિંદગીનો કેટલો મોટો સંદેશ રજુ કર્યો છે! .આ કથામાંથી બોધ એ લેવાનો છે કે જ્યારે પણ જીવનમાં આપણે મુશ્કેલ સંજોગોના ઊંડા કુવામાં સપડાઈએ ત્યારે મુશ્કેલીઓ રૂપી માટી નીચે દબાઈ જઈને દુખી થવાને બદલે એને આપણી પીઠ ઉપરથી ખાખેરી નાખી એના ઉપર સવાર થઇ ઉપર આવવા અને એમાંથી બહાર આવવાનો રસ્તો કાઢવા માટે પોતાની બધી જ હિમ્મત એકઠી કરીને કટીબદ્ધ થવું જોઈએ.મુશ્કેલીઓથી કદી ન ગભરાવું .કોઈ પણ પ્રકારની વિકટ પરિસ્થિતિમાં ઠંડા દિમાગથી વિચારવાથી અને પ્રયત્નશીલ બનવાથી કોઈને કોઈ રસ્તો નીકળી આવે છે અને અંતે મુશ્કેલીઓના ઊંડા કુવામાંથી સફળતાપૂર્વક બહાર આવી શકાય છે.જરૂરત હોય છે આપણામાં પડેલી પ્રભુ બક્ષેલ સુસુપ્ત શક્તિઓને ઢંઢોળવાની અને ખરે સમયે એનો ઉપયોગ કરવાની સુઝ-સમજ દાખવવાની.
ધનજી કુંભારના ગધેડાની આ વાર્તાનો આપણી જિંદગી માટેનો આવો સુંદર અને ઉમદા બોધપાઠ સૌએ સમજીને જીવનમાં ઉતારવા જેવો નથી શું ?

## સાગર અને નદી

– આચાર્ય વિજયરત્ન સુરિ

સાગરને મળી રહેલી નદી આજે ખુબ પ્રસન્ન હતી. સાગરે નદીને પ્રસન્નતાનું કારણ પૂછ્યું . નદી કહે , 'કેટલાંએ વરસોથી વચ્ચે રહેલો એક પર્વત તને જલદી મળવામાં મને અંતરાય કરતો હતો. એ પર્વતને મેં વર્ષો પછી આજે તોડી નાખ્યો ! ચારેબાજુ હું જાહેરાત કરતી આવી છું કે મારા રસ્તામાં જે કોઈ પણ અવરોધ કરશે તેના આ પર્વત જેવા હાલ-બેહાલ થઈ જશે.' સાગર હસ્યો, 'બહેન ! એક કામ કરીશ ? આ એક બાજુ નેતરની સોટીઓ ઊગી છે તેમાંથી બે-ચાર સોટીની મારે જરૂર છે, લાવી આપીશ ?'

નદી તો ઉપડી નેતરની સોટી લેવા.નદી મનમાં ગર્વ કરવા લાગી કે જેણે પર્વતના હાલ-બેહાલ કરી નાખ્યા એના માટે નેતરની સોટી તોડી લાવવી એ તો રમત વાત છે. નદીએ ભારે જોશથી

http://suratiundhiyu.wordpress.com/

નેતર પર આક્રમણ કર્યું પણ નદી જેવી નેતર પર કુદી કે તરત જ નેતરે પોતાની કાયા નમાવી દીધી. નદીનું પાણી રવાના થતા નેતર વળી પાછું ઊભુ થઈ ગયુ. આ જોઈને નદી વધુ ગુસ્સે થઈ ગઈ. બમણા જોશથી નેતર પર કુદી પણ પરીણામ એનું એ જ ! આખો દિવસ નદીના આક્રમણો ચાલુ રહ્યા .પણ  નેતર ન તૂટ્યું.! હારી-થાકીને નદી સાગર પાસે આવી.

'કેમ બહેન, નેતર ક્યાં ?'

'હું ન લાવી શકી. મને ખબર નથી પડતી કે આમ કેમ થયુ ? પર્વતને હું તોડી શકી પણ આ નેતરને મૂળમાંથી હચમચાવી પણ ન શકી !'

'જો, આ રહું તેનું કારણ ! પર્વતને તું તોડી  શકી; કારણ કે તે અક્કડ હતો. નેતરને તું તોડી ન શકી કારણ કે તે નમી ગયુ હતું ! આ દુનિયામાં પર્વતની જેમ અક્કડ રહેનારાનાં પાણી ઉતારવાં સહેલાં છે; પરંતું નેતરની જેમ સ્વયં નમી જનારાનાં પાણી ઉતારવાં સહેલાં નથી !' સાગરની આ વાત સાંભળી નદી મૌન થઈ ગઈ ! આધ્યાત્મિક જગતમાં આ વાત ખુબ મહ્તવની છે. અક્કડ રહેનારાઓ હારી ગયા  છે અને ઝુકી જનારાઓ જીતી ગયા  છે !

## કોઈની જિંદગીમાં રોશની ભરો

એક અઢાર વર્ષનો છોકરો ટ્રેનમાં બારી પાસે બેઠો હતો. અચાનક જ તેણે ખુશીમાં બુમ મારીને કહ્યું; બાપુજી, જુઓ આ બધા ઝાડો આપણી ગાડી કરતા પાછળ જઈ રહ્યા છે. તેના પિતાએ સ્નેહથી તેના માથા ઉપર હાથ ફેરવ્યો. ફરીવાર પેલા છોકરાએ જોરમાં બુમ મારીને કહ્યું; બાપુજી, જુવોને આ બધા વાદળો પણ આપણી ટ્રેન સાથે સાથે ચાલી રહ્યા છે. પિતાની આંખમાંથી આંસુ સરી પડ્યા. પાસે બેઠેલા એક ભાઈ આ બધું જોઈ રહ્યા હતા. તેમનાથી રહેવાયું નહિ એટલે એમણે છોકરાના બાપને કહ્યું કે આટલો મોટો થવા છતાં તમારો છોકરો નાના છોકરાઓ જેવી હરકતો કરે છે. તમે પંપાળો છો એના કરતા કોઈ સારા ડોક્ટરને કેમ બતાવતા નથી?

એટલે એ છોકરાના પિતાની આંખોમાંથી દળ દળ આંસુઓ સરી પડ્યા અને એ બોલ્યા ભાઈ, અત્યારે એને મોટી હોસ્પીટલમાંથી લઈને આવું છું. મારો છોકરો જન્મથી જ અંધ હતો. કોઈએ એને આંખો દાન કરી એટલે એને આજે જ આંખોની રોશની મળી છે.

નેત્રદાન કરો અને કોઈની જિંદગીમાં રોશની ભરો

http://suratiundhiyu.wordpress.com/

## ધર્મ કે પરમાત્મા નજીક કેવળ કોણ રહી શકે છે?

વિવેકાનંદ હિન્દુસ્તાનથી અમેરિકા જતા હતા. રામકૃષ્ણ પરમહંસનાં પત્ની શારદા માના આશીર્વાદ લેવા ગયા. એ સમયે રામકૃષ્ણ પરમહંસ અવસાન પામ્યા હતા. શારદા મા રસોડામાં કામ કરી રહ્યાં હતાં. વિવેકાનંદજીએ આવીને કહ્યું, 'મા, મને આશીર્વાદ આપો હું અમેરિકા જઉં છું.'

શારદા માએ પૂછ્યું, 'અમેરિકા જઇને શું કરશો?'

'હું હિંદુ ધર્મનો સંદેશ પ્રસરાવીશ.'

શારદા માએ કોઇ પ્રતિભાવ ન આપ્યો. ચૂપ રહ્યાં. થોડી પળ પછી પોતાનું કામ કરતાં કરતાં બોલ્યાં, 'પેલી શાક સુધારવાની છરી મને આપશો?'

વિવેકાનંદજીએ છરી ઉપાડીને શારદા માને આપી. શારદા માએ છરી આપતા વિવેકાનંદજીના હાથ પર એક નજર કરી. પછી વિવેકાનંદજીના હાથમાંથી છરી લેતાં બોલ્યાં, 'જાઓ, મારા આશીર્વાદ છે તમને'.

હવે વિવેકાનંદજીથી ન રહેવાયું.

'મા છરી ઉપાડવાને અને આશીર્વાદ આપવાને શો સંબંધ છે?'

શારદા માએ કહ્યું, 'હું જોતી હતી કે તમે છરી કેવી રીતે ઉપાડીને મને આપો છો. સામાન્ય રીતે કોઇ છરી ઉપાડીને આપે ત્યારે હાથો તેના હાથમાં રાખે છે. પણ તમે છરી ઉપાડીને આપી ત્યારે હાથો મારી તરફ અને ધાર તમારા તરફ રાખીને છરી મને આપી. મને ખાતરી છે કે તમે ધર્મનો સંદેશ સફળતાપૂર્વક લોકો સુધી પહોંચાડશો. કારણ કે ધર્મ કે પરમાત્મા નજીક કેવળ તેઓ જ રહી શકે છે જે દુ:ખ પોતાના માટે રાખે છે અને સુખ અને સુરક્ષા અન્યને આપે છે. જેમ તમે ધાર તમારી તરફ રાખી અને હાથો મને આપ્યો.'

## કોની યાત્રા પૂરી થઇ છે તો તારી થશે?

સિકંદર હિન્દુસ્તાન આવવા નીકળ્યો. રસ્તામાં તેને સંત ડાયોજિનસ મળ્યા. તેમણે સિકંદરને પૂછ્યું, 'ક્યાં જાય છે?'

સિકંદર બોલ્યો, 'પહેલા એશિયા માઇનોર જીતવું છે. પછી હિન્દુસ્તાન જીતીશ.'

'પછી?' ડાયોજિનસે પૂછ્યું.

'પછી આખી દુનિયા જીતીશ.'

http://suratiundhiyu.wordpress.com/

‘પછી?’

‘બસ, પછી આરામ કરીશ.’

રેતીના પટ પર સંપૂર્ણ નગ્ન અવસ્થામાં સૂતેલા ડાયોજિનસ મલકાયા. પોતાના કૂતરાને સંબોધીને બોલ્યો, ‘આ પાગલ સિકંદરને જો, આપણે અત્યારે આરામ કરી રહ્યા છીએ, જ્યારે તે આટલા બધા ઉપદ્રવ પછી આરામ કરશે.’ પછી સિકંદરને સંબોધીને બોલ્યો, ‘આટલા બધા ઉપદ્રવ પછી આરામ જ કરવો છે, તો અત્યારે જ આવીજા આપણે બંને આરામ કરીએ.’

‘ના, અત્યારે હું અડધે રસ્તે છું. પહેલા હું વિશ્વવિજેતા તરીકે મારી યાત્રા પૂર્ણ કરી લઉં. પછી દેશ પાછો ફરી આરામ ફરમાવીશ.’

અને ત્યારે ડાયોજિનસ બોલી ઊઠ્યા, ‘કોની યાત્રા પૂરી થઇ છે તો તારી થશે?’

અને સાચ્ચે જ હિન્દુસ્તાનથી પાછા ફરતા સિકંદર અવસાન પામ્યો. ન તો તે આરામ ફરમાવી શક્યો, ન પોતાની યાત્રા પૂરી કરી શક્યો.

## કાર્ય પ્રત્યેનો અભિગમ

કૃષ્ણ ભગવાનનો કર્મનો સિદ્ધાંત જીવન કાર્યને મૂલ્ય તો અર્પે છે જ, પણ જીવનકાર્ય પ્રત્યેના અભિગમને ભારણ ન ગણતા, ઉત્સવ માનવા પ્રેરે છે. તેનું એક દ્રષ્ટાંત ઓશોએ આપ્યું છે. એક મંદિર બનતું હતું. અનેક મજુરો ત્યાં પથ્થર તોડવાનું કાર્ય કરતા હતા. એક માણસે એ સ્થળે જઇ એક મજુરને પૂછ્યું, ‘તમે શું કરો છો?’ મજુર આ પ્રશ્ન સાંભળી ગુસ્સામાં બોલી ઊઠ્યો, ‘આંધળા છો? જોતા નથી કે પથ્થર તોડું છું?’ એ જ વ્યક્તિ બીજા મજુર પાસે ગયો અને તેને પણ એ જ પ્રશ્ન પૂછ્યો, ‘તમે શું કરો છો?’ પેલા મજુરે એક નજર એ વ્યક્તિ પર નાખી. પછી હથોડો નીચે મૂકતા કહ્યું, ‘પથ્થર તોડું છું. એ રીતે મારા કુટુંબ માટે રોટલો રળું છું.’ એ જ વ્યક્તિ ત્રીજા મજુર પાસે ગઇ.

એ મજુર આનંદના સ્વરે ગીત ગાતાં ગાતાં પથ્થર તોડતો હતો. પેલી વ્યક્તિએ તેને એ જ સવાલ પૂછ્યો, ‘તમે શું કરો છો?’ પેલા મજુરે ગીત ગાવાનું અટકાવીને કહ્યું, ‘ભગવાનનું મંદિર બનાવી રહ્યો છું.’ અને પાછો એ મજુર ગીત ગાતો ગાતો પથ્થર તોડવામાં મગ્ન થઇ ગયો.

http://suratiundhiyu.wordpress.com/

આ ત્રણે માનવીઓ એક જ કામ કરતા હતા. પણ ત્રણેનો પોતાના કાર્ય પ્રત્યેનો અભિગમ ભિન્ન છે. ત્રીજો માનવી પથ્થર તોડવાના પોતાના કાર્યને ઉત્સવ સમજી કરી રહ્યો છે. અને એ જ ઇશ્વરે સોંપેલ કાર્ય (કર્મ) કરવાની સાચી દ્રષ્ટિ છે.

## ઘડપણ સડવા માટે નથી - ગુણવંત શાહ

માણસ સાઠ વટાવે પછી થોડાક ડરામણા શબ્દોનું બ્લેકમેઈલ શરૂ થઈ જાય છે: બ્લડ-સુગર, કૉલેસ્ટરોલ, બ્લડ પ્રેશર, આરથ્રાઈટીસ, બાયપાસ, ઘડપણ અને મૃત્યુ. ઘણા લોકો ઘડપણમાં દુ:ખી થવા માટે યુવાનીમાં રોગના ખાતામાં દુ:ખની થાપણ મૂકી રાખે છે. પાછલી ઉંમરે દુ:ખ એમને વ્યાજમુદ્દલ સાથે પાછું મળે છે.

જ્યાં જ્યાં નજર કરીએ ત્યાં એડવાન્સ બૂકિંગ કરાવીને ઘડપણમાં રોગોનું મ્યુઝિયમ બનીને ખાટલે પડેલા ખોળિયા જોવા મળે છે. એમના જિગરજાન દોસ્તનું નામ છે, ગળફો. એમની ગર્લફ્રેન્ડનું નામ છે, થૂંકદાની. એમની પ્રિયતમાનું નામ છે, પથારી. રવિશંકર મહારાજ વારંવાર કહેતા કે ઘરડમાં ચાલે તે ઘરડો. ઘડપણનું સર્જન સડવા માટે નથી થયું. માણસે ઘરડા નથી થવાનું, પણ વૃધ્ધ થવાનું છે. જે વૃધ્ધિ પામ્યો એ વૃધ્ધ.

પાછલી ઉંમરે સુખી થવાના સચોટ ઉપાયો કયા ? ગમે એ ભોગે યુવાનીમાં બેઠાડુ બનવાનું ટાળવું રહ્યું. જેટલું ચલાય એટલું ચાલવું અને વળી ઝડપથી ચાલવું.

ચલના જીવનકા નામ<br>ચલતે રહો શુબહ શામ

પરસેવાના બે પ્રકાર છે. એક છે હરામનો પરસેવો અને બીજો છે ખરી કમાણીનો પરસેવો. મુંબઈમાં ભેજ એટલો કે આળસુના પીરને પણ પરસેવો વળે. એ હરામનો પરસેવો ગણાય. શિયાળામાં કોઈ માણસ એકાદ કલાક કસરત કરે અને શરીરે પરસેવો વળે એ ખરી કમાણીનો

http://suratiundhiyu.wordpress.com/

પરસેવો ગણાય. એ પરસેવો રોગમુક્તિ(healing)નો ખરો ઉપાય છે. કમાણીનો પરસેવો ઉંમરને ખાઈ જાય છે.

પાછલી ઉંમરે દુ:ખી થવાના ઘણા રસ્તા છે. ઓફિસની ખરશીમાં પોટલું થઈને બેસવું એ પહેલો ઉપાય છે. વ્યસનો વિનાની યુવાની ઘણા લોકોને નથી ગમતી. પૈસા કમાવા સિવાય અન્ય કોઈ વાતમાં રસ ન લેવાની ટેવ યુવાનીને કદરૂપી બનાવે છે. સાહિત્ય, સંગીત, કળા, નાટક અને કવિતા જેવી 'ફાલ્તુ' બાબતોથી દૂર રહેનારા ઝટ ઝટ સડે છે. આવા લોકોને તાણ નામની વૅમ્પ અકાળે ઘરડા બનાવે છે. કેવળ પૈસો કમાનારી વ્યક્તિને સાચી મૈત્રી સાંપડતી નથી. પરિણામે જીવન ઝટ કટાઈ જાય છે.

પુસ્તક વાંચવાની ટેવ હોય એવો સ્ફૂર્તિમંત વૃદ્ધ કંટાળતો નથી. સંગીતમાં રસ લેનારો વૃદ્ધ નવરાશને શણગારતો જોવા મળે છે. મૈત્રીવૈભવ ધરાવનારા દાદા ખાસા રળીયામણા જણાય છે. અન્ય માટે કશુંક કરી છૂટવા તત્પર એવાં દાદીમા આદરણીય જણાય છે. પારકી પંચાતથી દૂર રહીને નિજાનંદમાં મસ્ત રહેનારા દાદાને ખાલીપો પજવતો નથી. ઘરના સંતાનો એમનાથી કંટાળતા નથી. પુત્રવધુને એમની હાજરી ખટકતી નથી. કેટલાક વડીલોથી પરિવાર કંટાળે છે. એ કંટાળો સાબિત કરે છે કે વડીલ હજી જીવે છે. આવું ઘડપણ અભિશાપ ગણાય.

જે વૃધ્ધ છે એ તબિયતનો રાંક નથી હોતો. પુસ્તકપ્રેમ, કળાપ્રેમ, મનોરંજન, મૈત્રી અને પ્રસન્ન સ્મિતથી શોભતો કરચળિયાળો ચહેરો એમના સમગ્ર જીવનનું ઓડિટ પ્રગટ કરતો રહે છે. આવો વૃધ્ધ છેક સુધી પોતે સ્થાપેલી કે ઉછેરેલી સંસ્થાની ખુરશી પર ફેવિકોલ (અમેરીકામાં Crazy Glue) લગાડીને ચોંટી રહેતો નથી. શંશોધનોએ સાબિત કર્યું છે કે નિયમિતપણે ચર્ચમાં જનારા લોકો લાંબું જીવે છે. ભગવાન નામનું ટ્રાન્ક્વિલાઈઝર જબરી રાહત સાવ ઓછી કિંમતે પહોંચાડે છે. ડ્રગને રવાડે ચડવા કરતાં કૃષ્ણને રવાડે ચડવું સારું.

જે બાલ્દી કટાઈને કાણી નથી થતી એને છેક છેલ્લે સુધી કોઈ ભીનો સ્પર્શ મળી રહે છે. એ સ્પર્શ જીવનદાયી છે. લાંબા આયુષ્યના શાસ્ત્રને gerontology કહે છે. આપણા ઘરડા નેતાઓ ઝટ નિવૃત્ત થતા નથી. સત્તા ન છોડવાની એમની ચીટકુ વૃત્તિને gerontocracy કહે છે. કટાઈ

http://suratiundhiyu.wordpress.com/

જવા માટેનો શ્રેષ્ઠ સમય યુવાની છે. ઘરડા થવું એ ગુનો છે. વૃદ્ધ થવું એ વિશેષાધિકાર છે. સતત સમૃધ્ધ થતો રહે તે વૃદ્ધ. વિચારની વૃદ્ધિ

ખિસકોલી ઘરડી થાય તોય દોડવામાં ધીમી પડતી નથી. પુષ્પ ખરવાની અણી પર હોય તોય સુગંધ આપવામાં પાછીપાની કરતું નથી. હરણ ગમે એટલું ઘરડું હોય તોય એની દોડવાની ગતિ જળવાઈ રહેતી હોય છે. ઘરડા હાથીનું ગૌરવ પણ છેલ્લી ક્ષણ સુધી અકબંધ રહેતું હોય છે. જે માણસ મોટી વયે પણ નવું નવું વાંચવાનું, વિચારવાનું અને નિર્મળ આનંદ પામવાનું વ્યસન છોડવા તૈયાર નથી એ ખરા અર્થમાં વૃદ્ધ છે. એવા માણસને 'ઘરડો' કહેવો એ એનું અપમાન છે. અમેરિકાના બનોર્ડ બારુચ કહે છે :

ઘરડા થવાની ઉંમર
હું આજે છું એનાં
પંદર વર્ષ પછીની જ હોય છે.

લેખકના 'વૃક્ષમંદિરની છાયામાં' પુસ્તકમાંથી સાભાર.....

બોધકથા-૨

## જાણો સંસારમાં આટલું દુ:ખ શા માટે?

એક રાજા પોતાની સભામાં પંડિતો સાથે વાદવિવાદ કરી રહ્યા હતા. અચાનક એમણે પોતાનાં એક વિદ્વાન પંડિતને પ્રશ્ન કર્યો, 'સંસારમાં આટલું બધું દુ:ખ શા માટે છે? માનવ આટલો પીડિત શા માટે રહેતો હશે?'પંડિતજી તુરંત જવાબ ન આપી શક્યા, પછી પછી બોલ્યા, 'મહારાજ, આ પ્રશ્નનો ઉત્તર શોધવા મને સમય લાગશે.'રાજાએ કહ્યું, 'ઠીક છે. તમે એ માટે બે દિવસ વિચાર કરી શકો છો.'

પંડિતજી રાજાના પ્રશ્નનો જવાબ શોધવા નીકળી પડ્યા. રસ્તામાં જે કોઈ સાધુ-સંત મળે એને પ્રશ્ન પૂછતા, પણ ક્યાંય સંતોષકારક ખુલાસો ન મળ્યો. છેવટે થાકીને એક ઝાડ નીચે બેઠા. થોડીવારમાં

http://suratiundhiyu.wordpress.com/

ત્યાંથી એક ફકીરને પસાર થતા જોયા. એમને ઊભા રાખી વિનંતી કરી, 'તમે મારા સવાલનો જવાબ આપી શકશો? સંસારમાં આટલાં દુ:ખોનું શું કારણ છે?'

ફકીર એમને જોતા રહ્યા. પછી ધીરેથી કહ્યું, 'આનો જવાબ હું તમને પછી આપીશ. અત્યારે તો મારે પાસેનાં ગામમાં પાણી માટે કૂવો ખોદવા જવાનું છે. તમે પણ મને મદદ કરી શકો છો..' બન્ને જણ બાજુના ગામે ગયા અને કૂવો ખોદવા લાગ્યા. પંડિતજી મને-કમને કામમાં જોડાયા હતા એટલે થોડીવારમાં કંટાળીને બબડાટ કરવા લાગ્યા: મારા માટે આવા કામનો શું અર્થ? આવી મજૂરીથી મને શું મળવાનું છે? ખોટી હેરાનગતિ છે.

પેલા ફકીર આ સાંભળી ગયા. તેમણે કહ્યું, 'પંડિતજી, અહીં જ તમારા પ્રશ્નનો જવાબ છે. જ્યાં સુધી મનુષ્ય ફકત પોતાનાં સ્વાર્થનો જ વિચાર કરતો રહેશે ત્યાં સુધી એ દુ:ખી રહેવાનો પણ જ્યારે એ બીજાનાં ભલાનો વિચાર કરશે ત્યારે એનાં અંગત સુખ-દુ:ખ ગૌણ બની જશે!'આ ઉત્તરથી પંડિતજી ખુશ થઈ ગયા અને તરત રાજાને કહેવા દોડ્યા.

## સરખામણીનું દુ:ખ

બીજા સાથે સરખામણી કર્યા વગર જ જીવન જીવવામાં સંતોષ મળે છે  થાય સરખામણી તો ઊતરતા છીએ,તે છતાં આબરુને દીપાવી દીધી, એમના મહેલ ને રોશની આપવા ઝૂંપડી પણ અમારી જલાવી દીધી. ફૂલ હોવાની ખુમારી બહુ મજાની છે મિત્રો, દિન ખુદા એવો ન લાવે કે હું પથ્થર લાગું.-' શૂન્ય પાલનપુરી

પતંગિયું ક્યારેય તેની પાંખોના રંગોની સરખામણી બીજા પતંગિયાના રંગો સાથે કરતું હશે? મેઘધનુષના સાતેય રંગોને એક-બીજાની ઇર્ષા થતી હશે? માછલીઓ તરણ સ્પર્ધા યોજીને કોણ વધુ ઝડપે તરી શકે છે એની સરખામણી કરતી હશે? આંબો ક્યારેય બાજુના આંબાને જોઈને એવું વિચારતો હશે કે એ આંબામાં કેરી કેમ વધુ છે. હા, એટલી ખબર છે કે માણસ કાયમ પોતાની સરખામણી બીજા સાથે કરતો ફરે છે!

http://suratiundhiyu.wordpress.com/

બાળક નાનું હોય ત્યારથી તેના મગજમાં એક વાત ઠોકી બેસાડાય છે કે તારે કોના જેવું થવું છે? બધાને કોઈકના જેવું થવું છે. એવા કેટલાં લોકો હશે જેને પોતે છે એવા જ થવું છે? દરેક વ્યક્તિ પોતાની જિંદગીની મંજિલ નક્કી કરી રાખે તેમાં કંઈ ખોટું નથી. કોઈ વ્યક્તિ, કોઈ આદર્શ કે કોઈ સિદ્ધાંતને માઈલ સ્ટોન ગણી ત્યાં પહોંચવાનો પ્રયાસ કરે એમાં પણ કંઈ ગેરવાજબી નથી, પણ સરખામણી કરીને દુ:ખી થયા રાખવાનો કોઈ મતલબ નથી. માણસે એ પણ ધ્યાન રાખવું જોઈએ કે કોઈના જેવા થવામાં પોતાની ઓરિજીનાલિટી ન ગુમાવી બેસે! બનવા જોગ છે કે તમે બીજી વ્યક્તિ કરતા સાવ જુદા, અનોખા અને નિરાળા હો! ઈશ્વરે સર્જેલી પ્રકૃતિ જ બતાવે છે કે જિંદગીમાં વૈવિધ્ય હોવું જોઈએ. ઈશ્વરે કદાચ એટલે જ માણસને પણ જુદી જુદી જાતના અને અલગ અલગ પ્રકૃતિના બનાવ્યા છે. છતાં માણસ બીજા સાથે પોતાની સરખામણી કરીને દુ:ખી થતો રહે છે! પેરિસની સ્કૂલ ઓફ ઈકોનોમિક્સે યુરોપના જ ૨૪ દેશોના ૧૯ હજાર લોકો પર અભ્યાસ કરીને તારણ કાઢયું કે, ૭૫ ટકાથી વધુ લોકો પોતાના પગારની સરખામણી બીજા સાથે કરીને દુ:ખી થાય છે! મજાની વાત એ છે કે જે લોકો પર અભ્યાસ થયો એ બધા જ સારા પગારની નોકરી કરતાં હતા! પગાર એ જીવનનો કે આવડતનો બહુ મોટો ક્રાયટેરિયા નથી! તમારાથી કોઈનો પગાર વધુ હોય એટલે એવું માની લેવાની જરાયે જરૂર નથી કે એ માણસ તમારાથી વધુ હોંશિયાર, વધુ ડાહ્યો, જ્ઞાની કે સુખી છે! દેખાદેખીથી માણસ સૌથી વધુ દુ:ખી થાય છે. બહુ ઓછા લોકો એવું વિચારતાં હોય છે કે મારી પાસે મારે જોઈએ એ બધું જ છે અને મારા માટે પૂરતું છે, હું મારી પાસે જે છે એનાથી સુખી છું. હવે તો માણસ પોતાના સંતાનને બીજાના સંતાનથી બે-પાંચ ટકા ઓછા આવે તો પણ દુ:ખી દુ:ખી થઈ જાય છે. પોતાના બાળકને ડોબું સમજવા માંડે છે, હકીકતે આવી સરખામણી કરવાવાળાં જ ડોબા હોય છે! તમારી પાસે જેટલું છે એટલામાં શાનથી જીવો, બીજા લોકો આપોઆપ તમને માન આપવા માંડશે.

એક સાંજે રાજા તેના મંત્રીને લઈને નગરચર્યાએ નીકળ્યો. રાજા અને મંત્રી ગામના પાદરે આવેલા એક ખેતરે પહોંચ્યા. ખેડૂત એની પત્ની અને બે બાળકો સાથે પ્રેમથી સાંજનું ભોજન કરતો હતો. રાજાને પોતાના ખેતરમાં જોઈને એ ઊભો થઈ ગયો. રાજાએ ખેડૂતને પૂછ્યું, તું સુખી તો છે ને? ખેડૂતે કહ્યું, જી મહારાજા! હું બહુ જ સુખી છું. સામો શેઢો દેખાય છે ત્યાં સુધી મારું ખેતર છે, બાજુમાં વહેતી નદીમાંથી પૂરતું પાણી મળી રહે છે, દર વર્ષે સારો પાક થાય છે, પ્રેમ કરે એવી પત્ની છે



http://suratiundhiyu.wordpress.com/

અને બે ડાહ્યા બાળકો છે. સુખ કહેવાય એવું બધું જ મારી પાસે છે! રાજા અને મંત્રી ત્યાંથી નીકળ્યાં. રાજાએ મંત્રીને પૂછ્યું કે મને કેમ આજે એવું લાગ્યું કે એ ખેડૂત મારા કરતાં સુખી છે! મારી પાસે તો એની પાસે છે તેનાથી અઢળક સંપત્તિ છે! ખેડૂત પાસે જે છે એનાથી એ ખુશ છે અને તમે જે છે એને વધારવાની ફિરાકમાં જ રચ્યાપચ્યા રહો છો. ખેડૂત એના બાળકોને ખેતી શીખવે છે અને તમે તમારા સંતાનોને લડાઈ કરતાં શીખવો છો! તમને તો એ પણ ચિંતા છે કે લડાઈમાં રાજકુમાર માર્યો જશે તો? તમે તમારી સરખામણી મોટા રાજાઓ સાથે જ કરો છો અને દુ:ખી રહો છો!

આપણે બધા જ થોડાં- ઘણાં અંશે રાજા જેવું જ કરતાં હોઈએ છીએ. ઘણાં લોકો એવા પણ હોય છે જે પોતાનાથી ઓછું હોય એવી સરખામણી કરીને અભિમાનમાં રાચે છે. આવા સંજોગોમાં માણસ પોતાનાથી ઓછું હોય તેને નબળો ગણે છે. વધુ હોય તેની સાથે સરખામણી જેમ યોગ્ય નથી એવી જ રીતે ઓછું હોય તેની સાથે પણ કમ્પેરિઝન વાજબી નથી, કારણ કે કોઈનું વધુ જોઈને ઈર્ષા થાય છે અને કોઈનું ઓછું જોઈ તેના પ્રત્યે તિરસ્કાર થાય છે.

સંપત્તિની સરખામણી ક્યારેય સુખ આપતી નથી. માણસ વધુ સારો થવા કે વધુ પ્રામાણિક બનવા કોઈ જ પ્રયાસ કરતો નથી. બધાને રૂપિયાવાળા થવું છે, બહુ ઓછા લોકોને દિલવાળા થવુ ંછે! યાદ રાખો, તમે જેવા છો એવા રહેશો તો કોઈ તમને દુ:ખી નહીં કરી શકે. દરેક માણસને ઈશ્વરે તેના પૂરતું આપ્યું જ હોય છે પણ આપણે તો હંમેશાં બીજા કરતાં વધુ જોઈતું હોય છે. સુખ માટે સંપત્તિ મહત્વની નથી, પ્રેમ, લાગણી, સંબંધો અને સંતોષ મહત્વનો છે. બીજા સાથે સરખામણી કરવાનું છોડીને તમારી પાસે જે છે તેના વિશે વિચાર કરો તો ચોક્કસ એવું ફીલ થશે કે, હું બહુ સુખી છું!' લેખક: અજ્ઞાત

છેલ્લો સીન: અભિમાનથી માનવી કુલાઈ શકે છે, ફેલાઈ શકતો નથી. – રસ્કિન

http://suratiundhiyu.wordpress.com/

ખુબ જ સુંદર આ ટૂંકી વાર્તાઓ ખરેખર સુંદર બોધ આપે છે.

લેખક: અજ્ઞાત

## ..જીજીવીષાની ઝડપ..

એક કુતરો ખીસકોલીની પાછળ દોડ્યો. ખીસકોલી દોડીને ઝાડ પર ચડી ગઈ. કુતરો નીચેથી ખીસકોલીને જોઈ રહ્યો. પછી એણે ખીસકોલીને પુછ્યું, " તું મારા કરતાં વધુ ઝડપથી કેવી રીતે દોડી શકે છે? તારામાં આ શક્તી આવી ક્યાંથી?"

ખીસકોલીએ જવાબ આપ્યો, "પગમાંથી...!"

કુતરાએ કહ્યું, "પગ તો તારા કરતાં મારા મોટા છે; છતાં હું તને પકડી ન શક્યો !"

ખીસકોલીએ સ્પષ્ટતા કરતાં કહ્યું, "તારી વાત સાચી છે. આપણે બન્ને પગ વડે જ દોડ્યા; પણ તારા પગને તારી ભુખનો સાથ હતો, જ્યારે મારા પગને મારી જીજીવીષાનો સાથ હતો. ભુખ કરતાં જીવી જવાની ઈચ્છા વધુ બળવાન હોય છે. એ બન્નેની રેસમાં જીજીવીષાનો ઘોડો આગળ નીકળી જાય છે! તારી પાછળ વાઘ દોડે તો જ તને આ વાત સમજાઈ શકે!" (પાનઃ૧૦૦)

## ..એરીંગ અને મંગળસુત્ર..

એક યુવતીને સવારે પોતાના પતીની પથારીમાંથી એની નાની બહેનના કાનનું એરીંગ મળી આવ્યું. યુવતીએ પતીની હાજરીમાં બહેનને તે સુપરત કર્યું. સાળી-બનેવીની ગરદન શરમથી ઝુકી ગઈ. થોડા દીવસો બાદ પતીએ પત્નીને કહ્યું, 'તું ખરેખર મહાન છે. તેં મને ક્ષમા કરી દીધો..!' પત્નીએ પોતાની આંખોમાં અશ્રુ સ્વરુપે રેલાઈ જતો એક પ્રશ્ન પુછી જ નાખ્યો: 'મેં તો તમને માફ કરી દીધા; પણ ધારો કે મારું મંગળસુત્ર તમારા ભાઈની પથારીમાંથી મળી આવ્યું હોત તો તમે મને માફ કરી શક્યા હોત ખરા...?' પતીની નજર શરમના ભારથી ઝુકી ગઈ.(પાનઃ૧૫)

http://sura...wordp...

## ..વીશ્વાસઘાત..

દુકાનદાર રોજ સવારે પોતાની દુકાનનું શટર ખોલી ઉંબરને બે-ત્રણ વાર શ્રદ્ધાથી પગે લાગે છે. ત્યાર બાદ ગ્રાહકોને પણ એવી જ નીષ્ઠાથી લુંટે છે. આવું થાય ત્યારે ઉંબરો કેવો વીશ્વાસઘાત અનુભવતો હશે? મરહુમ માનવતા અને ગંગાસ્વરુપ પ્રામાણીકતાનો આ દેશ છે! જ્યાં માણસ પોતાનાં ગલ્લા-તીજોરીમાં અગરબત્તી ફેરવે છે; પરંતુ ત્યાર બાદ વેપલો કરવામાં એ ગલ્લાની એવી હાલત કરે છે કે લક્ષ્મીદેવી ખુદ સ્વહસ્તે ધુએ તોય એ ગલ્લો પવીત્ર થઈ શકતો નથી. પ્રામાણીકતા વીનાનો વ્યવહાર સુગંધ વીનાની અગરબત્તી જેવો બેઅસર રહે છે. અગરબત્તીમાં અંતે રાખ બચે છે. અપ્રામાણીક વ્યવહારમાં અંતે શાખ પણ બચતી નથી. (પાનઃ૨૩)

## ..કાચબાછાપ પુણ્ય..

હું મોરારીબાપુ હોઉં તો રામકથામાં લોકોને ભારપુર્વક સમજાવું- ‘ભગવાનની મુર્તી આગળ મોંઘી ધુપસળી સળગાવવાને બદલે ઘરડાં માબાપના ઓરડામાં રાત્રે કાચબાછાપ અગરબત્તી સળગાવશો તો વધુ પુણ્ય મળશે.’ (પાનઃ૩૩)

## ...પોંક અને જુવાર..

પ્રેમ આંધળો નહીં, આંધળી વાનીના પોંક જેવો હોય છે. દીલના કુણા કણસલા પર લાગેલા લાગણીના દુધાળા દાણા એટલે પ્રેમ! એકવીસમે વરસે દીલના ડુંડા પર પ્રેમના પ્રથમ દાણા ફુટે છે એની મઝા કંઈક ઓર હોય છે. એકાવનમા વરસે એ દાણા પાકી જુવાર બની જાય છે. એકવીસનો પ્રેમ અને એકાવનનો પ્રેમ વચ્ચે પોંક અને જુવાર જેટલું છેટું પડી જાય છે. પોંકના વડાં થઈ શકે ને જુવારના રોટલા! માણસને પોંક-વડાં વીના ચાલી શકે, રોટલા વીના નહીં. એથી માણસ જુવારનાં પીપડાં ભરે છે-પોંકનાં નહીં. (પાનઃ૪૬)

## ..માપદંડ..

ક્યારે કહી શકાય કે લગ્નજીવન સફળ થયું છે? પ્રશ્ન અઘરો છે. છતાં એક નાનકડો માપદંડ સુઝે છે. આજે મારે ફરીથી લગ્ન કરવાના આવે તો હું મારા અત્યારના જીવનસાથીને જ પસંદ કરું એવો ( હોઠ પરથી નહીં; અંતરમાંથી) અવાજ આવે તો કહી શકાય કે લગ્નજીવન સફળ થયું છે. (પાનઃ૭૮)

## ..મનના મરોડ..

બે સંતાનો થઈ ગયા પછી સ્ત્રીઓનું દૈહીક સૌંદર્ય બરફના ટુકડાની જેમ ઓગળવા માંડે છે.અગમરોડ લાચાર બને છે ત્યારે મનના મરોડ કામ આવે છે. આઈબ્રોના સૌંદર્ય કરતાં આઈક્યુનો પ્રભાવ વધી જાય છે. હોઠોના સૌંદર્ય કરતાં હૈયાનું સૌંદર્ય મેદાન મારી જાય છે. દીલ પીગળી જાય એવા બે શબ્દો હોઠોની લીપસ્ટીક કરતાં હજાર ગણા પ્રભાવક સીદ્ધ થાય છે. નજરનાં કામણ પળ બે પળના કીમીયાગર હોય છે. શબ્દોનાં કામણ હૈયું આરપાર વીંધી નાખે છે. શરીરના સૌંદર્ય કરતાં સ્વભાવનું સૌંદર્ય મેદાન મારી જાય છે. દેહસૌંદર્યની હદ બ્યુટી પાર્લરથી શરુ થઈ વૉશબેઝીનમાં ખતમ થઈ જાય છે. મનના સૌંદર્યની હદ દીલથી શરુ થઈ પુરા કદની આખી જીંદગી કવર કરી લે છે. દેહસૌંદર્યનો બુખાર દારુના નશાની જેમ ઉતરી જાય છે. દીલનો બુખાર ઝટ ઉતરતો નથી. દેહના સૌંદર્યને સૅક્સની ગરજ રહે છે. મનનું સૌંદર્ય સૅક્સનું ઓશીયાળું હોતું નથી! મલેરીયા અને લવેરીયા વચ્ચે આટલો જ ફેર .. એકની દવા હોય છે; બીજાની નથી હોતી! (પાનઃ૧૦૨)

## એક ખુબ જ સરસ વાત

એક ખુબ જ સરસ વાત છે કે હજીયે આપણા ગામડાંઓમાં માનવતા જીવે છે... પ્રામાણિક્તા,દીર્ઘસંતોષ,ગમે તેવી હાલતમાં પણ ભગવાન ઉપરની શ્રધ્ધા...એની આ વાત છે. થોડાક વખત પહેલાં, એક માનતા પુરી થયા પછીથી, તે માન્યા પ્રમાણે હું અમુક ગરીબ ભૂખ્યા લોકોને કશુંક ખાવાનું આપવા માટે ફરસાણ-મિઠાઇવાળાની દુકાનેથી બુંદીના ૧-૧ લાડુ અને ગાંઠીયાના ૫૧ પડીકા બંધાવીને સવારના પહોરમાં સ્કુટર ઉપર નીકળી પડ્યો. થોડાક પડીકા રસ્તામાં આવતા-જતાં ભિખારીઓને આપતો આપતો રેલ્વે સ્ટેશને પહોંચ્યો, કારણ કે ત્યાં અથવા મંદિરે જ વધારે ભિખારીઓ મળી રહે...

ભજીયાં,સીંગ ચણા વગેરેની લારીઓથી થોડેક દુર, એક ઝાડ નીચે, એક ભિખારણ બે નાના છોકરાઓને લઇને બેઠી હતી. મેં તેની નજીક જઇને તેને વ્યક્તિદીઠ ૧-૧ એમ ત્રણ પડીકા આપ્યા, અને હજી તો સ્કુટરની કીક મારવા જઉં તે પહેલાં પેલી ભિખારણે "ઓ...સાયેબ...અરે..ઓ..શેઠ" બુમો પાડીને મને રોક્યો. પાસે આવીને મને કહે કે "સાયેબ, તમુયે તૈણ જણના તૈણ પડીકા આપીયા, પન આ નાલ્લો તો હજી હાત મ્હૈનાનો જ થ્યો છે.. ઇ કેમનો ખૈ હખવાનો? લો આ એક પડીકું પાછું લૈ જાવ. કોક બચારા મારાથી વધારે ભુખ્યાને કામ લાગશે."

http://suratiundhiyu.wordpr

મારી આંખોમાં આંસુ આવી ગયા. (કેટલી ઇમાનદારી?) છતાં એની પરિક્ષા કરવા માટે મેં પુછ્યું કે,

"જો આ પડીકું તેં તારી પાસે રહેવા દીધું હોત, તો તને સાંજે ખાવા કામ લાગેત. શું તારી પાસે સાંજના ખાવા માટેની કોઇ વ્યવસ્થા છે? કે તું શું ખઇશ? છોકરાને શું ખવડાવીશ?"...તેણે હાથ જોડીને જે જવાબ આપ્યો તે સાંભળીને મને તેના ચરણસ્પર્શ કરવાનું મન થઇ ગયું, તેણે કીધું કે," શેઠ...સાંજની કે કાલની ચિંતા કરવાનું કામ મારૂં નથી, ઉપરવાળાનું છે અને તે જે આપે છે તેટ્લું જ મારૂં છે, (ભગવાન ઉપર કેટ્લી શ્રધ્ધા છે).. જો મારા નસીબમાં હશે તો અહીં જ ઝાડ નીચે બેઠાં- બેઠાં પણ તમારા જેવા કોઇક ગાડીવાળાને નિમીત્ત બનાવીને પણ અમારૂં પેટ ભરશે, પણ તે માટે હું બેઇમાની તો નહીં જ કરૂં. મારા નસીબનું હશે, તેટ્લું જ મને મળશે, નહિતર તમે આપેલુ આ પડીકુ પણ કોઇ કુતરૂં કે કાગડો આવીને ખેંચી જશે.(કેટલો સંતોષ)

જો ભગવાને મને મારા કર્મોના હિસાબે આ ભિખારણનો દેહ આપ્યો છે તો તેમાં જ મારૂં ભલુ હશે અથવા તે જ મારૂં નસીબ હશે, નહિતર હું અત્યારે ગાડીવાળાના ઘરમાં હોત....!!!"

કેવો સરસ માર્મિક જવાબ છે, પોતાની પાસે કશું જ નથી તો ય કાલની કે સાંજની ચિંતા નથી, અને આપણને ભગવાને એટલું બધું આપી દીધું છે કે આપણને તે સાચવવાની ચિંતા છે...શેમાં પૈસા રોકું તો જલ્દીથી વધે?

૨૫ વર્ષ પછી પાકીને કેટલાં થશે, તેવી ગણતરી કરીને રોકાણ કરીએ છીએ...

૨૫-૩૦ વર્ષનું મોરગેજ, ૨૫ વર્ષ પછી RRSP/CPP/Insurance માંથી કેટલા પાછા આવશે, તે ગણીને

આજે ભીડ ભોગવીને ય કાલ માટે બચાવીએ છીએ, અને ભગવાન ઉપર શ્રધ્ધાની મોટી મોટી વાતો કરીએ છીએ...!!!

खबर नहीं है पलकी....
और बात करत है कलकी...

## આજ ભી બચ્ચે હાથ છોડ દેતે હૈ.! પર માં-બાપ નહિ

એક છોટી બચ્ચી અપને પાપા કે સાથ જા રહી થી. રસ્તે મેં એક પૂલ પર પાણી બહુત તેઝીસે બહ રહા થા.

http://suratiundhiyu.wordpress.com/

પાપા : બેટી ડરો મત મેં હું મેરા હાથ પકડ્લો

બચ્ચી: નહિ પપ્પા, આપ મેરા હાથ પકડ્લો.

પાપા (હશ કર બોલે): એ તો એક હી બાત હુઈ. દોનો મેં ક્યાં અંતર હૈ?

બચ્ચી: અગર મૈ આપકા હાથ પકડું ઓર અચાનક કુછ હોજાએ, તો શાયદ, મેં આપકા હાથ છોડદુંગી , પર અપ અગર મેરા હાથ પકડેંગે તો મૈ જાનતી હું .....કે ચાહે કુછ ભી હોજાયે આપ મેરા હાથ કભી નહિ છોડેંગે. "આજ ભી બચ્ચે હાથ છોડ દેતે હૈ.! પર માં-બાપ નહિ.

## ગૂઢ રહસ્ય

દશ દિવસથી ઘરમાં કલ્પાંત કરતો મહમદ દશમા દિવસે હિંમત કરી ઘર બહાર નીકળી નમાઝ પઢવા મસ્જિદે ગયો. દસ દિવસ પહેલાં ગુમ થયેલ એની વહાલસોયી દીકરીનો પત્તો લગાડવા, સહાય કરવા માટે અલ્લાહને પ્રાર્થના કરી. નમાઝ પઢી પાછો ફરતો હતો ત્યાં રસ્તામાં કાળકામાનું મંદિર આવ્યું. બહાર એક બોર્ડ હતું, 'આજની પૂનમના દિવસે જે શ્રધ્ધાથી કાળકામાની પૂજા કરી સંકલ્પ કરે એની મનોકામના પૂર્ણ થાય છે.'

એ પાકો મુસલમાન હતો પણ હિંદુ મંદિરમાં જઈ એણે પ્રાર્થના કરી, "હે મહાકાળી મા, મને મારી દીકરી પાછી મેળવી આપશો તો હું સવાસો રૂપિયાના પેંડા ધરાવીશ અને તમને ચૂંદડી ચઢાવીશ." સંકલ્પ કરી એ પાછો ફરતો હતો ત્યાં એના કાને શબ્દો પડયા, "હે માડીના ભકત, એકાદ સારું કામ કરીશ તો તારી મનોકામના પૂર્ણ થશે." એણે ખિસામાંથી પાંચ રૂપિયા કાઢી એની સામે પડેલી ચાદરમાં નાખ્યા.

ઘેર પહોંચી ઉદ્વિગ્ન મને ખાટલામાં આડો પડયો. વિચારે ચઢયો, "મારી પંદર વર્ષની દીકરીને કોણ ઉપાડી ગયું હશે? હે અલ્લાહ, એના વિના હું જીવી નહિ શકું." અને કલ્પાંત કરવા લાગ્યો. વીશ વર્ષ પહેલાંનો એ દિવસ એને યાદ આવ્યો. ભૂતકાળ યાદ આવતાં એ બબડયો, "મારી દીકરીને કોઈએ એવા નાલાયક એજન્ટ પાસે તો નહિ પહોંચાડી હોય?" એ વિચાર મનમાં ઝબૂકતાં એ ધ્રૂજી ઉઠયો. વધુ વિચાર્યા વિના પહેલી ટ્રેઈન પકડી મુંબઈ પેલા એજન્ટને ઘેર પહોંચી ગયો. એના ઘેર  તાળું  હતું. પૂંઠ ફેરવી તો એક પાડોશીએ કહ્યું, "રાજારામનું કામ છે? એ તમને  ફોકલેન્ડના એમના હફ્તા પર મળશે."

http://suratiundhiyu.wordpress.com/

એ તરત જ ફ્રોકલેન્ડ પહોંચી ગયો. પાનના એક ગલ્લાવાળાને રાજારામ વિષે પૂછતાં એણે એક વિશાળ કંપાઉન્ડ તરફ આંગળી ચીંધી. કંપાઉન્ડમાં દોડી જઈ અંદરના એક ઘરના બારણે બેલ મારતાં એક ત્રીસેક વર્ષની યુવતીએ દરવાજો ખોલી પૂછયું, “કોનું કામ છે?” સામે મહમદને જોતાં રંભા પળભર તો એને નખશીખ નિરખી રહી. સ્મૃતિપટ પર ઝબકારો થતાં એણે પૂછયું, “રાજારામને શોધો છો? કેમ કોઈ નવી છોકરીને ઉપાડી લાવ્યા છો?”

“ના બહેન, મારે જાણવું છે કે મારી વહાલી દીકરીને કોઈ અહીં તો નથી લાવ્યું?”

“તમે કયાંથી આવો છો?” મનની ખાત્રી કરવા એણે પૂછયું.

“અમદાવાદથી.”

“વીશ વર્ષ પહેલાં માંડવીની પોળની એક છોકરીને તમે તો અહીં નહોતા લાવ્યા?”

મહમદ એની સામે તાકી રહ્યો. ચહેરો કંઈક યાદ આવતાં ગભરાટને કારણે એનાં અંગે અંગ ધ્રૂજવા લાગ્યાં. એક હરફે ઉચ્ચારી ન શકયો. શું જવાબ આપવો એના વિચારમાં સ્તબ્ધ બની ગયો. શરમથી એનું મસ્તક નીચે ઢળી ગયું. એને ચૂપ જોઈ રંભા બોલી, ” છેલ્લા પંદર દિવસમાં પાંચ છોકરીઓ આવી છે.  ઉપર આવો,  તમારી દીકરી જો અહીં હોય તો લઈ જઈ શકો છો.”

પસ્તાવાનાં આંસુ છૂપાવી  આશાભર્યો મહમદ ઉપર ગયો. ચારે બાજુ દેવદેવીઓ અને વિશ્વની મહાન સન્નારીઓના ફોટાજોઈ એનું હૈયું અને મન નાચી ઉઠયાં. એણે ચારે બાજુ નજર ફેરવી. એ ખંડમાં પચાસેક યુવતીઓને એક આધેડ વયની બહેન સંસ્કારના પાઠ શીખવતાં હતાં. એકાએક વચ્ચેથી એક છોકરી દોડી આવી. “ડેડી, તમે અહીં કયાંથી?” મહમદની દીકરી પાસે દોડી આવી એને ભેટી પડી.

મહમદનું હૈયું પીગળી ગયું. એના માથે હાથ ફેરવતાં એ બોલ્યો, “હા, બેટા હું તને લેવા આવ્યો છું. ચાલ, સંસ્કારની આ મહાદેવીને નમસ્કાર કરી એમના આશીર્વાદ લઈ ઘેર ચાલ. તારા વિના હું જીવી નહિ શકું.” અને પૂંઠ ફેરવી રંભાને બે હાથ જોડી વંદન કરી ઉમેર્યું, “આપના જેવી મહાન મહાદેવીને નરકવાડે લાવનાર કયો કાળમુખો અભાગી હશે? સાત ભવ એ નરકમાં સબડયા કરશે!”

રંભા અને મહમદની આંખો મળી પણ બેમાંથી એકેયે એ ગૂઢ રહસ્ય ન ઉકેલવામાં ડહાપણ માન્યું.

જય ગજ્જર

http://suratiundhiyu.wordpress.com/

## જિંદગી નો સાચો મર્મ

એક ડોક્ટર હતા.હંમેશાં ખુશ રહે

એક દિવસ એક મિત્રે તેમને સવાલ કર્યો કે તું દરેક સંજોગોમાં આટલો ખુશ કેવી રીતે રહી શકે છે? ડોક્ટરે જવાબ આપ્યો કે મારી દવા ઉપરથી હું જિંદગી જીવતા શીખ્યો છું! દવા ખાઈને નહીં પણ દવા પાછળનું તાત્પર્ય સમજીને! ડોક્ટરે મતલબ સમજાવ્યો કે આપણા મોઢામાં ચોકલેટ હોય તો આપણે ચગળ્યા રાખીએ છીએ અને દવાની કડવી ગોળી હોય ફટ દઈને ગળેથી નીચે ઉતારી દઈએ છીએ. બસ આવું જ જિંદગીનું છે ખરાબ ઘટના હોય તેને ગળેથી નીચે ઉતારી નાખવાની અને મજા આવે એવું હોય એને ચગળ્યા રાખવાનુ

## ચલે ચલો કિ વહ મંઝિલ અભી નહીં આઈ

Source: Namskar, Alok Shrivastav

માણસની સૌથી મોટી સમસ્યા કઈ છે? આ સવાલના હજાર જવાબ હોઈ શકે. ખરેખર તો આ સવાલના જવાબમાં જ દુનિયાભરની ફિલસુફીઓ અને વિચારો જન્મે છે. પંથો અને સંપ્રદાયો બને છે, બગડે છે. કોઈએ કહેલી એક વાર્તા મને બહુ અર્થપૂર્ણ જણાય છે. મુંબઈની એક કંપનીમાં એક ચપરાસી કામ કરતો હતો. રોજ ઘરેથી દોઢ કલાકની ટ્રેનની યાત્રા બાદ ઓફિસે પહોંચતો. ટ્રેનમાં ભીડ એટલી રહેતી કે માંડ ચઢી શકતો. ઓફિસે પહોંચે ત્યાં સુધીમાં જ એ ખાસ્સો થાકી જતો. પછી કામમાં પણ ભૂલો થતી. લોકો ખીજાતા. બહુ કપરું જીવન હતું. એ ભગવાન વિઠ્ઠલનો ભક્ત હતો.

દિલથી પૂજા-પાઠ કરતો, વ્રત રાખતો. પ્રસન્ન ભગવાને એક દિવસ દર્શન આપી જ દીધા. વરદાન માગવા કહ્યું. સૌથી મોટી સમસ્યા તો જાનવરની જેમ ટ્રેનની ભીડમાં ઓફિસે જવાની જ

http://suratiundhiyu.wordpress.com/

હતી. એટલે એણે વરદાન માગ્યું કે કાલથી વિંડો સીટ મળે જેથી દોઢ કલાકની મુસાફરી આરામથી કરી શકાય. 'તથાસ્તુ' કહીને ભગવાન અંતધ્યાન થઈ ગયા.

આપણે જેમતેમ સમસ્યાના ઉકેલો શોધીએ છીએ, આપણાં મર્યાદિત દ્રષ્ટિકોણના જોરે. આપણા વિચારો એટલા ટૂંકા હોય છે કે આપણે કારણો સામે જોવા જ નથી માગતા. આપણે ઉતાવળિયા અને ક્ષુલ્લક ઇલાજો શોધીએ છીએ. માણસોથી માંડીને સમાજો અને સભ્યતાઓ સુધ્ધાં સાથે આવું થતું હોય છે. કદાચ માણસની સૌથી મોટી સમસ્યા ભય છે. એકદમ નાના નાનાથી માંડીને મોટા મોટા ડર આપણા અસ્તિત્વને પીડે છે.

જીવનનું સત્ય એ છે કે માણસ એક એકમ નથી. એ વ્યાપક પ્રકૃતિનો જ એક હિસ્સો છે. એ પોતે જ પ્રકૃતિ છે. એટલે વાસ્તવમાં તો ભય ક્યાંય છે જ નહીં. એ કાલ્પનિક બાબત છે. નિરાધાર પણ છે. વાત થોડી દાર્શનિક લાગશે, જીવનથી કપાયેલી અને અવાસ્તવિક પણ. કારણ કે સામાન્ય માણસ બિચારો કઈ રીતે ભયથી મુક્તિ મેળવી શકે.

રોજી-રોટીનો ડર, યશ-અપયશનો ડર, સફળતા-નિષ્ફળતાનો ડર... અનંત શૃંખલા છે. પરંતુ બીજો રસ્તો પણ નથી. રવીન્દ્રનાથ ટાગોરે જ્યારે એક નવા ભારતની કલ્પના કરેલી ત્યારે એમાં સૌથી ઉપર હતું - ચિત્ત જેથા ભયશૂન્ય, ઉચ્ચ જેથા શિર. એક ભયશૂન્ય ચિત્ત જ ક્રિયેટિવ હોઈ શકે છે. મોટા ભાગના ડર મનોવૈજ્ઞાનિક પ્રકારના હોય છે અને અસુરક્ષામાંથી પેદા થતા હોય છે. તેનાથી મનુષ્યની પ્રતિભા કુંઠિત થાય છે, ચરિત્ર વિકૃત થઈ જાય છે.

જો આંતરરાષ્ટ્રીય સ્તર પર જોઈએ તો આજે પૃથ્વી પર ભયનો સૌથી વધારે નક્કર સંચય અમેરિકન રાજસત્તામાં થયો છે. આ ભય એવા વિચારમાંથી પેદા થાય છે કે સામ્રાજયવાદી શોષણના જે તંત્ર વડે ચિક્કાર સમૃદ્ધિ પેદા થઈ છે તેમાં ક્યાંક અવરોધ તો નહીં આવી જાયને? આ ભયને સમાંતર એક બીજો ભય સળવળે છે અને તે છે આંતકવાદનો ભય. તે સર્વવ્યાપી ભય છે.

આપણા દેશમાં કંઈકેટલાય પ્રકારના ડર છે જે વ્યક્તિ, પરિવાર અને સમાજ પર સદીઓથી બોજ બનીને બેઠા છે. આ ડરનો એક છેડો સામંતી સંસ્કારો ધરાવતા દિમાગમાં છે, જ્યારે બીજો



http://suratiundhiyu.wordpress.com/

છેડો પ્રગતિની હોડમાં પાછળ ન જઈ જવાની લ્હાયમાં પરોવાયેલો છે. આપણે પ્રતિગામી અને પ્રગતિશીલ બન્ને છીએ. આપણે આગળ પણ વધી રહ્યા છીએ અને આપણા પગ બેડીઓમાં પણ જકડાયેલા છે. આ તે કેવો વિરોધાભાસ!

શું આપણું રાષ્ટ્રીય જીવન ભયથી મુકત થઈ શકશે? શું એવા ભારતનું નિર્માણ થઈ શકશે જેની પરિકલ્પના જ સ્વાતંત્ર્યસંગ્રામનો મુખ્ય પ્રેરણાસ્રોત હતી? સમગ્ર દુનિયાના ઈતિહાસમાં ભારતે એક અનોખો સંઘર્ષ કરેલો. આ અનોખાપણું એ વાતમાં હતું કે ભારતની આઝાદી તમામ પ્રકારની ગુલામીથી ઘેરાયેલી માનવજાતિની મુક્તિ તરફનું માત્ર એક પગલું હતું, અંતિમ લક્ષ્ય નહીં.

બેશક, એ યુગના માનવતાવાદી વિચારોમાં અમુક કચાશ રહી ગઈ હશે. અમુક નબળાઈઓ પણ. પરંતુ તિરાડો ભરવાને બદલે તેમજ તે વિઝનના ઊંડાણને વ્યાપકતા આપવાને બદલે આપણે આપણી ચારે તરફ ભયની નવી દીવાલો ઊભી કરી નાખી છે... ભારતની જનતાએ હવે પોતાની જ સામે એક યુદ્ધ લડવાનું છે.

આ યુદ્ધ એટલે એ ભયમાંથી મુક્તિ મેળવવી જે ભારતીયોના સામાજિક જીવનનો હિસ્સો બનીને તેમના વ્યક્તિત્વને સીમિત-સંકુચિત-કુંઠિત કરી નાખે છે. આ કંઈ અમૂર્ત કે દાર્શનિક ભય નથી. તમે પોતાના જીવનને ધ્યાનપૂર્વક નિહાળશો અને ખુદની ભીતર નજર કરશો તો તમને આ ભયના હજાર ચહેરા અને તેનાથી બચવાની કોશિશ કરતું ખુદનું વજૂદ પણ દેખાશે. બચવાની આ કોશિશ વ્યર્થ છે. જો તમે ભયને નાથશો નહીં તો એ તો તમને નાથી લેશે જ. અહીં બચાવ છે જ નહીં.

## બધું પકડી રાખશો તો અંતે કંઈ જ નહીં મળે !

દુઃખનો જીવનમાં જ્યારે કોઈ ભાર હોય છે, મારા ઉપર મને જ અધિકાર હોય છે.

દુઃખની દશામાં એક અનુભવ થયો 'ઇજન',જેઓ મને મળે છે, સમજદાર હોય છે.

- ઇજન ધોરાજવી

http://suratiundhiyu.wordpress.com/

આધિપત્ય જમાવવું એ માણસનો સ્વભાવ છે. દરેકને આધિપત્ય જોઈએ છે. જગ્યા, વસ્તુ, સત્તાથી માંડી દરેક ઉપર માણસને અધિકાર જમાવવો છે. મારો પ્રભાવ રહેવો જોઈએ, હું કહું એમ જ થવું જોઈએ, મારો બોલ તમે ઉથાપી જ કેમ શકો! અધિકારનો નશો માણસને અંધ બનાવી દે છે. તમારે કંઈ પકડી રાખવું છે? તો સૌથી પહેલાં તેને છોડતા શીખો!

'અટેચ' થવું એ આવડત છે અને 'ડીટેચ' થવું એ આર્ટ છે. સંબંધોમાં આ વાત ખાસ લાગુ પડે છે. સંબંધમાં આધિપત્ય ન હોય! દરેક સંબંધની એક બોર્ડર લાઈન હોય છે, એને ક્રોસ કરવા જઈએ તો સંબંધ તૂટે છે. માણસ સંબંધોમાં પણ આધિપત્ય ઇચ્છે છે અને સંબંધો તૂટવાનું સૌથી મોટું કારણ એ જ છે.

એક પતિ-પત્ની હતાં. દરેક પતિ-પત્નીની જેમ તેની જિંદગીમાં પણ સવાલો આવતા, સમસ્યાઓ ઊભી થતી અને ઝઘડા પણ થતા. પતિનો મિત્ર દરેક વખતે જજ હોય એ અદાથી બંનેની વચ્ચે આવી જતો અને શું સાચું, કોણ સાચું અને હવે શું કરવાનું છે એનો નિર્ણય સુણાવી દેતો. એ મિત્ર પોતાને ડાહ્યો જ સમજતો. એક દિવસ પેલા ભાઈએ મિત્રને કહ્યું કે, "પ્લીઝ, અમે ન કહીએ ત્યાં સુધી તું અમારી જિંદગીમાં દખલ ન કર. એ વાત સાચી કે તું અમારું ભલું ઇચ્છે છે પણ તારી ચાવીથી અમારું તાળું ખૂલે એ જરૂરી નથી."

દરેક માણસને તેની સમસ્યાઓ ઉકેલવાનો અધિકાર છે અને એ અધિકાર ક્યારેય છીનવવો ન જોઈએ. આપણે ક્યારેય વિચારીએ છીએ કે આપણે કોઈ સંબંધમાં એન્ક્રોચમેન્ટ તો નથી કરતાંને? સંબંધોમાં અતિક્રમણ જોખમી હોય છે. કોઈ ઉકેલ કદાચ આપણી નજરે વાજબી ન હોય, છતાં દરેકને પોતાનો ઉકેલ મેળવવા દેવો જોઈએ. કોઈ સલાહ માંગે ત્યારે આપણે પૂછીએ છીએ કે તું શું ઇચ્છે છે? આપણે મોટાભાગે આપણી ઇચ્છા જ ઠોકી બેસાડતાં હોઈએ છીએ!

એક કલાકાર હતો. રોજ નાટકમાં કામ કરે. એક દિવસ એક વ્યક્તિએ તેને પૂછયું કે નાટકમાંથી તમે તમારી જિંદગીમાં શું શીખ્યા? નાટકના એ કલાકારે સરસ વાત કરી. તેણે કહ્યું કે, "નાટકમાંથી એક જ વસ્તુ હું શીખ્યો છું કે તમારો રોલ પૂરો થઈ જાય એટલે તમારે સ્ટેજ છોડી દેવાનું છે!" આપણે કંઈ છોડતાં નથી એટલે જ દુઃખી થઈએ છીએ. આપણને ઘણી વખત તો ખબર જ નથી પડતી કે આપણો રોલ ક્યાં પૂરો થાય છે! આપણો રોલ પૂરો થાય પછી પણ આપણે જો ન ખસીએ તો બીજા કલાકારોને એવું જ લાગે કે આપણે નડતરરૂપ છીએ.

દરેક સંબંધમાં આ વાત લાગુ પડે છે. તમારો રોલ પૂરો થાય એટલે ખસી જાવ. નાના હોઈએ ત્યારે રમકડાંનો શોખ અને મોહ હોય છે. આપણે રોજ આપણાં રમકડાં સાચવીને મૂકી દઈએ છીએ. મોટા થઈએ એટલે એ રમકડાં આપોઆપ છૂટી જાય છે. એક ઉંમરે આપણને પોતાને સમજાઈ જાય છે કે આપણે હવે રમકડે રમવા જેવડાં નથી! મોટા થઈએ પછી કેમ આપણાથી રમકડાંની જેમ કંઈ છૂટતું નથી?

'ઇન્વોલ્વ' થયા પછી ધીમે ધીમે 'વીડ્રો' થતાં પણ શીખવું જોઈએ. જનરેશન ગેપ એ બીજું કંઈ નથી, પણ વીડ્રો ન થવાની અણઆવડત હોય છે. સંતાનોને તમે કયા નિર્ણયો લેવા દો છો? દીકરો કે દીકરી ગમે એવડા મોટા થઈ જાય તોપણ આપણે એવું જ ઇચ્છતાં હોઈએ છીએ કે એ આપણે કહીએ એમ જ કરે! જો તમે કહો એમ જ કરવાનું હોય તો એને જે કરવું હોય એનું શું? સંતાનોની જિંદગીમાંથી પણ એક સમયે વીડ્રો થઈ જવું જોઈએ.

એક બાપ-દીકરાને ઝઘડો થયો. પિતા બીજું કંઈક કહેતા હતા અને દીકરાને બીજું કંઈક કરવું હતું. એક વખત દીકરાની માતાએ પોતાના પતિને કહ્યું કે "એને જે કરવું છે એ કરવા દેજો." પતિએ કહ્યું કે "પણ એણે જે નિર્ણય લીધો છે એ મને સાચો નથી લાગતો." પત્નીએ ત્યારે એટલો જ સવાલ કર્યો કે "તમારી જિંદગીમાં તમે જેટલા નિર્ણયો લીધા છે એ બધા સાચા હતા? દીકરાનો નિર્ણય સાચો છે કે ખોટો એ નક્કી કરનાર તમે કોણ? એ ભૂલ કરતો હોય તો એને ભૂલ કરવાનો પણ અધિકાર છે!"

દરેક વ્યક્તિ સમજુ છે. તેને અણસમજુ સમજીને તમારી સમજણ એની ઉપર ઠોકી બેસાડવા જેવું અસમજુ કામ બીજું કોઈ નથી. સૌથી વધુ ડાહ્યો માણસ એ જ છે જે પોતાનું ડહાપણ બીજાની માથે ઠોકી બેસાડતો નથી. કોઈના નિર્ણયમાં ઘૂસણખોરી કરવા જેવું પાપ બીજું કોઈ નથી. તમારે તમારા સંબંધોમાં આધિપત્ય જમાવવું હોય તો એક વાત યાદ રાખો કે કોઈના પર આધિપત્ય જમાવવાનો પ્રયાસ ન કરો. સંબંધો જેટલા મુક્ત હશે એટલા જ ગાઢ રહેશે. દરેક સંબંધની એક સીમા હોય છે, એ સીમાનું સન્માન નહીં કરો તો અપમાન સહન કરવાનો વારો આવશે...

છેલ્લો સીન

બુદ્ધિના અતિરેકથી બુદ્ધિશાળી માણસ મૂર્ખ થઈ જાય છે.

- એમર્સન

લેખક: અજ્ઞાત

http://suratiundhiyu.wordpress.com/

## ફક્ત 8 દિવસ અને 8 સંકલ્પથી મેળવો પરમ શાંતિ...!

શાંતિની શોધ અને પ્રાપ્તિ બહારથી અંદરની તરફ નહીં, પણ અંદરથી બહારની તરફ થતી પ્રક્રિયા છે. મનના કોઇખૂણામાં કંઇ વિખેરાયેલું હોય ;તો તેને એકત્રિત કરવું જરૂરી છે. ચાલો, આઠ દિવસનો અભ્યાસ શરૂ કરીએ. રોજની એકક્રિયા નક્કી છે. જ્યારે પણ ભૂલો, ફરીથી શરૂ કરો...

### પહેલો દિવસ સ્વીકૃત ભાવથી જીવો

તમારી પરિસ્થિતિ (તે ગમે તેટલી ખરાબ હોય) અને લોકો (જેમની સાથે તમે છો)ને તે જેવા છે, તેવા જ રૂપમાં સ્વીકાર કરો કા રણ કેબીજાને બદલવાની કોશિશ કરવામાં તમે પોતે જ તમારી શક્તિ વેડફો છો. પહેલાં તમારી જાતને બદલો, તો પછી બધું આપોઆપજ બદ લાઇ જશે.

### બીજો દિવસ આભાર માનો, આશીર્વચન આપો

જો તમને એવું લાગતું હોય કે તમારા લીધે બીજાને દુ:ખ કે નુકસાન થઇ રહ્યું છે, તો એવી વ્યક્તિને ખૂબ આર્શીવચન આપો.આના થી તમારી અંદર અટકી ગયેલી હકારાત્મક ઊર્જાનો પ્રવાહ વહેવા લાગશે, ચેતના શુદ્ધ થશે. તમે તમારો પ્રેમ વહેંચશો, તોદુનિયાભરનો પ્રેમનો ખજાનો  તમારા માટે ખુલી જશે.

### ત્રીજો દિવસ એક દિવસમાં એક સંકલ્પ

જે લક્ષ્યને સૌપ્રથમ મેળવવા ઇચ્છતાં હો, સવારે ઊઠો ત્યારે સૌથી પહેલાં તમારી સંપૂર્ણ શક્તિથી મનોમન તેનું પુનરાવર્તન કરોઅને એ પૂર્ણ  કરવામાં લાગી જાવ. રાત્રે સૂતી વખતે સંકલ્પ પ્રાપ્તિ માટે શાંતિથી આંખો બંધ કરીને મક્કમ બનો. સંકલ્પ લેવાથી જસંકલ્પશક્તિ વધે છે અને પછી એકાગ્રતા પણ તમારો સાથ આપશે.

### ચોથો દિવસ ફરિયાદ ન કરો

મનોમન નક્કી કરો કે કોઇ પણ વ્યક્તિને કંઇ પણ બાબત અંગે ફરિયાદ નહીં કરો. કોઇ પ્રકારની અપેક્ષા રાખ્યા વિના તમારું કામકરતાં< SPAN> રહો. પહેલા જ દિવસથી આવી ટેવ

http://suratiundhiyu.wordpress.com/

છુટી જાય એવું તો નહીં કહી શકાય, પણ ધીરે ધીરે તમે ફરિયાદ કરવાનું છોડી દેશો. તેની સાથે ધીમે ધીમે દુ:ખ પણ જતાં રહેશે.

## પાંચમો દિવસ ક્રોધ ન કરો

જ્યારે પણ ગુસ્સો આવે, ત્યારે એને મનમાં થોડી વાર દબાવી રાખી માત્ર સાક્ષી બનીને પરિસ્થિતિને નિહાળો. ગુસ્સો તમનેઅંસતુલિત કરી દેનારી નકારાત્મક ઊર્જા છે. ગુસ્સામાં લોકોના હાથ-પગ અને શરીર ધ્રૂજવા માંડે છે તે આ બાબતનું ઉદાહરણ છે.

## છઠ્ઠો દિવસ ખુશ રહો

મનમાં ખુશીની ભાવના રાખો. તમને થોડા જ દિવસમાં ખ્યાલ આવશે કે આ ખુશીના તરંગ અનેકગણા વધીને તમારા અંતર, ઘર,આસપાસના વાતાવરણમાં  પ્રસરવા લાગ્યા છે. જ્યારે આપણે ખુશ રહીએ છીએ, ત્યારે ખુશી તેની પાછળ અનેક ખુશી લઇને આવેછે. ખુશાલીભર્યું મન તમારા માટે સુખના  નવા દ્વાર ખોલી નાખે છે.

## સાતમો દિવસ બસ એક મિનિટ

ઇશ્વર સાથે જોડાયા હોવાનો અનુભવ કરીને તેના પ્રત્યે આભારી બનો. ઇશ્વર સાથે જોડાવાનો અનુભવ શારીરિક શક્તિની અનુભૂતિકરાવે છે. દિવસમાં  એક મિનિટ માટે પણ પોતાના ઇષ્ટદેવનું નામ ઉચ્ચારવાથી માનસિક શાંતિ મળે છે.

## આઠમો દિવસ સાક્ષીભાવથી જીવો

મનમાં સતત ચાલ્યા કરતાં વિચારોથી અલ્પિત રહેવાનો પ્રયત્ન કરો. મનમાં જે કંઇ વિચાર ચાલતાં હોય તેને સાક્ષીભાવે નિહાળો.શરૂઆતમાં ખ્યાલ </ SPAN>નહીં આવે, પણ ધીરે ધીરે તમને પોતાને જ સમજાવા લાગશે કે કયો વિચાર સારો છે અને કયો ખરાબ? થોડા જદિવસોમાં ખોટા વિચાર< SPAN> આવતાં અટકી જશે.

http://suratiundhiyu.wordpress.com/

## સાત પગલા...........

(૧) જન્મ - એક અણમોલ સોગાદ છે, જે ભગવાનની ભેટ છે

(૨) બચપણ - મમતાનો દરિયો છે જે પ્રેમથી ભર્યો છે, જે ડુબી શક્યો તે તરી ગયો છે

(૩) તરુણાવસ્થા - કંઇ વિચારો, કંઇ આશાઓનો પહાડ છે, મેળવવાની અનહદ આશા અને લુટવાની તમન્ના છે.તરુણાવસ્થા એટલે તરવરાટ, થનગનાટ અને અનેક નવી મૂંઝવણો

(૪) યુવાવસ્થા - બંધ આંખોનું એ આંધળુ સાહસ છે, તેમા જોશ છે, ઝનુન છે, ફના થવાની ઉમ્મીદો અને કુરબાન થવાની આશા છે.

(૫) પ્રૌઢાવસ્થા - ખુદને માટે કશુ ન વિચારતા,બીજા માટે કરી છુટવાની ખુશી છે, કુટુંબ માટે કંઇ કરી છુટવાની જીજીવિશા છે.

(૬) ઘડપણ - વિતેલા જીવનના સરવાળા બાદબાકી છે,જેવું વાવ્યું તેવું લણવાનો સમય છે

(૭) મરણ - જીદગીની કિતાબના પાના ખુલ્લા થશે, નાડીએ નાડીએ કર્મ તૂટશે, પાપ-પૂણ્યનો મર્મ ખુલશે, ધર્મ-કર્મનો હિસાબ થશે, સ્વર્ગ-નરકનો માર્ગ થશે, પોતાનાનો પ્યાર છુટશે અને સાત પગલા પુરા થશે

માટે..

સાત પગલાની..

પાણી પહેલા પાળ બાંધો....

(૧) જીદગીને કોઇપણ જાતની શરત વગર પ્રેમ કરો.

(૨) તમે નહી ખર્ચેલા નાણાના તમે ચોકીદાર છો, માલીક નથી!

(૩) દુનિયામા દરેક માણસ એમજ સમજે છે કે તે પોતે જ ચાલાક છે! પરંતુ જ્યારે કુદરતનો તમાચો પડે છે ત્યારે--------માટે તમારી હોશીયારી તમારી પાસે જ રાખો!

(૪) જો તમને પહેરવા કપડા, રહેવા ઘર અને બે ટાઇમ અન્ન મળતું હોય તો ઉપરવાળાનો આભાર માનજો.

તમારાથી બીજા કેટલા સુખી છે તે જોવા કરતા બીજા કેટલા દુઃખી છે,તે જોશો તો,તમારે માટે સ્વર્ગ અહીં જ છે!

(૫) તમે પૈસાદાર હો કે ગરીબ બધા અંતે મ્રુત્યુને જ વરે છે! મુખ્ય વાત તો એ જ છે કે તમારી ખોટ કેટલાને પડી? તમારી યાદમા કેટલી આંખો ભીની થઇ!

http://suratiundhiyu.wordpress.com/

# વિશ્વના અમર હાસ્ય પ્રસંગો – પી. પ્રકાશ વેગડ

પ્રખ્યાત અને પ્રતિષ્ઠિત વ્યક્તિઓની રોજનીશી, આત્મકથન, સંસ્મરણ, ઈન્ટરવ્યૂ અને જીવનચરિત્ર જેવાં સાધનોમાંથી વિવિધ હાસ્યપ્રેરક તેમજ હળવા પ્રસંગોનું સંપાદન કરીને લેખકે આ પુસ્તકમાં સુંદર વાંચનસામગ્રી એકત્રિત કરી છે. આ ઉપરાંત સમાચારપત્રો અને સામાયિકોમાંથી પણ કેટલીક સામગ્રી ટૂંકાવીને અને વિદેશી ભાષાના ભાવાનુવાદ સ્વરૂપે લીધી છે. કેટલીક સામગ્રીનું પુનર્લેખન કર્યું છે, તો કેટલીકનું મૌલિક લેખન પણ. આ રીતે તૈયાર થયેલા 'વિશ્વના અમર હાસ્ય પ્રસંગો'ની વધુ વિગતો લેખના અંતે આપવામાં આવી છે. આ લેખ અત્રે પુનઃપ્રકાશિત કરવામાં આવ્યો છે.

[1] એકવાર સંત કબીર ગંગાકિનારે પોતાનો લોટો ધોઈ રહ્યા હતા. એવામાં કેટલાક બ્રાહ્મણો પાણી પીવા માટે ત્યાં પહોંચ્યા. એ લોકોને નદીમાં નમીને ખોબે ખોબે પાણી પીતા જોઈને કબીરે કહ્યું : 'મહારાજ ! આ લોટો લો અને આરામથી જલ પીઓ.'
કબીરના એ શબ્દો તેમને અપમાનજનક લાગ્યા. એક બ્રાહ્મણે ગુસ્સે થઈને કહ્યું : 'તને અક્કલ છે કે નહિ ? તારા અપવિત્ર લોટા વડે તું અમને અભડાવવા ઈચ્છે છે ?'
કબીરે તરત જ હાથ જોડીને વિનયપૂર્વક કહ્યું : 'જો આ લોટો ગંગાના પવિત્ર જળનો સ્પર્શ પામ્યા છતાં પવિત્ર થઈ શકતો નથી, તો એમાં સ્નાન કરવાથી લોકોનાં પાપ કઈ રીતે ધોવાઈ જાય છે !'

[2] એકવાર કોઈ અટકચાળી વ્યક્તિએ અહિંસા ઉપર કટાક્ષ કરતો એક પત્ર મહાત્મા ગાંધીને લખ્યો: આપણે ધરતી પર ચાલીએ છીએ ત્યારે અસંખ્ય કીડીઓ ને બીજા જીવ-જંતુઓ આપણા પગ તળે ચગદાઈ જાય છે. એ હિંસા કઈ રીતે અટકાવી શકાય ?'
ગાંધીજીએ પત્ર સરદાર પટેલને આપ્યો. તેમણે ખડખડાટ હસતાં કહ્યું : 'બાપુ ! એને લખો કે પોતાના પગ માથા પર રાખીને ચાલે !'

[3] આઈન્સ્ટાઈનની બીજી પત્ની એલ્સા ઘણું ઓછું ભણેલી હતી. એના માટે તેમના સિદ્ધાંતો માત્ર ગૂઢ રહસ્યો જ હતા. આથી એકવાર એણે કહ્યું : 'તમારા બધા સંશોધનોનો મને થોડો પરિચય આપો. લોકો એ અંગે ચર્ચાઓ કરે છે ત્યારે મને એ કહેતાં શરમ લાગે છે કે એ અંગે હું કંઈ જાણતી નથી.'

http://suratiundhiyu.wordpress.com/

એકક્ષણ માટે આઈન્સ્ટાઈનનું માથું ચકરાવા લાગ્યું, ‘એને કઈ રીતે સમજાવું ! વળી ના પાડવામાં પણ જોખમ છે !’ પણ બીજી ક્ષણે તેમને એક યુક્તિ સૂઝી અને સ્મિત કરતાં તેમણે કહ્યું : ‘જ્યારે લોકો તને પ્રશ્નો પૂછે તો એમ કહેવું કે તું એ વિશે બધું જાણે છે, પણ આ અંગે કશું કહી શકે નહિ, કેમ કે એ એક મહાન રહસ્ય છે !’

[4] મૂશળધાર વરસાદ અને અંધારી રાત હતી. સંત એકનાથના દરવાજે ટકોરા પડ્યા. તેમણે ઊભા થઈને જોયું તો ચાર અતિથિઓ પધાર્યા છે. એકનાથે પ્રેમપૂર્વક તેમને આવકાર્યા અને ભીનાં વસ્ત્રો કોરાં કરવાની વ્યવસ્થા કરી આપી. સાથોસાથ પત્નીને કહ્યું : ‘અતિથિઓ માટે જલદી રસોઈ બનાવી નાખ.’

પત્નીએ દબાયેલા સ્વરમાં જણાવ્યું : ‘ઘરમાં બળતણ નથી અને કાલે આવેલો લાકડાનો ભારો આ વરસાદમાં પલળી ગયો છે.’
‘તું એની ચિંતા ન કર અને રસોડામાં જઈને તૈયારી કરવા લાગ, હું હમણાં લાકડાં લાવી આપું છું.’ એકનાથે કહ્યું. અને ખરેખર થોડીવારમાં જ, પત્નીના આશ્ચર્ય વચ્ચે તેમણે સૂકાં લાકડાંનો ભારો એની સામે રાખી દીધો, અને હસતાં-હસતાં અતિથિઓ સાથે જઈને બેઠા.
વરસાદ બંધ પડ્યો અને ભોજન કર્યા પછી અતિથિઓએ વિદાય લીધી ત્યારે એકનાથ ભોંયે ચાદર પાથરીને આડા પડ્યા. રસોડાનું કામ પતાવીને આવેલી પત્નીએ તેમને ભોંયે સૂતા જોઈ નવાઈ પામીને પૂછ્યું : ‘ખાટલો ક્યાં ગયો ?’
‘તેં રસોઈ બનાવી એ બળતણ ભલા ક્યાંથી આવ્યું?’ એકનાથે જવાબ આપ્યો અને ખડખડાટ હસી પડ્યા.

[5] વિનોબા ભાવેને દક્ષિણ ભારતના એક કાર્યકરે પૂછ્યું : ‘વિજ્ઞાનમાં જેવી રીતે વસ્તુનિષ્ઠ કસોટીઓ હોય છે, તેવી રીતે આત્મજ્ઞાનમાં પણ કસોટીઓ ખરી ?’
વિનોબાએ હસતાં હસતાં કહ્યું : ‘કોઈના ગાલ પર તમાચો મારો ને તરત જ પારખી લો. જો એને ક્રોધ આવે તો સમજી લેવાનું કે આત્મજ્ઞાની નથી ! બસ આ છે આત્મજ્ઞાનની કસોટી !’

[6] નાની આવકમાં મોટા કુટુંબની જવાબદારીઓ પૂરી કરવામાં નિષ્ફળ નીવડેલા એક ભક્તે રમણ મહર્ષિ સામે પોતાની વેદના વ્યક્ત કરતાં કહ્યું : ‘એવા જીવન કરતાં તો મૃત્યુ બહેતર છે !’ એ વખતે મહર્ષિ ખાખરાનાં પાંદડાંની પતરાવળીઓ બનાવી રહ્યા હતા. તેમણે પોતાનું કામ ચાલુ

http://suratiundhiyu.wordpress.com/

રાખતાં કહ્યું : 'આ તૈયાર થયેલી પતરાવળીઓ ઉકરડે ફેંકી આવો. પછી આપણે શાંતિપૂર્વક એ અંગે વિચાર કરીએ.'
'આપ શું કહો છો પ્રભુ !' એણે નવાઈ પામતાં પૂછ્યું, 'આટલા શ્રમથી તૈયાર કરેલી પતરાવળીઓ વાપર્યા વગર ઉકરડે ફેંકી દેવાનો શું અર્થ ?'
મહર્ષિએ હસીને જવાબ આપ્યો : 'વત્સ ! આવી જ રીતે આ અણમોલ માનવ અવતારનો યોગ્ય ઉપયોગ કર્યા વગર એનો અંત લાવી દેવાનો વિચાર પણ એક મૂર્ખતા છે !'

[7] ઈંગલેન્ડના વડાપ્રધાન ગ્લેડસ્ટન રેલવેના ત્રીજા વર્ગમાં મુસાફરી કરી રહ્યા હતા એ જોઈને એક મિત્રે કહ્યું : 'તમારો પુત્ર હંમેશાં ફર્સ્ટ કલાસમાં મુસાફરી કરે છે ને તમે આ દેશના વડાપ્રધાન હોવા છતાં થર્ડ કલાસમાં ?'
ગ્લેડસ્ટને તેમના ખભે હાથ રાખીને જવાબ આપ્યો : 'હું એક ખેડૂતનો પુત્ર છું, જ્યારે એ એક વડાપ્રધાનનો !'

[8] 1932માં મહાત્મા ગાંધી, વલ્લભભાઈ પટેલ અને મહાદેવ દેસાઈ યરવડાની જેલમાં હતા, ત્યારે ગાંધીજીએ એવું અનુમાન વ્યક્ત કર્યું હતું કે સરકાર તેમને ઓછામાં ઓછાં 5 વર્ષ સુધી જેલમાં રાખશે. પણ એ દરમિયાન 'ક્રોનિકલ'માં એવા સમાચાર પ્રગટ થયા કે ગાંધીજીને ત્રણ વર્ષ જેલમાં રાખવાના છે. આ સંદર્ભે ગાંધીજીએ પ્રસન્નતા વ્યક્ત કરતાં સરદાર પટેલને કહ્યું : 'જુઓ, હું તો પાંચ વર્ષ કહેતો હતો, પણ આ તો બે વર્ષ ઓછાં થઈ ગયાં !'
વલ્લભભાઈએ તેમની આ હાસ્યવૃત્તિ પર કટાક્ષ કરતાં કહ્યું : 'તમે તો પેલા નાગા જેવું કરો છો. કોઈકે કહ્યું : 'અલ્યા, તારી પૂંઠે બાવળિયો ઊગ્યો, તો એ બોલ્યો : 'ભલે ઊગ્યો છાંયડો થશે !'

[9] એકવાર લિંકન પાસે ફરિયાદ લઈને ગયેલો ઓફિસર ઉશ્કેરાટમાં વચ્ચે-વચ્ચે અપશબ્દ બોલતો હતો. લિંકને એને અટકાવતાં કહ્યું : 'ભલા માણસ, મારી સામે આટલો બફાટ કાઢવા કરતાં એ માણસને ધધડાવતો એક જોરદાર પત્ર લખી નાંખતો હોય તો ? લે આ કાગળ અને અત્યારે જ અહીં બેસીને લખી નાંખ !'
ગુસ્સે ભરાયેલ એ ઑફિસરે એવું જ કર્યું. એણે પોતાનો બધો ગુસ્સો પત્રમાં ઠાલવી દીધો. એ પછી હળવાશ અનુભવતાં એણે લિંકનને એ પત્ર વાંચવા આપ્યો.
'વાહ તેં તો જોરદાર પત્ર લખ્યો છે!' લિંકને મલકાતાં કહ્યું, 'આવું તો મને પણ લખતાં ન આવડે!'
ઑફિસરે પ્રસન્ન થતાં પૂછ્યું : 'હવે શું ?'

http://suratiundhiyu.wordpress.com/

લિંકને પણ એ જ શૈલીમાં જવાબ આપ્યો : 'હવે શું – હવે કાંઈ નહિ !' અને માર્મિક ઢબે હસવા લાગ્યા. એ ઑફિસર તો ડઘાઈ ગયો અને લિંકનને બાઘાની જેમ જોઈ રહ્યો. ત્યારે લિંકને આદેશ આપ્યો : 'જાઓ, આ પત્ર પેલી સગડીમાં નાખી દો. મને પણ જ્યારે ગુસ્સો ચઢે છે ત્યારે હું આવું જ કરું છું. આમ કરવાથી મનનું ઝેર બહાર નીકળી જાય છે ને આપણને શાંતિ મળે છે !'

[10] બાળગંગાધર ટિળકને કોઈએ પૂછ્યું : 'શાસ્ત્રીજી ! આપણાં શાસ્ત્રોમાં સારો વર મેળવવા માટે કન્યાઓને ગૌરીવ્રત રાખવાનું સૂચન કરવામાં આવ્યું છે. એવી રીતે પુરુષો માટે સારી પત્ની મેળવવા માટે શા માટે કોઈ વ્રતની ભલામણ કરવામાં આવી નથી ?'
'એટલા માટે કે બધી સ્ત્રીઓ જન્મજાત સારી હોય છે !' ટિળકે જવાબ આપ્યો અને ખડખડાટ હસી પડ્યા.

[11] ભારતીય ઈતિહાસવિદ કાશીપ્રસાદ જયસ્વાલ એક્વાર કવિ મોહનલાલ મહતો સાથે ગપસપ કરી રહ્યા હતા. ત્યારે તાજેતરમાં લંડનથી આવેલા તેમના બેરિસ્ટર મિત્ર તેમને મળવા પહોંચ્યા. ત્યાંથી વાતો દરમ્યાન તેમણે કહ્યું કે અંગ્રેજો યોગ પ્રત્યે અનન્ય જિજ્ઞાસા અને અભિરૂચિ ધરાવે છે.

અંગ્રેજો પ્રત્યેનો તેમનો એ અહોભાવ જોઈને કાશીપ્રસાદને ગમ્મત સૂઝી. તેમણે મોહનલાલ તરફ ઈશારો કરીને કહ્યું : 'આ ભાઈ દેખાવે ભલે સામાન્ય માણસ લાગતા હોય, પણ ખરેખર તેઓ એક સિદ્ધ યોગી છે. એક વાર હું મારા કુટુંબ સાથે નેપાળ ગયો હતો ત્યારે તેમને અમારી સાથે ન લઈ ગયો. પણ કાઠમંડુ પહોંચતાં જ અમે તેમને અમારી હોટલના કાઉન્ટર પર ઊભેલા જોયા. ત્યાં પૂછપરછ કરતાં ખબર પડી કે તેઓ એક અઠવાડિયાથી એ જ હોટલમાં રોકાયા છે. અમે તો આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયાં, કેમ કે ચાર દિવસ પહેલાં જ તેઓ અમારી સાથે પટણામાં હતા. આ રીતે કોઈ વ્યક્તિ એક જ સમયમાં બે જગાએ કેવી રીતે હોઈ શકે ? આવી છે તેમની યોગસિદ્ધિ !'
બેરિસ્ટર સાહેબ તરત જ મોહનલાલ મહતોના પગે પડી ગયા : 'બાબા, આમિ આર તોમાકી છાડિબો ના. આમાર ઉદ્ધાર કરો !'
મહતો પોતાનું હસવું રોકી શક્યા નહિ અને તેમણે સ્પષ્ટતા કરી : 'કાશીબાબુ તો મશ્કરી કરે છે. મારામાં એવી કોઈ શક્તિ નથી.' પણ તેમને એ સ્પષ્ટતામાં વિશ્વાસ પડ્યો નહિ. અને તેઓ મહતોના ઘરનું સરનામું લઈને ઝંપ્યા. વળી જતાં જતાં કહેતા ગયા કે : 'કાલે સાંજે ઘેર રહેજો. હું તમારે ત્યાં આવું છું.'

http://suratiundhiyu.wordpress.com/

તેમના ગયા પછી બંને જણ ખૂબ હસ્યા. કાશીબાબુએ કહ્યું : 'જોયું તમે ! વિલાયત ભણીને આવ્યો છે, પણ અક્કલનો ઓથમીર છે !'

[12] લિવરપુલનાં શ્રીમતી મારિયા થેરેસાએ અદાલતમાં અરજી કરી કે મારા પતિ આખો દિવસ મારી સાથે ઝગડ્યા કરે છે અને મારી સાથે શાળાનાં બાળકો જેવો વ્યવહાર કરે છે. ક્યારેક સ્ટૂલ ઉપર ઊભા થઈ જવાની શિક્ષા કરે છે, તો ક્યારેક સો વખત એવું લખવાનું કહે છે કે, 'હું હવે નહિ ઝગડું અને રોજ સવારે વહેલી ઊઠીશ.'
તેમની આ ફરિયાદ ઉપર ન્યાયાધીશે કાનૂની અને માનવીય બંને દષ્ટિથી વિચાર કર્યો અને છૂટાછેડાની માગણીનો અસ્વીકાર કરતાં તેમના પતિને ચેતવણી આપી કે તેઓ મારિયા થેરેસા સાથે પુખ્ત વ્યક્તિ જેવો વ્યવહાર કરે.

[13] એકવાર નહેરુ ચૂંટણી પ્રચાર માટે વિંધ્યાચલ પર્વત પાસે આવેલ શહેર મિરજાપુર જઈ રહ્યા હતા. રસ્તામાં આવેલ એક ઘાટ પાસે કેટલાક ડાકુઓએ એમની કાર અટકાવી. નહેરુએ બહાર નીકળીને કહ્યું : 'હું જવાહરલાલ નહેરુ છું. બોલો, તમને શું કામ છે ?' ડાકુઓ સ્તબ્ધ થઈ ગયા. તેમને કોઈ સૂઝ ન પડતાં, તરત જ નીચે નમીને નહેરુને પ્રણામ કર્યા અને રૂપિયાથી ભરેલી એક થેલી ભેટ આપી.
ચૂંટણી મુકામે પહોંચ્યા પછી ત્યાંના વ્યવસ્થાપકે પૂછ્યું : 'તમને રસ્તામાં કોઈ મુશ્કેલી તો નથી નડી ને ?'
'અરે! મુશ્કેલી ?' નહેરુએ પોતાની સ્વસ્થતા પ્રગટ કરતાં કહ્યું : 'અમને તો કેટલાક અજાણ્યા માણસોએ કાર રોકીને રૂપિયાની થેલી ભેટ આપી છે !'
'પંડિતજી! એવા સજ્જન માણસો તો આ વિસ્તારમાં જોવા નથી મળતા !' એ ભાઈએ આશ્ચર્ય વ્યક્ત કરતાં કહ્યું : 'અહીં તો કાર રોકીને લૂંટફાટ કરનારા લોકો ભર્યા પડ્યા છે !'
'વાહ! તો પછી હું ડાકુઓનો સરદાર ગણાઉં !' નહેરુએ ખડખડાટ હસતાં કહ્યું અને રસ્તાનો બનાવ સંભળાવ્યો. એ પછી તો ત્યાં ઉપસ્થિત બધા લોકો ખૂબ જ હસ્યા.

[14] જનરલ કરીઅપ્પાના ભાઈ કુમારપ્પા પહેલીવાર ગાંધીજીને મળવા સાબરમતી આશ્રમે પહોંચ્યા. ત્યાં માથે ફાળિયું બાંધેલો એક ડોસો સાફસૂફીનું કામ કરી રહ્યો હતો. કુમારપ્પાએ તેમને પૂછ્યું : 'ગાંધીજીને જણાવો કે જનરલ કરીઅપ્પાના ભાઈ તેમને મળવા આવ્યા છે.'
એ ડોસાએ તેમને સામે પ્રશ્ન કર્યો : 'ગાંધીજીએ તમને કેટલા વાગ્યાનો સમય આપ્યો છે ?'

http://suratiundhiyu.wordpress.com/

કુમારપ્પાએ એ પૂછપરછ પ્રત્યે અણગમો પ્રગટ કરતાં કહ્યું : 'એનું તારે શું કામ છે ? તું તારે જઈને ખબર આપ. જો કે એમણે ચાર વાગ્યે મળવાનો સમય આપ્યો છે.'
'પણ હજી તો સાડાત્રણ જ વાગ્યા છે!' ડોસાએ તેમને જણાવ્યું.
કુમારપ્પા ચિડાઈ ગયા : 'ડહાપણ કર્યા વગર હું કહું છું એમ કર !'
આથી એ ડોસો અંદરના ખંડમાં ચાલ્યો ગયો અને થોડીવારે પાછો આવીને બોલ્યો : 'સાહેબ ! આપ બેસો. ગાંધીજી આપને ઠીક ચાર વાગ્યે મળશે.' કુમારપ્પા બેઠકખંડની ગાદી પર બેસી ગયા.
બરાબર ચાર વાગ્યે એ ડોસાએ પોતાના માથેથી ફાળિયું કાઢી નાંખ્યું અને કુમારપ્પાને પૂછ્યું : 'બોલો સાહેબ ! શું કામ છે ? મને જ લોકો ગાંધીજી કહે છે !'

[15] રાષ્ટ્રપતિ થિયોડોર રૂઝવેલ્ટનાં પત્ની સામાજિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલાં હતાં. એકવાર તેઓ નારી નિકેતન જેવી કોઈ સંસ્થાની ઑફિસમાં બેઠાં હતાં ત્યારે એક યુવતીએ તેમને કહ્યું : 'મારું લગ્ન થયે હજી એક જ વર્ષ થયું છે, પણ કોણ જાણે શાથી મને પહેલાં જેવું દાંપત્યસુખ મળતું નથી.' તેમની બધી વાત સાંભળી લીધા પછી શ્રીમતી રૂઝવેલ્ટે પૂછ્યું : 'તમે કદી તમારા પતિ સાથે ઝગડ્યાં છો ખરાં ?' એનો જવાબ નકારમાં મળતાં, બીજો પ્રશ્ન પૂછ્યો : 'તો પછી તમારા પતિ સાથે કદી રિસાયાં છો ખરાં ?' એનો જવાબ પણ 'ના'માં મળ્યો. એ પછી તો રૂઝવેલ્ટ ખડખડાટ હસી પડ્યાં. એ જોઈને એ યુવતી આશ્ચર્ય પામી. ત્યારે તેમણે એના ગાલે હળવી ટપલી મારતાં કહ્યું : 'બેબી ! તમે ખરેખર હજી પરણ્યાં જ નથી ! પહેલાં પરણો, પછી ઝગડો, એ પછી રિસાઓ, ત્યારે જ તમને મારી સલાહ કામ લાગશે !'

[16] અમેરિકાના રાષ્ટ્રપતિ લિંડન જોન્સને ગ્રેટ બ્રિટનના લોર્ડ સ્નોડન અને રાજકુંવરી માર્ગરેટ માટે એક સત્કાર સમારંભ યોજ્યો હતો. ત્યારે કોઈએ ગમ્મતમાં તેમને પૂછ્યું : 'તમારી પત્નીને ખુશ રાખવા માટે તમે શું કરો છો ?'
તેમણે એનો જવાબ આ પ્રમાણે આપ્યો : 'પત્નીને ખુશ રાખવા માટે બે વસ્તુઓ જરૂરી છે. – એક એને એ વિચારવા દો કે એનો પોતાનો સ્વતંત્ર અભિગમ છે અને બીજી એ કે, એ અભિગમ એને માણવા દો.'

[17] ગુરુ નાનકદેવ એકવાર હરદ્વાર ગયા ત્યારે તેમણે જોયું કે કેટલાક લોકો પૂર્વ દિશા તરફ મોં કરીને પોતાના પૂર્વજોને અંજલિ આપી રહ્યા છે. તેમની એ મૂર્ખતાને ચૂંટિયો ભરવા માટે પોતે

http://suratiundhiyu.wordpress.com/

આથમણી દિશામાં મોં કરીને ખોબે ખોબે પાણી ઉલેચવા લાગ્યા. એ જોઈ એક પંડાએ કહ્યું : 'અલ્યા ! આ શું કરી રહ્યો છે ?'
'મહારાજ! મારું ગામ આ દિશામાં છે. ત્યાં આવેલ મારા ખેતરને હું પાણી સિંચી રહ્યો છું.'
'તારું માથું તો ખસી નથી ગયું?' પંડાએ તેમના ઉપર ઉપહાસ કરતાં કહ્યું, 'આ રીતે તારા ગામના ખેતર સુધી કંઈ પાણી પહોંચી શકે.

ગુરુનાનકે હસીને જવાબ આપ્યો : 'મહારાજ ! તમે લોકોના મરી ગયેલા બાપદાદાઓ માટે સ્વર્ગ સુધી પાણી પહોંચાડી શકો છો, તો હું અહીં ઢૂંકડે આવેલ મારા ગામ સુધી પાણી કેમ ન પહોંચાડી શકું ?' ત્યાં ઉપસ્થિત યાત્રીઓ ગુરુ નાનકનો આ કટાક્ષ સાંભળીને હસી પડ્યા. પંડાએ ચિડાઈને કહ્યું : 'ભણેલા લોકોની મૂર્ખતા આવી જ હોય છે !'

## સાબિતીની પેલે પાર પ્રતીતિનો પ્રદેશ – ડૉ.ગુણવંત શાહ

આપણા મનમાં કો'ક વિરલ પળે આવા વિચિત્ર પ્રશ્નો ઊઠે છે :

- ઉપરઉપરથી દેખાય તે ખરેખર વાસ્તવિક (real) હોય છે ખરું
- શું આ ઘનીભૂત ખડક એ વાસ્તવિકતા (reality) છે
- ભૂરા આકાશ નીચે લીલું ઘાસ ચરતી પેલી ગાય વાસ્તવિક છે
- રસ્તા પર અટવાતાં વાહનો, સ્ત્રીપુરુષો અને દુકાનોમાં જામેલી ભીડ આખરે શું છે
- શું વાસ્તવિક્તા દ્રવ્યતા, પદાર્થતા અને વસ્તુતા પૂરતી જ સીમિત છે
- મૃત્યુ થાય ત્યારે આખરે શું મરે છે
- આપણું અસ્તિત્વ એટલે શું કેવળ શરીરનું અને મનનું જ અસ્તિત્વ
- શું આપણું 'હોવું' દેહ અને મન ઉપરાંત પણ કોઈ અન્ય બાબત પર આધારિત ખરું, એ અન્ય બાબત કઈ

અધ્યાત્મ (metaphysics)નો સંબંધ અંતિમ વાસ્તવિક્તા (ultimate reality) અંગેના ઉપરોક્ત પ્રશ્નો સાથે રહેલો છે. આવા પ્રશ્નો જ જ્યાં ન ઉઠે એવી દુનિયાની કલ્પના કરવી મુશ્કેલ છે. ઉપરથી દેખાય તે સૃષ્ટિની સપાટીની નીચે ખરેખર શું છે તે જાણવા

http://suratiundhiyu.wordpress.com/

માટેની જિજ્ઞાસાવાળી થોડીક વ્યક્તિઓ પણ ન હોય એવી દુનિયામાં જીવવા કરતાં તો ખડક બની જવું સારું. આ સૃષ્ટિની અંતિમ વાસ્તવિકતા અંગેની શોધ અધ્યાત્મના ક્ષેત્રમાં સદીઓથી ચાલતી રહી છે. સત્ય શું, વાસ્તવિક શું, ન્યાયી શું, મુલ્યવાન શું અને અર્થપૂર્ણ શું – એવા પ્રશ્નોની હારમાળા જાગૃત વ્યક્તિને કનડે છે. અંતિમ વાસ્તવિકતા અંગે કો'ક પ્રબુદ્ધ ચિત્તમાં જન્મેલી ઊર્ધ્વમૂલ જિજ્ઞાસાને આપણા ઋષિઓએ બ્રહ્મજિજ્ઞાસા કહી. ઉપનિષદના મંત્રો એટલે ઋષિની બ્રહ્મજિજ્ઞાસાનાં અલૌકિક ચેતના–સ્ફુલિંગો. ઋષિની બ્રહ્મજિજ્ઞાસાથી શરુ થતી આ યાત્રા એક પછી એક ઊંચે લઈ જતાં સોપાનો દ્વારા આગળ વધે છે. પ્રથમ તો બ્રહ્મજિજ્ઞાસા પ્રગટ થાય. પછી એ ક્રમશઃ બ્રહ્મવિદ્યા, બ્રહ્મજ્ઞાન અને બ્રહ્મનિષ્ઠાના શિખરો વટાવીને અંતે બ્રહ્મલીનતાની ટોચ પર લઈ જાય એમ બનતું હશે. ગીતા કહે છે તેમ : 'બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા ન શોચતિ ન કાંક્ષતિ.' આ અવસ્થા અશોચ્ય અને નિરીચ્છ પદ સુધી સાધકને લઈ જાય છે.

ગણિત, વિજ્ઞાન અને ટૅકનોલોજીના વિકાસ સાથે એક અત્યંત રૂપાળો રોગ માણસને વળગે છે જેનું નામ છે : 'સાબિતીજ્વર' આ ત્રણે વિદ્યાક્ષેત્રો સાબિતીની સીમ વટાવીને કશું જ તારણ ન કાઢવામાં માને છે. આવો આગ્રહ સર્વથા યોગ્ય છે. માનવસંસ્કૃતિના વિકાસમાં આવા આગ્રહનો ફાળો ઓછો નથી. જો આવો આગ્રહ ન હોત તો પૃથ્વી હજી સપાટ ગણાતી હોત, સુર્ય પૃથ્વીની પ્રદક્ષિણા કરે છે એવું જ કહેવાતું હોત અને શીતળાની રસીને બદલે શીતળામાતાની કૃપા પર જ લોકો આધાર રાખતા હોત. જો સાબિતીનો આગ્રહ ન હોત તો હજી આપણે પાષાણયુગમાં જ જીવતા હોત.

સાબિતીનો આગ્રહ રોગ ત્યારે જ બને જ્યારે કશુંક સાબિત ન થઈ શકે તે હોઈ જ ન શકે એવી હઠ પકડવામાં આવે. આ સૃષ્ટિમાં એવી તો કેટલીય બાબતો છે જે સાબિત નથી થઈ શકતી અને છતાંય 'છે.' સાબિતીનો આગ્રહ રોગની કક્ષાએ પહોંચે ત્યારે બે પ્રકારની જડતાનો ઉદય થાય છે :

(૧) જે સાબિત થઈ શકે તે જ સત્ય હોઈ શકે; અને

http://suratiundhiyu.wordpress.com/

(૨) જે સાબિત ન થઈ શકે તે સર્વથા વાહિયાત ગણાય.

વર્ષો પહેલાં રાજકોટમાં છેલભાઈ નામે એક ફોજદાર થઈ ગયા, એમણે પકડેલો એક ખૂની કોર્ટમાં નિર્દોષ છૂટી ગયો. પાછળથી છેલભાઈ એ માણસને મળ્યા અને પૂછ્યું : ''સાચું કહેજે, તેં ખૂન કરલું કે નહીં ?'' પેલાએ નિખાલસપણે જણાવ્યું : ''સાહેબ ! મેં ખૂન કરેલું એમાં કોઈ જ શંકા નથી પરંતુ કોર્ટના ચુકાદા પછી હવે મનેય વહેમ પડે છે કે કદાચ મેં ખૂન ન પણ કર્યું હોય !''

વાસ્તવિકતા એ કે માણસે ખૂન કર્યું. કોર્ટમાં એ સાબિત ન થઈ શક્યું તેથી ખૂનીને નિર્દોષ છોડવામાં આવ્યો. પ્રશ્ન થાય કે : જે સાબિત ન થઈ શકે તે હકિકત, હકિકત મટી જાય ખરી ? સાબિતી સત્યની ઓશિયાળી છે; સત્ય સાબિતીનું ઓશિયાળું નથી. આમ કહેવું એમાં સાબિતીનો અનાદર નથી. સત્યના વ્યાપને બાથમાં લેવામાં સાબિતીનું કદ ક્યારેક નાનું પડે છે. બાળક માટે સીવડાવેલું પહેરણ એ મોટો થાય ત્યારે નાનું પડે છે. એવું બને ત્યારે એ પહેરણનો ઉપયોગ ન કરવો એમાં પહેરણનો અનાદર નથી.

આ સૃષ્ટિનું સમગ્ર સત્ય સાબિતીમાં સમાઈ શકે તેમ નથી. એ તો પવનને ફુગ્ગામાં પૂરવાની ચેષ્ટા ગણાય. અત્યાર સુધીમાં વિજ્ઞાન દ્વારા જે કાંઈ સાબિત થયું છે તે તો, હજી જે બધું સાબિત થવાનું બાકી છે, તેની સરખામણીમાં સાવ અલ્પ છે. સાબિતી માટેનો આગ્રહ એ ગણિતજ્ઞ, વિજ્ઞાની અને ટૅકનોલોજિસ્ટનો સ્વધર્મ છે. સાબિતી અંગેની અક્ષમ્ય લાપરવાહીને કારણે આપણે ત્યાં અંધશ્રધ્ધા અને વહેમનાં ગંધાતા ખાબોચિયાં સર્જાયાં. ધર્મગુરૂઓએ તો આવા ખાબોચિયાંને ગંગાનો દરજ્જો આપ્યો. અભણ, અબુધ અને ભોટ પ્રજાને છેતરવામાં તથા એનું શોષણ કરવામાં ધર્મગુરૂઓ શાહુકારોને પણ આંબી ગયા.

સાબિતીનું કાળજું તર્ક છે. આપણે જોયું કે તર્કને વેદમાં ઋષિ કહ્યો. સાબિતી તર્ક ઉપરાંત જ્ઞાનેન્દ્રિયોએ એકઠી કરેલી દ્રશ્ય–શ્રાવ્ય (audio-visual) સામગ્રી પર આધાર રાખે છે. આમ જે કશુંક તર્કાતીત કે ઈન્દ્રિયાતીત હોય તે સાબિતીની પકડમાંથી છૂટી

http://suratiundhiyu.wordpress.com/

જાય છે. કર્ણ કુંતીનો પુત્ર હતો. જો આ બાબત સાબિત ન થઈ શકે એવું બને તોય વાસ્તવિકતા બદલાતી નથી. દુનિયાની અદાલતોમાં સાબિતીનો આગ્રહ રખાય એ સર્વથા યોગ્ય છે પરંતુ ઘણીવાર ન્યાયાધિશને લાગે છે કે ગુનાનું સમગ્ર સત્ય એની પહોંચ બહાર છે. એવે વખતે ન્યાયાધિશ ખુલ્લું મન રાખે અને ગુનેગાર જણાતી વ્યક્તિને સજા ન કરે એમાં જ સત્યશોધકની નમ્રતા રહેલી છે. આમ સાબિતી માટેનો આગ્રહ ખોટો નથી પરંતુ જે વ્યાપ સાબિતીની સીમમાં પુરાઈ ન શકે તેમાં તો સાવ ખુલ્લું મન લઈને જ પગરણ માંડી શકાય.

ઋષિ બનવાનું આપણે માટે શક્ય ન પણ હોય, તોય ખુલ્લું મન રાખવું એ તો આપણા હાથની વાત છે. અંતિમ સત્ય અંગે અશ્રધ્ધા કે અંધશ્રદ્ધા રાખવાને બદલે આપણે શ્રદ્ધાની મદદ લેવાની છે. અંધશ્રદ્ધા કેવળ ઈશ્વર પર જ હોય એવું નથી. અંધશ્રદ્ધા તો કમ્પ્યુટર પર પણ હોઈ શકે. અધ્યાત્મનો સંબંધ સાબિતીની પેલે પાર આવેલા આત્મપ્રદેશ સાથે છે. આકાશમાં ઊગેલા શરદપૂર્ણિમાના ચંદ્ર તરફ હાથ લંબાવીને આંગળી ચીંધીને ચંદ્ર બતાવવામાં આવે ત્યારે આંગળીને ટેરવે ચંદ્ર નથી હોતો. ચંદ્ર તો ખૂબ દૂર હોય છે. અંતિમ વાસ્તવિકતા સાબિતીની સરહદથી ઘણી દૂર હોય છે. જગતના મહાન વિજ્ઞાનીઓને જે મૂળે અમર્યાદ છે, તેને સમજવામાં સાબિતીની સીમા નડે તેનો ખ્યાલ વહેલો આવે છે. મહાન વિજ્ઞાનીઓની નમ્રતાનું આ જ ખરું રહસ્ય છે. તેઓ ખરેખર જાણે છે કે પોતે કશું નથી જાણતા.

અધ્યાત્મના માર્ગે જનારાઓએ ખુલ્લા મનના સત્યશોધક તરીકે જૈન દર્શનમાં પ્રબોધેલા સ્યાદવાદ અને અનેકાંત દ્વારા પ્રજ્ઞાવાન નમ્રતા કેળવવાની છે. સત્યની ચોટલી પકડીને બહાર નથી આણવાનું; સત્યનો પગરવ સાંભળી શકાય તે માટે કાન સરવા કરવાના છે. રુડોલ્ફ કાર્નેપ કહે છે : "Metaphysicians are musicians without musical talent." અધ્યાત્મવાદીઓ તો સંગીતની નિપુણતા વગરના સંગીતકારો છે. આપણે આગળ વારંવાર ચર્ચી ગયા તેમ આ સૃષ્ટિનો કૉસ્મિક લય પામવો એ જ અધ્યાત્મ. અધ્યાત્મ માર્ગના યાત્રીઓ કૉસ્મિક સંગીતના સૂર સાંભળવા ઝંખે છે.

http://suratiundhiyu.wordpress.com/

ઉપનિષદોમાં અંતિમ વાસ્તવિકતાનો સંકેત એટલે આત્મા. સ્થૂળતા ખરી પડે. સૂક્ષ્મતા વધતી રહે અને જ્યારે શૂન્યતાની લગોલગ પહોંચી જાય ત્યારે જે વાસ્તવિકતા બચે તે ચેતનાબિંદુને આપણા ઋષિઓએ 'આત્મા' તરીકે ઓળખાવ્યું. આ બે મંત્રોમાં ઋષિ આપણને સાબિતીની પેલે પાર આત્મપ્રદેશની મનોયાત્રાએ લઈ જાય છે, કહે છે :
જે સર્વ જીવોને આત્મામાં જ નિહાળે અને સર્વ જીવોમાં આત્મા જ ભાળે તે કોઈને ધીક્કારતો નથી

જ્યાં સર્વ જીવો આત્મરૂપ બની ગયા ત્યાં વળી શોક કેવો અને મોહ કેવો ? બધું જ એકરૂપ બની ગયું !

આત્માની સંકલ્પનાની વિસ્તૃત સમીક્ષા ઉપનિષદોમાં બહુ વિસ્તારથી થઈ છે. આ બે મંત્રોમાં આવી તત્વચર્ચા નથી. અહીં તો આત્મભાવ કેળવાય ત્યારે જે જાદુ થાય તેની જ વાત થઈ છે.

- જે સીમાયુક્ત છે તેને સાબિત કરી શકાય પરંતુ જે નિ:સીમ છે તેને સાબિત શી રીતે કરવું

વિજ્ઞાન માપની પ્રતીતિ કરાવી શકે; અમાપની નહીં.
સ્થૂળ હોય તેને પ્રત્યક્ષ બતાવી શકાય પરંતુ જે સૂક્ષ્મ હોય તેનો દાર્શનિક પુરાવો ક્યાંથી લાવવો ? પરમની સૂક્ષ્મતા તો ઈલેક્ટ્રોન-માઈક્રોસ્કોપને પણ નથી ગાંઠતી.
જે શબ્દોમાં વર્ણવી શકાય તેવું હોય તેને શબ્દ દ્વારા પામી શકાય પરંતુ જે શબ્દાતીત હોય તેનું શું
થોડાંક વર્ષો પર એક અનોખો એનસાઈક્લોપીડીયા બહાર પડ્યો જેનું મથાળું છે : "એનસાઈક્લોપીડીયા ઓફ ઈગ્નરન્સ." આ ગ્રંથમાં જે જે બાબતો હજી વિજ્ઞાનની પકડમાં નથી આવી તે બાબતો પરનાં લખાણો છે. જેમ જેમ સમજ પડતી જશે એમ આ ગ્રંથના પ્રકરણો ઘટતાં જશે અને છેવટે ગ્રંથનું અસ્તિત્વ મટી જશે. પરિચયનો ટાપુ અપરિચયના સાગર વડે ઘેરાયેલો છે. બધું સાબિત નથી થઈ શકતું. જે સાબિત

http://suratiundhiyu.wordpress.com/

નથી થઈ શકતું તેનો આંધળો સ્વીકાર ન હોય તે જ રીતે આંધળો અસ્વીકાર પણ ન હોય. પરમ સત્યનો પગરવ સાંભળવા માટે કાન સરવા રાખીને પ્રાર્થનામય ચિત્તે પ્રતીક્ષા કરવી એ જ ખરી વાસ્તવીકતા છે. આ પ્રતીક્ષા અપ્રમાદ વગર ફળતી નથી. એ તપશ્ચર્યા અને તિતિક્ષા માંગે છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ હેરી ટ્રુમેન કહેતા તેમ, 'જેઓ ગરમી સહન ન કરી શકે તેમણે રસોડામાં જવાનું ટાળવું જોઈએ.'

લેખકના પુસ્તક 'અસ્તિત્વનો ઉત્સવ ઈશાવાસ્યમ'માંથી સાભાર

## બોધકથા-૧

## શક્તિનું સાચું માપ

આપણામાંના ઘણા પોતાની શક્તિ વિશે વધુ પડતો ખ્યાલ રાખતા હોય છે, પણ જ્યાં સુધી મુશ્કેલી નથી આવતી ત્યાં સુધી શક્તિનું સાચું માપ નીકળી શક્તું નથી. ઘણા એવો ફાંકો રાખતા હોય છે કે વ્યવસ્થા અને વહીવટમાં મને કોઈ પહોંચી ન શકે પણ તેઓનો ઘમંડ વધુ ટકતો નથી. પોતાની જાત વિશે વધુ પડતું માની બેસવું એ જરા વધુ પડતી મૂર્ખાઈ છે. કોઈ પોતાની જાતને ડાહ્યો માને એ માન્યતામાં પણ ડહાપણની થોડી ખામે રહેલી જ છે. પોતાની જાતને સંપૂર્ણ માની લેવી એ જ અપૂર્ણતાનું ઉઘાડું સર્ટિફિકેટ છે !

ઉકરડા ઉપર થોડો કચરો કે ગંદકી વધારે પડે તો એના ઉપર કંઈ અસર થતી નથી. એને એ ખ્યાલ નથી આવતો કે પોતે વધુ બગડી ગયો છે, પણ ઉકરડા ઉપર જો એકાદ વરસાદ પડે તો વરસાદના સ્વચ્છ પાણીથી તે એટલો બધો અકળાઈ જાય છે કે એમાંથી વધુ દુર્ગંધ નીકળવા માંડે છે. સ્વચ્છ અને પવિત્ર વસ્તુને તે જીરવી શક્તો નથી અને સ્વચ્છ પાણીમાં જરા જેટલો કચરો પડે છે કે પાણી ધ્રુજી ઊઠે છે, અકળાઈ જાય છે અને એનાથી દુર્ગંધ સહન નથી થતી.

જેઓ ઉકરડા જેવા છે તેઓ જો કંઈ ખરાબ કામ કરે તો એમનું અંત:કરણ બળતું નથી. એમાં જ એમને આનંદ આવે છે, પણ જેઓ સુવાસ ના સાથીદાર છે, જેમની વિચારમાળા હંમેશા શુધ્ધ અને

http://suratiundhiyu.wordpress.com/

પવિત્ર સુત્રથી ગૂંથાતી રહે છે, એવા માણસો જો જરા જેટલું ખરાબ કામ કરી બેસે તો પાછળથી એમનું હૃદય બળવા માંડે છે અને તેઓ મનની શાંતિ ગુમાવી બેસે છે. સૂરીલી જિંદગીમાં જીવનાર ઉસ્તારના જીવનમાં એકાદ તાન બેસૂરી નીકળી જાય તો એનું હૃદય સળગી જાય છે.

## મનની અમાપ શક્તિ

માણસના મન વિષે ઘણાએ વાતો કરી છે અને મોટે ભાગે મનની ચંચળ પ્રકૃતિ માટે ઘણું કહેવાયું છે. પણ આ ચંચળવૃત્તિ જ સાબિત કરી બતાવે છે કે મનમાં અદ્ભુત શકિત ભરી છે. જે એક પળ માટે પણ સ્થિર રહી શક્તું નથી અને જેની ઝડપ કોઈ પહોંચી શકે એમ નથી એવા આ મનમાં કેવી પ્રચંડ તાકાત ભરી હશે એની કોઈ કલ્પના થઈ શકે એમ નથી ! માણસોના બંધન અને મોક્ષનું કારણ મન છે એવા આ નાનકડા વાક્યમાં ગીતાકારે એક અજબ સનાતન સત્ય કહી દીધું છે. મનની અમાપ શક્તિ માટે આવું અપ્રતિમ પ્રમાણપત્ર આપીને ગીતાકારે ખરેખર છેલ્લો ચૂકાદો આપી દીધો હોય એમ સ્પષ્ટ દેખાય છે ! તનમાં ગમે એવી તાકાત ભરી હોય પણ મન જો નિર્મળ ન હોય તો તાકાતભર્યું તન તણખલું બની જાય છે. પણ મન જો મજબૂત બન્યું તો તણખલા જેવું તન પણ અનેક ચમત્કારો કરી બતાવે છે ! નિર્બળ મન એવો આપણે શબ્દપ્રયોગ કરતા આવ્યા છીએ, પણ મન કદી નિર્બળ છે જ નહીં. એની તાકાત આપણને નિર્બળ બનાવી દે છે.

## વજુકોટકના ગજબ જવાબો

સ : મારો મિત્ર કહે છે ટાઢનું વજન સવા મણ, દસ શેર અને બે મુઠ્ઠી તો તે કેવી રીતે ?

જ : જ્યારે ઠંડી પડે છે ત્યારે શ્રીમંત સવામણની રજાઈમાં પોઢે છે માટે ઠંડીનું વજન સવા મણ ગણાય. સાધારણ માણસ દસ શેરની રજાઈ વાપરે છે ત્યાં ટાઢનું વજન દસ શેર થયું, અને ગરીબ માણસ ટુંટિયું વાળી બે મુઠ્ઠી બંધ કરીને સુએ છે. માટે ત્યાં ટાઢનું વજન બે મુઠ્ઠી થયું.

http://suratiundhiyu.wordpress.com/

સ : એક વખત હાથમાંથી ગયું તે શું ?

જ : સમય; જીવનની જે પળ આજે ચાલી રહી છે તે કદી પાછી આવતી નથી.

સ : શ્રવણના માતા-પિતાનું નામ શું હતું ?

જ : શ્રધ્ધા અને સંસ્કાર.

સ : પુરુષના જીવનમાં સ્ત્રીનું સ્થાન શું ?

જ : પાનના બીડા ઉપર લવીંગનું સ્થાન છે તે.

સ : ટાલ પડવાનાં ત્રણ મુખ્ય કારણો ક્યાં ?

જ : માથાભારે બૈરી, વધુ પડતી ચિંતા અને શરીરમાં રહેલી ખોટી ગરમી.

સ : બાળક એટલે ?

જ : લગ્નજીવનનું વ્યાજ.

સ: શું ખાવાથી માણસો સુધરે છે ?

જ : ઠોકર ખાવાથી.

સ : ઈશ્વર આપણા હૃદયમાં કેવી રીતે છુપાયો છે ?

જ : જેમ લાકડામાં અગ્નિ છુપાયો છે તેમ.

સ : સુખના શત્રુ કોણ ?

જ : અસંતોષ, વહેમ અને શંકા

સ: કોણ જીર્ણ થતું નથી ?

જ : આશા, તૃષ્ણા અને વાસના.

http://suratiundhiyu.wordpress.com/

સ: કોણ કોઈનું સાંભળતું નથી.

જ : ભૂખ્યું પેટ અને ગુસ્સે થયેલા શેઠ.

સ: કોણ કોઈની પરવા કરતું નથી ?

જ : બાળક

સ: અંધકારમાં આપણને કોણ વધુ તેજસ્વી લાગે છે ?

જ : આવતીકાલ

સ: દિલ તૂટી ગયું છે તો શું કરવું ?

જ : આશાના મલમપટ્ટા બાંધવા.

સ: કાકા, મામા, ભાઈ, બહેન, બાપ હોવા છતાં માતાની ખોટ કેમ પુરાતી નથી ?

જ : માતાનો પ્રેમ નિ:સ્વાર્થ હોય છે માટે.

સ : શૂરવીરનું પ્રથમ લક્ષણ કયું ?

જ : ક્ષમા

સ: આ જગતમાં જાતજાતના વાદ ચાલે છે એમાં સૌથી સારો વાદ કયો ?

જ : આશિર્વાદ

સ: તાજમહાલ શું છે ?

જ : આંસુની ઈમારત.

સ: માણસ પર કયો ગ્રહ વધારે ખરાબ અસર કરે છે ?

જ : પૂર્વગ્રહ

http://suratiundhiyu.wordpress.com/

સ: સ્ત્રીનું હૃદય જો પ્રેમની પવિત્ર શાળા હોય તો પુરુષનું હૃદય ?

જ : ધર્મશાળા.

સ: લગ્ન એટલે શું ?

જ : બેમાંથી એક અને એકમાંથી અનેક !

સ: મોટામાં મોટી ભૂલ કઈ ?

જ : કોઈપણ ભૂલ થયા પછી એને સુધારી લેવાનું ભૂલી જવું એ શું મોટામાં મોટી ભૂલ નથી ?

સ: યૌવન શું છે ?

જ : યૌવન એ એવું વન છે કે જ્યાં અટવાઈ પડતાં વાર નથી લાગતી. નક્કી કરો કાંઈક અને નીકળો કાંઈક.

## આમ જુવો તો આખું રામાયણ પત્નીની કથા છે.....

લક્ષ્મણ પોતાની પત્નીને ઘરે મુકીને રામ-સીતા સાથે ચાલી ગયા
રાવણ રામની પત્નીને ઉઠાવી લાવ્યો, પત્નીનું કહેવું માન્યું નહિ અને ફસાઈ ગયો
હનુમાનજીને પોતાની પત્ની તો હતી નહિ,
પણ રામની પત્નીને શોધવામાં લંકા સળગાવી દીધી
રામે પોતાની પત્નીને પાછી લાવવા માટે દસ દિવસનું યુદ્ધ કરવું પડ્યું,
તેમને પત્ની પાછી મેળવીને મેળવ્યું શું?
એક ધોબીએ પોતાની પત્નીને ઘરમાં નહિ આવવા દીધી
એટલે રામે પણ પત્નીની અગ્નિ પરીક્ષા કરી!
અંતમાં થયું શું?
જે પત્નીને લઈને આટલી રામાયણ થઇ તે તો આખરે ધરતીમાં સમાય ગયા!

http://suratiundhiyu.wordpress.com/

આખરે એક વસ્તુ વિચારો કે આ રામાયણ થઇ કેમ?
કારણ કે
દશરથ રાજાને ત્રણ પત્નીઓ હતી! - વિપુલ દેસાઈ




## પેન્સિલ: મને માફ કરજે !

રબર: શાને માટે? તે એવું તો કશું કર્યુંજ નથી?

પેન્સિલ: મારે લઈને તારે ખુબજ સહન કરવું પડે છે.જયારે જયારે હું કોઈ ભૂલ કરું છું ત્યારે ત્યારે તું તે ભૂસી નાખવા તૈયાર હોય છે.અને આ ભૂલ ઘસવામાં તું પોતાની જાતને પણ ઘસે છે અને તારી કાયા નાની થતી જાય છે.

રબર: તારી વાત સાથે હું સહમત છું, પણ એમાં મને કંઈ લાગતું નથી. હકીકતમાં તો એ માટે જ મારું સર્જન થયું છે. મારું કામ જ તું જે કંઈ ભૂલો કરે તે ભુંસવાનું છે. મને એ પણ ખબર છે કે એક દિવસ મારું અસ્તિત્વ નહિ હોય અને મારું કામ કોઈ બીજું નવું રબર કરશે. હું મારા કામથી ખુબજ ખુશ છું, માટે તું મારી નકામી ચિંતા કરીને દુખી થવાનું છોડી દે કારણ કે મારાથી કોઈને દુખી થતું જોવાતું નથી.

http://suratiundhiyu.wordpress.com/

મને આ પેન્સિલ અને રબરની વાત ઘણી જ પ્રેરણાદાયક લાગી. આપણી જિંદગી પણ પેન્સિલ અને રબર જેવી છે. માં-બાપ પેન્સિલ છે અને તેમના છોકરાઓ રબર છે. માં-બાપ હંમેશા પોતાના છોકરાઓની ભૂલો સુધારવા માટે તૈયાર હોય છે. છોકરાઓને સુધારવામાં માં-બાપ પોતાની જાત ઘસી નાખે છે. એવું કરવામાં કંઈ કેટલી વાર એ દુખ સહન કરીને પોતાની જાતને ઇજા કરે છે, કંઈ કેટલા ઘા ઝીલીને, પોતાની જાતને ઘસીને, રબરની જેમ નાની કરતા જાય છે અને છેવટે અંતિમ મંઝીલ તરફ પ્રયાણ કરે છે. જો કે એમની વિદાય પછી તેમના છોકરાઓ બીજા મિત્રો અને સગાવહાલા બનાવી લેશે, છતાં પણ માં-બાપ તો પોતાના છોકરાઓને સુખી જોઈને ખુબજ ખુશ થાય છે. તે પોતાના છોકરાઓને દુખી થતા જોઈ શકતા નથી અને ફરી વાર પ્રભુને છોકરાનું રબર બનાવવા પ્રાર્થના કરતા હોય છે.

આમ તો રબર અને પેન્સિલ સામાન્ય વસ્તુ છે, પરંતુ તે માં-બાપ અને છોકરાઓને અમુલ્ય બોધ આપી જાય છે – વિપુલ દેસાઇ

માણસ પૈસા પાછળ પડે તો લોભી, સાચવી રાખે તો કંજૂસ,
વાપરી નાખે તો ઉડાઉ, ન મેળવે તો કડકો,
મેળવવાની ઉત્સુકતા નહિ હોય તો મહત્વકાંક્ષા વગરનો ગણાય છે.
વગર મહેનતે મેળવે તો સમાજદ્રોહી અને
અતિ પરિશ્રમ કરીને ભેગો કરે તો જીવનનો આનંદ ન માણનાર મુરખ ગણાય છે.
બોલો, તમેં શું કર્યો છો?

એક શેઠે ખૂબ ખર્ચ કરીને શ્રીમદ ભાગવત સપ્તાહ કરાવી . કથા આરંભ થતાં પહેલાં સંકલ્પ માટે એમને ઠંડા પાણીથી સ્નાન કરાવવામાં આવ્યું . એ વખતે થોડુંક પાણી એમના કાનમાં ગયું તેથી સંભળાતું બંધ થઇ ગયું .

http://suratiundhiyu.wordpress.com/

આથી આખી કથા દરમ્યાન તેઓ કેવળ બેઠા જ રહ્યા , કશું સંભળાતું તો હતું નહી એમને ! સપ્તાહને છેલ્લે દિવસે લોકોએ ખૂબ ફટાકડા ફોડ્યા એના ધડાકાથી શેઠજીના કાન ખૂલી ગયા ! બધા જ કંઈ ભાગવત કથા સાંભળી શકતા નથી .જેના પુણ્યનો ઉદય થયો હોય તે જ માણસ કથા સાંભળવા પામે છે - સ્વામી શ્રી સ્વરૂપાનંદ સરસ્વતીજી મહારાજ

એક માણસને બે પત્નીઓ હતી . એક જૂની ને નવી . તે બંનેને એવી ઈચ્છા થાય કે ચાલ , પતિ મને ગમે તેવો બનાવું . જૂની પત્નીએ પતિના કાળા વાળ ખેંચવા માંડ્યા અને નવી પત્નીએ સફેદ વાળ ! બિચારો એ માણસ તો ટાલિયો થઈ ગયો !

બધી જ ઇન્દ્રિયો આપણને બાહ્ય સુખ માટે પોતપોતાની તરફ ખેંચતી હોય છે , પરંતુ આપણને કોઈથી ય સાચો સંતોષ પ્રાપ્ત થતો નથી - સ્વામી શ્રી સ્વરૂપાનંદ સરસ્વતીજી મહારાજ

## બુદ્ધ ભગવાનનો ઉપદેશ

એક દિવસ બુદ્ધ ભગવાન પોતાના થોડા શિષ્યો સાથે મુસાફરી કરતા હતા. જયારે તેઓ એક નદી પાસેથી પસાર થતા હતા ત્યારે બુદ્ધ ભગવાને પોતાના એક શિષ્યને કહ્યું : વત્સ, મને તરસ લાગી છે તો તું નદીમાંથી મારા માટે પાણી લઇ આવ.જયારે શિષ્ય નદીમાં પાણી લેવા ગયો ત્યારે એક બળદગાડું નદીમાંથી પસાર થયું જેને લઇને નદીનું પાણી ગંદુ થઇ ગયું. શિષ્યે મનમાં વિચાર્યું કે આવું ગંદુ પાણી ભગવાન બુદ્ધ માટે કેવી રીતે લઇ જવાય? એટલે એ પાણી લાવ્યા વગરજ ભગવાન બુદ્ધ પાસે આવ્યો અને ભગવાન બુદ્ધને કહ્યું કે નદીનું પાણી ડહોળું છે અને પીવા લાયક નથી. અડધા કલાક પછી એજ શિષ્યને ભગવાન બુદ્ધે પાણી લેવા મોકલ્યો. શિષ્ય ફરીવાર જઈને ભગવાન બુદ્ધ પાસેપાછો આવ્યો અને કહ્યું કે ભગવાન, હજુ પણ નદીનું પાણી ડહોળું છે. થોડા વખત પછી ફરીવાર ભગવાન બુદ્ધે એ શિષ્યને પાણી લેવા માટે મોકલ્યો. આ વખતે પેલા શિષ્યે જોયું કે બધો કાદવ નીચે બેસી ગયો હતો અને પાણી એકદમ ચોક્ખું અને પીવા લાયક હતું. એટલે એ ચોક્ખું પાણી ઘડામાં ભરીને ભગવાન બુદ્ધ પાસે લાવ્યો - રજુકર્તા: વિપુલ દેસાઈ

http://suratiundhiyu.wordpress.com/

## ઠંડુ પાણી , કાન અને ફટાકડા – બોધકથા

એક શેઠે ખૂબ ખર્ચ કરીને શ્રીમદ ભાગવત સપ્તાહ કરાવી . કથા આરંભ થતાં પહેલાં સંકલ્પ માટે એમને ઠંડા પાણીથી સ્નાન કરાવવામાં આવ્યું . એ વખતે થોડુંક પાણી એમના કાનમાં ગયું તેથી સંભળાતું બંધ થઇ ગયું .

આથી આખી કથા દરમ્યાન તેઓ કેવળ બેઠા જ રહ્યા , કશું સંભળાતું તો હતું નહી એમને ! સપ્તાહને છેલ્લે દિવસે લોકોએ ખૂબ ફટાકડા ફોડ્યા એના ધડાકાથી શેઠજીના કાન ખૂલી ગયા !

મોરલ: બધા જ કંઈ ભાગવત કથા સાંભળી શકતા નથી . જેના પુણ્યનો ઉદય થયો હોય તે જ માણસ કથા સાંભળવા પામે છે .

દ્રષ્ટાંત પ્રબોધ – જગદગુરૂ શંકરાચાર્ય સ્વામી શ્રી સ્વરૂપાનંદ સરસ્વતીજી મહારાજ

સરોવરને કાંઠે એક શિવાલય. એમાં એક સંત રહે. કથાવાર્તા કરે અને લોકોને બોધ આપે. એક દિવસ એક વણજારો કથામાં આવીને બેઠો. સાથે એનો પાળેલો કૂતરો અને પાળેલી બિલાડી પણ હતી. સંતે કથા પૂરી કરી કહ્યું : 'ભક્તજનો ! કાલે દેવપોઢી અગિયારસ છે. ઉપવાસ કરશે એ પુણ્ય પામશે.'
વણજારાએ મનમાં ગાંઠ વાળી, 'આટલાં વર્ષો તો વ્રત કે ઉપવાસ કંઈ કર્યા નથી. કાલે અગિયારસ કરું.' કૂતરાએ અને બિલાડીએ પણ ઉપવાસ કર્યો.

બીજે દિવસે સવારે ત્રણે જણ સંતનાં દર્શને ચાલ્યાં.
રસ્તામાં બિલાડી કૂતરાને કહે, 'કાલે રાત્રે મને એક સ્વપ્ન આવ્યું. એમાં ઉંદરનો વરસાદ વરસ્યો.'
કૂતરો કહે : 'જા....જા....ગાંડી. સ્વપ્નમાં ઉંદરનો વરસાદ કદી વરસતો હશે ! મને કાલે સ્વપ્ન આવ્યું હતું ને એમાં હાડકાંનો વરસાદ વરસેલો.'
આ સાંભળી વણજારો બોલ્યો : 'તમે બંને જૂઠાં છો. સ્વપ્નમાં ઉંદર કે હાડકાં તે વળી ક્યાંય વરસતાં હશે !! મને સ્વપ્ન આવ્યું, એમાં તો જારના રોટલા વરસ્યા હતા.'
ત્રણેમાં ઝઘડો પેઠો.

http://suratiundhiyu.wordpress.com/

જઈને સંતને વાત કરી.
સંત મલક્યા અને બોલ્યા : 'દિવસે ત્યાગ્યું એ સ્વપ્નમાં ભોગવ્યું !'

સાગરને મળી રહેલી નદી આજે ખૂબ પ્રસન્ન હતી. સાગરે નદીને પ્રસન્નતાનું કારણ પૂછ્યું. નદી કહે, 'કેટલાંય વરસોથી વચ્ચે રહેલો એક પર્વત તને જલદી મળવામાં મને અંતરાય કરતો હતો. એ પર્વતને મેં વર્ષો પછી આજે તોડી નાખ્યો ! ચારેય બાજુ હું જાહેરાત કરતી આવી છું કે મારા રસ્તામાં જે કોઈ પણ અવરોધ કરશે તેના આ પર્વત જેવા હાલ-બેહાલ થઈ જશે.'
સાગર હસ્યો, 'બહેન ! એક કામ કરીશ ? આ એક બાજુ નેતરની સોટીઓ ઊગી છે તેમાંથી બે-ચાર સોટીની મારે જરૂર છે, લાવી આપીશ ?'

નદી તો ઊપડી નેતરની સોટી લેવા. ભારે જોશથી નેતર પર આક્રમણ કર્યું પણ નદી જેવી નેતર પર ફૂદી કે તરત જ નેતરે પોતાની કાયા નમાવી દીધી. નદીનું પાણી રવાના થતાં નેતર વળી પાછું ઊભું થઈ ગયું. આ જોઈને નદી વધુ ગુસ્સે થઈ ગઈ. બમણા જોશથી નેતર પર ફૂદી પણ પરિણામ એનું એ જ ! આખો દિવસ નદીનાં આક્રમણો ચાલુ રહ્યાં. નેતર ન તૂટ્યું ! હારી-થાકીને નદી સાગર પાસે આવી.
'કેમ બહેન ! નેતર ક્યાં ?'
'ન લાવી શકી. મને ખબર નથી પડતી કે આમ કેમ થયું ? પર્વતને હું તોડી શકી પણ આ નેતરને મૂળમાંથી હચમચાવી પણ ન શકી !'
'જો, આ રહ્યું તેનું કારણ ! પર્વતને તું તોડી શકી; કારણ કે તે અક્કડ હતો. નેતરને તું તોડી ન શકી; કારણ કે તે નમી ગયું હતું ! આ દુનિયામાં પર્વતની જેમ અક્કડ રહેનારાઓનાં પાણી ઉતારવાં સહેલાં છે; પરંતુ નેતરની જેમ સ્વયં નમી જનારાનાં પાણી ઉતારવાં સહેલાં નથી !' સાગરની આ વાત સાંભળી નદી મૌન થઈ ગઈ ! આધ્યાત્મિક જગતમાં આ વાત ખૂબ મહત્વની છે. અક્કડ રહેનારાઓ હારી ગયા છે અને ઝૂકી જનારાઓ જીતી ગયા છે !

– આચાર્ય વિજય રત્નસુંદરસૂરિ

http://suratiundhiyu.wordpress.com/

# અધ્યાત્મ એટલે શું ? – હરેશ ધોળકિયા

ભારતીય માનસમાં કેટલાક શબ્દો સાંસ્કૃતિક માહોલના કારણે ઘૂસી જ ગયા છે એમ કહેવું અયોગ્ય નહીં થાય. ત્યાગ, મોક્ષ, માયા, ભવસાગર, ધર્મ, અધ્યાત્મ, ધ્યાન વગેરે ! નાનકડાં બાળકને પણ આ શબ્દોનો ઉપયોગ કરતાં જોઈ શકાશે. (થોડા વખત પહેલાં એક 'બાલ શિબિર'માં દસ વર્ષનાં થોડાં બાળકોને 'શિબિરમાં શા માટે આવ્યાં છો' એમ પૂછતાં જવાબ મળેલા કે 'મોક્ષ મેળવવા', 'ભવસાગર તરવા' કે 'માયાથી મુક્ત થવા' !!) પ્રૌઢો તો જેમ સરળતાથી ગાળો બોલી શકે છે તેટલી જ સરળતાથી આ સાંસ્કૃતિક શબ્દો બોલે છે. અર્થ સમજે છે કે નહીં તે સંશોધનનો મુદ્દો છે. થોડા સમય પહેલાં એક શિબિરમાં પરિચય-વિધિ ચાલતી હતી. તેમાં એક વ્યક્તિએ પરિચયમાં પોતે 'આધ્યાત્મિક થવાનો પ્રયત્ન કરે છે' તેવું કહ્યું. તેને આધ્યાત્મિક હોવું એટલે શું-એમ પૂછ્યું, તો યોગ અને પ્રાણાયામમાં ઊંડા ઉતરવું, ગુરુ ભક્તિ કરવી, શાસ્ત્રો વાંચવાં કે સંસ્કૃતિ માટે કામ કરવું વગેરે વિવિધ જવાબો આપ્યા. બીજો પ્રશ્ન પૂછ્યો કે આધ્યાત્મિક થવાના કોઈ અનુભવો છે ? તેના જવાબમાં તે મૂંઝાયા અને જવાબ ન આપી શક્યા. એટલે પ્રતિપ્રશ્ન કર્યો કે તે દિવસના અંતે કેવા વિચારો કરે અથવા તો લાગણીઓ અનુભવે છે ? તો જવાબ આપ્યો કે સમાજ તરફ નજર કરતાં તે મોટા ભાગે હતાશા અનુભવે છે. છાપાં-ટીવી જોતાં કે વાંચતાં ગુસ્સો અનુભવે છે. પોતાનાં ભવિષ્યનો વિચાર કરતાં તો ચિંતા જ અનુભવે છે. ક્યારેક તો તાણ પણ અનુભવે છે અને ઊંઘ પણ નથી આવતી. જવાબ આપનાર પ્રૌઢ વ્યક્તિ હતા. સંસારનો ઘણો જ અનુભવ હતો. ડાહ્યા હતા. અનેક આધ્યાત્મિક શિબિરોમાં નિયમિત જતા હતા. મોરારી બાપુથી શ્રી શ્રી રવિશંકર અને વિપશ્યનામાં પણ જઈ આવ્યા હતા. તેમના આ જવાબ હતા ! એટલે જ, ડર લાગવા છતાં, કહેવું પડે છે કે આ સાંસ્કૃતિક શબ્દો મગજમાં ઘૂસી ગયા છે. પડ્યા પડ્યા અંદર સડે છે. પચતા નથી. એસીડિક થઈ જાય છે. માટે જ 'આધ્યાત્મિક' થયેલાના 'આવા' જવાબો આવે છે. તો આ 'આધ્યાત્મિકતા' એટલે છે શું ? ગીતમાં અર્જુને શ્રીકૃષ્ણને આ જ પ્રશ્ન પૂછ્યો હતો કે તે અધ્યાત્મ વિશે કહે. શ્રીકૃષ્ણે તરત જવાબ આપેલ કે 'સ્વાભાવોડધ્યાત્મ ઉચ્યતે' – અધ્યાત્મ એટલે સ્વભાવ. અહીં બીજો પ્રશ્ન થાય કે તો સ્વભાવ એટલે શું ? તો જવાબ આવે કે જે જન્મદત્ત મળેલ હોય તે. 'સ્વ' પોતાનું અને 'ભાવ' એટલે હોવું. એટલે કે અસ્તિત્વગત પ્રકૃતિ. શું છે મનુષ્યની પ્રકૃતિ ? શાસ્ત્રોને ટાંકીએ તો કહેવાય કે માણસ જન્મથી જ પૂર્ણ છે. 'પૂર્ણમદઃ પૂર્ણમિદમ'. માણસ દિવ્યતાનો અંશ લઈને જ જન્મે છે. ઐશ્વર્ય તેનો સ્વભાવ છે. આનંદ તેની નિયતિ છે. હવે જો સમગ્ર જગતના છ અબજ લોકો તરફ નજર કરશું, તો લગભગ નેવું ટકા લોકો તદ્દન અપૂર્ણ દેખાશે. મોટા ભાગના

http://suratiundhiyu.wordpress.com/

દુ:ખી, ફરિયાદી અને પેલા ભાઈએ કહ્યાં તે બધાં લક્ષણ ધરાવે છે. ક્યાંય કોઈ પૂર્ણ નથી દેખાતું. આનંદનો તો સર્વત્ર દુકાળ છે. માટે તો ગમે તેવાં પણ મનોરંજનની બોલબાલા છે. તેનો અર્થ શું થયો ? તેનો અર્થ એ થયો કે માણસ તેના સ્વભાવને નથી જીવતો. માટે તે આધ્યાત્મિક નથી. પણ સ્વભાવને કેમ જીવી શકાય ? સ્વભાવ જીવવો તો સહજ હોય ને. વ્યક્તિ જે જીવે તે સ્વભાવ જ હોય ને ! બધાં પ્રાણીઓમાં માનવ જીવનની જ આ કરુણતા છે. બધાં પ્રાણીઓ જન્મની પળથી જ સ્વાભાવિક હોય છે. બાળક પણ જન્મ સમયે સ્વાભાવિક જ હોય છે, પણ જેમ જેમ મોટું થતું જાય છે, તેને સંસ્કાર-શિક્ષણ અને તાલીમ આપવામાં આવે છે, તેમ તેમ તે અસ્વાભાવિક બનતું જાય છે. સ્વભાવ વિરુદ્ધ જીવવા લાગે છે. માટે જ સમગ્ર જીવન તે અશાંત રહે છે, જે વ્યક્તિગત ઝઘડાથી માંડી વૈશ્વિક યુદ્ધો કે ત્રાસવાદમાં પરિણમે છે. તો, શું સંસ્કાર અપાય છે ? તેને કદી દિવ્યતાની યાદ નથી અપાતી. તેને જાતિ-જ્ઞાતિ-ધર્મ-પ્રદેશની સંકુચિતતાની તાલીમ અપાય છે. તેનાં વ્યક્તિત્વને નાના નાના વાડાઓમાં બાંધી નખાય છે. તેની વિચાર-શક્તિ કુંઠિત કરી નખાય છે. તેના ‘દૈવી’ સ્વભાવને ‘અસૂર’ સ્વભાવમાં બદલાવી નખાય છે. (એટલે શું તે જાણવું હોય તો ગીતાનો સોળમો અધ્યાય વાંચી લેવો) વિરાટ થઈ શકે તેવું વ્યક્તિત્વ છછૂંદર જેમ જીવે છે, જમીન પર આળોટે છે અને એક દિવસ ક્ષુદ્રતામાં જ મૃત્યુ પામે છે. તેનો ‘સ્વભાવ’ પ્રગટ જ નથી થતો. માટે તે હતાશા, ગુસ્સો, આવેશ વગેરે અનુભવ્યા કરે છે. સતત અશાંત રહે છે. સતત દુ:ખનો અનુભવ કરે છે. અંદર ને અંદર તરફડ્યા કરે છે. માટે જ તેને ‘આધ્યાત્મિક’ થવાની ઝંખના જાગે છે. તદ્દન સ્વાભાવિક છે આ ઝંખના. તેનો પ્રયાસ જ તેને સ્વસ્થ કરી શકશે. પણ અહીં તે ફરી ભૂલ કરે છે. આપણે ત્યાં ‘ધર્મ’ અને ‘અધ્યાત્મ’ને ભેળસેળ કરી નાખવામાં આવ્યાં છે. તેમને એક જ માનવામાં આવે છે. ધર્મ તો સંગઠિત વિચારોનો સમૂહ છે. ત્યાં ચોક્કસ નિયમો છે. તે પાછા દરેક સંગઠનોમાં વિવિધ અર્થો ધરાવે છે. તેનાં ચોક્કસ પુસ્તકો છે. તેને જ શુદ્ધ સત્ય મનાય છે. દરેક ધર્મ પોતાને પણ ‘અંતિમ’ માને છે. તેમાં ગુરુ હોય છે. વિધિઓ હોય છે. આ બધાને ‘વફાદાર’ રહે તેને જ ‘ધાર્મિક’ મનાય છે. તેના નામે ‘અધ્યાત્મ’ એટલે બહારના બધા ખ્યાલો તોડી, સ્વ-તંત્ર બની, કેવળ પોતાની જન્મદત્ત દિવ્યતાને પ્રગટ કરવી તે. આ અર્થમાં નાસ્તિક પણ આધ્યાત્મિક હોઈ શકે. તેમાં કશું માનવાનું નથી. તેમાં તો પોતાના સ્વભાવ (દિવ્યતા)ને ‘જાણવાનો’ છે. ‘જીવવાનો’ છે. સ્વભાવને જીવવો તે જ આધ્યાત્મિકતા. તેમાં ગુરુ કે ઈશ્વરને માનવાની પણ જરૂર નથી અને નાસ્તિક હોવાની પણ છૂટ છે. એટલે આધ્યાત્મિક વ્યક્તિ ધાર્મિક હોઈ શકે, કારણ કે તે શાસ્ત્રના નિયમો સહજ રીતે જીવે છે. પણ ધાર્મિક વ્યક્તિ આધ્યાત્મિક હોય જ એમ માની ન શકાય, કારણ કે ધાર્મિક વ્યક્તિ માટે મહત્વનું છે ગુરુ-શાસ્ત્રો-વિધિઓ વગેરેને વળગી રહેવું. ધાર્મિક વ્યક્તિનું સત્ય નાનું છે. આધ્યાત્મિક

http://suratundhiyu.wordpress.com/

વ્યક્તિ તો આકાશવત છે. ધાર્મિક વ્યક્તિને તરત ઓળખી શકાય, પણ આધ્યાત્મિક વ્યક્તિ તો ભાગ્યે જ ઓળખાય. સમજવાનો તો પ્રશ્ન જ નથી. ધાર્મિક વ્યક્તિનાં ચોક્કસ લક્ષણો છે, નિશાનીઓ છે, વર્તન છે. માટે ઓળખવી સરળ છે. પણ આધ્યાત્મિક વ્યક્તિને ઓળખવી કેમ ? અથવા પ્રશ્નને બદલાવીને પૂછવો હોય, તો આધ્યાત્મિક હોવાનું પરિણામ શું ? પરિણામનાં લક્ષણો આધ્યાત્મિક વ્યક્તિને ઓળખવામાં મદદ કરશે. આધ્યાત્મિક વ્યક્તિને ધાર્મિક વ્યક્તિના સંદર્ભમાં કદી સમજવાનો પ્રયત્ન ન કરવો. જબરા માનસિક ગોટાળા થશે. રામકૃષ્ણ, ગાંધીજી-પરણેલાં છે. વિવેકાનંદ કે નિસર્ગદત્ત મહારાજ બીડી, સિગરેટ, હુક્કો પીએ છે. પુરાણોમાં ઘણા ઋષિઓને અનેક પત્નીઓ છે. રામ-કૃષ્ણ-જનક તો વળી રાજાઓ છે. કૃષ્ણ તો હિંસા પણ કરે છે. તેને તો વળી સોળ હજાર રાણીઓ છે ! હવે જો ધર્મના નીતિ-નિયમોનાં ચશ્માંથી જોવાશે તો આ બધી જ વ્યક્તિઓ અધાર્મિક છે એમ સાબિત થશે. (એટલે જ ઘણા ધર્મોને શ્રીકૃષ્ણ નથી સમજાતા !) પણ હકીકતે તે તેમનો દષ્ટિભ્રમ કે સમજની ભૂલ છે. આ બધા કદાચ અધાર્મિકો હોઈ શકે, પણ તે બધા જ આધ્યાત્મિક વ્યક્તિઓ છે. અધ્યાત્મને બાહ્ય પરિવેશ, વર્તન વગેરે સાથે કશો સંબંધ નથી. આવા લોકો તદ્દન અભિપ્રાય ન બાંધી શકાય તેવા લોકો છે. ક્યારે કયું વર્તન કરશે તે નક્કી ન કહી શકાય. (ગાંધીએ વાછરડાંને મારી નાખવાનું સૂચન ન કર્યું ?) તેમનું ચોક્કસ (t ext -book) વર્તન નથી હોતું. પણ હા, તેમને જોયા પછી કેટલાંક લક્ષણો દેખાય તો સમજવું કે તેઓ આધ્યાત્મિક છે. વિવેકાનંદે આધ્યાત્મિકતાનાં ત્રણ લક્ષણો બતાવ્યાં છે. પ્રથમ લક્ષણ છે ‘શાંતિ.’ આધ્યાત્મિક વ્યક્તિ સત્યનિષ્ઠ હોવાથી વિવેકી હોય છે. માટે તે ‘સાચું’ જ કરે છે. માટે તે હંમેશ ‘શાંતિ’ ભોગવે છે. અશાંતિ તો અસત્યને અનુસરાય તો જ આવે. સત્યનિષ્ઠ તો હંમેશાં શાંતિ જ માણે. તેને આનંદ જ મળે. કેવળ શાંતિ જ આનંદ માણી શકે. એટલે આધ્યાત્મિક વ્યક્તિનું બીજું લક્ષણ છે કે તે પળેપળ ‘આનંદ’માં હોય. અને જેમ જેમ આ આનંદ વધતો જાય, તેમ તેમ તેને વહેંચવાની પ્રબળ ઈચ્છા થાય. અથવા તો કહો કે વહેંચ્યા વિના રહેવાય જ નહીં. પણ વહેંચી તો શકાય, જો પ્રેમ હોય. એટલે આધ્યાત્મિક વ્યક્તિનું ત્રીજું લક્ષણ છે ‘પ્રેમ’. અનર્ગળ, નિષ્કામ, નિર્મમ પ્રેમ. આવી વ્યક્તિ સમગ્ર જગતને પોતાની શાંતિ અને આનંદ વહેંચે છે. એટલે જેના પાસે બેસતાં શાંતિ-આનંદ અને પ્રેમનો અનુભવ થાય, તો માનવું કે તે આધ્યાત્મિક વ્યક્તિ છે. અથવા તો જે અધ્યાત્મની સાધના કરે, તેમાં જેમ જેમ આગળ વધે, તેમ તેમ તેનામાં જો શાંતિ-આનંદ અને પ્રેમ વધતાં જાય, સંકુચિતતા ખરતી જાય, તો માનવું કે પોતે પ્રગતિ કરે છે. આ ત્રણેની સુગંધ જ સમગ્ર વ્યક્તિત્વમાં પ્રસરવા માંડશે. તેના સંપર્કમાં આવનારને પણ તે સુગંધનો સ્પર્શ થશે. બસ ! આ એક જ નિશાની છે આધ્યાત્મિક હોવાની : શાંતિ-આનંદ-પ્રેમની. આ ન હોય ત્યાં સુધી તે વ્યક્તિ ધાર્મિક. તે હોવું

http://suratiundhiyu.wordpress.com/

પણ અયોગ્ય નથી. પણ તેમાં કૂવાના દેડકાનો અનુભવ થશે. બસ ! વિશાળ સાગરનો અનુભવ નહીં થાય. તે તો અધ્યાત્મ જ કરાવી શકે.

## દુ:ખી થવાના દસ રસ્તા

(ક) તમારી જ વાત કર્યા કરો

(ખ) તમારો જ વિચાર કર્યા કરો.

(ગ) 'કદર' 'કદર' ઝંખ્યા કરો.

(ઘ) કોઈ તમારી ઉપેક્ષા કરે તો બળ્યા કરો.

(ચ) કોઈનો યે વિશ્વાસ ન કરો.

(છ) તમારી ફરજમાંથી શક્ય ત્યાં સુધી છટકી જાવ.

(જ) બને તેટલી વાર 'હું' શબ્દનો ઉપયોગ કરો.

(ઝ) બીજા માટે બને તેટલું ઓછું કરો.

(ટ) તમારી મહેરબાની બદલ લોકો આભાર ન માને તો સમસમ્યા કરો.

(ઠ) દરેક બાબતમાં તમારો જ કક્કો ઘૂંટ્યા કરો.

## દીકરો અને દીકરી

દીકરો વારસ છે તો દીકરી પારસ છે!
દીકરો વંશ છે તો દીકરી અંશ છે!
દીકરો આન છે તો દીકરી શાન છે!
દીકરો તન છે તો દીકરી મન છે!
દીકરો માન છે તો દીકરી સ્વમાન છે!
દીકરો સંસ્કાર છે તો દીકરી સંસ્કૃતિ છે!
દીકરો આગ છે તો દીકરી બાગ છે!
દીકરો દવા છે તો દીકરી દૂવાં છે!
દીકરો ભાગ્ય છે તો દીકરી વિધાતા છે!
દીકરો શબ્દ છે તો દીકરી અર્થ છે!
દીકરો ગીત છે તો દીકરી સંગીત છે!
દીકરો પ્રેમ છે તો દીકરી પૂજા છે!
દીકરો વાદળ છે અને વરસે છે તો
દીકરી ધરતી છે અને તરસે છે!

http://suratiundhiyu.wordpress.com/

દીકરો એક પરિવારને તારે છે તો 		દીકરી દસ પરિવારને તારે છે!!

ક્યારેય તમે તમારી જાતને દુનિયાભરના તમામ દુ:ખોથી ઘેરાયેલી મહેસુસ કરો ત્યારે તમારી દીકરી સાથે થોડો સમય દિલથી વિતાવજો. તેની સાથે દિલ ખોલીને વાત કરી લેજો. ત્યાં તમારા મનને હિમાલયથી પણ વધારે ઠંડક અને અનંત શાંતિ અનુભવવા મળશે. દીકરી તો મા-બાપનો શ્વાસ છે, જે લીધા વગર ચાલતું પણ નથી અને સમય આવ્યે છોડ્યા વગર પણ ચાલતું નથી. ઈશ્વરે દીકરી ઘડીને માતા-પિતા ઉપર ઉપકાર કર્યો છે.દીકરીનો મા-બાપ પ્રત્યેનો પ્રેમ પ્રારંભથી લઈને અંત સુધી એક સરખો જ વહે છે. દીકરી જગતના કોઈપણ ખૂણે જશે, માતા-પિતાના હૃદયથી ક્યારેય દૂર જતી નથી.

દીકરી સાથેની મા-બાપની વહાલની કડીઓ ક્યારેય ઢીલી પડતી નથી. દીકરી જ સચ્ચાઈ છે. દીકરો ક્યારેક ભ્રમ સાબિત થઈ શકે છે. કદાચ એટલા માટે જ આપણાં તત્ત્વચિંતકોએ દીકરીને બાપનું હૈયું કહી છે કલેજાનો ટુકડો કહ્યો છે. અને, એટલા માટે જ દીકરી સાસરે જાય છે ત્યારે મા-બાપની આંખોમાં આંસુ વહે છે. નક્કી માનજો, દીકરી તો ગયા ભવમાં જેણે પુણ્ય કર્યાં હોય તેને જ મળે છે – અજ્ઞાત

## આ ૧૦ વાક્ય તમે જિંદગીમાં કેટલી વાર બોલો છો?

૧. હું ખોટો છું. ૨. મને અફસોસ છે. ૩. તમે આ કરી શકો છો. ૪. મને તમારી ક્ષમતામાં વિશ્વાસ છે. ૫. મને તમારા પર ગર્વ છે. ૬. તમને મારાં અભિનંદન. ૭. મને તમારી જરૂર છે. ૮. મને તમારા પર વિશ્વાસ છે. ૯. હું તમારો આદર કરું છું. ૧૦. હું તમને પ્રેમ કરું છું.... આ ૧૦ વાક્ય તમે જિંદગીમાં કેટલી વાર બોલો છો? રિચ ડેવોસ પોઝિટિવ થિંકિંગના પ્રચારક છે. આ ૧૦ વાક્યમાંના એકના અનુભવો એમની પાસેથી જાણીએ.

તમે કામ શરૂ ન કરી દો ત્યાં સુધી તમે કેટલે દૂર સુધી જઇ શકો છો એ ક્યારેય નહીં જાણી શકો. આવી શરૂઆત નહીં કરો તો તમે આખું જીવન ખૂબ સીમિત કરી દેશો અને હંમેશાં અફસોસ કરશો કે કાશ, મેં ફલાણી ચીજ કરવાની કમસે કમ કોશિશ કરી હોત...!

http://suratiundhiyu.wordpress.com/

એક તરુણીએ કોલેજના એક ફંકશનમાં મને પૂછ્યું, 'મારા જેવી છોકરીને ખબર હોવી જ જોઇએ એ સૌથી મહત્વની વાત કઇ છે?' મેં એને કહ્યું, 'યુ કેન ડુ ઈટ' યા તો 'તમે આ કરી શકો છો' એ ફિલોસોફી પર તારે ચાલવું જોઇએ, પછી તું જે કરવા ઇરછતી હોય એ કરી શકે છે.' આ સાંભળીને એ ખૂબ આશ્ચર્યમાં પડી ગઇ. કદાચ પહેલાં કોઇએ એને આ વાત કહી નહોતી.

અંગત રીતે You can do it મારા જીવનનું બહુ મહત્વનું વાક્ય રહ્યું છે. આ વાક્યની શક્તિથી પરિચિત કરાવવાનો સૌથી સાચો રસ્તો એ છે કે હું તમારી સાથે પોતાનો અનુભવ શેર કરું. મહામંદીના અત્યંત મુશ્કેલ સમયમાં મોટા થવા છતાં એ વિચાર મારામાં ઠાંસીઠાંસીને ભરવામાં આવેલો કે હું કંઇ પણ કરી શકું છું. મારાં બાળપણનાં અદ્ભુત વર્ષો મેં જ્યાં ગાળેલાં એ મકાન અમારે છોડવું પડ્યું હતું. એનું કારણ માત્ર એ હતું કે પિતાજીને નોકરીમાંથી રજા આપી દેવામાં આવેલી અને તેઓ આ ઘરમાં રહેવાનો ખર્ચ ઉઠાવી શકે એમ નહોતા, પછી મારા કુટુંબે મારા દાદા-દાદીના મકાનના ઉપરના ઓરડામાં રહેવું પડ્યું.

ત્યાં હું માળિયા નીચે સૂતો હતો એવું મને યાદ છે. મંદીનાં સૌથી વધુ ખરાબ પાંચ વર્ષ દરમિયાન અમે ત્યાં જ રહ્યાં. અલબત્ત, બાળપણના આ દિવસો મારે માટે ખરાબ નહોતા. એ સમયે મોટરો બહુ દેખાતી નહીં, એટલે અમે સડક પર બોલ-બોલ રમી શકતા હતા. અમારા બોલની હાલત એટલી તો ખખડી જતી કે અમારે એની અંદર ચીથરાં ભરીને બહાર દોરા વીંટાળવા પડતા. થોડા પૈસા કમાવા હું ઘરેઘરે સવારે અખબાર નાખવા લાગ્યો. સાઇકલ ખરીદવાના પૈસા તો હતા નહીં, તેથી હું પગપાળા ચાલીને છાપાં નાખતો. એ દિવસોમાં ૧૦ સેન્ટ પણ મોટી રકમ ગણાતી.

મને બરાબર યાદ છે કે એક દિવસ એક માણસ અમારા ઘરે કોઇ મેગેઝિન વેચવા આવેલો અને વાત કરતાં કરતાં રડી પડેલો. કારણ એ હતું કે મેગેઝિનની છેલ્લી નકલ ન વેચી લે ત્યાં સુધી એ ઘરે જઇ શકે એમ નહોતો. મારા પિતાએ એને કહી દીધું કે અમારા ઘરમાં ફૂટી કોડી પણ નથી. આમ છતાં, પપ્પા મને 'યુ કેન ડુ ઈટ' કહીને સતત પ્રોત્સાહિત કરતા જ રહ્યા.મારા પિતાજી એકદમ હકારાત્મક વ્યક્તિ હતા. પોઝિટિવ થિંકિંગની શક્તિમાં તેમને વિશ્વાસ હતો.

http://suratiundhiyu.wordpress.com/

જોકે, એમને પોતાના જીવનમાં ધારી સફળતા નહોતી મળી છતાંય તેમનામાં ક્યારેય કડવાશ કે નિરાશા આવ્યાં નહીં. તેઓ મને હંમેશાં કહેતા હતા, 'તું મોટો થઈને મહાન કામ કરવાનો છે. તું મારા કરતાં ઘણું વધારે હાંસલ કરી શકીશ અને મારાથી ઘણો આગળ નીકળીશ. તું એ બધું જોઈ શકીશ, જેને હું કદી માણી શક્યો નથી.'

હું પ્રેમ અને આત્મીયતાભર્યા પારિવારિક માહોલમાં મોટો થયો છું. જબરજસ્ત મંદીમાં પણ મારા પરિવારે ખુશી શોધી અને ઉજ્જવળ ભવિષ્યમાં વિશ્વાસ રાખ્યો. હું લકી હતો કે મને ગ્રાન્ડ રેપિડ્સ ક્રિશ્ચિયન હાઇ સ્કૂલ નામની ખાનગી સ્કૂલમાં ભણવાનો મોકો મળ્યો. માતા-પિતાએ મને એ સ્કૂલમાં મોકલવા ઘણી મહેનત કરેલી અને ઘણો ભોગ આપેલો. જોકે હું માત્ર પાસ થવા જેટલી જ મહેનત કરતો હતો, તેથી પિતાજીને ઘણી નિરાશા થઇ. એમણે મને એ સ્કૂલમાંથી ઉઠાડી લીધો અને ઇલેક્ટ્રિશિયનનું કામ શીખવા માટે પબ્લિક સ્કૂલમાં દાખલ કરી દીધો. મને પછી તરત જ સમજાઇ ગયું કે મોજમસ્તીમાં સમય બરબાદ કરીને મેં કેટલું બધું ગુમાવ્યું છે. મારે પેલી ગ્રાન્ડ રેપિડ્સ ક્રિશ્ચિયન હાઇસ્કૂલમાં પાછા ફરવું હતું.

મેં માતા-પિતાને કહી દીધું કે તમે ફીની ચિંતા ન કરો, હું નાની-મોટી નોકરીઓ કરીને પૈસા કમાઈશ અને ફી તો હું જ ભરીશ. આ વખતે હું ભણવામાં ગંભીર હતો, એટલે મને સારા માકર્સ મળવા લાગ્યા. હું મારા સિનિયર ક્લાસનો પ્રેસિડન્ટ પણ ચૂંટાયો હતો. આવી સ્કૂલમાં ભણવા બદલ હું આજ સુધી કૃતજ્ઞતા અનુભવું છું. ઘરમાં શીખેલાં આશાવાદ, આસ્થા અને સખત મહેનતની શિખામણોને સ્કૂલે ઓર મજબૂત કરી. આ સ્કૂલમાં પાછા ફરવાનો અને એની ફી જાતે ભરવાનો નિર્ણય મારે માટે બહુ જ મહત્વનો સાબિત થયો.

જિંદગીમાં પહેલી વાર મેં કોઇ નક્કર નિર્ણય લીધેલો, જેનાં દૂરગામી પરિણામ આવ્યાં. મેં અનુભવ્યું કે હું માત્ર ઇલેક્ટ્રિશિયન બનીને ન રહી શકું. પિતાજીએ મારા માટે જે સપનું જોયેલું એ મારા જીવનનું પથપ્રદર્શક બની ગયું. સ્કૂલમાં મારા પ્રિય શિક્ષકે મારી ચર બૂકમાં સરળ પણ યાદગાર પંક્તિ લખી હતી, જેણે મારી આખી જિંદગી બદલી નાખી, 'ઇશ્વરના સામ્રાજ્યમાં નેતૃત્વની પ્રતિભા'. આ વાત 'યુ કેન ડુ ઈટ'ની જ પુષ્ટિ કરતું હતું ને! હાઇ સ્કૂલમાં જ હું જે વેન એન્ડલને મળ્યો અને અમારી આજીવન ભાગીદારીની શરૂઆત થઇ.

http://suratiundhiyu.wordpress.com/

જે વેનના પિતા ઓટો ડીલર હતા, એટલે તંગીના માહોલમાં પણ અમારી શાળાના એ વિદ્યાર્થીઓમાંનો એક હતો, જેમની પાસે કાર હતી. એની કારમાં અમે બધા મિત્રો ખીચોખીચ ભરાઇ જતા. કેટલાક સીટ પર જગા ન મળે એટલે બહાર બોર્ડ પર ઊભા રહેતા. હું એને ઘરથી સ્કૂલ સુધીના કાર-પ્રવાસ બદલ દર અઠવાડિયે ૨૫ સેન્ટ આપતો હતો!

એ કાર-પ્રવાસ દરમિયાન થતી વાતચીતમાં સોનેરી ભવિષ્યનાં યુવા સપનાં ઊછળતાં. ત્યાં જ બિઝનેસ માલિકોરૂપે અમારી કરીઅરનો પાયો નખાયો. અમને એ વિશ્વાસ હતો કે અમે આ કરી શકીએ છીએ. મારા રસપ્રદ જીવન તરફ પાછો વળીને જોઉં છું તો કહી શકું છું કે મેં જીવનમાં ઘણા બિઝનેસ શરૂ કર્યા, સુખી પરિવાર બનાવ્યો, પૌત્ર-પૌત્રીઓનો આનંદ લીધો અને આ બધાનો પાયો એ જ છે: 'યુ કેન ડુ ઈટ'.

જે અને મેં હાઇ સ્કૂલમાં જ એવી સ્પષ્ટ - સમજૂતી કરેલાં કે અમે બન્ને સાથે મળીને જ કોઇ બિઝનેસ શરૂ કરીશું. બીજા વિશ્વયુદ્ધમાં વિદેશમાં ફરજ બજાવીને પાછાં ફર્યા બાદ અમે એક ફ્લાઇંગ સ્કૂલ શરૂ કરી. જો કે અમારા બેમાંથી કોઇને વિમાન ઉડાડતાં આવડતું નહોતું. એ પછી અમે અમારા વિસ્તારની પહેલી ડ્રાઇવ-ઇન રેસ્ટરાં શરૂ કરી. તે વખતે અમને રેસ્ટરાં ચલાવવાનો પણ ક્યાં કોઇ અનુભવ હતો? છેવટે ૧૯૫૯માં અમારા ઘરોના બેઝમેન્ટમાં એમવેનો પાયો નખાયો.

સકારાત્મક વાતાવરણને કારણે હું પોઝિટિવ વ્યક્તિ બન્યો. પિતાજીના પ્રોત્સાહક શબ્દો 'તુ આ કરી શકે છે' મારા કાનમાં ગુંજતા રહ્યા અને મને વિશ્વાસ થઇ ગયો કે હું કંઇ પણ અને બધું જ કરી શકું છું. મારી પત્ની હેલન મને જોખમી સાહસ કરનારો કહે છે. એ કહે છે કે હું એને દુનિયાની એવી જગ્યાઓ પર લઇ જાઉં છું, જ્યાં જવાની એણે ક્યારેય કલ્પના પણ ન કરી હોય.

હું બસ કહું છું, 'ચાલો, જઇએ! ચાલો, આ અજમાવીએ!' મને લાગે છે કે 'યુ કેન ડુ ઈટ' અભિગમવાળી સકારાત્મક વ્યક્તિ આવી જ હોવાની. મને બિઝનેસમાં સફળતા મળશે એવું સપનું જોયેલું પણ તે આટલી મોટી સફળતા હશે તેવી કલ્પના નહોતી કરી. એમવેની અભૂતપૂર્વ સફળતાને લીધે લોકો મને ભવિષ્યદ્રષ્ટા બિઝનેસમેનનું બિરુદ આપે છે, જેમણે

http://suratiundhiyu.wordpress.com/

પોતાની સફળતાની ચોક્કસ-સ્પષ્ટ યોજના બનાવેલી. બકવાસ! હકીકત તો એ છે કે અમે બન્ને પણ બીજા લોકોની જેમ પોતપોતાના કુટુંબને પાળવાની - પેટ ભરવાની જ કોશિશ કરતાં હતાં.

અમે ક્યારેય સપનામાં પણ એવું વિચાર્યું નહોતું કે જેનું વાર્ષિક વેચાણ અબજો ડોલરનું હોય, જેમની શાખા ડઝનબંધ દેશોમાં હોય, જેના દુનિયાભરમાં હજારો કર્મચારીઓ અને લાખો સ્વતંત્ર બિઝનેસ માલિકો હોય એવી કંપનીના આપણે માલિક હોઇશું! ૧૯૭૦ના દાયકાની શરૂઆતમાં હું એક જગ્યાએ પ્રવચન આપી રહ્યો હતો. એમાં મેં શ્રોતાઓને પોઝિટિવ બનવાનો આગ્રહ કર્યો. એનું શીર્ષક હતું. 'ટ્રાય ઓર ક્રાય' (કોશિશ કરો નહીં તો રડો). મેં શ્રોતાઓને કહ્યું છે કે હકીકતમાં લોકોને બે વર્ગમાં વહેંચી શકાય: એક, જેઓ કોશિશ કરવા ઇચ્છે છે અને બીજા જેઓ, કોશિશ કરવાને બદલે એક બાજુ બેસી રહે છે, પોતાનાં દુર્ભાગ્ય પર રડતા રહે છે અને કોશિશ કરતા લોકોની ટીકા કરતા રહે છે. મેં એમને કહ્યું કે આપણે એવા યુગમાં જીવી રહ્યા છીએ, જ્યાં ટીકાકાર બનવું કેવળ સહેલું જ નથી, બલકે એ લોકપ્રિય પણ છે.

મેં શ્રોતાઓને કહ્યું કે અમે નિષ્ફળતાઓ મળવા છતાં કોશિશ કરતાં રહ્યાં. કેટકેટલા અખતરા કર્યા- ફલાઈંગ સ્કૂલ, ડ્રાઇવ-ઇન રેસ્ટરાં, ઝાડનાં લાકડાંનાં ઉત્પાદનોની આયાત, લાકડાંના રોકિંગ હોર્સ બનાવવા, બોમ્બ શેલ્ટર્સ વેચવા... ફલાઈંગ સ્કૂલની બજાર બીજા વિશ્વયુદ્ધ પછી એવી ન ઊંચકાઇ જેવી લોકોની ધારણા હતી. વર્ષો સુધી અમારી પાસે સ્પ્રિંગ અને લાકડાંનાં પૈંડાનો ઢગલો પડી રહ્યો, કેમ કે અમે બનાવતા હતા એ રમકડાંના ઘોડાની બજાર ખતમ થઇ ગઇ હતી. આવું એનું સુંદર મોલ્ડેડ પ્લાસ્ટિક મોડલ બજારમાં મૂકી દીધું હતું છતાં અમે કોશિશ કરતાં રહ્યાં. છેવટે એક એવી કંપની બનાવી લીધી, જે આજે હજારો લોકોને રોજગાર આપે છે.

મારાં સંતાનો 'તમે આ કરી શકો છો'ના સૂત્ર સાથે ઊછર્યા - મોટાં થયાં છે. મેં એમને હંમેશાં કહ્યું છે કે તેઓ જે ઇચ્છે એ કરી શકે છે, જે કરવું ઉચિત છે અને જે કરવા પોતે સમર્થ છે એવું લાગે એ બધું જ. મેં એમને કહ્યું છે કે અમે એમને મદદ કરીશું, એમની ક્ષમતામાં વિશ્વાસ રાખીશું અને એમનો ઉત્સાહ વધારીશું. માતા-પિતાની ભૂમિકામાં આપણે ઘરમાં સકારાત્મક વાતાવરણ ઊભું કરવાની જરૂર છે. આપણે સંતાનોને એ વાતે પ્રોત્સાહન આપવાની જરૂર છે કે તેઓ જે નિશ્ચય કરી લે એ તેઓ કરી શકે છે અને ઇશ્વર પણ કૃપા કરીને એનો હાથ પકડી લે છે.

http://suratiundhiyu.wordpress.com/

મને એક વાર આરોન કોપલેન્ડના 'અ લિંકન પોર્ટ્રેટ'ની ગ્રાન્ડ રેપિડ્સ સિમ્ફનીના મંચનમાં વાચક બનવાનું સદ્ભાગ્ય મળેલું. એમાં પ્રેરક સંગીત સાથે અબ્રાહમ લિંકનના શબ્દોને જોડવામાં આવ્યા છે. 'તમે આ કરી શકો છો'નું જીવતુંજાગતું ઉદાહરણ લિંકન હતા. એમણે પોતાની જિંદગીની શરૂઆત ઇન્ડિયાનાના વેરાન મેદાનમાં બનેલા ગંદી ફરશવાળા ઓરડામાં કરી હતી. કેટલીય સ્કૂલોમાં માત્ર એક જ વર્ષનું ઔપચારિક શિક્ષણ મેળવ્યું હોવા છતાં તેઓ અમેરિકાના પ્રમુખ ચૂંટાઇ આવ્યા.

રાષ્ટ્રપ્રમુખ બનવા પહેલાં તેઓ દુકાનદાર તરીકે નિષ્ફળ નીવડી ચૂક્યા હતા અમેરિકાની સંસદ અને સેનેટની ચૂંટણીઓમાં પણ હારી ચૂક્યા હતા. 'કરી શકું છું'માં માનતા પ્રમુખોનો આપણો સમૃદ્ધ ઇતિહાસ છે એ જરાય આશ્ચર્યની વાત નથી. આપણે સૌએ આપણી અંદર 'કરી શકું છું' દ્રષ્ટિકોણ વિકસાવવો જોઇએ. એ પણ હકીકત છે કે 'કરી શકું છું' દ્રષ્ટિકોણની કમીવાળા લોકો સાથે આપણા સૌનો ક્યારે ને ક્યારે તો પનારો પડ્યો જ હશે. તેઓ હંમેશાં નકારાત્મક રહે છે અને હંમેશાં ફરિયાદ કરતા હોય છે. 'હું કરી શકું છું' પ્રકારના લોકોને યોગ્ય વળતર મળે, યોગ્ય પ્રોત્સાહન મળે તો તેઓ વધુ ઉત્પાદન કરશે, જેનાથી 'નહીં કરી શકું'વાળા લોકોને નોકરી મળી શકે છે.

તમે કામ શરૂ ન કરી દો ત્યાં સુધી તમે કેટલે દૂર સુધી જઇ શકો છો એ ક્યારેય નહીં જાણી શકો. આવી શરૂઆત નહી કરો તો તમે આખું જીવન ખૂબ સીમિત કરી દેશો અને હંમેશાં અફસોસ કરશો કે કાશ, મેં ફલાણી ચીજ કરવાની કમસે કમ કોશિશ કરી હોત...! તમે મુશ્કેલીઓ-વિઘ્નોને પ્રામાણિકતાથી મૂલવો છો ત્યારે કંઇ ન કરવાનું બહાનું શોધતા નથી હોતા, બલકે એનાથી બચવા-છૂટવાના રસ્તા શોધતા હો છો. એ કામ કરવામાં ભલે તમે નિષ્ફળ જાઓ, પરંતુ તમે કેટલે પહોંચી શકયા એ જાણવાનાં શક્તિ અને સાહસ તો આવશે. બીજી વાર તમે વધુ મજબૂત આત્મવિશ્વાસ સાથે કોઇ નવું કામ હાથમાં લેશો. એનો વિચાર કરો કે તમે શું કરી શકો છો અને બસ, એમાં મચી પડો. મોટું વિચારો!
(રિચ ડિવોસના મૂળ પુસ્તક 'ટેન પાવરફુલ ફ્રેઝિસ ફોર પોઝિટિવ પીપલ'નો હિન્દી અનુવાદ મંજુલ પ્રકાશન તરફથી 'સકારાત્મક લોગોં કે લિએ ૧૦ શક્તિશાલી વાક્ય' રૂપે ઉપલબ્ધ છે.)
Source: Prerana, Rich Devos

http://suratiundhiyu.wordpress.com/

## વીતેલા સમયના અવશેષો

તમે તમારા ભૂતકાળની કશી જ સાબિતી તમારા વર્તમાનમાં આપી શકતા નથી. એવું લાગે છે, જાણે એક સમયે તમારી સાથે જે કંઇ બન્યું હતું, તમે જે કાંઇ કર્યું હતું. તેમાંનું કશું જ તમારી સાથે બન્યું નથી, પરંતુ બીજી વ્યક્તિ સાથે બનેલી ઘટનાઓ હોય છે.

ઘણી બધી જૂની યાદો સ્મૃતિમાં જ સચવાયેલી રહે એટલું સારું. આપણું જૂનું ગામ, જેને આપણે વરસો પહેલાં છોડી દીધું હોય છે, એની ક્યારેક મુલાકાત લઇએ ત્યારે સ્મૃતિ અને વાસ્તવિકતા વચ્ચે બહુ મોટો ફરક પડી ગયો હોય છે. જૂના સમયની ગંધો, એ અવાજો, તે સમયના લોકો વગેરે હવે રહ્યું હોતું નથી. વર્તમાનમાં જે દેખાય છે તેને આપણી સ્મૃતિમાં સચવાયેલા સમય સાથે કશો જ મેળ પડતો નથી અને મન ખરાબ થઇ જાય છે..

ભુજ શહેરમાં અમારું ઘર ધરતીકંપ પછી તોડી પાડવામાં આવ્યું ત્યાં હવે નાનકડો બગીચો બની ગયો છે. એ બગીચામાં પ્રવેશ કરવા માટેનો દરવાજો ઉઘાડ્યો તે સાથે મને તેમાંથી મારા જૂના ઘરના એક બારણાનો કિચૂડાટ સંભળાયો. હું ચમકી ગયો. મારા પુત્રે મને યાદ અપાવ્યું કે આ એ જ દરવાજો છે, જે આપણા જૂના ઘરમાં હતો. જૂનો અને પરિચિત કિચૂડાટ હતો, પણ વાસ્તવિકતા બદલાઇ ચૂકી હતી. હું જાણે વીતેલા સમયના અવશેષ પર ઊભો હતો.

થોડા દિવસો પહેલાં હું મારું બાળપણ જે ગામમાં વીત્યું એ ગામના પાદરમાંથી પસાર થતો હતો. તે વખતે મારી ત્રીજી પેઢીનાં સંતાનો પણ મારી સાથે હતાં. હું એમને મારા જૂના સમય વિશે ઘણું બધું કહેવા માગતો હતો, પણ હું એમને કશું કહી શકવાની હિંમત એકઠી કરી શક્યો નહોતો. હું એમને મારાં જૂના સ્થળો પણ બતાવવા માગતો હતો. મારી પ્રાથમિક શાળા, મારું ઘર, મારું મંદિર, જે શેરીમાં હું રમતો એ મારી શેરી. પછી મને થયું-હું એમાંનું કશું જ એમને બતાવી શકીશ નહીં. મને નવાઇ લાગી, પીડા પણ થઇ, કે તમે તમારા ભૂતકાળની કશી જ સાબિતી તમારા વર્તમાનમાં આપી શકતા નથી. એવું લાગે છે, જાણે એક સમયે તમારી સાથે જે કંઇ બન્યું હતું, તમે જે કાંઇ કર્યું હતું. તેમાંનું કશું જ તમારી સાથે બન્યું નથી, પરંતુ બીજી કોઇ વ્યક્તિ સાથે બનેલી ઘટનાઓ હોય છે.

http://suratiundhiyu.wordpress.com/

જે ગામમાં તમે પહેલો પ્રેમ કર્યો હોય અને તે વખતે તમને ગામમાં જે જે સ્થળો સંતાઇને મળવા માટે યોગ્ય લાગ્યાં હોય તે બધાં જ સ્થળોને વરસો પછી જોવા જાવ ત્યારે એક સમયે એકાંતમાં આવેલાં તે સ્થળો હવે જાહેર જગ્યા થઇ ગયાં હોય છે અથવા તેની કોઇ નિશાની રહી હોતી નથી. મને ઘણી વાર ચિંતા થાય છે કે હવે વર્તમાનમાં પ્રેમ કરતાં યુવક-યુવતીઓ માટે એમના ગામમાં પ્રેમ કરવા માટેની કોઇ જગ્યા બચી હશે કે કેમ.

કદાચ નવી પેઢી એમનાં સ્થળો શોધી કાઢતી હશે અને તે સ્થળો વિશે આપણને કશી જ ખબર પડતી નહીં હોય. પકડાઇ ન જવું તે પ્રેમીઓ માટે સૌથી આકરી કસોટી હોય છે અને દરેક પેઢીનાં પ્રેમીજનો પોતાનું એકાંત શોધી લેતાં હોય છે. પછી એ લોકો પણ વરસો પછી જ્યારે પોતાનાં જૂનાં સ્થળો શોધવા નીકળશે ત્યારે એમને પણ એમના ભૂતકાળના એકાંતનાં સ્થળો જોવા મળશે નહીં.

તેમ છતાં ક્યારેક એ જૂના સમયના અવશેષો વ્યક્તિને ફરીથી પોતાની સાથે જોડી પણ આપે છે. એક દંપતી થોડાં વરસોના લગ્નજીવન પછી એમના સંબંધમાં પ્રેમ અને સાહચર્યનો અનુભવ કરી શકતું નહોતું. પતિ અને પત્ની બંનેને લાગતું હતું કે એમની વચ્ચે અગાઉ જેવી હૂંફ રહી નથી. એમણે લગ્ન પહેલાં ચાર-પાંચ વરસ બિન્ધાસ્ત રીતે પ્રેમ કર્યો હતો. લોકોથી છુપાઇને કેટલાંય સ્થળોએ મળતાં રહ્યાં હતાં. તે સમયની યાદો એમના મનમાં જીવંત રહી હતી અને દાંપત્યજીવનમાં ઓટનો અનુભવ થવા લાગ્યો ત્યારે એમને એ દિવસો તીવ્રપણે યાદ આવવા લાગ્યા હતા.

બંને જણે એમના લગ્નજીવનને બચાવી લેવા માટે અને ફરીથી જૂની હૂંફ પાછી મેળવવા માટે એક પ્રયોગ કરવાનું નક્કી કર્યું. તેઓ લગ્ન પહેલાં જે રીતે મળતાં, જે સ્થળોએ મળતાં, ત્યાં મળવાનું શરૂ કર્યું. એ જ જૂના ખાંચા, એ જ જૂની સંતાઇને મળવાની જગ્યાઓ, એ જ બગીચો, એ જ ટેકરીઓ પર ફરીથી મળવા લાગ્યાં. એ રીતે જ મળે, ફોનથી કે સંકેતથી મળવાનો સમય નક્કી કરે, સાથે ન જાય-કોઇ જોઇ ન જાય એમ જતાં હોય તેમ મળવાના સ્થળે અલગ અલગ પહોંચે, બેસે, વાતો કરે, જાણે મિલનના થોડા સમય પછી ફરીથી મળવાનું બને ત્યાં સુધી છુટા પડી જવાનું હોય.

એવું એમણે થોડા મહિના સુધી ચાલુ રાખ્યું. એટલો સમય તેઓ પતિ-પત્ની તરીકે સાથે રહ્યાં નહીં, પણ જુદાં રહ્યાં. જૂનાં સ્થળોની સાથે જૂનો સમય ફરીથી જિવાયો અને લગ્નજીવનમાં જે ફૂગ વળી ગઇ હતી તેમાં ફરીથી સંબંધની નવી તાજગી જન્મી. એમણે જૂના સમયના અવશેષોના આધારે

એમનું લગ્નજીવન બચાવી લીધું. ક્યારેક વીતેલું પણ ભવિષ્યને નવી દિશા ચિંધી શકે છે એ સત્ય પણ ભૂલવા જેવું નથી.
ડૂબકી, વીનેશ અંતાણી

## અન્ન તેવો ઓડકાર

ફોક્સ હિસ્ટરી એન્ડ ટ્રાવેલર ચેનલ પર તેનો એન્કર હંમેશાં વિશ્વભરમાં ભ્રમણ કરતો જે દેશમાં જાય ત્યાંની વિગતો બહુ જ રસપૂર્વક રજુ કરે છે.

ટીવીને તો સામાન્ય રીતે આપણે ઇડિયટ બોક્સ તરીકે ઓળખીએ છીએ. ખાસ કરીને મનોરંજન ચેનલો પર આવતા વાહિયાત કાર્યક્રમો તથા કાર્ટૂન ચેનલો માટે ઘેલા થઇ જતા બાળકોને કારણે. શાળા-કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓને ટીવીથી દૂર રાખવા માટે પણ અલગ પેંતરા કરવામાં આવે છે. ધો. ૧૦ અને ધો. ૧૨માં બાળક આવે ત્યારે ઘણા ઘરોમાં ટીવી બંધ કરીને માળિયે મૂકી દેવાની પ્રથા પણ અમલી છે. માહિતી મેળવવા માટેનું ટીવી એક ઉત્તમ સાધન છે, પરંતુ મનોરંજન લેવા જતાં તેની પાછળ ઘેલા ક્યારે અને કેટલા થઇ જવાય છે તેનો ખ્યાલ રહેતો નથી. ત્યારબાદ અનેક સમસ્યાઓ સર્જાય છે.

ટીવી પર તમામ કાર્યક્રમો વાહિયાત જ આવે છે તેવું પણ નથી. ઘણા કાર્યક્રમ-ચેનલ્સ માહિતીપ્રદ હોય છે. ખાસ કરીને ડિસ્કવરી, ફોક્સ હિસ્ટરી, નેટ જીઓ વગેરે પર આવતા કાર્યક્રમો. હકીકતમાં ગૃહિણીઓ અને બાળકો તથા વિદ્યાર્થીઓને ટીવીની ઘેલછા એટલી લાગી હોય છે કે, તેઓ તેના નિયમિત કાર્ય કરવાનું પણ વીસરી જતાં જોવા મળે છે એટલે જ તેને ઇડિયટ બોક્સ તરીકે ઓળખવામાં આવે છે પણ અહીં આજે ટીવીના કાર્યક્રમની જ વાત કરવી છે. ફોક્સ હિસ્ટરી એન્ડ ટ્રાવેલર નામની ચેનલ પર તેનો એન્કર હંમેશા વિશ્વભરમાં ભ્રમણ કરતો જોવા મળે છે. જે દેશમાં જાય ત્યાંની રહેણીકરણીથી માંડી ખાણીપીણીની વિગતો બહુ જ રસપૂર્વક રજુ કરવામાં આવે છે.

થોડા સમય અગાઉ આ ચેનલ પર જર્મનીના પ્રવાસનો કાર્યક્રમ પ્રસારિત થતો હતો. બર્લિન દીવાલ તૂટી ગયા બાદ જર્મનીમાં એક પ્રકારે સાંસ્કૃતિક લોકશાહી પ્રવર્તે છે. ઠેર ઠેર ખાણીપીણીના બજાર ભરાતા હોય છે. આવા જ એક બજારમાં ક્રિસમસ વખતે ફોક્સ હિસ્ટ્રી ચેનલનો એન્કર પહોંચ્યો હતો. ખાણીપીણી મેળામાં એક શેફે વર્ષો સુધી જૂની પદ્ધતિએ કેક બનાવી હતી. એન્કર આ શેફને કેકની રેસિપી પૂછતો હતો. પેલા શેફે કેકમાં જે ચીજવસ્તુ નાખી હતી તેની વિગતો આપી અને છેલ્લે ઉમેર્યું

http://suratiundhiyu.wordpress.com/

કે લોટ્સ ઓફ લવ. શેફનો કહેવાનો મતલબ એ હતો કે ગમે એટલું સારું ખાવાનું હોય પણ જો તે અત્યંત પ્રેમ અને સ્નેહથી બનાવાયેલું ન હોય તો તે ક્યારેય સ્વાદિષ્ટ હોઈ શકે નહીં.

આ વાત સાથે જ આપણે ત્યાં ભગવાન સત્યનારાયણની કથાના પ્રસાદ માટે દરેક ઘરમાં બનતો શીરાનો પ્રસાદ યાદ આવી ગયો. મોટા ભાગના લોકોનો એવો અનુભવ છે કે ભગવાન સત્યનારાયણની કથા માટે જે શીરો બનાવાય છે તે શીરો સામાન્ય સંજોગોમાં બનાવામાં આવે તો તેવો બનતો નથી. તેનું વિશ્લેષણ કરતાં એક શ્રદ્ધાળુએ કહ્યું હતું કે, કથા સમયે બનાવાતા શીરા માટે યજમાનના મનમાં આ વસ્તુ ભગવાન માટે બને છે તેવી લાગણી હોય છે. આથી એક અલગ ઉત્સાહ અને ઉમંગથી તેને બનાવવામાં આવતી હોય છે. આ દલીલ થોડી તાર્કિક પણ લાગે છે.

કેટલાક ઘરોમાં સવારના સમયે કે જ્યારે ઘરમાં રંધાતું હોય ત્યારે મહિલાઓ ભજન લલકારતી કે ટેપમાં મૂકેલા ભજનો સાંભળતી જોવા મળે છે. આની પાછળનો હેતુ એ છે કે રાંધતા સમયે ચિત્ત પ્રસન્ન હોય. આપણે ત્યાં કહેવત છે કે અન્ન તેવો ઓડકાર! આ કહેવત ઘરની ગૃહિણી માટે અત્યંત જરૂરી છે. જો સ્ત્રીનું ચિત્ત પ્રસન્ન હશે તો ચોક્કસપણે સ્વાદિષ્ટ રસોઈ બનાવશે. જે દિવસે કંકાસ થયો હોય તો કેવી રસોઇ બને તેનો પણ ઘણાને અનુભવ હશે. મૂળ વાત પ્રસન્ન ચિત્તની છે.

ફોક્સ ટીવીનો શેફ હસતાં હસતાં જે વાત કરી ગયો તે આપણા ઘરોને પણ રોજિંદી બાબતોમાં લાગુ પડે છે. માત્ર રાંધવાનું કાર્ય જ પ્રસન્ન ચિત્તે થવું જોઇએ તેવું નથી. કોઇ પણ કામ જેમ કે વિદ્યાર્થીઓ માટે ભણવાનું, નોકરી કરનાર માટે નોકરી, ધંધો-વ્યવસાય કરતા લોકો માટે તેમની આર્થિક પ્રવૃત્તિ વગેરે વગેરે. જે કામમાં મન સારી રીતે પરોવાયેલું હોય તેનું પરિણામ પણ કંઇક અલગ જ આવતું હોય છે. આમ ચિત્ત પ્રસન્ન તો વિશ્વ પ્રસન્ન.

## આજકાલ બધું જ બદલાઈ રહ્યું છે...

### 'મારાબાપાખરુંકહેતાહતા'એવુંમાણસને જ્ઞાનથાયછે ત્યાં સુધીમાં તો એનો દીકરો એવું વિચારતો થઈ ગયો હોય છે કે 'મારા બાપા ખોટા છે.'

આજકાલ બધું જ બદલાઈ રહ્યું છે અને વળી ઝડપભેર બદલાઈ રહ્યું છે.
પરિવર્તનની ઝડપને કારણે અક્કલ બહેર મારી જાય તેવું પણ થાય છે.

http://suratiundhiyu.wordpress.com/

## ઘડપણની વ્યાખ્યા શી?

ઘડપણ એટલે પરિવર્તનને સ્વીકારવાની અને પચાવવાની અશક્તિ.
માનવ ઈતિહાસમાં ક્યારે પણ જૂની પેઢીને નવી પેઢી ડાહી લાગી નથી..
જગતનું સૌથી ઘરડું વિધાન આ પ્રમાણે છેઃ 'આ દુનિયા હવે પહેલા જેવી રહી નથી'.
પ્રત્યેક સૂર્યાસ્ત નવું અંધારું મૂકતો જાય છે, પ્રત્યેક સૂર્યોદય નવું અજવાળું લેતો આવે છે.
છાશ પીવાનું ઘટતું જાય છે અને બિયર પીવાનું વધતું જાય છે.
ગોળપાપડી ખાવાનું ઘટતું જાય છે અને ચોકલેટ ખાવાનું વધતું જાય છે.
ગાય પાળવાનું ઘટતું જાય છે અને કૂતરા પાળવાનું વધતું જાય છે.
ચાલવાનું ઘટતું જાય છે અને 'સ્કૂટરવાનું' વધતું જાય છે
વિચારવાનું ઘટતું જાય છે અને ડાચું વકાસીને ટીવી જોયા કરવાનું વધતું જાય છે
લોહીની સગાઈની અને લગ્નસંબંધની બોલબાલા ઘટતી જાય છે. અને મનમેળના માનપાન વધતાં જાય છે.
માબાપની કડકાઈ ઘટતી જાય છે અને સંતાનોની જોહુકમી વધતી જાય છે.
ભાખરીની જગ્યાએ બ્રેડ અને ઢેબરાની જગ્યાએ પિઝ્ઝાનું ચલણ વધતું જાય છે.
લીંબુનું શરબત એકાએક લિમકા બની જાય છે.
યુગલ હોય એવા કપ–રકાબીની જગ્યાએ વાંઢો 'મગ' આવી જાય છે.
ઘરે ઘરે ગૃહિણીઓ કહેતી થઈ છેઃ 'આજે બહાર જમી આવીએ.'
સ્કૂટર નારીમુક્તિનું વાહન બની રહ્યું છે.
જૂની આંખે નવા તમાશા જોવાની પણ એક મજા હોય છે.

આવી મજા ન માણી શકે તેવી અવસ્થાને ઘડપણ કહેવામાં આવે છે.
**ઘડપણ મનની અવસ્થા છે.**
લેખકઃ અજ્ઞાત

**જિંદગી આપણા ઇશારા અને ઇચ્છા મુજબ ચાલતી નથી,**

http://suratiundhiyu.wordpress.com/

આપણે જિંદગીના ઇરાદા મુજબ ચાલવાનું હોય છે, આપણે જિંદગીના પડકાર ઝીલવાના હોય છે. સમય કરવટ બદલતો રહે છે, એની આદત જ અવળચંડી છે. ઘણી પરિસ્થિતિ જ એવી હોય છે જેને આપણે ટાળી શકતાં નથી. જે સ્થિતિ, સમય અને સંજોગને તમે બદલી શકો તેમ હોય તેને તમારી ઇચ્છા અને આવડત મુજબ બદલો અને જે પરિસ્થિતિને તમે બદલી શકો તેમ ન હોય તેને હસતા મોઢે સ્વીકારી લો.

જિંદગી દરેક પળે પરીક્ષા લેતી રહે છે. આપણને જવાબ આવડતા હોય ત્યારે આપણને આ પરીક્ષા સરળ અને સહેલી લાગે છે. અઘરા સવાલ આપણને આકરા લાગે છે. આકરા એટલા માટે જ લાગતા હોય છે, કારણ કે તેનો જવાબ અને ઉકેલ આપણી પાસે હોતો નથી. આવા આકરા સવાલોના ઉકેલ શોધવા પડે છે. દરેક તાળાની ચાવી હોય છે. આપણે સાચી ચાવી શોધીને લગાડવાની હોય છે.

એક બાળકે તેના પિતાને કહ્યું કે, આ ભણવાનું અને પરીક્ષા આપવાનું ક્યારે પૂરૂ થશે? પિતાએ હસીને કહ્યું કે, જિંદગી છે ત્યાં સુધી આ બધું ચાલતું જ રહેવાનું છે. અત્યારે તું ભણે છે, તારી પાસે સિલેબસ છે, પાઠયપુસ્તકો છે, ગાઈડ છે, અને સૌથી મોટી વાત તો એ કે તને ખબર છે કે તારી પરીક્ષા ક્યારે છે. ભણવાનું પૂરૂ થશે પછી રીયલ લાઈફ શરૂ થશે. ત્યારે પુસ્તકો કે ગાઈડ નહીં હોય, પરીક્ષાનું ટાઈમટેબલ નહીં હોય, અચાનક જ તમારી સામે સમસ્યા અને સંજોગ આવી જશે અને તમને કહેશે કે લ્યો હવે આ દાખલો ઉકેલો. તમારે દરેક પરિસ્થિતિ માટે તૈયાર રહેવાનું હોય છે.

પરીક્ષામાં કેટલાંક પ્રશ્નો ફરજિયાત હોય છે. તેના જવાબ આપવા જ પડતાં હોય છે. જિંદગીનું પણ એવું જ છે. અમુક પ્રશ્નોના જવાબ તમારે આપવા જ પડે છે. યુ હેવ નો ઓપ્શન. તમારે પાસ થવાનું છે. જિંદગીમાં તમારે સુખી થવાનું જ છે. જિંદગીની કેટલીક પરિસ્થિતિ સામે લડવાનું હોય છે અને જીતવાનું હોય છે. પણ મોટાભાગે માણસ લડવાનું છોડી રડવાનું ચાલુ કરી દે છે. આપણે ફરિયાદો કરવા લાગીએ છીએ. આવું થોડું હોય? મારી સાથે જ કેમ આવું થાય? મારો કંઈ જ વાંક નથી. મને વગર વાંકે સજા મળી છે. મારા ઉપર આવી જવાબદારી અને મુશ્કેલી શા માટે આવી? આવા પ્રશ્નોનો, આવી ફરિયાદોનો અને કેટલાક ઉધામાઓનો કોઈ

http://suratiundhiyu.wordpress.com/

મતલબ હોતો નથી. સવાલો ન કરો, જવાબો શોધો. તમે જવાબ શોધશો તો મળી જ જશે. કોઈ સમસ્યા એવી નથી જેનો ઉકેલ ન હોય, ઘણી વખત આપણે જ ઉકેલથી ભાગતાં હોઈએ છીએ.

ઘણી વખત આપણું મન જ બળવો કરે છે. મન બળવાખોર છે. જો અને તો, યસ અને નો, આ પાર કે પેલે પાર, એક ઘા ને બે કટકા કરી દેવાના વિચાર આવે છે. જિંદગી સામે આપણે શીંગડાં ભરાવીએ છીએ. માથાં પછાડીએ છીએ. ઘણી વાર શીંગડાં તૂટી જાય પછી જ પરિસ્થિતિ સ્વીકારીએ છીએ. કોઈ પરિસ્થિતિને હાર્યા પછી સ્વીકારવા કરતાં લડયા વગર જ સ્વીકારવામાં સાચી જીત હોય છે. માણસ કેટલો સમજુ અને ડાહ્યો છે તેનું માપ તેની વાતો પરથી નહીં પણ તે જિંદગીના સંજોગોને કેવી રીતે લ્યે છે, કેવી રીતે ઉકેલે છે તેના પરથી નીકળે છે. ઘણાં લોકો શિખામણ આપવામાં શાણા હોય છે. પણ વાત જ્યારે પોતાની આવે ત્યારે પાણીમાં બેસી જતાં હોય છે. યાદ રાખો, તમારા લોકો તમે શું કહો છો તેના પરથી નહીં પણ તમે શું કરો છો તેના ઉપરથી તમારૂ મૂલ્યાંકન કરે છે.

જિંદગી જ્યારે વિકલ્પ ન આપે ત્યારે વિકલ્પ શોધવા પડતા હોય છે. જિંદગી ક્વિઝ નથી કે એક સવાલના ચાર જવાબ હોય. જિંદગીની ક્વિઝ તો એવી જ હોય છે જેમાં માત્ર સવાલ જ હોય છે, જવાબ હોતા નથી. તમારે પહેલાં જવાબો ઊભા કરવા પડે છે. અને પછી તમારે શ્રેષ્ઠ જવાબ પસંદ કરવો પડે છે. તમારા સુખ માટે તમારા વિકલ્પો ઊભા કરો. અને પછી એમાંથી શ્રેષ્ઠ વિકલ્પ પસંદ કરો. દરેક વખતે જવાબ સાચો જ પડે એવું જરૂરી નથી. જો જવાબ ખોટો પડે તો એને પણ સ્વીકારો. તમારાથી કોઈ ભૂલ થઈ છે? તો એને પણ સ્વીકારો. કઈ વ્યક્તિ એવી છે જેણે ભૂલ નથી કરી? ભૂલને ભૂલી નથી શકતો એને જીત દેખાતી જ નથી. તમારૂ જીવન તમારે જ જીવવાનું છે. પરિસ્થિતિથી ભાગો નહીં, પરિસ્થિતિથી ભાગવા જશો તો એ તમારો પીછો કરશે. મોઢું સંતાડવાવાળાની ઓળખ ક્યારેય મળતી નથી. મોટાભાગે આપણે એટલા માટે દુઃખી થતા હોઈએ છીએ, કારણ કે જે પરિસ્થિતિ ઊભી થઈ હોય તેને આપણે સ્વીકારી નથી શકતા. આપણને આપણી પરિસ્થિતિ આપણી ઇચ્છા મુજબ જોઈતી હોય છે, જે વ્યક્તિ દરેક પરિસ્થિતિને પોતાની ઇચ્છા મુજબ વાળી શકે છે એ ઓછો દુઃખી થાય છે.

http://suratiundhiyu.wordpress.com/

તમારી પાસે એક જ રસ્તો હોય ત્યારે તમે રસ્તાને દોષ ન દઈ શકો, તમારે થોડાક આગળ ચાલવાનું હોય છે અને નવા રસ્તાઓ શોધવાના હોય છે. પણ આપણે આગળ વધતા નથી, ત્યાં જ ઊભા રહી રસ્તાઓ શોધતા રહીએ છીએ. અને રસ્તો ન મળે ત્યારે બેસી જઈએ છીએ. રસ્તા ઊગતા નથી, રસ્તા બનાવવા પડે છે.

તમારે આગળ વધવું હોય તો ઘણું બધું છોડવું પડતું હોય છે. એક જ જગ્યાએ ચપ્પટ બેઠા રહીને તમે આગળ વધી ન શકો. એક માણસનો જન્મ જંગલમાં થયો હતો. મા બાપ એક ઝૂંપડું બનાવીને જંગલમાં રહેતાં હતાં. જંગલમાં જ એ બાળક મોટો થયો. બીજો એક યુવાન ફરતો ફરતો જંગલમાં આવ્યો. બંને મળ્યા. તેણે કહ્યું કે હું તો જંગલની બહારથી આવ્યો છું. તને ખબર છે જંગલની બહાર એક શહેર છે.

ત્યાંની જિંદગી જુદી છે. તારે મારી સાથે આવવું છે? પેલાએ કહ્યું કે ના, હું અહીં સુખી છું. બીજા યુવાને કહ્યું કે એ તો તારી માન્યતા છે. તું જ્યાં છે તેને જ તેં સુખ માની લીધું છે. બીજું જોયા વગર તું નક્કી કેમ કરી શકે કે એ દુઃખ છે કે અત્યારે છે તેનાથી વધારે સુખ છે? ઘણી વખત આપણે જે સ્થિતિમાં હોઈએ એને જ સુખ માની લેતા હોઈએ છીએ અને એટલે જ કોઈ પ્રયત્ન નથી કરતાં.

તું બહાર તો નીકળ, જો તો ખરાં કે શું છે? તું નીકળી નહીં શકે તો તને ખબર જ નહીં પડે કે બીજી કોઈ દુનિયા પણ છે. ઘણી વખત આપણે જિંદગીમાં પણ આવું જ કરતાં હોઈએ છીએ. જરૂરી નથી કે બહાર સુખ જ હોય પણ બહાર શું છે એ જાણવાનો જ પ્રયાસ કરતાં નથી અને બહાર દુઃખ જ છે એમ માની લઈએ છીએ. અંદર પુરાઈ રહીએ છીએ અને બહારની દુનિયાને વખોડતાં અને વગોવતાં રહીએ છીએ.

તમને ક્યારેય એવું લાગ્યું છે કે તમે તમારી અંદર જ બંધ થઈ ગયા છો? ગૂંગળામણ લાગે ત્યારે બહાર નીકળીને જોવું એ પણ સુખી થવાનો રસ્તો છે. તમારી માન્યતાઓ અને તમારા પૂર્વગ્રહોની બહાર પણ એક દુનિયા વસે છે. અંધારામાં જ રહેશો તો અંધારૂ પણ ફાવી જ જશે, લાંબો સમય અંધારામાં રહેનારને પ્રકાશનો પણ ડર લાગવા માંડે છે. ઘણા લોકોને દુઃખની પણ

http://suratiundhiyu.wordpress.com/

એટલી બધી આદત પડી ગઈ હોય છે કે એ સુખની નજીક જતાં પણ ડરે છે. તમારે બહાર નીકળવું પડે છે, તમારૂ સુખ તમારે જ શોધવાનું હોય છે.

આંખો મીંચીને દરેક પરિસ્થિતિને તમે બદલી શકો છો, તેને બદલો. એ જ પરિસ્થિતિને સ્વીકારો જેને તમે બદલી નથી શકતા અને જેને બદલી નથી શકતા તેને તમારી અનુકૂળ બનાવવાનો અને અનુકૂળ બનવાનો પ્રયાસ કરો. સુખને પણ તમારે જીતવાનું હોય છે. તમારૂ સુખનું નિર્માણ તમે જ કરી શકો. સુખ સામે આંખ બંધ કરશો તો તમને એવું જ લાગશે કે સુખ છુપાઈ ગયું છે. સુખ ક્યારેય છુપાયેલું હોતું જ નથી, આપણે ફક્ત ચેક કરતાં રહેવું પડે છે કે આપણી આંખો ખુલ્લી છે કે બંધ? ચિંતનની પળે - કૃષ્ણકાંત ઉનડકટ

છેલ્લો સીન: જે વ્યક્તિ ક્યારેય કોઈ જોખમમાંથી પસાર થઈ ન હોય એ પોતે સાહસિક હોવાનો દાવો કરી શકે નહીં.રોશે ફુકાલ્ડ

http://suratiundhiyu.wordpress.com/